# તીર્થંકરોની પ્રશ્નત્રયી

તીર્થંકર દેવના
ત્રણ છત્રો, કેશ અને અશોકવૃક્ષાદિ અંગે
યથાર્થ વિચારણા.




લે: આચાર્ય યશોદેવસૂરિજી

શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા પુષ્પ-૯૮

# તીર્થંકરોની પ્રશ્નત્રયી

*

૧. તીર્થંકરોના માથે ત્રણ છત્રો કેવાં ક્રમે હોવા જોઈએ ?

૨. તીર્થંકરોને દીક્ષા લીધા પછી મસ્તક વગેરે સ્થળે વાળ હોય છે ખરા ?

૩. તીર્થંકરદેવ ઉપર રહેતું અશોકવૃક્ષ અને આસોપાલવવૃક્ષ એક છે કે જુદાં ?

૪. ચૈત્યવૃક્ષ શું છે ?

*

લે. વિજયયશોદેવસૂરિ

વિ. સં. ૨૦૪૯ કિં. રૂા. ૩૦ વીર સં. ૨૫૧૯

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન**

મુક્તિકમલમોહન જૈન જ્ઞાનમંદિર
રાવપુરા, કોઠીપોળ, મંછાસદન,
વડોદરા

— પ્રધાન પ્રાપ્તિસ્થાન —
જૈન સાહિત્યમંદિર,
પાલીતાણા-૩૬૪૨૭૦

સુઘોષા કાર્યાલય,
પાલીતાણા-૩૬૪૨૭૦

કિંમત રૂા. ૩૦=૦૦
પોસ્ટેજ અલગ

વિ. સં. ૨૦૪૯
ઇ. સન્ ૧૯૯૩

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ-૩૬૪૨૫૦



સાહિત્યકલારત્ન પૂજ્ય આચાર્ય શ્રી વિજય

યશોદેવસૂરિજી મહારાજ

જન્મ : ડભોઈ — દીક્ષા : કદંબગિરિ

સં. ૧૯૭૨, પોષ સુદિ-૨ — સં. ૧૯૮૭, વૈ. સુદિ-૩

આચાર્યપદ : પાલીતાણા

સં. ૨૦૩૫, માગસર સુદ-૫

# વાચકોને

૧. મારા અભ્યાસને અંતે મેં ઇંગ્લીશ A આકાર મુજબ સવળાં છત્રનો એક જ પ્રકાર નિર્વિવાદપણે નક્કી કર્યો છે.

૨. આમાં વિકલ્પ છે જ નહીં માટે કોઈ વિકલ્પ જણાવીને સવળાં-અવળાં બંને પ્રકારો સાચાં છે એમ કહે તો તેમાં ભોળવાશો નહીં.

૩. મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરાપંથી તથા વિવિધ ગચ્છોના અગ્રણી આચાર્યોએ (મારી સાથે કોઈ પણ ચર્ચા કે સવાલ ઉઠાવ્યા સિવાય) મારા નિર્ણયને મજબૂત ટેકો આપ્યો છે. આથી વધુ પુરાવાની જરૂર ક્યાં રહી ?

૪. સવળાંછત્રની ડઝનબંધ મૂર્તિઓ શ્વેતાંબર, દિગંબર મંદિરમાં છે. અવળાંની હજુ એકેય મૂર્તિ મળી નથી અને મળશે પણ નહીં. આ પુસ્તિકામાં સપરિકર મૂર્તિઓનાં છત્રનાં ૨૧ ફોટા આપ્યા છે. તે જુઓ, આ ઉપરાંત મારી પાસે સપરિકર આરસ વગેરે પથ્થરની મૂર્તિઓમાં બનાવેલાં છત્રોના બીજા દશેક ડઝનથી વધુ ફોટા છે.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સવળાં છત્રની માન્યતાને સંપૂર્ણ ટેકો આપતું પ્રત્યક્ષપ્રમાણ | ૧ |
| ત્રણછત્રોનો સાચો ક્રમ સૂચવતાં હજારો વર્ષ જૂની સપરિકર પ્રતિમાઓની અંદર જ બતાવેલાં સંખ્યાબંધ છત્રો | ૨-૪ |
| સવળાં-અવળાં છત્રનો બ્લોક-નમૂનો | ૫ |
| પ. પૂ. વિજયોદયસૂરિજી મ.નો સ્પષ્ટ અભિપ્રાય આપતા પત્રનો બ્લોક | ૬-૭ |
| **આઠમી શતાબ્દીથી સત્તરમી સદી સુધીની મૂર્તિઓનાં તથા સેંકડો વર્ષ પુરાણી મૂર્તિઓના સવળાં છત્રો કેવી રીતે છે તેનાં કુલ ૨૧ બ્લોક-ચિત્રો** | |
| પ્લેટ નં. ૧માં આપેલાં ૧૦ છત્રોનો બ્લોક તથા પરિચય | ૮-૯ |
| પ્લેટ નં. ૨માં આપેલાં ૭ છત્રોનો બ્લોક તથા પરિચય | ૧૦-૧૧ |
| પ્લેટ નં. ૩માં આપેલાં ૪ છત્રોનો બ્લોક તથા પરિચય | ૧૨-૧૩ |
| અશોકવૃક્ષની ડાળ (પુષ્પના ગુચ્છ સહ)નું ચિત્ર | ૧૪ |
| આસોપાલવનાં વૃક્ષનાં પાંદડાંનું ચિત્ર | ૧૫ |
| શાલવૃક્ષ ભગવાન મહાવીરના કેવળજ્ઞાનનું ચિત્ર | ૧૬ |
| છત્રાતિછત્રાકારને સમજાવતાં બે લાઈનીંગચિત્રો તથા પરિચય | ૧૭ |
| તીર્થંકરના માથા (શિખા)નો ટોચનો ભાગ જેને ઉષ્ણીષ કહેવામાં આવે છે. ખરેખર ! ઉષ્ણીષ શું કહેવાય ? તેનો આછો ખ્યાલ આપતો ક્ષત્રિયકુંડની ભગવાનમહાવીરની મૂર્તિનો માથાનોભાગ | ૧૮-૧૯ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| રાજસ્થાનમાં લાડનૂ નજીક ધરતીમાંથી નીકળેલી અતિભવ્ય, કલાત્મક ત્રણે મૂર્તિના માથાનો ભાગ. તેમાં પણ ક્ષત્રિયકુંડના જેવું જોવા મળતું ઉષ્ણીષ | ૨૦ |
| જૈન મૂર્તિના માથા પરના દક્ષિણાવર્ત આકારે વાળ કેવી રીતે બનાવવા જોઈએ તેનો એક નમૂનો ( આ મૂર્તિમાં પણ ઉષ્ણીષ જુઓ–ટોચનો ભાગ ) | ૨૧ |
| મુનિવર શ્રી અભયસાગરજી મહારાજે સવળાંછત્રવાળાં કરાવેલાં ચિત્રો | ૨૨ |
| મુનિશ્રી અભયસાગરજીએ આચાર્યશ્રીજી ઉપર લખેલો પત્ર | ૨૩–૨૪ |
| ગ્રન્થ લેખકના બે શબ્દો તથા પ્રકાશકીય નિવેદન | ૧–૪ |
| વિશિષ્ટ દૃષ્ટિકોણથી લખેલા છત્રાતિછત્રના લેખ અંગે કંઈક | ૫–૬ |
| છત્ર બાબતમાં સચોટ–પ્રબળ બે પુરાવા | ૭ |
| ત્રણ લેખોની સંયુક્ત પ્રસ્તાવના | ૮–૧૧ |
| તીર્થંકરદેવનીમૂર્તિ ઉપર ત્રણછત્રો કયા ક્રમે લટકાવવાં તે | ૧૧–૧૨ |
| શા માટે આ પ્રશ્નો ચર્ચ્યા અને લેખો લખ્યા ? | ૧૨–૧૫ |
| તીર્થંકરદેવની કેશમીમાંસા | ૧૬–૧૭ |
| અશોકવૃક્ષ, આસોપાલવ અને ચૈત્યવૃક્ષ, ત્રીજા લેખની પૂર્તિ | ૧૭–૨૧ |
| અશોક ઉપર ચૈત્યવૃક્ષ હોવું જ જોઈએ | ૨૧–૨૪ |

## લેખ નં. ૧–ત્રણ છત્ર

### * મુખ્ય ત્રણ લેખો પૈકી પહેલા છત્ર અંગેના લેખની શરૂઆત

| | |
| --- | --- |
| અવચૂરિ, ટીકા તથા તેના અર્થ માટેનું અવતરણ | ૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મૂલશ્લોક, તેની અવચૂરિ તથા ટીકાનો સંપૂર્ણ પાઠ | ૨ |
| પ્રથમ અવચૂરિનો અર્થ | ૩ |
| લોકો ટીકાનો અર્થ શું કરે છે પરંતુ ટીકાનો સાચો અર્થ શું છે તે | ૪–૬ |
| ત્રણછત્રના ખાસ લેખ અંગેનું અવતરણ–ભૂમિકા | ૭–૧૩ |
| શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીના શ્લોકનો અર્થ કરતા પહેલાં અવતરણ | ૧૩–૧૪ |
| વીતરાગસ્તોત્રના મૂલશ્લોકના અર્થ અંગે વિચારણા | ૧૫–૧૯ |
| પૂ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ જે વાત કરી તે જ વાત પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી કરે છે | ૧૯–૨૦ |
| આગમશાસ્ત્રો, તેના ટીકાકારો, શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી વિનયવિજયજી તથા અન્ય ગ્રંથો એક જ વાત કરે છે પણ છત્રના ક્રમ કે માપ અંગે કંઈ જ સૂચન કે સંકેત નથી તે વાત | ૨૦ |
| શ્લોકની ટીકા ઉપર વિચારણા, વિચારણા ૧, ૨, ૩ | ૨૧–૨૮ |
| હવે પ્રત્યક્ષપ્રમાણો જોઈએ | ૨૯–૩૦ |
| સમગ્રભારતમાં અવળાંછત્રવાળી એકપણ મૂર્તિ જોવા મળી નથી | ૩૦–૩૧ |
| પરિકરવાળી મૂર્તિઓ અંગે | ૩૧ |
| દિગંબર મૂર્તિઓમાં સવળાં જ છત્રો છે | ૩૧ |
| સવળાં છત્રની માન્યતાને ટેકો આપતી અન્ય સંપ્રદાયો તથા **ગચ્છાધિપતિઓની આવેલી સહીઓની નામાવલી** | ૩૨–૩૩ |
| (જેમાં પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી, પૂ. ૐકારસૂરિજી, પૂ. સૂરિસમ્રાટનો સમુદાય, ત્રણ થોયના, ખરતરગચ્છના, સ્થાનકવાસીના, તેરાપંથીના આચાર્યો વગેરેની નામાવલી છે.) | |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| દીપાર્ણવ અને શિલ્પરત્નાકર જેવા ગ્રંથો પણ માત્ર સવળાં છત્રની જ વાત કરે છે | ૩૪ |
| શિલ્પના ગ્રન્થોની નોંધ | ૩૪–૩૭ |
| શિલ્પીઓએ આપેલા અભિપ્રાયો–શ્રીઅમૃતલાલ ત્રિવેદી તથા શ્રીનંદલાલ સી. સોમપુરાનો અભિપ્રાય તથા એક ખુલાસો | ૩૭–૩૯ |
| *** સવળાં ત્રણછત્ર અંગે મળેલી સંમતિના અભિપ્રાયો *** | |
| પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મ.નો સવળાં છત્રની માન્યતાને ટેકો આપતો પત્ર | ૪૦–૪૨ |
| પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મ.ના પત્રમાંથી જરૂરી નોંધ | ૪૩ |
| પૂ. આ. શ્રી પ્રેમસૂરિજી મ.ના પત્રમાંથી જરૂરી નોંધ | ૪૪ |
| ખરતરગચ્છના આ.શ્રીઉદયસાગરસૂરિજીના પત્રની જરૂરી નોંધ | ૪૪ |
| ત્રિસ્તુતિકગચ્છના અગ્રણી આ.શ્રીજયંતસેનસૂરિનો અભિપ્રાય | ૪૪–૪૫ |
| તેરાપંથીના મહાપ્રજ્ઞ શ્રીમાન્ નથમલજીનો અભિપ્રાય | ૪૫ |
| સુઘોષા કલ્યાણ વગેરેમાં પ્રગટ થયેલ ત્રણછત્રના લેખની અનુમોદના કરતી થોડી નોંધો | ૪૬–૪૭ |
| શ્રી કાંતિલાલ કોરાનો ત્રણછત્ર અંગે અભિપ્રાય | ૪૭ |
| *** છત્ર અંગે પૂ. આચાર્યાદિ, મુનિરાજો સાથે થયેલી વાતચીતની ટૂંકી નોંધો** | |
| પૂ. આ. શ્રી નંદનસૂરિજી મ. | ૪૮–૫૦ |
| પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ. | ૫૦–૫૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પૂ. આ. શ્રી અમૃતસૂરિજી મ. | ૫૧ |
| પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મ. | ૫૨-૫૩ |
| મુનિવર્ય શ્રીમાન્ અભયસાગરજી | ૫૩ |
| ત્રણછત્ર અંગે રૂબરૂ કે પત્રો દ્વારા થયેલી પ્રશ્નોત્તરી | ૫૪-૫૫ |

卐

## લેખ નં. ૨– તીર્થંકરદેવની કેશમીમાંસા

| | |
|---|---|
| કેશમીમાંસા લેખનું અવતરણ તથા લેખની શરૂઆત | ૫૭-૬૨ |
| મૂલશ્લોક અને ટીકાની વિચારણા અને શ્લોકની ટીકા | ૬૨-૭૦ |
| પંચમુષ્ઠી લોચ એટલે શું ? | ૭૧-૭૩ |
| અતિશય એટલે શું ? | ૭૩-૭૪ |
| શ્રી હેમચંદ્રાચાર્યજીની માન્યતાને ટેકો આપતા આગમના પાઠો | ૭૫-૭૮ |
| અતિશય અંગે જાણવા જેવું | ૭૮-૮૩ |
| લેખના ઉત્તરાર્ધની નોંધ, ઉત્તરાર્ધ શરુ | ૮૪-૮૭ |
| છદ્મસ્થાવસ્થાનો પ્રથમ તથા બીજો અતિ પ્રબળ પુરાવો | ૮૭-૮૯ |
| ચમરેન્દ્રનો રોચક પ્રસંગ | ૮૯-૯૨ |
| ટોચના યથાર્થ અને મજબૂત આખરી પુરાવા | ૯૩-૯૭ |
| ભગવતીજી સૂત્રનો પુરાવો | ૯૭-૧૦૭ |
| ભરતક્ષેત્રના વૈતાઢ્યપર્વત ઉપર શાશ્વતી પ્રતિમાઓ દાઢી-મૂછવાળી છે ખરી ? | ૧૦૮-૧૧૦ |
| આખો લેખ ન વાંચનારા માટે લેખની તારવણી | ૧૧૧-૧૧૫ |

卐

| વિષય | પૃષ્ઠ |
|---|---|

## લેખ નં. ૩–અશોક, આસોપાલવ બંને વૃક્ષો જુદાં છે?

**શાલવૃક્ષ અને ચૈત્યવૃક્ષ શું છે તેની સર્વાંગ સંપૂર્ણ વિચારણા** ૧૧૬

અશોક એ આસોપાલવ નથી તે અંગે થોડું જાણવા જેવું ૧૧૭–૧૧૮
એક મનનીય વિચારણા અને આખરી નિર્ણય ૧૧૮–૧૨૦
લેખ લખવાનું કારણ ૧૨૦
આ લેખમાં શું શું વિગતો છે તેની નોંધ ૧૨૧
લેખનો પ્રારંભ–અશોકવૃક્ષ ૧૨૨–૧૨૫
ચૈત્યવૃક્ષ અંગે બીજી વાત, ત્રીજી વાત ૧૨૬–૧૩૨
ચૈત્યવૃક્ષ વિના ચીતરવામાં આવતાં અશોકવૃક્ષો ૧૩૨–૧૩૫
વિચારણા માગે તેવી કેટલીક વિગતો ૧૩૫–૧૩૮
તીર્થંકરોનાં ચૈત્ય-જ્ઞાનવૃક્ષોની સૂચિ ૧૩૮–૧૩૯
આસોપાલવ અને અશોક વચ્ચેનો તફાવત શું છે? ૧૪૦–૧૪૧
**શાલવૃક્ષનો** પરિચય ૧૪૧
અશોકવૃક્ષનો ખાસ જાણવા જેવો વિશેષ પરિચય ૧૪૧–૧૪૪

卐

## * એક વિચારણીય પ્રશ્ન *

લેખનું અવતરણ ૧૪૫
એક વિચારણીય પ્રશ્ન–લેખ શરૂ ૧૪૬–૧૪૯

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **ધ્યાનમાં લેવા જેવી કેટલીક અગત્યની વિચારણાઓ** | |
| લેખનું અવતરણ અને ઋષિમંડલ સ્તોત્ર અંગે | ૧૫૦–૧૫૨ |
| બીજી એક ગંભીર ભૂલની વાત | ૧૫૨–૧૫૩ |
| સિરિસિરિવાલકહા ગ્રન્થની ટીકાની વાત | ૧૫૪–૧૬૨ |
| 'છત્રાતિછત્ર' શબ્દનો અર્થ શું કરવો ? તેની વિચારણા | ૧૬૩–૧૬૮ |
| તીર્થંકરદેવ કોણ છે ? તે અંગે જાણવા જેવી થોડી મહત્ત્વની વિગતો | ૧૬૯–૧૭૪ |
| તીર્થંકરોના ૩૪ અતિશયોની નામાવલી | ૧૭૪–૧૭૬ |
| પ્રારંભમાં આપેલ ૨૦માં પૃષ્ઠ પરની મૂર્તિઓનો પરિચય | ૧૭૭–૧૮૦ |
| પૂરવણી ૧, મુનિશ્રી રત્નભૂષણવિજયજીએ ત્રણ છત્ર અંગે મારા ઉપર પાઠવેલો પત્ર | ૧૮૦–૧૮૧ |
| પૂરવણી–૨, કલકત્તાના અંગ્રેજી જૈન માસિકમાં છપાયેલાં સવળાં ત્રણ છત્ર અંગે ટૂંકી જાણકારી | ૧૮૨ |
| પૂરવણી–૩, પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે છત્ર અંગે સંમતિ આપતા પત્રમાં કરેલી માર્મિક ટકોર | ૧૮૩–૧૮૫ |
| પૂરવણી–૪, પૂ. આ. શ્રી કંચનસાગરસૂરિજીએ લખેલ પત્ર | ૧૮૫ |
| પૂરવણી–૫, પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજીમ.નો સવળાં છત્રની માન્યતાને ટેકો આપતો પત્ર | ૧૮૬–૧૮૭ |
| પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજીમ.ના પત્રનો શ્લોક | ૧૮૭ |
| પૂરવણી–૬, મુનિશ્રી હેમરત્નવિજયજીનો સવળાં છત્રની માન્યતા અંગેનો પત્ર | ૧૮૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પૂરવણી-૭, મુનિવર શ્રી અશોકસાગરજીના જૈનપત્રમાં લખેલા લેખ માટે જાણીતા સુજ્ઞ આચાર્ય શું કહે છે ? તે | ૧૮૯-૧૯૧ |
| પ્રારંભમાં આપેલાં ૨૧-૨૨માં પૃષ્ઠ ઉપરનાં ચિત્રોનો પરિચય | ૧૯૧-૧૯૨ |
| પ્રારંભમાં આપેલાં ૨૩,૨૪માંપૃષ્ઠ ઉપર છાપેલા બ્લોકનોપરિચય | ૧૯૩-૧૯૪ |
| ફક્ત ઈશારા પૂરતી સંક્ષેપમાં એક બાબત અંગે | ૧૯૫ |
| તાંત્રિક બુદ્ધિસ્ટ આર્ટ કેલેન્ડર અંગે એક નવી બાબત | ૧૯૫-૧૯૭ |
| પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી, પૂ. પં મુનિશ્રી અશોકસાગરજી તથા પૂ. મુનિશ્રી જિનચંદ્રસાગરજીએ લખેલા લેખ અંગેનો જવાબ-અલગ પુસ્તિકાથી અપાશે | ૧-૨ |

## પૃષ્ઠ નં. ૧૯૭ પછીની અનુક્રમણિકા

| | |
|---|---|
| રાજસ્થાનની લાડનૂની મૂર્તિ | ૧ |
| મથુરાની બે મૂર્તિ | ૨ |
| જીવિતસ્વામીની ખંડિત ધાતુમૂર્તિ | ૩ |
| એક અનુપમ ચોવીશીનું ધાતુશિલ્પ | ૪-૫ |
| બૌદ્ધધાતુમૂર્તિ | ૬ |
| પૃષ્ઠ નં. ૧ થી ૬ ઉપર આપેલ મૂર્તિઓનો પરિચય | ૭-૧૫ |

# ત્રણ છત્ર

## લેખ નં. ૧

*

ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર કેવાં
ક્રમે હોય છે એ અંગે ઝીણવટભરી,
ઊંડી, વ્યાપક વિચારણા દર્શાવતો
વિસ્તૃત મનનીય લેખ

*

## સવળાં છત્રની માન્યતાને સંપૂર્ણ ટેકો આપતું, તેની વ્હારે દોડી આવેલું

# -પ્રત્યક્ષ પ્રમાણ-

*

શાશ્વતકાળથી કોઈપણ વસ્તુની સિદ્ધિ-સાબિતી માટે પ્રમાણો નક્કી થયાં છે. પ્રત્યક્ષ, અનુમાન, આગમ-શાસ્ત્ર, વગેરે... જો પહેલાં પ્રત્યક્ષપ્રમાણથી વસ્તુ સિદ્ધ થઈ જતી હોય તો અનુમાન કે શાસ્ત્ર વગેરે પ્રમાણની જરૂર રહેતી નથી.

તમો પ્રસ્તુત પુસ્તક વાંચો કે ન વાંચો. ફક્ત ત્રણ છત્ર કેવી રીતે હોય તેની પ્રત્યક્ષ ખાતરી કરી લો. આ માટે અહીં ૧૬ પેજમાં અપાતાં છત્રનાં સંખ્યાબંધ ચિત્રો ધ્યાનથી જુઓ અને લખાણો મનનપૂર્વક વાંચો પછી કશો ભ્રમ નહીં રહે!

## પૂ. જૈનાચાર્યો, જૈન સંઘો, જૈન ટ્રસ્ટીઓ ખાસ વાંચજો

### ત્રણ છત્રોનો સાચો ક્રમ સૂચવતાં હજારો વર્ષ જૂની પ્રતિમાઓની અંદર બતાવેલાં સંખ્યાબન્ધ છત્રો જુઓ

સમગ્ર ભારતભરમાં પથ્થર અને ધાતુની મૂર્તિઓમાં સવળાં એક જ પ્રકારનાં છત્રોની રચના જોવા મળી છે. સવળાંનો અર્થ ભગવાનના માથા ઉપર પહેલું સૌથી મોટું, તે પછી થોડું નાનું અને તે ઉપરનું તેનાથી પણ નાનું, આમ ત્રિકોણાકારે (ટ્રાયંગલ) હોય તેને સવળાં છત્ર કહેવામાં આવે છે, અને ભગવાનના માથા ઉપર પહેલું નાનું, તેની ઉપરનું તેથી મોટું અને તે ઉપરનું તેનાથી પણ મોટું, જેને હું *અવળાં છત્ર કહું છું. આવી રચના કોઈપણ મૂર્તિની અંદર બનાવેલી જોવા મળી નથી. આજસુધીમાં અમોએ જાહેરમાં ઓફર કરી હોવા છતાં અવળાં છત્રો મૂર્તિમાં જોવા મલ્યા છે એવું કોઈએ જણાવ્યું નથી. જોરશોરથી વિરોધ કરનારા મહાત્માઓએ પણ તેમની માન્યતાવાળા છત્રોની મૂર્તિનો એકપણ ફોટો પ્રગટ કર્યો નથી. જો બે-પાંચ જગ્યાએથી

---

* કેટલાક કદાગ્રહી મહાનુભાવો ઈરાદાપૂર્વક અવળાં છત્રને સાચાં ઠેરવવાં અવળાંને સવળાં કહી ભ્રમ ઊભો કરે છે તો તેથી સાવધ રહેવું.

પણ સવળાં છત્ર અંદરથી કંડારેલી પ્રતિમાઓ ઉપલબ્ધ થઈ હોત તો છત્રની બંને માન્યતાઓ સ્વીકાર્ય બની જાત, પણ ક્યાંય ઉપલબ્ધ નથી એટલે છત્રની એક જ પ્રથા અને એક જ પરંપરા હજારો વરસથી ચાલી આવે છે અને આ માન્યતાને જૈનશાસ્ત્રો અને મૂર્તિશિલ્પના ગ્રન્થોનો પ્રબલ ટેકો છે એટલે સહુ કોઈએ અર્થાત્ જૈનસંઘે આ અખંડ પરંપરા જાળવી રાખવા ખૂબ જ જાગૃત રહેવું જોઈએ. ખોટા કદાગ્રહી વ્યક્તિઓની શેહ-શરમમાં તણાઈ જઈ ખોટામાં સહમત થવું જોઈએ નહીં અને મૂર્તિમાં ખોટાં છત્રો બતાવવાનું સાહસ ભૂલેચૂકે કરશો નહિ. હજારો વરસથી ચાલી આવતી પરંપરાને તોડવાનો-પાપ અપરાધ કરશો નહિ.

દક્ષિણ ભારતમાં પહાડોની મોટી મોટી શિલાઓ ઉપર બહારના ભાગમાં દૂરથી જોઈ શકાય એ રીતે ગોખલા બનાવીને દેરીઓ કોતરી કાઢવામાં આવી છે. આ દેરીઓ શિલાઓમાં જ ઘડવામાં આવી છે. ત્યાં પણ તમામ દેરીઓમાં મૂર્તિઓ ઉપર પથ્થરની અંદર જ સવળાં ત્રણ છત્રો કંડારવામાં આવ્યાં છે. આ બધાં જ છત્રો જેને હું સવળાં કહું છું તે રીતે ત્રિકોણાકારે સવળાં જ છે. દક્ષિણના જુદા જુદા પહાડોની ગુફાઓમાં પણ તેની અંદર અને ગોખલા વિના અનેક મૂર્તિઓ બનાવેલી છે, તેમાં પણ પથ્થરની અંદર કોતરી કાઢેલાં સવળાં જ છત્રો છે. આમ સારાય દેશમાં શ્વેતામ્બર-દિગમ્બર બંનેનાં મંદિરોમાં ૨૫૦૦ વરસથી

સવળાં ત્રણ છત્રનું એકસરખું સામ્રાજ્ય પથરાએલું છે. જૈન સમાજના સાધુ-સાધ્વીઓ કે શ્રાવકોને આ બધો-કે આવો બધો ખ્યાલ હોય નહીં એટલા માટે ખાસ ધ્યાન ખેંચ્યું છે.

અહીં અમોએ પ્લેટ નં. ૧, ૨ અને ૩ છાપી છે, જેમાં ૨૧ છત્રો રજૂ કરવામાં આવ્યાં છે. નં. ૪નું છત્ર મૂર્તિ સાથે આપેલ છે. ક્રાઉન સાઈઝમાં આ પુસ્તિકામાં બંધ બેસે તેટલાં જ પાનાંમાં છત્રનાં ફોટા ચીટકાવવાના હોવાથી ફોટા-ઓના આજુબાજુના ભાગને નછૂટકે કટિંગ કરવો પડયો છે એટલે છત્રો નાની સાઈઝમાં આપ્યાં છે. મૂર્તિ સાથે આખા ફોટા છાપ્યા હોત તો બહુ જ ભવ્ય લાગત પણ ટાઇમનો અભાવ, બહુ ખર્ચાળ કામ થઈ જાય તેથી બધું ટૂંકાવવું પડયું છે. ભવિષ્યમાં સમય મળશે તો અંદર બનાવેલાં ત્રણછત્રોવાળી બે હજાર વરસની આરસની ભવ્ય મૂર્તિ સાથેનાં આકર્ષક ૩૦-૩૫ ફોટાઓની થોડીક નકલો તૈયાર કરી આ વિષયમાં રસ ધરાવતા વિદ્વાનોને પહોંચાડવા વિચાર ખરો !

## જરૂરી સુધારો

આ પુસ્તકનાં ૧૨૬માં પેઈજમાં પાંચમી લીટીમાં મુદ્રિત લોકપ્રકાશ સર્ગ-૩, શ્લોક-૧૨ લખ્યું છે તેની જગ્યાએ લોકપ્રકાશ સર્ગ-૩૦, શ્લોક ૬૦૬ થી ૬૧૩ સમજવું.

## સવળાં છત્ર કોને કહેવાય ?



૧. શાસ્ત્ર અને પરંપરા સંમત
સવળાં ત્રણછત્રની સાચી પ્રતિકૃતિ

ત્રણ છત્ર એક સાથે
આંતરૂં રાખ્યા
સિવાય પણ
બતાવી શકાય છે.

## અવળાં છત્ર કોને કહેવાય ?



૨. શાસ્ત્ર અસંમત અવળાં
ત્રણછત્રની ખોટી પ્રતિકૃતિ


पोस्ट कार्ड
POST CARD
केवल पता
ADDRESS ONLY
INDIA
પ.વિ.

આ પત્ર અંગેની વિશેષ માહિતી માટે જુઓ પૃષ્ઠ નં. ૪૦






પ્લેટ નં. ૧-આઠમી શતાબ્દીથી સત્તરમી શતાબ્દીની મૂર્તિઓમાં કંડારેલાં છત્રશિલ્પો.

## પ્લેટ નં. ૧માં આપેલાં છત્રોનો પરિચય

અહીં આપેલા નં. ૧ થી ૬ સુધીના છાપેલાં છત્રનાં ફોટા વડોદરા પાસે આકોટા ગામના ખેતરમાંથી વિ. સં. ૨૦૦૮ દરમિયાન નીકળેલી અને વડોદરા જેવા શહેરના મ્યુઝિયમમાં રાખવામાં આવેલી ધાતુઓની મૂર્તિઓના લેવામાં આવ્યા છે, જે આઠમી શતાબ્દીથી લઈને તે પછીની શતાબ્દીના છે.

તે પછીના નં. ૭ થી ૧૦ સુધીના ફોટા પંદરમી, સોળમી અને અને સત્તરમી શતાબ્દીના પાલીતાણા ઉપરની સપરિકર મૂર્તિઓના છે. દેખીતી રીતે સ્પષ્ટ એક જ છત્ર દેખાય છે પણ તેની ઉપર બે છત્રની આકૃતિઓ ઉપસાવેલી સ્પષ્ટ દેખાય છે.

**નોંધ:**—તીર્થંકરની મૂર્તિઓની અંદર જ કંડારેલાં અથવા ઢાળેલાં ત્રણ છત્રોનાં ચિત્રો બે હજાર વરસથી મળે છે અહીંયા તો છેલ્લાં ૧૪૦૦ વરસનાં ગાળામાં કંડારેલાં છત્રોનાં ચિત્રો પ્લેટ નં. ૧, ૨ અને ૩ માં આપ્યાં છે. આવા સવળાં છત્રો સાથેની પાષાણ મૂર્તિઓનાં બીજા અનેક ફોટા મારા સંગ્રહમાં છે, પરંતુ વાચકો માટે આટલા નમૂના પૂરતા થઈ પડશે.

પ્લેટ નં. ૨

૧૧



૧૨



૧૩



નં. ૧૧, ૧૨, ૧૩ * ૮-૯ મી શતાબ્દી



૧૪



૧૫



૧૬



૧૭

નં. ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ આચાર
છત્રો બારમી શતાબ્દીનાં એટલે
૯૦૦ વરસ ઉપરનાં છે.
- પ્રિન્ટીંગ સન ૧૯૮

જૈન સાહિત્ય મંદિર
પાલીતાણા

યશોવિજય ચિત્રક
સંગ્રહ

પ્લેટ નં. ૨-નવમી અને બારમી શતાબ્દીનાં છત્રશિલ્પો.

## પ્લેટ નં. ૨ માં આપેલાં છત્રોનો પરિચય

અહીં આપેલા ચિત્રમાં ૧૧ નંબરનું ચિત્ર દક્ષિણ ભારતના એક પહાડની અંદર બનાવેલી ભવ્ય ધ્યાનસ્થમૂર્તિઓનું છે. તેની ઉપર ત્રણ છત્ર સવળાં મૂકવામાં આવ્યાં છે. આજુબાજુ ઇન્દ્રો કોતરવામાં આવ્યા છે. નંબર ૧૨, ૧૩ અને ૧૪માં ચિત્ર ઉપર અશોકવૃક્ષ ઉપસાવવામાં આવ્યું છે. ૧૫ નંબરનું ચિત્ર આકર્ષક અને અતિભવ્ય છે.

અહીં આપેલા ફોટા અનુક્રમે દક્ષિણ ભારતના નીચેના સ્થળના છે. નં. ૧૧ પાણ્ડે સમય–કલાગુમલાઈ, નં. ૧૨ પાંડે સમય–સમણાર મલાઈ, કરાડી પટ્ટી, નં. ૧૩ ચૌલુક્ય, મલ્લી ગુલબર્ગ, નં. ૧૪ ચૌલુક્ય, ગદુર (બીજાપુર જીલ્લો), નં. ૧૫ હોયશાળા, નં. ૧૭ ચૌલુક્ય, પુદુકોટાઈ વિસ્તાર, માયસોરસીટી.

### ખાસ વાંચો

સુઘોષા—કલ્યાણના માસિકમાં ત્રણ છત્રોની લેખમાળા છપાએલી તેથી સાધુસંસ્થામાં પણ સારી જાગૃતિ આવી હતી. તેના કારણે પૂર્વભારત અને ઉત્તરભારત તરફ વિચરતા વિદ્વાન સાધુઓએ મૂર્તિની અંદર જ કંડારેલાં છત્રો જ્યારે જોયાં અને મારી પોતાની નક્કી કરેલી માન્યતાને જ અનુસરતા હતા, ત્યારે તેઓને આનંદ થયો અને મને પાંચ સ્થળની યાદી પણ મોકલાવી છે.

પ્લેટ નં. ૩

૧



૨



૩



૪



જૈન સાહિત્યમંદિર
પાલીતાણા

યશોવિજય ચિત્રકલ
સંગ્રહ

પ્લેટ નં. ૩–સેંકડો વર્ષ પુરાણી મૂર્તિઓ ઉપરનાં છત્રશિલ્પો.

## પ્લેટ નં. ૩માં આપેલાં છત્રોનો પરિચય

અહીં આપેલાં ચિત્રોમાં જે છત્રો આપ્યાં છે તે ખૂબ જ સુંદર, મોટાં, કલાત્મક, વિશાળ અને ઘણાં જ ભવ્ય છે. પ્રાયઃ દક્ષિણ ભારતની દિગમ્બર મૂર્તિઓ ઉપરનાં આ છત્રો છે. ચોથા નંબરમાં છત્રો મૂર્તિ સાથે બતાવ્યાં છે. આ મૂર્તિ ક્ષત્રિયકુંડ તીર્થના મૂલનાયકની છે. આ ભવ્ય મૂર્તિ ઉપર બહુ જ સુંદર અને સ્પષ્ટ સવળાં ત્રણ છત્રો મૂર્તિ ઘડતી વખતે કરવામાં આવ્યાં છે. આ મૂર્તિ ઘણી જ પુરાણી છે.

પ્લેટ નં. ૧ અને ૨ માં છાપેલાં ફોટા આઠમા સૈકાથી લઈને સત્તરમા સૈકા સુધીના છે.

બે હજાર વર્ષ જૂની પ્રતિમાઓનાં છત્ર સાથેના ફોટા આપવા હતા પણ આપી શકાયા નથી.

### ખાસ વાંચો

પાલનપુરથી ૩૬ કિ. મી. દૂર ગુજરાત–રાજસ્થાનની સરહદે ચંદ્રાવતી નદીના કિનારે વસેલી પ્રાચીન ચંદ્રાવતી નગરીના મૂર્તિશિલ્પનાં જે નમૂના અને જે ખંડિત અવશેષો મળી આવ્યા છે તેમાં પણ શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાની અંદર અતિભવ્ય, ઘણાં જ આકર્ષક ત્રણ છત્રો પ્રાચીન માન્યતા મુજબ જ ઉપસાવેલાં છે. આ માટે મુંબઈ સમાચારના તા. ૧–૪–૯૧માં આવેલો ફોટો જુઓ.

—રાજસ્થાનમાં લાડનૂ ગામથી દૂર અતિ આકર્ષક અને વિશિષ્ટ શિલ્પવાળી મૂર્તિ બે વર્ષ પહેલાં જમીનમાંથી ઉપલબ્ધ થઈ છે. એ મૂર્તિમાં પણ ત્રણ છત્ર આપણી નક્કી કરેલી માન્યતા મુજબનાં જ છે.

# અશોકવૃક્ષની ડાળ
## ( પુષ્પના ગુચ્છ સહ )




આ પ્રતિકૃતિ અશોક નામના વૃક્ષની છે. અશોક વૃક્ષનાં ઝાડ બહુ ઓછાં પ્રમાણમાં જોવા મળે છે.

# આસોપાલવ વૃક્ષનાં પાંદડાં




योगेशआर्ट-पालीताणा

આ પ્રતિકૃતિ આસોપાલવ નામના વૃક્ષની છે. આ આસોપાલવનાં વૃક્ષો સારાં પ્રમાણમાં આપણે ત્યાં જોવા મળે છે. બંને વૃક્ષમાં થોડોક જ તફાવત છે. આ આસોપાલવનો ઉપયોગ મંગલ પ્રસંગે શોભા-શણગાર માટે ખૂબ જ થાય છે. વિશેષ પરિચય માટે આ પુસ્તકનો છેલ્લો લેખ જુઓ.

# શાલવૃક્ષ



આ પ્રતિકૃતિ ભગવાન શ્રી મહાવીરના શાલ નામના ચૈત્ય-જ્ઞાન વૃક્ષની છે. આ વૃક્ષ ઉત્તર પ્રદેશનું વતની છે.

આ શાલવૃક્ષનો ફોટો જેવો જોઈએ તેવો મેળવી શકાયો નહીં. વિદ્વાન સુશ્રાવક શ્રી ભંવરલાલજી નાહટાએ કલકત્તાથી એક છાપેલો ફોટો મોકલ્યો હતો. તેના ઉપરથી ફોટો લીધો હોવાથી રિઝલ્ટ સંતોષકારક આવ્યું નથી.

# ❀ છત્રાતિછત્રાકારને સૂચવતાં ચિત્રો ❀




ચિત્ર.૨



છત્રાતિછત્રાકારે
સાત નરક

**ચિત્રપરિચય :**

**नामेहिं पुढवीओ छत्ताइच्छत्तसंठाणा ॥ संग्र. गा. ॥२११॥**

**સંગ્રહણીરત્ન ગ્રન્થમાં આપેલી આ ગાથાના ભાવને વ્યક્ત કરતું આ ચિત્ર છે. આમાં બે આકૃતિઓ આપી છે. નાના ચિત્રમાં ટપકાં ટપકાં દ્વારા છત્રાકાર પણ બતાવ્યો છે અને મોટું ચિત્ર છે તે પણ ઉપરથી નીચે આકૃતિઓ કેવી મોટી થતી જાય છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.**

કેટલાક વાચકોએ એમ જણાવ્યું છે કે ભગવાન ઉપર ત્રણ છત્રો હોય છે તે શિખરની આકૃતિ જેવી છે તે રીતે જ હોય એટલે શિખરનો પ્રથમ ભાગ જેમ મોટો અને પછી તે નાનો નાનો થતો જાય તેમ પહેલું છત્ર મોટું અને તે પછી બીજાં નાનાં સમજવાં.

છત્ર પણ ભગવાનના માથે હોય છે તેમ શિખર પણ ભગવાનના માથે જ હોય છે એટલે શિખરની વાત જલદી ગળે ઉતરી જાય તેવી છે.

ક્ષત્રિયકુંડ (લછવાડ પાસે)ના જિનમંદિરમાં પદ્માસને બિરાજમાન શ્યામ આરસની ભગવાન મહાવીરના મસ્તકના કેન્દ્રમાં ચોટીના સ્થાને ઉન્નત ભાગ દર્શાવતું શિલ્પ જુઓ



ચિત્રપરિચય :

## તીર્થંકરદેવની કાયાની રચનાની બે મુખ્ય વિશેષતાઓ શું છે?

લે. યશોદેવસૂરિ

બીજી ઘણી બધી મૂર્તિઓથી એકદમ જુદા પડતાં એવા આ મસ્તકના ભાગનું ચિત્ર ભગવાન શ્રી મહાવીરની મૂર્તિનું છે.

આ મૂર્તિ ભગવાન મહાવીરની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ (બિહાર)ના જૈન મંદિરમાં બિરાજમાન છે અને તે સૈકા જૂની છે.

આ મૂર્તિનો ફોટો અહીં એટલા માટે છાપ્યો છે કે પ્રગટ થતાં આ પુસ્તકમાં તીર્થંકરના વાળની ચર્ચા-વિચારણા છપાઈ

છે, એટલે આપણા અનેક સંઘને માટે નવો જ ખ્યાલ આપતું આ ચિત્ર જરૂરી સમજીને અહીં છાપ્યું છે.

તીર્થંકરદેવોનું શરીર સર્વોચ્ચકોટિનું, સંપૂર્ણ સુલક્ષણો અને કેટલીક વિશિષ્ટતાઓથી યુક્ત હોય છે. તેમાં આપણી નજર સામે જોઈ શકીએ એવી બે વિશેષતાઓ ખાસ સમજવા જેવી છે. એક છે છાતીના કેન્દ્રમાં વર્તતો જમણી બાજુએ વળાંક લેતા એવો વાળનો સઘન ગુચ્છો, જે રીતસર ઊંચો જ હોય છે અને જેને ઓળખવા માટે શાસ્ત્રીય ભાષામાં શ્રીવત્સ (પ્રાકૃતમાં સિરિ-વચ્છ) શબ્દ યોજાયો છે. એટલે આ એક વિશેષતા.

અને બીજી વિશેષતા એ છે કે તીર્થંકરનું માથું કપાળના અગ્રભાગથી લઈ ઉપર ધીમે ધીમે વધતું વધતું વચલી ટોચવાળી જગ્યાએ ઘણું ઊંચું થઈ જાય છે. (જે આ ચિત્રમાં તેની તમને કંઈક ઝાંખી થશે.) આ જે ભાગ ઊંચો જાય છે તે શરીર સાથે વૃદ્ધિ પામતો ભાગ છે. એનો અર્થ એ કે તીર્થંકર ભગવાનની બધી શરીરનામકર્મની પુણ્યપ્રકૃતિઓ સર્વોચ્ચકોટિની હોય છે.

જન્માંતરમાં બાંધેલી તીર્થંકરનામકર્મ એ નામની સર્વશ્રેષ્ઠ પુણ્યપ્રકૃતિના કોઈ વિરલ પ્રભાવે તીર્થંકરનો વચલો ટોચ સહિત માથાનો ભાગ ભિન્ન પ્રકારે આકાર પકડે છે. એટલે તે વચ્ચે સુંદર રીતે શિખરની જેમ થોડું ઊંચું થઈ જાય છે. શાસ્ત્રીય પરિભાષામાં જેને માટે **ઉષ્ણીષ** શબ્દ વપરાયો છે. મનુષ્ય તરીકે સૌથી ભિન્ન અને આશ્ચર્યકારી આ માથાની વાત–રચના સામાન્ય મનુષ્યને ગળે ન ઉતરે તેવી હોવા છતાં તીર્થંકર એ લોકોત્તર વ્યક્તિ છે, એટલે જગતની અનેક રીતે ભિન્નતા ધરાવતી વ્યક્તિ છે એટલે એને માટે બધું જ શક્ય છે.

આ બે વિશેષતા તીર્થંકરો માટે ખાસ હોય છે. અને આ મૂર્તિમાં શિલ્પીએ માથાની વિશેષતા બહુ સુંદર રીતે અને મુક્ત રીતે સ્પષ્ટ ઉપસાવી છે. ભારતમાં બહુ જ ઓછી મૂર્તિઓ આવી છે.

*શેક વર્ષ ઉપર રાજસ્થાનમાં લાડનૂ ગામથી થોડા માઇલ દૂર ખેડૂતોને પ્રાપ્ત થયેલી જવલ્લે જ જેનું દર્શન થાય તેવી ભવ્ય અને અતિઆકર્ષક મૂર્તિઓ.



વિશિષ્ટ પ્રકારના આયોજનવાળી ભવ્ય કલાત્મક ધાતુની મૂર્તિઓ.

* આ મૂર્તિના વિશેષ પરિચય માટે જુઓ. પૃષ્ઠ નંબર ૧૭૭.

મૂર્તિશિલ્પમાં જૈનમૂર્તિનું મસ્તક કેવું
હોવું જોઇએ તે માટે માથાનો નમૂનો



પાલીતાણા — યશોદેવસૂરિ ચિત્રકલાસંગ્રહ

---

* મૂર્તિવિધાનમાં અને સાધનાના ચિત્રપટોમાં જૈનો અને બૌદ્ધો વચ્ચે ઠીક ઠીક સામ્ય જોવા મળે છે. એમાં માથાની બાબતમાં તો ખાસ મળે છે. તીર્થંકરદેવની મૂર્તિ પાષાણ વગેરેના માધ્યમ દ્વારા ભરાવો ત્યારે સાચી રીતે માથા ઉપર વાળ કેવી રીતે શિલ્પી પાસે કરાવવા જોઈએ તે ધ્યાનમાં રહે એ માટે આ આકૃતિ છાપી છે.

---

# મુનિવર શ્રી અભયસાગરજીએ સવળાં છત્રવાળાં કરાવેલાં ચિત્રો

(૧)



(૨)




(૩)



સવળાં ત્રણ છત્રોવાળું કલ્પસૂત્રનું ચિત્ર

પાલીતાણા    યશોવિજયચિત્રકલાસંગ્રહ

✓[redacted] ૐ પાલીતાણા
આદિત્યવાર
૨૩

પરમ પૂજ્ય ધર્મરત્ની વિદ્વવર્ય
મુનિરાજ શ્રી યશોવિજયજી મ સા
સાદર વંદના-

દેવગુરુ કૃપાએ સુખશાતા છે.
વિ. આપનો પત્ર મળ્યો- વાંચવામાં-
આરામ હશે - અમારે ગ્રંથના આવેલ
ફોટાઓની કોપી ~~મુદ્રણ~~
આગામમાં અભિનવના દાખલાઓ
હાલમાં તેની સાથે સાથે આપ અમારું
ગ્રંથની વધુ બાબતો આપું દાખલ જરૂર
નિવેદન આમાં રહ્યાં તેમાં "ધર્મ દૃષ્ટિ
થી નથી લખ્યું" એવું લખવાની જરૂર
નથી આપ જેવા સાહિત્યસ્વામી
સાંસ્કૃતિક વિજ્ઞાનની પ્રતિષ્ઠાને
યોગ્ય માર્ગ દર્શન આપો તો સુંદર
બાબત બનશે- કોઈ બાબત
વાંચીને ચંદ્રની ઉદયમતે અનુમાન

[illegible]



Bombay-6

मुंबई-6

पू. मुनिश्री यशोविजयजी म.सा.

७१, रीज रोड, मलबार हिल

जैन देहरासर

मुंबई नं-६ मुंबई-६

## લેખકના બે શબ્દો

**સુજ્ઞ વાચકોને !**

ત્રણ છત્ર કેવી રીતે રાખવાં તેનો પ્રત્યક્ષ પુરાવો ભારતભરમાં બિરાજમાન કરેલી સેંકડો પ્રતિમાઓ જોરશોરથી જવાબ આપી રહી છે. આખા દેશમાં એક જ પ્રકાર પ્રવર્તે છે. સેંકડો વરસનાં મંદિરોનાં ભીંતચિત્રો, કપડાં–કાગળ ઉપરનાં ચિત્રો, વિવિધ માધ્યમો ઉપરની પ્રાચીન મૂર્તિઓમાં પણ સવળો પ્રકાર જ વિદ્યમાન છે, અવળો પ્રકાર ક્યાંય દેખાયો જ નથી, તે જોતાં ત્રણ છત્ર ઉપર મેં લેખ લખ્યો ન હોત તો પણ તેની જરૂર ન હતી. કેમકે સિદ્ધ થયેલી બાબતમાં કંઈ કલમ ચલાવવાની જરૂર ન હોય. એટલે મારો લેખ યોગ્ય લાગે કે ન લાગે, કોઈ વાંચે કે ન વાંચે એની કોઈ ચિન્તા કરવાની જરૂર નથી. કેમકે મેં લેખ તો હાથ કંકણ ને આરસીની જેમ, ભારતભરમાં પ્રત્યક્ષ રીતે સિદ્ધ થએલી પ્રથાને પુષ્ટિ આપવા ખાતર જ લખ્યો છે. જો મને વિકલ્પે અવળાં છત્રો પ્રતિમાજીની અંદર બનાવેલાં એકાદ સ્થળે પણ મલ્યાં હોત તો આપણા માટે બંને વિકલ્પો માન્ય રહેત, પણ તેમ બન્યું નહીં.

ધાતુ કે આરસનાં પરિકરોમાં કંડારેલાં છત્રોનાં પ્રત્યક્ષ-પ્રમાણથી સવળાં ત્રણ છત્રો તો સિદ્ધ જ છે પણ શિલ્પશાસ્ત્રનાં હિસાબે પણ હું જેને સવળાં છત્ર કહું છું તેની જ વાત તે કરે છે, એટલે પ્રત્યક્ષપ્રમાણથી અને શિલ્પનાં પ્રમાણથી પ્રત્યક્ષ થએલી પ્રથાનો સહુએ ભાવપૂર્વક આદર કરવો જોઈએ. ખરી રીતે આ પ્રશ્ને કોઈ ચર્ચા–વિચારણાની જરૂર જ નથી.

—યશોદેવસૂરિ

## પ્રકાશકીય નિવેદન

પ. પૂ. શાસનપ્રભાવક આચાર્ય શ્રી **વિજય * મોહનસૂરીશ્વરજી** મહારાજે સ્થાપેલી અમારી મુક્તિકમલમોહન જ્ઞાનમંદિર (વડોદરા) સંસ્થા તરફથી સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી ચારેય ભાષામાં ઉપયોગી પુસ્તકો આજ સુધી લગભગ ૯૩ પ્રગટ થયાં છે. આ સંસ્થાને પુષ્પિત અને પલ્લવિત કરવામાં જૈનસમાજના અનેક સાધુવક્તાઓમાં જેઓશ્રીની વિશિષ્ટપદ્ધતિ પ્રાયઃ બીજે જોવા ન મળે તેવી વ્યાખ્યાનશક્તિના

* પૂજ્યપાદ આ. શ્રી વિજય મોહનસૂરિજી મહારાજ મુનિશ્રી યશોવિજયજી ખાતર જ પાલીતાણાથી ડભોઈ પધાર્યા અને ડભોઈમાં જ વિ. સં. ૨૦૦૧, પોષ સુદિ ૯ના દિવસે કાળધર્મ પામ્યા. તે પછી ખેદ પ્રદર્શિત કરતા અનેક પત્રો આવ્યા. તેમાં પૂજ્યશ્રીની વ્યાખ્યાનશક્તિના બહુ ઓછા પરિચિત છતાં ઓછા પરિચયમાંથી માર્ક કરનારા સમર્થ વિદ્વાન, મુનિશ્રી યશોવિજયજીના પરમઆત્મીયજન આગમપ્રભાકર પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે મોકલેલા પત્રમાં અંતમાં એક લીટીમાં લખ્યું હતું કે **'જૈનસંઘમાંથી એક અનોખી વિશિષ્ટ પ્રકારની વ્યાખ્યાનશક્તિનો અન્ત આવ્યો છે.'** આગમપ્રભાકરની આ રીતે બિરદાવવાની સૂઝને ધન્યવાદ જ આપવા રહ્યા. મુનિજી પણ તટસ્થભાવે કહે છે કે તેઓશ્રીની આ સમીક્ષા ખરેખર તદ્દન સાચી હતી. —**પ્રકાશકો**

સર્જક, અજોડ શાસનપ્રભાવક સ્વર્ગસ્થ પૂ. ગુરુદેવના પટ્ટધર ઊંડા વિદ્વાન, આકર્ષક વક્તા અને જૈનશાસનપ્રભાવક, પ. પૂ. આ. શ્રી **વિજય પ્રતાપસૂરિજી** મહારાજે તથા તેઓશ્રીના પટ્ટાલંકાર દ્રવ્યાનુયોગના સમર્થ વક્તા, અસાધારણ શાસનપ્રભાવક, સફલ વ્યાખ્યાનકાર પ. પૂ. યુગદિવાકર આ. **શ્રી વિજય ધર્મસૂરિજી** મહારાજે અને સાથે સાથે યુગદિવાકરશ્રીજીના શિષ્ય પૂ. મુનિશ્રી યશોવિજયજી (વર્તમાનમાં આ. શ્રી યશોદેવસૂરિજી) મહારાજે સાથે રહીને સંગીન ફાળો આપ્યો છે અને આજે તો છેલ્લાં કેટલાંય વરસોથી આ સંસ્થાનાં પ્રકાશનનાં તમામ કાર્યો અને વ્યવસ્થા તેઓશ્રી (પૂ. યશોવિજયજી મહારાજ) સંભાળી રહ્યાં છે.

આજે અમારી આ સંસ્થા એક વિશિષ્ટ પ્રકારનું પ્રકાશન કરી રહી છે તે બદ્દલ સંસ્થા ઘણો આનંદ અનુભવે છે.

આ પ્રકાશનમાં ત્રણ બાબત ઉપર લેખો લખવામાં આવ્યા છે. આ જાતની ચર્ચા–વિચારણા અને અન્તમાં પાછો તેનો નિર્ણય (રિઝલ્ટ) આપવો એ એક મહત્ત્વની બાબત છે. લેખક પૂજ્યશ્રીએ મહત્ત્વની ઉપયોગી બાબત ઉપર ઘણું ચિંતન, મનન અને મંથન કર્યું છે. તેઓશ્રીની સંશોધનાત્મક મેધા, અને જહેમતને ખૂબ અભિનંદન ઘટે છે.

આ લેખો વાંચનાર કોઈપણ વ્યક્તિને આચાર્યશ્રીજીની ઊંડી સૂઝભરી વિદ્વત્તાની, ઊંડા અને વ્યાપક સંશોધનની, જવાબ આપવાની એક લાક્ષણિક અને સંતોષકારક ભાષા તેમજ શૈલીથી પ્રમોદ થયા સિવાય નહીં રહે.

આનંદ સાથે આશ્ચર્ય ઉપજાવે તેવી મહત્ત્વની ઘટના એ છે કે સવળાં ત્રણછત્રનાં લેખના નક્કર, સાધાર અને નિર્ણયાત્મક વિધાનને, તપાગચ્છ મૂર્તિપૂજક, ખરતરગચ્છ, ત્રિસ્તુતિકગચ્છ અને તે ઉપરાંત

સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયના અગ્રણી અનેક આચાર્યપ્રવરોએ મુનિરાજોએ હાર્દિક સંમતિ આપી તે અમારા માટે ગૌરવનો વિષય છે. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તમામ ગચ્છના અને સંપ્રદાયના આચાર્યોએ દર્શાવેલી સદ્‌ભાવના અને લાગણી એ આચાર્યશ્રીજીની વિનયશીલતા, વિવેક અને નમ્રતાને આભારી છે. સ્વસંપ્રદાય અને અન્ય ગચ્છો–સંપ્રદાયોના પૂજ્યોને લેખકશ્રી પ્રત્યે કેવા આદરમાન છે, તેનું આ પ્રતિબિંબ છે. પૂ. ગુરુદેવ માટે પણ ઘણી જ મહત્ત્વની ઉત્સાહવર્ધક સિદ્ધિ છે. અમો સંમતિ આપનારા સહુ પૂજ્યોના ખૂબ ખૂબ આભારી છીએ.

આ ગ્રન્થમાં ત્રણ લેખો મુખ્ય છે. ૧. તીર્થંકરદેવની મૂર્તિ ઉપર દેવો ત્રણ છત્ર રચે છે તે કેવાં ક્રમે હોય છે ? ૨. તીર્થંકરદેવના મસ્તક ઉપર દીક્ષા વખતનો લોચ કર્યા પછી વાળની વૃદ્ધિ થાય છે ખરી ? અને ૩. અશોકવૃક્ષ અને આસોપાલવનું વૃક્ષ એ બંને જુદાં છે કે એક જ વૃક્ષનાં બે નામ છે ? આ ત્રણેય લેખોને ગ્રન્થોના અનેક પુરાવા સાથે વિસ્તારથી સર્વાંગ સંપૂર્ણ કહી શકાય તે રીતે લખાયા છે. આ પુસ્તકમાં ત્રણ છત્રનો લેખ અનોખી રીતે લખાયો છે. ત્રણ છત્રમાં એક જ સવળો પ્રકાર છે વિકલ્પ નથી તે શાસ્ત્રના પાઠોના અનોખી રીતે અર્થ લગાડીને સિદ્ધ કર્યું છે.

સહુ કોઈ તટસ્થભાવે, ગુણગ્રાહી દૃષ્ટિએ અદ્વેષભાવે લેખો વાંચે.

આ પુસ્તકનું મેટર લખવામાં, પ્રૂફો જોવા વગેરેમાં પૂ. વિનયશીલા સાધ્વી શ્રી પુનિતયશાશ્રીજી આદિએ અને પૂ. મુનિરાજ શ્રી વાચસ્પતિ-વિજયજી તથા પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી તથા શ્રી રોહિતભાઈ તેમજ કહાન મુદ્રણાલયના માલિક શ્રી જ્ઞાનચંદજી જૈન આદિએ પણ જે સહકાર આપ્યો છે તે સહુનો આભાર માનીએ છીએ. —પ્રકાશકો

# વિશિષ્ટ દૃષ્ટિકોણથી લખેલા છત્રાતિછત્રના લેખ અંગે કંઈક

*

આજથી પાંચેક વર્ષ પહેલાં કલ્યાણ વગેરે પત્રોમાં ત્રણ છત્ર ઉપર એક વિસ્તૃત લેખ લખ્યો હતો. પ્રસ્તુત લેખ, તે ઉપરાંત કેશમીમાંસા અને અશોક અને આસોપાલવ એ બંને વૃક્ષ એક છે કે જુદાં તે અંગેના બે લેખ, એમ ત્રણેય લેખ પુસ્તિકારૂપે પ્રગટ થવા જ જોઈએ એવી અનેકની માગણી જોરદાર હતી. લેખન અને મુદ્રણની અન્ય પ્રવૃત્તિ વચ્ચે એ દિશામાં આગળ વધી શકાયું નહિ. એ દરમિયાન અવસરે અવસરે એ અંગે વિશેષ વિચારણા ક્યારેક ક્યારેક કરતો હતો, અને એક વખત એ અંગે બે ત્રણ રીતે ગંભીર વિચારણા કરતા અર્થ અંગે નવા નવા વિચારો ફલિત થયા, એટલે માસિકોમાં આપેલા ભૂતકાલીન લેખોની રજૂઆતને બદલવાનું નક્કી કર્યું. શ્રી હેમચંદ્રાચાર્યજીનો શ્લોક, તેની ટીકા અને આગમ વગેરે શાસ્ત્રોમાં છત્ર અંગે આપેલા પાઠો, એ બધાયનો સમન્વય સધાય એ રીતે જો અર્થની સંગતિ કરી શકાય તો સારું, એ ધ્યેયને ધ્યાનમાં રાખીને સમગ્ર લેખનો ઢાંચો બદલીને પ્રસ્તુત લેખ લખ્યો છે. વીતરાગસ્તોત્રના છત્રના શ્લોકની ટીકાને જુદી જ રીતે ઘટાવી છે. એની પાછળનું કારણ માત્ર એક જ છે કે કોઈપણ હિસાબે વિચાર અને અભિપ્રાયનું ઐક્ય જો ઊભું થાય તો સવળાં ત્રણ છત્રની માન્યતાનો સહુ આદર કરે.

પૂર્વગ્રહ વિનાના તટસ્થ વાચકો મારી આ નવી રજૂઆતમાં હું કેટલો સફળ થયો છું તેનું મૂલ્યાંકન તેઓ જ કરે.

હજારો વરસથી ચાલી આવતી પરંપરાને અખંડિત રાખવા માટે મારા આ પ્રયત્નમાં કેટલો સફલ થઈશ તે તો જ્ઞાની જાણે. સદ્‌બુદ્ધિથી નમ્રભાવે મેં રજૂઆત કરી છે. સહુ મારી આ રજૂઆત સ્વીકારે એવો મારો આગ્રહ ન જ હોય. મારા વિચાર સાથે કોઈ સહમત ન થાય તે પણ સંભવિત છે, પરંતુ એક વસ્તુ મારા ચિંતન અને અભ્યાસના અન્તે નક્કી કરી શક્યો છું કે ત્રણ છત્રમાં બીજો કોઈ વિકલ્પ છે જ નહિ, એટલે કે ભગવાનના ફરતા પરિકરમાં કોઈપણ ઠેકાણે અવળાં છત્રની રજૂઆત થઈ જાણી કે જોઈ નથી. તેમજ અવળાં છત્રની માન્યતાને પુષ્ટિ આપતું લખાણ હું ક્યાંય પણ મેળવી શક્યો નથી. જે લોકો અવળાં છત્રની માન્યતામાં મક્કમ હતા તે મારા સુઘોષા–કલ્યાણમાં લેખના પુરાવા વાંચ્યા પછી તેમને લાગ્યું કે સવળાં છત્રની માન્યતા સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી, અને એ સ્વીકારે એટલે એમને સવળાં છત્રની માન્યતામાં જોડાઈ જવું જ પડે. પણ જ્યાં અવળાં બની ગયાં છે તેનું શું? તે ખોટાં ન ઠરે એટલે એમને (સવળાંની કબૂલાત કરીને) અવળો પણ વિકલ્પ છે એવું એક મુનિરાજે છપાવ્યું પણ તે સર્વથા અયોગ્ય છે, માટે પુનર્વિચારણા કરી નવેસરથી સવળાં છત્રની માન્યતા સ્વીકારવાની જો ઉદારતા થશે તો દેશમાં એક જ સવળાં છત્રની પ્રથાને સ્થાન મળશે.

—✱—

## શિલ્પકલા શાસ્ત્રના ગ્રન્થો અને પ્રત્યક્ષ પુરાવાઓ માત્ર સવળાં જ છત્રોની વાત કરે છે તે વાંચો

*

## છત્ર બાબતમાં સચોટ–પ્રબળ બે પુરાવા

(૧) શિલ્પશાસ્ત્રોએ પરિકર સાથેની જૈન મૂર્તિઓ કેવી રીતે તૈયાર કરવી, તેના વિવિધ ભાગો કેવી રીતે તૈયાર કરવા એ અંગે સંસ્કૃત શ્લોકો દ્વારા વર્ણન કર્યું છે. એ વર્ણનનો અધિકાર આ જ પુસ્તિકાના પાનાં નંબર ૩૪ થી ૩૯ ઉપર છાપેલો છે. એ વર્ણનમાં લખ્યું છે કે ભગવાનના માથા ઉપર પહેલું છત્ર સૌથી મોટું બનાવવું, તે પછી બીજું તેનાથી નાનું બનાવવું અને ત્રીજું તેનાથી નાનું બનાવવું, આવી સ્પષ્ટ વાત જણાવી છે. શિલ્પશાસ્ત્રનો પુરાવો તો સૌથી વધુ મજબૂત પુરાવો ગણાય અને સેંકડો વરસથી ચાલ્યો આવતો શાશ્વત જેવો પુરાવો ગણાય. સવળાં છત્રનાં આવા પુરાવા સામે અવળાં છત્રનો વિચાર કરવાનો, વાત કરવાનો કે તે અંગે દલીલો કે ચર્ચા કરવાનો કોઈ અધિકાર રહે છે ખરો ?

(૨) શિરસાંવદ્ય કરીને ઉમળકાથી સહર્ષ સ્વીકારવો પડે તેવો બીજો પ્રત્યક્ષ પુરાવો સપરિકર મૂર્તિઓમાં મૂર્તિની અંદર જ ઉપસાવી કાઢેલાં સંખ્યાબંધ સવળાં છત્રો હજારો વરસથી નજર સામે સાક્ષાત્ વિદ્યમાન છે, તો આ સામે અવળાં છત્રની વાતનું અસ્તિત્વ જ શી રીતે રહેશે ?

*

# ત્રણ લેખોની પ્રસ્તાવના

**નોંધ :**—અહીંયા ત્રણ છત્ર કેવાં હોવાં જોઈએ ? અને વાળની અવૃદ્ધિ ક્યારથી ? આ બંને બાબત અંગે શિલ્પશાસ્ત્ર તથા ત્રિષષ્ઠી-શલાકાપુરુષચરિત્ર વગેરેના જે પ્રબળ પુરાવા આપું છું તે પુરાવા એવા છે કે છત્ર અને વાળ બાબતમાં લેખ, ચર્ચા કે વાદવિવાદની જરૂર જ ન રહે. આ પુરાવા સવળાં છત્રની માન્યતાને પૂરેપૂરો ટેકો આપે છે અને વાળની અવૃદ્ધિ દીક્ષા વખતથી ન સમજવી એ વાતની સાબિતી આપે છે.

* છત્ર અંગે શિલ્પશાસ્ત્રના પાઠનો પુરાવો પાછળ આપ્યો છે.

* * *

પ્રસ્તાવના એ પુસ્તકનું મુખ છે, પ્રવેશદ્વાર છે, એનો અલંકાર છે. નાનું મોટું કોઈપણ પુસ્તક થયું એટલે તેની નાની–મોટી પ્રસ્તાવના તો આપવી જ પડે. તેમાંય જે પુસ્તક ચર્ચાત્મક કે વિવાદાત્મક હોય ત્યારે પ્રસ્તાવના ખાસ જરૂરી બની જાય છે. આ પુસ્તકમાં શરૂઆતના બે લેખોના વિષયો શુષ્ક છે, લખાણ અનેકરંગી છે. આ પુસ્તકની સમજ થોડું શાસ્ત્રીયજ્ઞાન હોય, વ્યક્તિ સુશિક્ષિત અને જ્ઞાની હોય તો તેને આમાં સમજ અને રસ પડે. આ પુસ્તક સામાન્ય પ્રજાના કે સામાન્ય અભ્યાસીઓના આકર્ષણ અને રસનો વિષય બને તેવું નથી. એથી

પ્રસ્તાવના દ્વારા પુસ્તકનો પરિચય યોગ્ય રીતે રજૂ કરવો જોઈએ, જેથી પુસ્તક શું કહે છે તેનો ખ્યાલ વાચકોને મળી રહે, અને એમાંથી કંઈક નવું પણ જાણવા મળે. વળી નાના-મોટા સહુને ભાગ્યેજ જાણવા મળે એવાં વરસો બાદ પહેલીજવાર ચર્ચાતા અને આખરી નિર્ણય આપતા એવાં આ પુસ્તકના અભૂતપૂર્વ ત્રણ લેખના વિષયોની કંઈક ઝાંખી થાય.

પ્રસ્તાવનામાં હું જે કહેવાનો છું તે આ પુસ્તકમાં અંકિત થઈ ગયું છે, પરંતુ અમારા સાધુ ભગવંતો, સાધ્વીજી મહારાજો તથા વિદ્વાનો, શિક્ષકોને આ બાબત સ્પષ્ટ ખ્યાલમાં આવે તેથી આ પુસ્તકમાંની જ વાત સરળતાથી અહીં રજૂ કરૂં છું.

આ પુસ્તકમાં ત્રણ લેખો પ્રગટ કરવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે.

**૧. તીર્થંકરદેવની મૂર્તિ ઉપર ત્રણ છત્રો કયા ક્રમે લટકાવવાં જોઈએ તે અંગેની વિશદ વિચારણા.**

**૨. તીર્થંકરદેવની કેશ (વાળ) મીમાંસા.**

**૩. અશોકવૃક્ષ * આસોપાલવ * ચૈત્યવૃક્ષ.**

આ ત્રણેય લેખો તીર્થંકર ભગવાન સદેહે જીવતા હોય છે ત્યારે તેમની સાથે સંબંધ ધરાવતા છે.

પહેલો લેખ તીર્થંકરદેવ ઉપર રહેતાં ત્રણ છત્રને લગતો છે, બીજો લેખ તીર્થંકરદેવના વાળ બાબતનો છે અને ત્રીજો લેખ તીર્થંકરદેવના મસ્તક ઉપર રહેતું અશોકવૃક્ષ તે આસોપાલવ છે કે અશોકવૃક્ષ જુદું જ છે અને ચૈત્યવૃક્ષ શું છે? તેને લગતો છે.

પહેલો લેખ દેવો પોતાની ભક્તિથી તીર્થંકરદેવ તીર્થંકર થયા એટલે રિવાજ મુજબ જીવનપર્યન્ત મસ્તક ઉપર ત્રણ છત્રની રચના કરે છે. તે રચના કેવા પ્રકારે હોય છે તે અંગેનો છે.

બીજો લેખ ભગવાને દીક્ષા લીધી તે વખતે લોચ કર્યાં પછી એટલે કે વાળ કાઢી નાખ્યા પછી ભગવાનના માથા ઉપર ફરી વાળ વધે છે ખરા ? તે અંગેનો છે.

ત્રીજો લેખ અશોક અને આસોપાલવનાં વૃક્ષ જુદાં જુદાં છે કે એક જ છે અને ચૈત્યવૃક્ષ શું છે ? તેનો નિર્ણય આપતો છે.

આ ત્રણેય લેખો પાલીતાણાથી પ્રગટ થતા ' સુઘોષા ' માસિકમાં ઈ. સન્ ૧૯૮૬ના ફેબ્રુઆરી—માર્ચ—એપ્રિલના ત્રણ અંકો દ્વારા પ્રગટ થયા હતા. તે પછી વઢવાણથી પ્રગટ થતાં ' કલ્યાણ ' માસિકમાં વર્ષ–૪૩, અંક–૬, ઈ. સન્ ૧૯૮૬ના સપ્ટેમ્બરમાં પ્રગટ થયા હતા. તે લેખોએ વાચક વર્ગમાં સારો રસ જગાડયો હતો. લેખો વાંચ્યા બાદ કેટલાક વાચકોના મનમાં સવાલો ઉઠયા હતા. તેઓએ પત્ર દ્વારા, કેટલાક વાચકોએ રૂબરૂ પ્રશ્નો કરી સમાધાન મેળવ્યાં હતાં. અનેક વાચકોની અને મારી પણ ઇચ્છા આ ત્રણ લેખો ગ્રન્થસ્થ થાય તો ચિરંજીવ બને અને વાચકોના ઉપયોગમાં આવી શકે અને આવનારી શ્રમણસંઘની પેઢીને આજસુધી નહીં ચર્ચાએલા એવા એક અભૂતપૂર્વ નવીન વિષયનું જાણપણું મળે, અને તે ઉપર વધુ વિચારણા કરી શકે. આવા વિષયો ચર્ચવાનો ઊંડાણથી, વ્યાપક રીતે છણાવટ કરી આખરી નિર્ણય આપવાનો યોગ ક્યારેક જ બને છે.

છત્રનો લેખ માસિકોમાં જ્યારે પ્રગટ થયો ત્યારે તેમાં થોડીક

ક્ષતિઓ રહી ગઈ હતી. તે ક્ષતિઓ દૂર કરીને, વિગતો ટૂંકાવીને આ વખતે તદ્દન નવેસરથી જ નવાં દૃષ્ટિકોણથી લેખ લખ્યો અને અહીં છપાવ્યો છે. આ વિષયના રસિયા વાચકો ધીરજ અને શાંતિથી વાંચે જેથી લેખનો ભાવ સમજી શકાય. મારી ભૂલચૂક કે ક્ષતિ લાગે તો તે જરૂર જણાવે.

## ૧. તીર્થંકરદેવની મૂર્તિ ઉપર ત્રણ છત્રો કયા ક્રમે લટકાવવાં જોઈએ?

ત્રણ છત્રવાળાં પહેલાં લેખનો સંબંધ કેવલજ્ઞાન થતાંની સાથે શરૂ થાય છે. તીર્થંકરો કેવલી–સર્વજ્ઞ થયા એટલે દેવો વડે વિશેષ પ્રકારે પૂજાતા થયા એટલે દેવો તીર્થંકરના લોકોત્તર પુણ્યપ્રભાવથી અને પોતાની ભક્તિથી અષ્ટમહાપ્રાતિહાર્યની રચના કરે છે. પ્રાતિહાર્ય એટલે ચોકીદારની જેમ તીર્થંકરની સેવામાં અવિરત રહેતી આઠ વસ્તુઓ. એમાં ચોથા પ્રાતિહાર્ય તરીકેનાં ત્રણ છત્રો દેવો ભગવાન ઉપર કાયમ માટે ધરતા હોય છે. કેવલી અવસ્થાથી લઈને નિર્વાણપર્યન્ત પ્રભુના મસ્તક ઉપર દેવનિર્મિત ત્રણ છત્રોનું અસ્તિત્વ રહે છે. આ ત્રણ છત્રો એક સરખાં આકાર–પ્રકારનાં છે કે ભિન્ન ભિન્ન પ્રકારનાં છે? એ પ્રશ્નની છણાવટ પહેલા લેખમાં વિસ્તારથી કરવામાં આવી છે. ત્રણ છત્ર સરખાં નથી પરંતુ નાનાં–મોટાં છે. અમુક આચાર્યો ભગવાનના માથા ઉપર દેવો ત્રણ છત્રો લટકાવે છે તેનાં ક્રમમાં માથા ઉપર પ્રથમ નાનું, પછી બીજું મોટું અને તે પછી ત્રીજું એથીય મોટું, આ રીતે માને છે જેને હું 'અવળાં' છત્રો કહું છું. જ્યારે બીજા આચાર્યોના મતે ભગવાનના માથા ઉપર પ્રથમ મોટું, પછી બીજું તેથી નાનું અને ત્રીજું

તેથીય નાનું આ રીતે માને છે, જેને હું 'સવળાં' છત્રો કહું છું. સવળાં છત્રોની તરફેણમાં સહુથી વધુ સંખ્યામાં આચાર્યો છે, જે આ પુસ્તકથી જાણવા મળશે.

આ બંને પ્રકારોમાં બંને પ્રકારો સાચાં છે કે એમાંથી કોઈ એક પ્રકાર સાચો છે? એ બાબતની વિસ્તારથી ચર્ચા આ પુસ્તકમાં કરી છે. એમાં મને એક જ પ્રકાર સાચો લાગ્યો છે. બીજો વિકલ્પ મને દેખાયો જ નથી, એ વાત મને બરાબર સમજાણી છે, એટલે શાસ્ત્ર, શિલ્પ અને પ્રત્યક્ષપ્રમાણનાં બળને લીધે હું ભાર દઈને કહી શકું કે—

**છત્રમાં સવળો એ એક જ વિકલ્પ છે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ (એટલે જ પુણ્યર્દ્ધિથી સમવસરણની ઋદ્ધિ લેવી જોઈએ જેથી એક જ મત રહે.).**

આ છત્રનો પ્રશ્ન મેં ત્રીસેક વર્ષ પહેલાં છાપામાં પ્રગટ કરાવ્યો હતો. કેમકે સમગ્ર ભારતનાં જૈનમંદિરો માટે ચંદરવા, પુંઠિયાંઓની રચનામાં આ પ્રશ્ન ભલે નાનો પણ અનિવાર્યરીતે નિર્ણય માગતો એક મહત્ત્વનો પ્રશ્ન હતો.

## શા માટે આ પ્રશ્નો ચર્ચ્યા અને લેખો લખ્યા?

ભગવાન મહાવીરનાં જીવનપ્રસંગોનાં ચિત્રો પ્રસિદ્ધ ચિત્રકાર ગોકુલભાઈ કાપડીયા પાસે કરાવી રહ્યો હતો. કેવલજ્ઞાન થયાં પછીનાં ચિત્રો જ્યારે કરાવવાનાં આવશે ત્યારે ચિત્રોમાં ત્રણ છત્ર બતાવવાનાં આવશે જ, તે વખતે ત્રણ છત્રો કેવાં ક્રમે બતાવવાં એનો નિર્ણય કરી લેવો જ પડે એટલે મેં આ પ્રશ્ન ચર્ચ્યો હતો. આ પ્રશ્ન માટે વાચકો પાસેથી જવાબ પણ માગ્યા હતા. પરંતુ આપણે ત્યાં સંઘમાં

આવા અગત્યના પ્રશ્નોના પણ જવાબ ન આપવાના જાણે સોગંદ લીધા હોય તેવી પરિસ્થિતિ વરસોથી પ્રવર્તે છે. ફક્ત પાંચ–સાત જણાએ જવાબ આપ્યા હતા. કેટલાક આચાર્ય ભગવંતો સાથે મુંબઈ વગેરે સ્થળે આ પ્રશ્ન રૂબરૂમાં ચર્ચ્યો હતો, પણ સહુ વીતરાગસ્તોત્રના આધારે અવળાં રાખવાનો ખ્યાલ ધરાવતાં હતાં. ત્યારબાદ વરસો સુધી આ પ્રશ્ન પેન્ડીંગ પડી રહ્યો. જાણે એને ચર્ચવાનું મુહૂર્ત જ નહિ હોય. હવે યથાર્થ નિર્ણય કરવા ફરીથી બહુશ્રુત વિદ્વાનો સામે જાહેરપત્રોમાં એટલે સુઘોષા અને કલ્યાણ તેમજ પ્રબુદ્ધજીવન વગેરે માસિકોમાં આ પ્રશ્ન રજૂ કર્યો હતો, ત્યારે સ્પષ્ટ લખ્યું હતું કે આ લેખમાં મારી જે ભૂલો અને ગેરસમજ દેખાતી હોય તે વિના સંકોચે પુરાવા સાથે સ્પષ્ટ જણાવશો તો બંને બાજુનો વિચાર કરીને છત્રની બાબતમાં સાચો નિર્ણય કરવામાં સહાયક બની શકશો. વળી આ તો એક જાહેર ટેસ્ટ કરવો હતો. કેમકે શાસ્ત્રો આપણી પૂરી મદદે આવતાં નહોતાં. કોઈ વિશિષ્ટ પ્રકારના સાચા અર્થમાં જ્ઞાની, અનુભવી નજર સામે ન હોય ત્યારે ઝાઝા હાથ રળિયામણાની જેમ સુજ્ઞોનો સાથ સહકાર સારો. સમાજમાં ઘણા બુદ્ધિશાળી, તેજસ્વી વિદ્વાનો છે. તેઓને જો પ્રામાણિક અને સાચી સલાહ આપવી હોય તો આપી શકે પરંતુ બહુ જ ઓછાએ સલાહ–સૂચના આપી, અને મેં મારા પુનઃચિંતનને જોડીને નવી જ રીતે લેખનું કલેવર તૈયાર કર્યું અને પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજીના શ્લોકને, તેની ટીકા–આગમાદિ શાસ્ત્રોને અનુસરે તો બધી રીતે સુયોગ્ય થાય, એ ખ્યાલ રાખીને શ્લોક–ટીકાનું અર્થઘટન કરવા પ્રયાસ સેવ્યો છે. તેમાં હું કેટલો સફળ થયો છું તે તો સુજ્ઞ વાચકો નક્કી કરી શકશે.

છત્ર અવળાં છે કે સવળાં અથવા કોઈ વળી ત્રીજા પ્રકારનાં કરવાનું પણ કહે તો તેની સામે મારે કશું કહેવાનું નથી, જેને જેમ નિર્ણય કરવો હોય તેમ કરે પણ હજારો વરસથી ચાલી આવતી સવળાં છત્રની અક્ષુણ્ણ પરંપરા અખંડ ટકી રહે, એને ટેકો આપતા અર્થ અને પુરાવાઓ મળતા હોય તો પ્રયત્ન કરવો તેમ કર્તવ્ય સમજી ત્રણ છત્ર ઉપર વિસ્તારથી લેખ રજૂ કર્યો છે, અને એ લેખ દ્વારા ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર સવળાં જ છે, અવળાંનો કોઈ પ્રકાર જ નથી તે વાત સિદ્ધ કરી બતાવી છે.

**અહીંયા ત્રણ છત્રનો પ્રશ્ન શા માટે ચર્ચવો પડ્યો?**

તો અષ્ટમહાપ્રાતિહાર્યમાં નંબર ચારનું પ્રાતિહાર્ય ત્રણ છત્રનું છે. એ ત્રણ છત્રો સવળાં કે અવળાં સમજવાં?

આ ત્રણ છત્ર દેશભરમાં આરસ કે ધાતુની મૂર્તિઓમાં મૂર્તિ ઘડતી વખતે જે અંદર બનાવવામાં આવ્યાં છે તે બધાં સવળાં વિદ્યમાન છે, પરંતુ વીતરાગસ્તોત્ર, તેની ટીકા અને લખાણ એવા પ્રકારનું છે કે ભલભલા વિદ્વાનો એકવાર વાંચીને ભગવાન ઉપર અવળાં જ છત્રો લગાડવાં જોઈએ એવો અર્થ કરી બેસે. ચતુર્વિધસંઘમાં આજે કોણ ઊંડું વિચારે છે? અપેક્ષાએ જોઈએ તો આ નાની બાબત લાગે, એટલે એ દિશા જ લગભગ સહુની શૂન્ય હોય એટલે વીતરાગસ્તોત્રનો શ્લોક વાંચીને આગળ પડતી વિદ્વાન વ્યક્તિઓ જે અર્થ કરે, નીચેનાં સહુ કોઈ તેને અનુસરે. આના કારણે કોઈ કોઈ સ્થળે અવળાં છત્રનું સર્જન કરી નાંખે તે સ્વાભાવિક છે, પરંતુ મને મારા અભ્યાસ, વ્યાપક સંશોધન અને મંથનને અન્તે મારી દૃષ્ટિએ એમ સમજાયું છે કે અવળાં

છત્રની માન્યતાને તો કોઈ સ્થાન જ નથી. મેં ઉપર કહ્યું તેમ શ્લોક અને માત્ર તેની ટીકા જો ઉપર ઉપરથી વાંચી લે તો પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજી અવળાં છત્રની જ વાત કરે છે એમજ તેઓ સમજી લે, પણ જે લોકો તટસ્થ છે, સત્યના સાચા ખપી છે. તેઓને સાચી સમજ બરાબર આપવામાં આવે તો ઊભી થએલી ગેરસમજ જરૂર દૂર થાય.

**છત્રની બાબતમાં એક વાત ફરી જણાવી દઉં કે-શાસ્ત્રનાં પાઠો અંગે ગમે તેમ તર્ક કરો, ગમે તે દલીલો કરો, એકબીજાની વાતોને ખોટી કે ખામીવાળી કહો, ગમે તે રીતે પાઠ લગાડો. એ બધું કરી શકાય છે પણ એક વાત નિશ્ચિત છે કે સવળાં છત્રની માન્યતામાં કશો ફેરફાર કરી શકાય તેમ નથી, એ શાસ્ત્રકારોનું નિર્વિવાદ અંતિમ સત્ય છે. પરિકરની અંદરનાં પ્રત્યક્ષપ્રમાણને એટલે સવળાં છત્રને સ્વીકાર્યા સિવાય કોઈનેય ચાલે તેમ નથી.**

જે વ્યક્તિ વીતરાગસ્તોત્રની ટીકાના આધારે અવળાં છત્રનો મત ધરાવે છે તેઓ આ લેખને ખૂબ ધ્યાનપૂર્વક, તટસ્થભાવે, તમામ પૂર્વગ્રહો છોડીને વાંચે.

અન્તમાં વાચકોને વિનંતિ કે કોઈપણ સાધુ કે શ્રાવક અવળાં છત્રનો વિકલ્પ છે એમ પ્રબળ પુરાવા સાથે, ખોટાં તર્કો, ખોટા પાઠો તેના જ ખોટા અર્થો, ખોટી દલીલો, જુઠ્ઠી રજૂઆતો અને ફેંકોલોજી સ્વભાવ વગેરેનો સહારો લીધા વિના સભ્ય ભાષામાં જણાવીને અમારું ધ્યાન ખેંચે.

## ૨. તીર્થંકરદેવની કેશમીમાંસા

તીર્થંકર લોકોત્તર વ્યક્તિ છે એટલે તેમની કાયાની કેટલીક વિશેષતાઓ છે. તે કરતાંય હવે તેઓ દેવોથી વંદનીય, પૂજનીય બન્યા હોવાથી પોતાની જવાબદારી અદા કરવા અને પોતાના આત્મકલ્યાણ માટે ભગવાનની ભક્તિમાં અનન્યભાવે તલ્લીન રહે છે. તીર્થંકરનો આચારસંહિતા સ્વતંત્ર સંહિતા છે. તેની સરખામણી કોઈની સાથે કરવાની હોતી નથી. કારણ કે તીર્થંકર નામકર્મ એમણે જે બાંધ્યું છે તે એવું બાંધ્યું છે કે તેનાં કારણે અનેક વિશેષતાઓ તીર્થંકરોના જીવનમાં ઊભી થવા પામે છે. આ બીજા લેખમાં તીર્થંકરદેવના વાળ અંગે વિચારણા કરવામાં આવી છે તીર્થંકરો માટે એ વાત છે કે તીર્થંકરો દીક્ષા લેતી વખતે સ્વહસ્તે માથાના વાળ કાઢી નાંખે છે. તે પછી જેટલા વાળ માથા ઉપર જે કંઈ અવશેષ રહ્યાં હોય તેમાં જીવન-પર્યન્ત ઓછાવત્તા થતા જ નથી, એવું વીતરાગસ્તોત્રના ટીકાકાર કહે છે એમ ઘણા સાધુઓ–શિક્ષકો યથાર્થ સમજના અભાવે સમજે છે, પણ એ સમજ ખોટી છે. કેમકે કેટલાક દાખલા અને આગમના ઉલ્લેખો અત્યન્ત સ્પષ્ટ રીતે એમ જણાવે છે કે તીર્થંકરદેવને દીક્ષા લીધા પછી પણ વાળ વધતા હતા અને કેવળજ્ઞાન થયા પછી જ્યારે ભગવાન સમવસરણમાં પહેલીવાર બિરાજે ત્યારે મસ્તકની શોભા વાળથી છે તેથી જોનારાને ભગવાન સુંદર લાગે માટે ઈન્દ્ર મહારાજા ભગવાનના મસ્તક ઉપરના અને દાઢી–મૂછના વાળને પણ પોતાની દૈવિક પ્રભાવક શક્તિથી સુંદર બનાવી દે છે અને એ વાળ ઠેઠ નિર્વાણ થતાં સુધી વિદ્યમાન રહે છે.

મેં મારા લેખમાં દીક્ષા લીધા પછી કેવલજ્ઞાન થાય ત્યાં સુધી

ભગવાન વાળ વિનાના અને વાળવાળા બંને પ્રકારે હોય છે એવું સાબિત કર્યું છે. લોચની બાબતમાં કેટલાકે પ્રશ્નો કર્યા કે લોચ કોની પાસે કરાવતા હશે ? કેટલા વખતે કરાવતા હશે ? વગેરે...પરંતુ આવી બધી બાબતના ખુલાસા શાસ્ત્રમાં મળતા નથી, અને પ્રાયઃ આવી વાતોમાં તેઓ વિશેષ લખતા પણ નથી એટલે થોડી વિગતો લખી હોય તે ઉપરથી કે અનુમાનથી કેટલાક નિર્ણયો લેવાનું અનિવાર્ય બને છે. અલબત્ત આ નિર્ણયો બધા જ સાચા હોય છે એવું માનવાનું નથી.

વીતરાગસ્તોત્રના મૂલ શ્લોકમાં અવસ્થિતિ ક્યાસ્થી તે વાત જણાવી જ નથી. હા, ટીકાકારોએ દીક્ષા લીધા પછી વાળનું ન્યૂનાધિકપણું થતું નથી એ વાત જરૂર જણાવી પણ તે વાતને પૂ. હેમચંદ્રાચાર્યજીના ગ્રન્થો જ ખોટી પાડે છે. આ માટે વાંચો આ જ પુસ્તકમાં આપેલો સુવિસ્તૃત લેખ.

## ૩. અશોકવૃક્ષ, આસોપાલવ અને ચૈત્યવૃક્ષ

અષ્ટમહાપ્રાતિહાર્યમાં ત્રણ છત્રની જેમ અશોકવૃક્ષ પણ એક પ્રાતિહાર્ય જ છે. એ પણ તીર્થંકરોની સેવામાં અવિરતપણે જીવન-પર્યન્ત રહેલું હોય છે.

આ લેખ એટલા માટે લખવો પડ્યો છે કે જૈનસમાજમાં સો વર્ષ પહેલાં શું સમજ હતી તે કેમ જણાવી શકું ? પણ છેલ્લા સૈકામાં એટલે ૬૦-૭૦ વરસથી તો હું જોઉં છું કે આપણા બધા આચાર્યો, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ વગેરેનો ખ્યાલ એવો બંધાઈ ગયો છે કે આસોપાલવનું ઝાડ એ જ અશોક છે. પ્રાયઃ આપણે સહુ કોઈ

એ રીતે માનતા આવ્યા છીએ. પરંતુ ભગવાન મહાવીરનાં જીવન પ્રસંગનાં ચિત્રો બનાવવાનાં હોવાથી મારે પાકી ચોકસાઈ કરવી પડી, ત્યારે આછો ખ્યાલ આવેલો કે આસોપાલવ એ અશોક નથી પરંતુ અશોકનું વૃક્ષ એ સ્વતંત્ર વૃક્ષ છે. કેટલાંક વરસો સુધી એ અંગે વધુ સંશોધન થઈ શક્યું નહિ. થોડાં વરસ ઉપર આ વાત હાથ ઉપર લીધી અને વનસ્પતિશાસ્ત્રનાં કોશો તપાસતાં અશોક અને આસોપાલવ જુદાં છે તે વાત નક્કી થઈ, પછી કેરાલા, ગુજરાત, ઉત્તરપ્રદેશના બગીચાના માલિકો પાસેથી પણ તે વાત જાણવા મળી. કોણ જાણે વરસો સુધી મને વિચારવા માટે કોઈ નિમિત્ત ન મળ્યું. પરિણામે ખોટી માન્યતા વરસો સુધી ખેંચાતી રહી. આ ખોટી માન્યતા જડબેસલાક જામી ગઈ, એમાં કારણ એમ માનું છું કે અશોકનાં સ્વતંત્ર ઝાડ ગુજરાતમાં ખાસ નથી એટલે અશોકનું સ્વપ્ન પણ ક્યાંથી હોય?

આ પ્રકરણમાં અશોક અને આસોપાલવ બે જુદાં છે તે વાત જણાવી છે અને સાથે સાથે શાલવૃક્ષ નામના ચૈત્યવૃક્ષનો પરિચય પણ આપ્યો છે. પ્રાચીનકાળમાં ઉપનિષદમાં જણાવ્યું છે કે ઋષિ-મહર્ષિઓ વૃક્ષની નીચે બેસીને વેદોનું ગાન કરતા હતા. વેદો અને મંત્રોચ્ચાર શીખતા હતા અને પોતાના શિષ્યોને વિદ્યાધ્યયન કરાવતા હતા. આપણા તીર્થંકરો પણ લોકોને ધર્મનો બોધ આપે તે (પ્રાયઃ) અશોકવૃક્ષ નીચે બેસીને આપે છે. કોઈપણ તીર્થંકરને કેવલજ્ઞાન થાય તે કોઈને કોઈ ઝાડ નીચે જ થાય છે એટલે મેં લેખમાં એના અંગે વધુ સંશોધન કરવા સંકેત પણ કર્યો છે. તીર્થંકરદેવ જેવી **લોકોત્તર વ્યક્તિ પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાના સમયે ઝાડ નીચે** જ

આવી જાય, એ એક અસાધારણ મનનીય બાબત છે. અહીંઆ ઝાડની અનિવાર્યતા ક્યા કારણે છે તે કોઈ આર્ષદષ્ટા જ્ઞાની જણાવી શકે.

ચૈત્યવૃક્ષ એ શું છે, તેની પણ સમજ સહુને ન હતી. અશોક ઉપર બીજું વૃક્ષ હોય છે એનો પણ ખ્યાલ બહુ ઓછાને હોય છે. એ ચૈત્યવૃક્ષ શું છે તે પણ પ્રસ્તુત લેખમાં જણાવ્યું છે.

ચૈત્યનો અર્થ જ્ઞાન થાય છે અને જે તીર્થંકરોને જે ચૈત્ય નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે ઝાડ વંદનીય-પૂજનીય બની જાય છે એટલે દેવો અશોકવૃક્ષની રચના કરીને ઉપર તે તે જ્ઞાન-ચૈત્યનાં વૃક્ષને જોડી દે છે.

તીર્થંકરદેવોની મહાન પ્રાણશક્તિ અશોક, ચૈત્યવૃક્ષમાં પ્રવેશ થઈ જતાં પ્રસ્તુત વૃક્ષો પણ બધી રીતે શ્રેષ્ઠ બની જાય છે.

આ પ્રમાણે અંદરના (પુસ્તકના) ત્રણ લેખનો ટૂંકો સાર અહીં આપ્યો છે.

**ત્રીજા લેખની પૂર્તિ—**

**પ્રશ્ન**—અશોક એ જ આસોપાલવ છે અને આસોપાલવ એ જ અશોક છે એવી એક સમજ અભ્યાસીઓમાં ચાલી આવે છે તે બરાબર છે ?

**ઉત્તર**—ના, એ સમજ બરાબર નથી. એ અંગે વિચારીએ.

આસોપાલવ એ શબ્દનો સંસ્કૃત શબ્દ વિવિધ કોશોમાં તપાસ કરતાં હાથ લાગ્યો નહીં. વળી કેટલાક કોશકારોએ અને કોઈ કોઈ વિદ્વાને અશોકનો અર્થ આસોપાલવ કરેલો છે અને આપણે પણ વરસોથી એ જ સમજતા આવ્યા છીએ. પરંતુ આસોપાલવ અને અશોક એક છે કે જુદાં જુદાં છે તે માટે વિશેષ સંશોધન શરૂ કર્યું ત્યારે વૃક્ષોના વનસ્પતિ-કોશો વગેરે જોયા. ત્યારે તેમાં અશોક અને આસોપાલવ બંને વૃક્ષ જુદાં જુદાં બતાવીને બંનેનો અલગ અલગ પરિચય છાપ્યો હતો તે વાંચ્યો. તે પછી અમારી તપાસ આગળ ચાલતાં અશોક અને આસોપાલવનાં વૃક્ષ જુદાં જ છે. એમ એના જાનકારો તેમજ બાગના માળીઓએ જણાવ્યું. બંને વૃક્ષ જુદાં નજરે જોવા પણ મલ્યાં. પાલીતાણામાં બંને વૃક્ષો જુદાં જુદાં ઉછરેલાં મારી નજર સામે આજે વિદ્યમાન છે. અન્ય સ્થળે પણ ભિન્ન ભિન્ન વૃક્ષો વિદ્યમાન છે.

આસોપાલવને અશોકની જ્ઞાતિનું વૃક્ષ કહી શકીએ, અને તેથી આસોપાલવ શબ્દમાં અશોકનું અડધું નામ 'આસો' જે મલ્યું છે તે પાંદડાંઓની લગભગ સમાનતાના કારણે હોઈ શકે છે.

તાત્પર્ય એ કે અશોક અને આસોપાલવ એક છે તેવું કદી માની શકાય તેમ નથી. બંને વૃક્ષો જુદાં જ છે એ ઉપલબ્ધ અન્ય પુરાવાઓથી નિર્વિવાદ છે.

સાર્થ ગુજરાતી જોડણીકોશમાં......

**આસોપાલવ** પુ૦ (**सं. अशोक, प्रा० आसोअ + पल्लव**)

એક ઝાડ (જેનાં પાનનું તોરણ બને છે)

આ રીતે શબ્દનોંધ આપી છે.

એનો અર્થ એ કે કોશકારો આસોપાલવ એને જ અશોક સમજે છે અને પાલવનો ગુજરાતી અર્થ પાંદડું થાય છે. અશોક ઉપરથી 'આસો' અને સંસ્કૃત **पल्लव** ઉપરથી 'પાલવ' શબ્દ બન્યો હોય એવું સ્વીકારે છે.

આથી એમ નક્કી થાય કે અશોકપલ્લવ એ શબ્દ ઉપરથી એમને તેનું અપભ્રંશ રૂપે આસોપાલવ શબ્દ નક્કી કર્યો લાગે છે. પરંતુ સંસ્કૃત-કોશોમાં અશોકવૃક્ષનો વાચક બીજો સંસ્કૃત **अशोकपल्लव** એવો શબ્દ જોવા નથી મળતો.

મને લાગે છે કે આપણે ત્યાં આસોપાલવ એ જ અશોક છે એવી જે ગેરસમજભરી હવા વરસોથી ચાલતી હતી એ હવાની અસર તળે કોશકારોએ આ શબ્દનોંધ કરી હશે.

## * અશોક ઉપર ચૈત્યવૃક્ષ હોવું જ જોઈએ *

ભગવાન શ્રી મહાવીરનું ચિત્રસંપુટ પ્રગટ થયું ત્યારપછી કેટલાક સાધુ અને શ્રાવકોના પત્રો આવેલા, અવરનવર રૂબરૂ પણ પ્રશ્ન પૂછતા હતા.

એમનો પ્રશ્ન એ હતો કે છેલ્લાં સોએક વરસથી સમવસરણની અંદર તીર્થંકરના મસ્તક ઉપર એક અશોકવૃક્ષ જ હોય છે, બીજા કોઈ વૃક્ષની વાત અમોએ જાણી કે સાંભળી નથી. સમવસરણનાં કોઈક કોઈક ચિત્રો દહેરાસરમાં તથા સ્થાનકવાસી સંપ્રદાયનાં જોવાં મળ્યાં, તેમાં પણ સમવસરણમાં એક અશોકવૃક્ષ જ ચીતરેલું હતું. આપે ભગવાન મહાવીરના

ચિત્રસંપુટમાં સમોસરણુનાં ચિત્રમાં અશોકવૃક્ષ ઉપર પાછું બીજું વૃક્ષ બતાવ્યું છે, અને આપે તેને ચૈત્યવૃક્ષ તરીકે ઓળખાવ્યું છે. ચિત્રના પરિચયમાં પણુ આપે બે વૃક્ષોનો ઉલ્લેખ કર્યો છે. ભગવાનના માથા ઉપર બે વૃક્ષ હોય એ વાત પહેલી જ વાર જાણુવા મળી. જો કે શાસ્ત્રાધાર વિના આપે લખી ન જ હોય છતાં અમારી જિજ્ઞાસાને તથા બીજાઓને પણુ સંતોષ આપી શકાય એ માટે આપ શાસ્ત્રાધાર જણાવશો ખરા ?

સાથે સાથે સહુ એમ પણુ માનતા હતા કે અશોક એ જ ચૈત્યવૃક્ષ છે. ચૈત્યવૃક્ષ જેવું કોઈ જુદું વૃક્ષ છે જ નહિ તો તે અંગે પણુ આપ પ્રકાશ પાડો તો સારું ।

તેઓને મેં શાસ્ત્રાધારો બતાવ્યા હતા. ત્યારપછી તે લોકોએ સુઘોષા અને કલ્યાણુ માસિકમાં અશોક અને આસોપાલવનો લેખ વાંચ્યો, એટલે તેમને પૂર્ણ સંતોષ થયો હતો. ત્યારપછી મને સૂચન થયું કે શાસ્ત્રાધારો સાથે લેખ માસિકમાં આવે તે બહુ જરૂરી છે. કેમકે આ એક મહત્ત્વની પહેલી જ વાર પ્રકાશિત થતી બાબત છે, એટલે અનેકના મનમાં સંશય રહેતો હોય તો તે નીકળી જવા પામે અને કોઈ આડું અવળું ખોટું પ્રચારતા હોય તો તેનો ભોગ ન બને. પણુ અત્યારે તો આ પ્રગટ થતી પુસ્તિકામાં જ તેના શાસ્ત્રપાઠો આપું છું.

— શાસ્ત્રપાઠો —

एएसिं णं चउवीसाए तित्थयराणं चउवीसं चेतियरुक्खा होत्था । तं जहा—

णग्गोह सत्तिवण्णे...

बत्तीसतिं धणूइं चेतियरुक्खो उ वद्धमाणस्स ।

णिच्चोउगो असोगो ओच्छन्नो सालरुक्खेणं ॥ ११० ॥

त्तिण्णेव गाउयाइं चेतियरुक्खो जिणस्स उसभस्स ।
सेसाणं पुण रुक्खा सरीरतोबारसगुणा उ ॥ १११ ॥
[ सम० सूत्र १५७ ]

न्यग्रोधाद्या अमी ज्ञानो-त्पत्तिवृक्षा यथायथं ।
सर्वेषामर्हतां भाव्या अशोकोपरिवर्तिनः ॥ १२ ॥ ( लोक प्र० )

ચોવીશ તીર્થંકરના ચોવીશ ચૈત્યવૃક્ષો હોય છે. તેમનાં નામ અનુક્રમે (પહેલા તીર્થંકરનું) ન્યગ્રોધથી લઈ સાલવૃક્ષ સુધીનાં જાણવાં. ૨૨ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો પોતાના શરીરથી બાર ગુણા ઊંચાં હોય છે. ફક્ત વર્ધમાનસ્વામીજી અને શ્રી આદીશ્વરજી બંનેમાં ફરક આવે છે. વર્ધમાનસ્વામીજીનું અશોકવૃક્ષ ઓચ્છત્તોબ વાક્યથી શાલવૃક્ષથી ઢંકાએલું હોય છે. વર્ધમાનસ્વામીનું ચૈત્યવૃક્ષ શાસ્ત્રમાં ૩૨ ધનુષ્યનું જે કહ્યું છે તેમાં ૨૧ ધનુષ્યનું અશોકવૃક્ષ સમજવું અને તેના ઉપર ૧૧ ધનુષ્યનું સાલ નામનું ચૈત્યવૃક્ષ, એમ બે વૃક્ષનાં ભેગાં થઈને ૩૨ ધનુષ્ય સમજવાં. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્યવૃક્ષ ૩ ગાઉનું અને બાકીના ૨૨ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો એટલે કે જ્ઞાનવૃક્ષો તે તે તીર્થંકરોના શરીરથી બાર ગુણા ઊંચાં સમજવાં.

ન્યગ્રોધ વગેરે જે જ્ઞાનોત્પત્તિ વૃક્ષો એટલે કે ચૈત્યવૃક્ષો કહ્યાં તે દરેક તીર્થંકરના [1]અશોકવૃક્ષ ઉપર યથાયોગ્ય રીતે સમજી લેવાં.

---

૧. ધરતી ઉપર અશોકનાં ઝાડ પાંચ રંગનાં થાય છે પણ સમવસરણનું ઝાડ ક્યા રંગનું સમજવું ?

અશોકવૃક્ષ અને તેનાં અંગોપાંગના રંગ બાબતમાં શાસ્ત્ર–ગ્રન્થોમાં ઓછી સ્પષ્ટતા અને મત–મતાંતરો પણ આવે છે ત્યારે સ્પષ્ટ નિર્ણય આપવાનું મુશ્કેલ બને છે. આવા સંજોગોમાં અનુમાનપ્રમાણનો આશરો લેવો પડે.

* मल्लिजिनस्य चैत्यवृक्षोऽशोकः ।

મલ્લિનાથ ભગવાનના ચૈત્યવૃક્ષનું જ નામ અશોક છે એટલે અશોક ઉપર બીજું અશોકવૃક્ષ છે.

ચોવીશ ચૈત્યવૃક્ષનાં નામો સપ્તતિશત૦ તથા તિત્થોગાલી૦માં પણ આપ્યાં છે.

* येषामधस्तात् तीर्थकृतां केवलान्युत्पन्नानि

જેની નીચે તીર્થંકરોને કેવલજ્ઞાન થયું તેને ચૈત્યવૃક્ષ કહેવાય છે, જે જુદાં જુદાં હોય છે. જો અશોક એ જ ચૈત્યવૃક્ષ હોત તો ૨૪ જુદાં જુદાં વૃક્ષો કયાંથી સંભવે? એકલું અશોકવૃક્ષ આઠ પ્રાતિહાર્ય પૈકીનું છે પણ પ્રાતિહાર્યના ઉલ્લેખ વખતે ચૈત્યવૃક્ષસહિત અશોક એવું જણાવ્યું નથી, ત્યારે એમ અનુમાન થઈ શકે કે માત્ર સમોસરણમાં દેશના આપવા બેસે ત્યારે જ ચૈત્યવૃક્ષસહિત અશોક હોય, બાકી તે સિવાયના વિહારાદિ પ્રસંગે તે ન હોય. તેની પ્રધાનતા દેશના પ્રસંગે જ હશે.

*

**પ્રશ્ન — चैत्यद्रुम - चैत्यपादपं** આવા પણ ઉલ્લેખો શાસ્ત્રમાં મલે છે. આ ઉલ્લેખો ચૈત્યવૃક્ષ એનું જ બીજું નામ અશોક છે એમ સૂચવે છે.

**ઉત્તર** — આ અંગે આ જ પુસ્તિકામાં ૧૨૬માં પેજનું ટિપ્પણ જુઓ. બાકી શાસ્ત્ર-ગ્રન્થોની અસ્પષ્ટતા અને મતમતાંતરોના કારણે ચોક્કસ નિર્ણય આપવાનું અશક્ય બની જાય છે.

## નોંધ :—અવચૂરિ તથા ટીકા અને તેનો અર્થ શા માટે અહીં આપ્યાં તેનું આ અવતરણ છે

મારી દૃષ્ટિએ હકીકતમાં વિવાદાસ્પદ લાગતી ન હોવા છતાં વીતરાગસ્તોત્ર શ્લોક–ટીકા છેલ્લા સૈકામાં કંઈક વિવાદાસ્પદ બની ગયાં છે. સવળાં–અવળાં છત્રમાં સાચું શું? તે મારે ભગવાન મહાવીરનાં ચિત્રો બનાવવાનાં હોવાથી નિર્ણય કરવાનો હતો એટલે મેં એક લેખ *લખ્યો. પૂ. આચાર્યાદિ ઉપર મોકલી આપ્યો. સલાહ–સૂચનો માંગ્યાં, જે સત્ય હોય તે જણાવવા પણ જણાવ્યું. તેના જવાબમાં સમાજમાંથી અગ્રણી નામાંકિત ત્રણેય ફિરકાના મોટાભાગના આચાર્યોએ સવળાં છત્રની મારી જે વાત છે તેને ચર્ચા કર્યા વિના સંમતિ આપી. છતાં સમાજમાં કેટલીક વ્યક્તિઓ શ્લોક અને ટીકાનો અર્થ એમની રીતે કરીને અવળાં છત્રની વાતને સ્વીકારે છે. અહીંયા ટીકા ઉપરથી અવળાં છત્રનો અર્થ કેવી રીતે તેઓ કરે છે તે અવળાં છત્રનો જાણીને હિમાયતી બનીને નીચે જણાવું છું. જો કે વીતરાગસ્તોત્રનો મૂલ શ્લોક અને ટીકાની શબ્દરચના જ એવી છે કે ઊંડા અભ્યાસ વિના કોઈપણ સામાન્ય વ્યક્તિ અર્થ કરવા જાય તો છત્રો અવળાં જ છે તેવો અર્થ કરી બેસે એ એક સહજ બાબત છે.

---

* ત્રણછત્રની બાબતમાં ૨૫ વરસ પહેલાં પણ જૈનપત્રમાં પ્રશ્નો પૂછ્યા હતા.

અહીંયા પ્રથમ અવળાં છત્રની સાબિતી પુરવાર થાય તે રીતે અવળાં છત્રવાળાં લોકોનો વકીલ બનીને મેં નીચેનો અર્થ કર્યો છે.

તે પછી ભારતભરમાં મૂર્તિની અંદર બનાવેલાં સવળાં ત્રણછત્રો સર્વત્ર વિદ્યમાન છે. તે છત્રો શાસ્ત્રોક્ત ક્રમે, તેમજ શિલ્પશાસ્ત્રોક્ત રીતે એક માત્ર સવળાં રીતે સાચાં કરેલાં છે. અવળી રીતે કરેલાં છત્રની એક પણ મૂર્તિ દેશમાં અસ્તિત્વ ધરાવતી નથી એટલે ચાલી આવતી અખંડ પ્રથાને અક્ષુણ્ણ રાખવા યથાર્થ અર્થ કરીશ.

## મૂલ શ્લોક તેની અવચૂરિ અને તેની ટીકાનો પાઠ જુઓ

**तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि,—क्रमसब्रह्मचारिणी ।**
**छत्रत्रयी त्रिभुवन,-प्रभुत्वप्रौढिशंसिनी ॥ ८॥**

—वीतरागस्तोत्र

**अवचूरि—तवो० हे वीतराग !, तव शिरसीति गम्यम् । छत्रत्रय्यूर्ध्वमूर्ध्वमुपर्युपरि व्यवस्थिता, त्रिभु० त्रिभुवनस्य यत्प्रभुत्वं तस्या या प्रौढिः प्रकर्षस्तच्छंसिनी ज्ञापिकाऽस्ति । कथम्भूता ?, पू० पुण्यस्पर्द्धिस्तस्याः क्रमः, प्रथमं सम्यक्त्वम्, ततो देशविरतिस्ततः सर्वविरतिरित्यादिस्तस्य सब्रह्मचारिणी सदृशी नैर्मल्यादिना ॥ ८ ॥**

**विवरण-टीका**—हे त्रिभुवनमौलिमाणिक्य !, प्रभो !, तव मौलौ छत्रत्रयी शोभते । कथम् ?, ऊर्ध्वमूर्ध्वं उपर्युपरिव्यवस्थिता अत एव पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी तवैव पुण्यसम्पत्प्रकर्षसदृशी । तथाहि—

प्रथमं सम्यक्त्वप्रतिपत्तिस्ततो देशविरतिरनन्तरं सर्वविरतिस्ततश्चार्ह-दादिस्थानासेवनमनन्तरं तथात्वेनोत्पत्तिः। पुनः समये सर्वविरतिः क्रमादपूर्वकरणक्रमेण क्षपकश्रेणिस्ततः शुक्लध्यानमितो घातिकर्मक्षयस्ततः केवलोत्पत्तिरनन्तरं परमार्हन्त्यसम्पदुपभोगस्ततः सनातनपदावाप्तिरियुत्तरोत्तरस्ते पुण्यर्द्धिक्रमस्तद्ब्रह्मातपत्रत्रयी। पुनः किं विशिष्टा?, त्रिभुवनेत्यादि भूर्भुवःस्वःस्वरूपं त्रिभुवनं तस्य प्रभुत्वप्रौढिः प्राभवोत्कर्षस्तां शंसतीत्येवंशीला। विमुक्तं भवति-यः किलैकस्य भुवनस्य प्रभुस्तस्यैकमातपत्रम्, यस्तु भुवनद्वयस्य तस्य द्वे, भगवतस्तु भुवनत्रयस्वामिभिः सरभसमुपास्यमानत्वेन विश्वत्रयपतेः समुचितैव शिरसि श्वेतातपत्रत्रयीति।

## પ્રથમ અવચૂરિનો અર્થ જોઈએ

મૂલ શ્લોકમાં **पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी** જે પંક્તિ છે એનો અર્થ અવચૂરિકારે 'પુણ્યર્દ્ધિના ક્રમે ગ્રહણ કરાતી જે વસ્તુઓમાં જેવી નિર્મળતા છે તેના જેવી નિર્મળ આ છત્રત્રયી છે' એવો કર્યો છે.

આ અર્થ કેવી રીતે થાય ? તો તે જોઈએ.

પુણ્યઋદ્ધિમાં કઈ કઈ વસ્તુઓ આવે ? તો અવચૂરિકારે કહ્યું કે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ. તે પછી અવચૂરિકાર લખે છે કે—**पुण्यस्यर्द्धिस्तस्याः क्रमः, प्रथमं सम्यक्त्वम्, ततो देशविरतिस्ततः सर्वविरतिरित्यादिस्तस्य सब्रह्मचारिणी सदृशी।** એટલે કે સમ્યક્ત્વાદિની પુણ્યઋદ્ધિ-સંપત્તિ સરખી. શેના વડે સરખી ? તો અવચૂરિકારે લખ્યું કે **नैर्मल्यादिना**-નિર્મળતા વડે સરખી એટલે સમ્યક્ત્વાદિ વ્રતો નિર્મળતાના દ્યોતક છે તેમ આ છત્રત્રયી પણ સમજવી.

અવચૂરિકારે સરખામણી 'નિર્મળતા–ઉજ્જવળતા' સાથે કરી તે સૂચક બાબત છે.

અહીંયા ધ્યાનમાં રાખવાનું ખાસ એ છે કે આ અવચૂરિમાં ક્યાંય પણ છત્રનાં નાનાં મોટાં ક્રમની કે તે સવળાં છે કે અવળાં છે તેની કશી વાતનો અણસાર પણ જોવા મળતો નથી.

## જે લોકો એમ કહે છે કે ટીકાકાર અવળાં છત્રનું પ્રતિપાદન કરે છે તે લોકો ટીકાનો અર્થ નીચે મુજબ કરતા હશે !

વીતરાગસ્તોત્રના શ્લોકનું જો તેની ટીકાની સાથે અનુસંધાન કરી અર્થ કરવામાં આવે તો (છત્રની બાબતમાં જેમણે ઊંડાણથી વિચાર્યું ન હોય, સવળાં છત્રની અખંડ પરંપરા ચાલી આવે છે એનો ખ્યાલ ન હોય એવા વાચકો) શ્લોકનાં બીજાં ચરણનો (**पुण्यर्द्धि०नो**) અર્થ સહુ કોઈ એવો જ કરશે કે 'હે ભગવન્! તારા ઉપર ત્રણ છત્રો જે રહેલાં છે તે પુણ્યર્દ્ધિનાં ક્રમે રહેલાં છે.' ટીકામાં **उत्तरोत्तर** શબ્દ છે. વાચકો એ શબ્દનું જોડાણ કરે એટલે ઉત્તરોત્તર એટલે ઉપરઉપર પુણ્યર્દ્ધિનાં ક્રમે છત્રો રહેલાં છે. પુણ્યઋદ્ધિથી ટીકાકારે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ જણાવી, અને ક્રમ શબ્દ ભેગો છે. પુણ્યર્દ્ધિના ક્રમે ઉપરાઉપરી ત્રણ છત્રો સમજવાં એટલે પહેલું સમ્યક્ત્વ છે એટલે પ્રથમ નાનું છત્ર, દેશવિરતિ એટલે સમ્યક્ત્વથી મોટું વ્રત એટલે બીજું છત્ર પ્રથમથી મોટું, અને બીજાથી મોટું સર્વવિરતિ વ્રત એટલે

ત્રીજું છત્ર બીજાથી મોટું, એટલે અવળાં છત્રનાં ક્રમનો સહેજે બરાબર જન્મ થવા પામે, એટલે સહુ કોઈ ભગવાનનાં માથા ઉપર અવળાં છત્રો જ લટકાવવાનાં છે એવું સ્વીકારે તે સ્વાભાવિક છે અને એના આધારે કોઈ અવળાં છત્રની આકૃતિ ચિતરાવે-કંડારાવે તે પણ સ્વાભાવિક છે. એમાં કરાવનારને ઘણીવાર પોતાનાં ધ્યાનમાં સવળાં-અવળાં બે પ્રકારનો ખ્યાલ પણ નથી હોતો એટલે નિર્દોષભાવે પણ અવળાં છત્રની વાત જચી જાય અને ગળે ઉતરી જાય.

બીજી પરિસ્થિતિ એ હતી કે આજથી ૪૦ વરસ પહેલાં શિલ્પ એટલે મૂર્તિઓના ફોટાનું પ્રભાત ઊગ્યું નહોતું તો પછી બજારમાંથી પુસ્તકો દ્વારા મૂર્તિઓના ફોટાઓ જોવા જ ક્યાંથી મળે ? એટલે મૂર્તિશિલ્પની અંદર પથ્થર કે ધાતુનાં સવળાં છત્રો ( ભગવાનનાં માથા ઉપર પ્રથમ મોટું એ રીતનાં ) ક્યાંથી જોવાં મલે ? સાધુઓનો વિહાર પણ મર્યાદિત હોય. વ્યક્તિ આખા ભારતમાં ફરી વળે પણ છત્ર જોવાં તરફની દૃષ્ટિ ન હોય તો છત્ર કેવાં છે એનું પણ ધ્યાન રહે નહીં. એ તો જ્યારે પ્રશ્ન ઊભો થાય ત્યારે જ જોવાનું મન થાય. આ બધા કારણે કોઈ વ્યક્તિ વીતરાગસ્તોત્રની ટીકાના આધારે પહેલી નજરે જે અર્થ કરે તે અવળાં છત્રનો જ કરે એમાં નવાઈ નથી.

બીજી એક અફસોસની વાત એ છે કે મારા ખ્યાલ પ્રમાણે ત્રણ છત્ર અંગે કોઈ ગ્રન્થકારે સ્પષ્ટ રીતે લખ્યું નહીં કે ભગવાન ઉપર ત્રણ છત્ર તમારે આ રીતે સમજવાં.

—હવે સાચો અર્થ કરું છું—

હવે હું શ્લોક અને ટીકાનો અર્થ કેવી રીતે કરું છું તે જણાવું છું. જો કે હવે પછીનાં પ્રકરણમાં તેની મેં નોંધ લીધી જ છે. એમ છતાં સવળાં છત્રની પરંપરા પુષ્ટ થાય અને મૂલ અને ટીકાકારનો સાચો આશય જળવાઈ રહે તે ધ્યાનમાં રાખીને હું મારો અર્થ કરૂં છું.

ટીકાની સંગતિ કરું છું—

**तव मौलौ छत्रत्रयी शोभते।** આપનાં મસ્તક ઉપર ત્રણ છત્રો શોભે છે. **कथम्?**, કેવી રીતે? તો **उर्ध्वं उर्ध्वं** તેનો અર્થ કરતાં **उपर्युपरि** એવી ટીકા કરી, એટલે ઉપરનો અર્થ ઊંચે ઊંચે અર્થાત્ એક ઉપર એક એમ જણાવ્યો. પછી ત્રણ છત્રો ઉપરાઉપરી તો ખરાં પણ કેવી રીતે? તો **उर्ध्वं उर्ध्वं**ના વિશેષણ તરીકે લખતાં જણાવ્યું કે—**अत एव पुण्यर्द्धिक्रमस-ब्रह्मचारिणी** એટલે શું? તો કહે છે કે **तवैव पुण्यसम्पत्–प्रकर्षसदृशी** એટલે આપની જે 'શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુણ્યસંપત્તિ' એનાં સરખી છત્રત્રયી છે.

હવે વિચારવાનું એ છે કે અહીંયા પુણ્યની સાથે રહેલ ઋદ્ધિ શબ્દનો અર્થ સંપત્તિ કર્યો. જે ઋદ્ધિનો જ પર્યાયવાચક શબ્દ છે. અહીંયા **पुण्यर्द्धि**૦ની પંક્તિમાં **क्रम** શબ્દ રહેલો છે. તેની ટીકા ટીકાકારે કરી નથી. **क्रम** શબ્દ મૂલમાં પણ છે છતાં સમગ્ર ટીકામાં **क्रम** શબ્દનો અર્થ કર્યો જ નથી. શા માટે ન કર્યો તે વિચાર કરવા પ્રેરે તેવી બાબત છે.

અહીંયા મૂલ, ટીકા અને તેના અર્થની જરૂરી વાત પૂરી થઈ.

卐

શ્રી શત્રુંજય ગિરિવરાય નમઃ।

ૐ અર્હં નમઃ।

## હવે પછી ત્રણ છત્રનાં ખાસ લેખ અંગેનું અવતરણ

**ભૂમિકા:**—આજથી ૨૫-૩૦ વર્ષ ઉપર ચિત્રકાર શ્રી ગોકુલભાઈ કાપડીયા પાસે ભગવાન શ્રી મહાવીરનાં દીક્ષાનાં ચિત્રોનાં પેઈન્ટીંગો શરૂ કરાવ્યાં હતાં. કેવલજ્ઞાન પછીનાં ચિત્રો ચિતરાવવાનાં આવશે ત્યારે મારે છત્ર બતાવવાનો પ્રસંગ ઊભો થશે જ, ત્યારે તે છત્ર કેવી રીતે બતાવવાં તે પ્રશ્ન મારી સામે ખડો થયો હતો. ભારતની પરિકરવાળી મૂર્તિઓમાં સવળાં ત્રણ છત્રો જોવાં મળતાં હતાં. પ્રાચીન મૂર્તિશિલ્પો જે મળી આવ્યાં તેમાં પણ ત્રણ છત્રો સવળાં જ જોવાં મળતાં હતાં. બીજી બાજુ વીતરાગસ્તોત્રની ટીકાના આધારે સમાજમાં તેથી ઊલટાં એટલે અવળાં છત્રની સમજ પણ સારી પ્રવર્તતી હતી, ત્યારે મને થયું કે આ બાબતમાં સાચું શું? તેનો નિર્ણય થઈ જાય તો ચિત્રો કરાવવાનાં પ્રસંગે ખોટું આલેખન ન થવા પામે, એટલે ચોક્કસ નિર્ણય ઉપર આવવા માટે ત્રણ છત્ર ઉપર મારે લેખ લખવાનું કાર્ય અતિઅનિવાર્ય હતું. સાથે સાથે મારો લેખ બરાબર છે કે કેમ! તે માટે પણ વાચકો પાસેથી અભિપ્રાય અને સૂચનો મેળવવાં હતાં તેથી વિસ્તારથી એક લેખ લખ્યો. તે લેખમાં ભગવાન ઉપર

લટકાવવાનાં ત્રણ છત્રોનો સાચો ક્રમ કયો હોવો જોઈએ, તે અંગેનો નિર્ણય આપવા માગણી કરી હતી. એ લેખનો જવાબ આપવાનું સામાને મન થાય એટલે મેં મારી રીતે ગમતી–અણગમતી ભાષા વાપરી હતી, જાણીજોઈને ગમતું, અણગમતું પણ કંઈક લખ્યું હતું, પછી એ લેખ પચીસેક આચાર્ય મહારાજો આદિ ઉપર મોકલ્યો હતો. એમાંથી ચાર–પાંચ આચાર્યો સિવાય બધા આચાર્યો મારા લેખ સાથે સહમત થયા હતા. સંમત થવાનું કારણ સર્વત્ર સવળાં જ છત્રો જોવાં મલ્યાં હોય એટલે મારા લેખની પૂરી ચકાસણી કદાચ કોઈ એ કરી હોય, ન પણ કરી હોય એ સંભવિત છે પણ સમગ્ર ભારતભરમાં એક જ સવળાં પ્રકારની બોલંબાલા છે, એ જ જોવા મળે છે તેથી તેઓ સારા પરિચિત હતા એટલે તેમને જે જવાબ આપ્યા તે સત્યના પક્ષને જ ટેકો આપનારા હતા.

હું મારો અનુભવ લખું કે—આરક્યોલોજીકલ ડીપાર્ટમેન્ટનાં પ્રકાશનો દ્વારા, અન્ય મોટી મોટી સંસ્થાઓ દ્વારા બહાર પડેલાં નાનાંમોટાં પ્રકાશનો દ્વારા, મ્યુઝિયમો દ્વારા, માસિકો વગેરે સામાયિકો દ્વારા, કાગળ, વસ્ત્ર અને કાષ્ઠ ઉપરનાં ચિત્રો દ્વારા ગામડાંની, શહેરોની, જંગલોની, પહાડોની, ગુફાઓની શ્વેતામ્બર અને દિગમ્બર સેંકડો મૂર્તિઓના ફોટાઓ મેં જે જોયા એમાં સ્પષ્ટ સવળાં છત્રોનો એક જ પ્રકાર જોવા મલ્યો છે. અવળાં છત્રવાળી એકપણ મૂર્તિનું દર્શન ઈ. સન્ ૧૯૮૮ સુધી થવા પામ્યું નથી. અવળાં છત્રની મૂર્તિ કોઈપણ ઠેકાણે છે કે કેમ ? તેની પણ તપાસ કરાવી, પણ મળી નહીં.

સર્વત્ર એક જ પ્રકાર વિદ્યમાન હોય ત્યારે મને સંમતિ આપનારા આચાર્યોએ શાસ્ત્રપાઠની ચકાસણી કરી હોય કે ન કરી હોય, પૂરતી કરી હોય કે અધૂરી કરી હોય તો પણ પ્રત્યક્ષપ્રમાણ તરીકે સવળાં જ છત્રને સતત જોયાં હોય ત્યારે સ્વાભાવિક છે કે તેઓ સવળાં છત્રની માન્યતાને ટેકો આપે અને પ્રત્યક્ષપ્રમાણ એ સર્વોચ્ચ પ્રમાણ છે, તે સર્વત્ર સર્વોચ્ચકોટિનું નિઃશંક અને નિર્વિવાદ પ્રમાણ ગણાય છે, એટલે સવળાં છત્ર સાધુ-સાધ્વીજીની નજરમાં આવતાં જ હોય તેથી અનુકૂળ જવાબ મને મળવા પામ્યા. આચાર્ય મહારાજોના જવાબ આવી ગયા પછી મારા લેખની વિરુદ્ધ અને તરફેણમાં વધુ વાચકો તરફથી જવાબો મળે અને તેથી નિર્ણય કરવામાં વધુ અનુકૂળતા રહે એટલા માટે એ લેખ મેં સુઘોષા અને કલ્યાણ માસિકમાં છાપવા મોકલાવ્યો. એમાં લેખ પ્રગટ થયા પછી આપણી સામાજિક જે પરિસ્થિતિ છે તે જોતાં બહુ જ થોડા વાચકોએ થોડાક સવાલો પૂછ્યાં. કોઈક કોઈક તો રૂબરૂ આવીને ચર્ચા કરી ગયા. મારા લેખમાં મારે **छत्ताति-छत्तं**નો શું અર્થ કરવો તે માટે મેં કેટલીક જાણીતી વ્યક્તિઓને લેખ લખવા અગાઉનાં વરસોમાં પૂછ્યું હતું. જવાબમાં **छत्तातिछत्तं**નો અર્થ ફક્ત "[1]ઉપરાઉપરી રહેલાં છત્રો" એટલો જ થાય છે એમ કહેલું. તો પછી એ છત્રો કેવાં ક્રમે સમજવાં? તેનો ખુલાસો શું **छत्तातिछत्तं**માં સમાએલો

---

૧. **छत्रमतिक्रम्य छत्रं इति छत्रातिछत्रं** એકથી વધુ છત્રો હોય તેને છત્રાતિછત્ર કહેવાય.

છે ખરો ? કેટલાકે હા પાડી, કેટલાકે ના પાડી. જેઓએ હા પાડી તેઓએ ઘણા મહિના પહેલાં કલ્યાણમાસિકમાં 'સાત નારકીનો આકાર કેવો સમજવો' એ હેડીંગ નીચે છપાએલા લેખની યાદ આપીને લખ્યું કે ત્રણ છત્રો સાત નરકનો જેવો આકાર છે તેવો ઉપર નાનો અને નીચે વિસ્તૃત એ રીતે સમજવો. બીજાં કાર્યોમાં અટવાઈ જવાના કારણે મારાથી થોડી બેદરકારી એ થઈ કે **छत्तातिछत्तं**ના અર્થ અંગે પૂરી ચકાસણી શાસ્ત્રદ્વારા કે કોશદ્વારા પૂરતી કરી ન શક્યો, પરંતુ એક બે મુનિરાજોએ મને એક જ અર્થ થાય છે તેની જાગૃતિ આપી. આખરે નક્કી કર્યું કે **छत्तातिछत्तं**નો એક જ અર્થ થાય છે, એટલે પહેલાના લેખમાં **छत्तातिछत्तं**ના કરેલા અર્થને અહીં જતો કર્યો છે.

એક વાતનો અહીં ખુલાસો કરું કે મારા લેખમાં સાત નરક સાથે છત્રની જે સરખામણી કરી છે તે માટેનું લખાણ સંક્ષેપમાં લખ્યું હતું, પૂરતી સ્પષ્ટતાથી તે લખ્યું ન હતું. મારું મંતવ્ય સાત નરકોની ઉઘાડી છત્રી જેવી આકૃતિઓ છે તેવી આકૃતિઓ સાથે સરખામણી કરવાનું ન હતું. મારો ઇશારો ફક્ત જમણી બાજુથી ડાબી બાજુ સુધી એટલે કે એક છેડાથી બીજા છેડા સુધીના માપથી સાત નરકો નીચે નીચે જતાં કયા ક્રમે છે તે જોવાનું સૂચવવાનો હતો, એટલા ખાતર મારા લેખમાં સાત નરકને લગતા શ્લોકો ઉદ્ધૃત કર્યા હતા.

**अधो महत्तमं छत्रं तस्योपरि ततो लघु ।**
**छत्राणामिति सप्तानां स्थापितानां समा इमाः ॥**

સાતે નરકની અપેક્ષાએ સૌથી નીચેનું છત્ર મોટું અને તેની ઉપરનાં છત્રો ઉત્તરોત્તર નાનાં થતાં જાય. એટલે નરકોને પણ છત્રનાં નામથી જ ઓળખાવવામાં આવી છે. તદ્દન નીચેનું છત્ર મોટું, તે પછી ઉપરની લંબાઈ માટે ઉત્તરોત્તર બે નાનાં એ રીતે તુલના કરવાની હતી. સાત નરકનો આકાર સ્વાભાવિક રીતે ત્રણ છત્રનાં ક્રમને સૂચવનારો છે, એમ જે મેં કહ્યું હતું તે **સાત નરકના આકાશવર્તી બહારની આઉટલાઈનનો ખ્યાલ રાખીને સૂચવ્યો હતો.** તેનો પુરાવો શું? તો મેં લેખમાં લખ્યું હતું કે ત્રણ, પાંચ કે સાત નરકોનો આકાર ઊંધાં વાળેલાં કૂંડાં જેવો છે, એટલે સાત નરકને દૂરથી સમુચ્ચયે જુએ તો બહારની આઉટલાઈનથી તે ત્રણ છત્રનાં આકારને મળતી આવે છે. એટલા પૂરતી સાત નરકની વાતને યાદ કરવી પડી. બાકી સીધી રીતે સૂચવવું અનિવાર્ય ન હતું.

જેમ નરકનાં છત્રો માટે લોકપ્રકાશકારે, ઠાણાંગ[1] સૂત્રકારે

---

૧. શ્રી સ્થાનાંગ સૂત્રના ૭માં ઠાણમાં સાંકેતિક-પારિભાષિક-छत्तातिछत्तं-छत्रातिछत्रं શબ્દનું નિર્વચન કરતાં ટીકાકાર મહર્ષિ વિગ્રહ કરે છે...**छत्रमतिक्रम्य छत्रं छत्रातिछत्रं तस्य संस्थानं—आकारः, अधस्तनं छत्रं महत् उपरितनं लघु, इति तेन संस्थिताः छत्रातिछत्र-संस्थानसंस्थिताः ।** સૌથી નીચેનું છત્ર મોટું, તેની ઉપરનાં ઉત્તરોત્તર નાનાં નાનાં. આ પ્રમાણે રહેલ નરક છત્રાતિછત્ર આકારે રહેલી છે એમ કહેવાય.

અને તત્ત્વાર્થના ટીકાકાર શ્રી સિદ્ધસેન[1] ગણિજીએ તદ્દન સ્પષ્ટ લખી નાંખ્યું કે સાતે નરકો નીચેથી શરૂ થઈ ઉપર જતા કેવાં કેવાં માપે છે, અને ઉપરથી નીચે જઈએ તો કેવાં કેવાં માપે છે, તેવી સ્પષ્ટતા ત્રણ છત્રની શા માટે કરવામાં ન આવી ? એનો જવાબ એ છે કે પ્રત્યક્ષપ્રમાણથી સવળાં છત્રો સેંકડો વરસોથી જાણીતાં હતાં એટલે પછી સ્પષ્ટતા કરવાની જરૂર લાગી નહીં હોય. આ જ કારણ હવે પછીના મારા લેખમાં તમને વાંચવા મળશે.

આજથી ૫૦ વરસ પહેલાં દેશમાં ફોટોગ્રાફી ખાસ હતી નહિ, ખાસ ખાસ શહેરોમાં શરૂઆત થઈ હતી, તે પણ મર્યાદામાં એટલે દેશમાં પરિકરવાળી આરસની કે ધાતુની મૂર્તિની અંદર ત્રણ છત્રો છે કે એક છત્ર છે, છત્રો છે તો કેવાં છે, એનો ખ્યાલ ફક્ત બે-પાંચ આચાર્યો યાત્રાપ્રેમી હોય અને દેશના જે ભાગમાં ફર્યા હોય, ત્યાં પરિકરવાળી મૂર્તિઓ જોવા મળી હોય, અને તે પણ માત્ર દર્શન કરીને સંતોષ ન માનતા જેઓએ પરિકરનું અવલોકન કર્યું હોય તો જ તેઓને છત્રોનો ખ્યાલ આવે. સામાન્ય રીતે સહુ માત્ર દર્શન કરવાના હોય, અવલોકન કરવાની આવશ્યકતા હોય પણ શિલ્પનાં ઊંડા પ્રેમી સાધુ હોય, ભવિષ્યમાં શ્રેષ્ઠ પરિકર કરાવવાની કલ્પના હોય તે અવલોકન કરે, બાકી તો કોઈ અવલોકન કરતું નથી,

---

૧. छत्रातिच्छत्रे ह्युपरितनं छत्रमायामविष्कंभाभ्यां लघु भवति, तदधोवर्ति विस्तीर्णतरम् , तस्याप्यधो विशालतममित्यतः छत्रातिच्छत्रम् । નીચેથી ઉપર જાવ કે ઉપરથી નીચે જાવ બંને બાબતો સમાનાર્થક છે.

એટલે તે વખતે મૂર્તિઓના ફોટા જોવા મળતા ન હતા, એથી દેશની અંદર છત્રની પ્રત્યક્ષ શું વ્યવસ્થા છે એનો ઉપલક દૃષ્ટિએ પણ તાગ મળતો ન હતો. જ્યારે આજે તો એ કામ બહુ સુલભ થઈ ગયું છે, એટલે પછી તે વખતે માત્ર એક વીતરાગસ્તોત્રનો શ્લોક અને તેની ટીકા સાધુની નજર સામે મુખ્ય હતા, તેથી એકને જ આશ્રીને વ્યવસ્થા સમજવાની હતી. જ્યારે આજે તો મેં ઉપર કહ્યું તેમ એક ઠેકાણે બેસીને આખા દેશમાંથી દૂરદૂરથી પણ મૂર્તિઓના ફોટાઓની વ્યવસ્થા કરી શકાય છે, અને આજે હું અધિકારપૂર્વક કહી શકું કે શ્વેતામ્બર-દિગમ્બરની મૂર્તિઓના દેશ-પરદેશના સેંકડો ફોટાઓ મેં જોયા છે તેટલા ભાગ્યેજ બીજા કોઈ સાધુને જોવાનો ચાન્સ મલ્યો હોય.

સમગ્ર લેખની ભૂમિકા પૂરી થઈ

* * *

## શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીના શ્લોકનો અર્થ કરતાં પહેલાં થોડુંક અવતરણ રજૂ કરું

**અવતરણ**—આગમમાં **छत्तातिछत्तं** શબ્દ ઘણી જગ્યાએ વાપર્યો છે. તેની ટીકા કરતા ટીકાકારે **छत्रं अतिक्रम्य छत्रं** એટલે ત્રણ છત્ર 'ઉપરાઉપરી' છે એટલી જ ટીકા કરીને અટકી ગયા પણ તેની જગ્યાએ ટીકાકારે એકાદ જગ્યાએ પણ જો સેંકડો વરસથી ચાલી આવતી સવળાં છત્રોની અવિચ્છિન્ન પરંપરાને શબ્દો દ્વારા વાચા આપી હોત, એટલે કે ભગવાનનાં મસ્તક ઉપરનું પ્રથમ છત્ર મોટું, પછી ઉત્તરોત્તર નાનાં

નાનાં આ રીતે સ્પષ્ટતા કરી હોત, તો છત્રનો પ્રશ્ન જ ઊભો થયો ન હોત અને મારા જેવાને બુદ્ધિની કસરત કરવી ન પડત.

**બીજી વાત**—જો કે આપણી પાસે વીતરાગસ્તોત્ર, તેની ટીકા હોત કે ન હોત તો પણ સવળાં છત્રોનો પ્રત્યક્ષ પુરાવો સંખ્યાબંધ સ્થળે વિદ્યમાન છે એટલે તેને બીજા કોઈ જ પુરાવાની જરૂર નથી. એમ છતાં શબ્દો દ્વારા અકાટ્ય અતિ પ્રબળ પુરાવો જોઈતો હોય તો મૂર્તિશિલ્પનો ગ્રન્થ પૂરો પાડે છે, જેમાં પગથી લઈને માથા સુધીનું મૂર્તિનું ઘડતર કેમ કરવું તેનું વિધાન બતાવવામાં આવે છે. મૂર્તિ શિલ્પના ગ્રન્થો હજારો વરસથી લખાએલ છે. તેના દ્વારા લાખો મૂર્તિઓ ઘડાઈ છે, ઘડાઈ રહી છે અને ઘડાતી રહેશે. આવા ગ્રન્થો સદાને માટે વિવાદથી પર હોય છે, એટલે એની સામે કોઈને કશું કહેવાપણું હોતું નથી. એમ છતાં સવળાં છત્રની ચાલુ પરંપરાને છોડીને શ્લોક–ટીકાનો અર્થ બીજી રીતે ઘટાવીને અવળાં છત્રની વાત ભાર દઈને રજૂ કરે છે ત્યારે વાચકોની આગળ શ્રી હેમચંદ્રાચાર્યજીનો મૂલ શ્લોક અને તેનો અર્થ મારા દૃષ્ટિકોણથી જે હું સમજ્યો છું તે અહીં રજૂ કરું છું.

સાથે સાથે એક વાત એ પણ જોરશોરથી રજૂ કરી દઉં કે ચર્ચા કરો યા ન કરો, ચર્ચા ગમતી હોય કે અણગમતી હોય, સાચી હોય, ખોટી હોય કે મિશ્ર હોય, જે હોય તે પણ તે ચર્ચાથી સવળાં છત્રની અવિચલ વ્યવસ્થાને કશી આંચ આવવાની નથી.

* * *

## વીતરાગસ્તોત્રના મૂલ શ્લોકના અર્થ અંગે વિચારણા

**સૂચના**—શ્લોકમાં આવેલા **पुण्य, ऋद्धि** અને **क्रम** અને ટીકામાં આવેલો **उत्तरोत्तर** શબ્દ, આ ચાર શબ્દની અર્થસંગતિ સવળાં છત્રને અનુકૂળ રહે તે રીતે કરવી જોઈએ, જેની વિચારણા મારી દષ્ટિએ નીચે મુજબ કરી છે.

*

પ્રત્યક્ષપ્રમાણ એ હાથ, કંકણ ને આરસી જેવું ગણાય છે. એ પ્રમાણને પ્રમાણિત કરવા બીજું કોઈ પ્રમાણ કે પુરાવાની જરૂર હોતી નથી. ભારતભરમાં યત્ર તત્ર સર્વત્ર પરિકરવાળી કે પરિકરવિનાની મૂર્તિઓ, તે ધાતુની હોય કે આરસની, શ્વેતામ્બર હોય કે દિગમ્બર, તે મૂર્તિઓ ઉપરનાં છત્રો ત્રિકોણાકારે મૂર્તિની ઉપર જ કે અંદર પથ્થર કે ધાતુથી કંડારેલા વિદ્યમાન છે. હજારો વરસથી કંડારાયેલાં છે, જેને હું સવળાં (ભગવાનનાં માથા ઉપર પ્રથમ મોટું, તે પછી બીજું તેથી નાનું અને તે પછી ત્રીજું તેથીય નાનું) પ્રકાર તરીકે ઓળખાવું છું તે જ પ્રકારનાં છત્રો છે, અને આ એક જ પ્રકાર સારાંય ભારતભરમાં પ્રચલિત અને વ્યાપક છે. એથી ઊલટાં (ભગવાનનાં માથા ઉપર પ્રથમ નાનું, તે પછી બીજું તેથી મોટું અને તે પછી ત્રીજું તેથીય મોટું) પ્રકારનાં છત્ર સમગ્ર દેશમાં મૂર્તિની અંદર કંડારાએલાં કોઈ ઠેકાણે વિદ્યમાન નથી. મેં મારી ભૂમિકામાં લખ્યું છે તે પ્રમાણે ભારતભરમાં ચારે દિશામાં વર્તતી મૂર્તિઓમાંથી અનેક મૂર્તિઓના ફોટા મેં મારી નજરે જોયા છે. પહાડની શિલાઓ

ઉપર, ગુફાઓની અંદર છત્રોવાળી અનેક મૂર્તિઓ જોઈ છે અને સર્વત્ર એક જ પ્રકાર જોવા મલ્યો છે. તપાસ કરાવવા છતાં હજુ પણ ઊલટો—અવળો પ્રકાર ક્યાંય પણ જોવા-જાણવા મલ્યો નથી. આવું એકસરખું એક જ પ્રકારનું ધોરણ જોવા મળતું હોય ત્યારે વીતરાગસ્તોત્ર વગેરેના શાસ્ત્ર-પાઠો તપાસવાની કે ચર્ચા કરવાની જરૂર જ શું રહે? જો સવળાં અને અવળાંનો વિકલ્પ જોવા મળ્યો હોય તો ચર્ચા-વિચારણાને સ્થાન રહે, પણ જ્યારે કોઈપણ આચાર્ય, સાધુ કે કોઈપણ સંઘો, સેંકડો વરસોથી માત્ર એક સવળાં પ્રકારનાં જ છત્રો કરાવતાં હોય ત્યારે વિશેષ વિચારવાનું સ્વાભાવિક રીતે જ ન રહે. પૂ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીનો રચેલો વીતરાગસ્તોત્રનો શ્લોક અને તે ઉપરની શ્રી પ્રભાનંદમુનિજીની ટીકા પણ મારા મંતવ્ય મુજબ એક સવળાં પ્રકારને જ પુષ્ટિ આપે છે એવું મને ચિંતન કરતાં ચોક્કસ સમજાયું. શાથી સમજાયું છે? તે વાત આગળ જણાવું છું.

બીજું આપણા પૂર્વજોએ '**सिद्धस्य गतिः चिन्तनीया**' એવું રેડસિગ્નલ જેવું નીતિવાક્ય આપ્યું છે, જે વિદ્વાનોમાં ખૂબ જાણીતું છે. વાત એમ છે કે શાસ્ત્રપાઠ એવી ચીજ છે કે જુદા જુદા વાચકો પોતપોતાની સમજ પ્રમાણે અર્થ તારવે, કોણ શું અર્થ કરશે અને શું નહિ કરે તે કહી શકાય નહિ એ પરિસ્થિતિનો વિદ્વાનોને ખ્યાલ હોવાથી હજારો વરસથી સિદ્ધ થએલી, ચાલી આવતી પ્રચલિત જે વસ્તુ સિદ્ધરૂપે થઈ ગઈ હોય, સિદ્ધાન્ત બની ગઈ હોય, તે સિદ્ધ થઈ ગયેલી

વસ્તુ સિદ્ધરૂપે રહે, એને પુષ્ટિ મળે, એનું રક્ષણ થાય એનો ખ્યાલ રાખીને સિદ્ધવસ્તુને બુદ્ધિના કેન્દ્રમાં રાખીને જ વિચારવાની હોય છે. સિદ્ધવસ્તુ નબળી પડે કે અસિદ્ધ થઈ જાય તે રીતે શંકા–કુશંકા, ચર્ચા કે વિચારણા કરવાની હોતી નથી એટલે તે ખ્યાલ રાખીને શ્રી હેમચંદ્રાચાર્યજીના શ્લોકના અર્થને અને એની ટીકાના અર્થને હું જુદા દૃષ્ટિકોણથી સમજાવવા માગું છું. આજસુધી આપણા આચાર્યપ્રવરો, મુનિરાજો, વિદ્વાનો વગેરે લગભગ છેલ્લાં ૬૦–૭૦ વરસથી પરંપરાથી ચાલ્યા આવતા પ્રચલિત અર્થને જ કરતા આવ્યા છે.

तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी । १/२

( વીતરાગસ્તોત્ર )

મારું ધ્યેય ચાલી આવતી સવળાં છત્રની અખંડ પરંપરાને જીવિત રાખવાનું હોવાથી એક વખતે મેં વીતરાગસ્તોત્રના શ્લોક અને તેની ટીકા ઉપર બરાબર ધ્યાન કેન્દ્રિત કર્યું. ચાલી આવતી અર્થની પરંપરાથી પર થઈને વિચાર્યું ત્યારે લાગ્યું કે શ્લોક અને ટીકા, ત્રણછત્રનાં માપ (સાઈઝ)ને એટલે કે તે કેવી રીતે હોવાં જોઈએ તે વાતને બિલકુલ જણાવતા નથી. શ્રી હેમચંદ્રાચાર્યજીનો શ્લોક અને તેની ટીકા બંને છત્ર કેમ લટકાવવાં એટલી જ વાત કરે છે, પણ તે છત્રનાં ક્રમાંક ( સાઈઝ ) અંગે લેશમાત્ર સૂચન કરતા નથી. લટકાવવાની વાત એટલા માટે કરી કે ત્રણ છત્ર આડાં લટકાવવાનાં નથી, ઊભાં લટકાવવાનાં છે એ જણાવવા માટે તેમને उर्ध्वं उर्ध्वं બે

વાર શબ્દ પ્રયોગ કર્યો, તેનો અર્થ ફક્ત 'ઉપર ઉપર' એટલો જ થાય. શાસ્ત્રમાં '**छत्तातिछत्तं**' શબ્દ જે અર્થમાં વપરાયો છે તે જ અર્થમાં ऊर्ध्वं ऊर्ध्वं શબ્દ છે, એટલે બંને વચ્ચે અર્થસામ્ય જળવાઈ રહ્યું. આ એટલા માટે કહેવું પડ્યું છે કે છત્રો આડાં લટકાવવાનાં નથી પણ ઊભાં લટકાવવાનાં છે. એ છત્રો ઊભાં લટકાવવાનાં ખરાં પણ કોની માફક ? તો શ્રી હેમચંદ્રાચાર્યજીએ એની સ્પષ્ટતા કરવા **पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी** વાક્ય લખ્યું. પુણ્યર્દ્ધિક્રમ અને એના ઉપર કરેલી ટીકા એ બંને વસ્તુ એવી રહસ્યમય બની ગઈ છે કે પુણ્યર્દ્ધિક્રમથી સહુ કોઈ છત્રનાં માપ–આકારોની જ અને પુણ્યર્દ્ધિ શબ્દની ટીકા સ્થૂલ ભાવે જોનારા ભગવાનનાં માથા ઉપર પ્રથમ નાનું પછી ઉત્તરોત્તર મોટાં એ રીતે અર્થ કરે, પણ અહીંયા શ્રી હેમચંદ્રાચાર્યજીએ તો 'પુણ્યર્દ્ધિ'થી શું લેવું? એ માટે શ્લોકમાં કશું જ સૂચવ્યું નથી. પુણ્યઋદ્ધિ શબ્દથી ટીકાકારે પોતાની સૂઝ પ્રમાણે સમ્યક્ત્વાદિ ઋદ્ધિ અર્થ કર્યો. એ રીતે હું પુણ્યઋદ્ધિથી સમવસરણની ઋદ્ધિ પણ સૂચવી શકું. ઋદ્ધિ શબ્દનો પ્રયોગ સમ્યક્ત્વાદિ શબ્દ સાથે જેટલો બંધબેસતો નથી, તેથી વધુ સમવસરણની ઋદ્ધિ સાથે બંધબેસતો છે. ગમે તે ઋદ્ધિનું ગ્રહણ કરવામાં વાંધો નથી. કેમકે ક્રમ સાથે સંબંધ જોડવાનો નથી, ફક્ત છત્ર 'ઉપરાઉપરી' છે એટલું જ સાબિત કરવું છે.

હવે અહીંયા સમજવાની મહત્ત્વની બાબત એ છે કે પુણ્યર્દ્ધિની સાથે ક્રમ શબ્દ છે. આ ક્રમ એવો શબ્દ છે કે જે છત્રનાં ક્રમને જાણે કહેતો હોય તેવો અર્થ કરવા મન લલચાઈ જાય પણ શ્રી હેમચંદ્રાચાર્યજી આદિ ક્રમ શબ્દથી

ફક્ત 'એક પછી એક' રહેલી વસ્તુ એટલો જ અર્થ કરે છે તેથી છત્રો ઉપરાઉપરી રહેલાં છે એમ સમજવું.

**પ્રશ્ન**—કોઈને એમ સવાલ કરવાનું મન થાય કે પુણ્યર્દ્ધિ-ક્રમ શબ્દથી છત્રોનો ક્રમ વ્યક્ત થાય છે એમ કેમ ન કહેવાય?

**ઉત્તર**—એનો જવાબ એ છે કે છત્રો કેવાં ક્રમે હોવાં જોઈએ. એ વાત તો સેંકડો વરસથી જૈન સમાજમાં સુપરિચિત અને સુપ્રસિદ્ધ હતી એટલે ક્રમથી છત્રોનો ક્રમ જણાવવાની એમને જરૂર ન દેખાણી.

ઉપરની વાતનો સાર એ આવ્યો કે શ્રી હેમચંદ્રાચાર્યજી ત્રણ છત્રો ઉપરાઉપરી સમજવાં એટલી જ વાત કહે છે પણ નાનાં કે મોટાં એવી (માપની) કોઈ વાત કરતા નથી.

---

**ઉપર જે વાત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ કરી બરાબર તે જ વાત મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ કરે છે—**

प्रतिसिंहासनं प्रौढ–च्छत्राणां स्यात् त्रयंत्रयं ।
उपर्युपरिसंस्थायि मौक्तिकश्रेण्यलंकृतम् ॥ ६१७ ॥

શ્રી હેમચંદ્રાચાર્યજીએ શ્લોકમાં જેમ 'ऊर्ध्वं ऊर्ध्वं' શબ્દ વાપર્યો તેમ શ્રી વિનયવિજયજી મહારાજે શ્લોકમાં '**उपर्युपरि**'= **ઉપર ઉપર** શબ્દ વાપર્યો છે, એટલે ત્રણ છત્રો

ઉપર ઉપર છે એટલી જ વાત કરી પણ એમને ત્રણ છત્રનાં ક્રમ કે તેનાં માપ ( સાઇઝ ) બાબતમાં જરાપણ ઈશારો કર્યો નથી.

**આગમશાસ્ત્રો, આગમના ટીકાકારો, શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી વિનયવિજયજી તથા અન્ય ગ્રન્થો એક જ સરખી એક જ વાત કરે છે પણ છત્રનાં ક્રમ કે માપ અંગે કોઈ જ વાત, સૂચન કે સંકેત કંઈ જ કરતાં નથી તે વાત જોઈએ**

બાળકનાં ઘોડિયાં ઉપર બાળકને આનંદ મળે માટે રમકડાં રૂપે ગોળાકારે લાકડાનાં ત્રણ ઝુમખાં લટકાવેલાં હોય છે. તેવી રીતે છત્રો આડાં લટકાવવાનાં નથી પણ દાદરનાં પગથિયાંની જેમ ઊર્ધ્વ ભાગે એક પછી એક ઉપર જતાં સમજવાનાં છે. ફક્ત એ એક જ અર્થનો ખ્યાલ આપવા આગમમાં માત્ર 'छत्तातिछत्तं' શબ્દ વાપર્યો. આગમમાં જે વાત જણાવી હોય એને જ બીજા ગ્રન્થકારો અનુસરે એટલે શ્રી હેમચંદ્રાચાર્યજીએ વીતરાગસ્તોત્રમાં 'ऊर्ध्वं ऊर्ध्वं' શબ્દ વાપર્યો. સમવસરણસ્તવકારે પણ 'तदुपरि' ( चउछत्तिया ) નો ઉલ્લેખ કર્યો છે. આથી નિર્વિવાદ અને નિઃશંકપણે કોઈ-પણ ગ્રન્થકારો ફક્ત ઉપરાઉપરી ત્રણ છત્ર છે એટલી જ વાત કરીને અટકી ગયા છે. કોઈએ પણ છત્રનાં ક્રમ અને માપ બાબતમાં ઈશારો, સંકેત કે સૂચન કશું કર્યું નથી.

* * *

## હવે શ્લોકની ટીકા ઉપર વિચારણા

પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજી પુણ્યર્દ્ધિક્રમથી છત્રની આકૃતિ-(સાઈઝ)ને જણાવતા નથી, એ જ રીતે ટીકાકાર પણ પોતાની ટીકા દ્વારા છત્રની સાઈઝને જણાવતા નથી. મૂલ શ્લોક અંગેની વાત પૂરી કરી.

હવે ટીકાની વાત લઈએ.

પ્રથમ આપણે ટીકાની પંક્તિઓ જોઈએ.

**तव मौलौ छत्रत्रयी शोभते। कथं। ऊर्ध्वमूर्ध्वं उपर्युपरि व्यवस्थिता अत एव पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी....**

**અર્થ**—આ ટીકા શ્રી હેમચંદ્રાચાર્યજીના શ્લોકના અર્થને અનુસરતી જ છે. છત્રત્રયી 'ઉપર ઉપર' વ્યવસ્થિત રીતે રહેલી છે અને તેથી જ તે પુણ્યર્દ્ધિક્રમ મુજબ (ઉપર ઉપર) સમજવી. પછી પુણ્યર્દ્ધિક્રમ મુજબ કહી, તો પુણ્યર્દ્ધિથી શું લેવું? એટલે ટીકાકારે એક પછી એક ગોઠવાએલાં સમ્યક્ત્વ, દેશવિરતિ વગેરે વ્રતોની વાત કરી. તે પછી ટીકાકારે '**उत्तरोत्तरस्ते पुण्यर्द्धिक्रमः तद्वद् आतपत्रत्रयी**' આટલી જ ટીકા કરી છે. ટીકાકારના 'ઉત્તરોત્તર' શબ્દનો અર્થ શું કરવો? અત્યાર સુધી આપણે બધા રિવાજ મુજબ 'એક એકથી મોટું' એવો જ અર્થ કરતા આવ્યા છીએ. **क्रम** અને ***उत्तरोत्तर** આ બે શબ્દો એવા દ્વયર્થક જેવા છે કે સહેજે ભ્રમ-ભૂલાવો થઈ જ જાય, પરંતુ ટીકાકારનો આશય 'ઉપરાઉપરી રહેલી વસ્તુ'

* **उत्तरोत्तर** નો અર્થ કોશકારોએ આગળ આગળ, વધારે ને વધારે અથવા ક્રમશ: કરેલો છે.

આટલી જ બાબતને જણાવવાનો છે, પણ 'ઉત્તરોત્તર' શબ્દ છત્રની (એકબીજાથી નાની કે મોટી) આકૃતિઓની વાત વ્યક્ત કરતો નથી.

આ ઉપરથી તાત્પર્ય એ નીકળ્યું કે શ્રી હેમચંદ્રાચાર્યજીના શ્લોકને અનુસરતી વાત ટીકાકારે પણ કરી.

ટીકાકારને 'પુણ્યર્દ્ધિ'ના અર્થસૂચક સમ્યક્ત્વ એટલે નાનું, દેશવિરતિ એટલે મોટું અને સર્વવિરતિ એટલે એથીય મોટું એવો જો અર્થ ઇષ્ટ હોત તો ટીકાકાર પોતે ટીકામાં तद्वद् आतपत्रत्रयी એ લખ્યા પછી તેઓશ્રી લખત કે– सम्यक्त्वशब्देन आद्यं छत्रं लघु, देशविरतिशब्देन द्वितीयं छत्रं प्रथमछत्रात् विस्तीर्णं અને सर्वविरतिशब्देन द्वितीयादपि अधिकं विस्तीर्णं तृतीयं छत्रं अनेन प्रकारेण छत्रत्रयी ज्ञातव्या। અથવા अनयाप्रकारेण छत्रक्रमः આવો કશો ઉલ્લેખ કર્યો નહિ.

ટીકાકારો ટીકામાં વિવેચન, ચર્ચા આદિ કરીને અન્તમાં તેનો મુખ્ય સાર કે સમગ્ર કથનનો નિષ્કર્ષ આપે છે, જેને નિર્વચન પણ કહે છે. પણ એમણે છત્રનાં ક્રમ બાબતમાં કે તેની સાઇઝ બાબતમાં કશી પણ સ્પષ્ટતા કરી નથી એ એક ઘણી જ સૂચક બાબત છે, એટલે માપ–પ્રમાણ કે સાઇઝની કોઈ વાત કરી નથી.

**પ્રશ્ન**—નિર્વચન કેમ ન કર્યું?

**ઉત્તર**—તેનું કારણ એમ સમજી શકાય કે એમણે શ્રી હેમચંદ્રાચાર્યજીએ જે કહ્યું તે જ કહેવાનું હતું. તેમણે કંઈ નવો અર્થ કે નવું વિધાન કરવું હતું જ નહિ. શ્રી હેમચંદ્રા-

ચાર્યજી ભગવંત માટે અગાઉ જે વાત લખી તે જ પ્રમાણે ટીકાકાર પોતે પણ જાણતા જ હતા કે હજારો વરસથી સર્વત્ર એક જ પ્રકારનાં છત્રોની અવિચ્છિન્ન, નિર્વિવાદ, સર્વમાન્ય સ્થાપિત પરંપરા એકધારી ચાલી આવે છે અને જે સુપ્રસિદ્ધ છે. તો પછી તેનું નિર્વચન કે સ્પષ્ટતા કરવાની જરૂર જ ક્યાં હતી? જો કે વાચકોમાં મતભેદ ન સર્જાય એ ખાતર સ્પષ્ટતા કરી હોત તો સારૂં હતું.

આ સમગ્ર ટીકાનો પાઠ આ પુસ્તકમાં આપ્યો છે. આખી ટીકા બહુજ ધ્યાનપૂર્વક, મનનપૂર્વક, તટસ્થ રીતે પૂર્વગ્રહ છોડીને જો જોવામાં આવે તો આખી ટીકામાં સ્પષ્ટ શબ્દોમાં સીધી રીતે છત્રનાં માપની જરાપણ વાત દેખાતી નથી.

'પુણ્યર્દ્ધિ'ની સાથેનો '**क्रम**' શબ્દ અને ટીકાનો '**उत्तरोत्तर**' શબ્દ આ બંને શબ્દ એવા છે કે સહુ કોઈ પ્રથમ દૃષ્ટિએ છત્રનાં ક્રમ અને માપની સાથે જ ઘટાવી દે. આપણે બધાય એ રીતે જ ઘટાવતા હતા, પણ છત્રની હજારો વરસથી પ્રસ્થાપિત સાચી પરંપરા એકધારી મતભેદ વિના જળવાઈ રહે એને લક્ષ્યમાં રાખીને મેં વીતરાગસ્તોત્રનો શ્લોક અને ટીકાનો અર્થ જુદી રીતે લગાડવા પ્રયત્ન કર્યો છે.

હવે આપણે વીતરાગસ્તોત્રની અવચૂરિ (બીજી સંક્ષિપ્ત ટીકા) શું કહે છે તે જોઈએ.

પ્રથમ અવચૂરિકારે 'પુણ્યર્દ્ધિ૦'ની અવચૂરિ શું કરી છે તે અહીં ઉદ્ધૃત કરૂં છું. **पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी** આની ટીકા અવચૂરિકારે નીચે મુજબ કરી છે.

**पुण्यस्पर्द्धिस्तस्याः क्रमः, प्रथमं सम्यक्त्वम्, ततो देशविरतिस्ततः सर्वविरतिरित्यादिस्तस्य सब्रह्मचारिणी सदृशी नैर्मल्यादिना।**

અવચૂરિકારે 'પુણ્યઋદ્ધિ'નો અર્થ જુદી જ રીતે કર્યો. પુણ્યઋદ્ધિથી સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ જણાવીને એમ લખ્યું કે '**છત્રત્રયી આ પુણ્યર્દ્ધિના જેવી**' છે. પુણ્યર્દ્ધિના જેવી છે એટલે શું? તો જણાવ્યું કે **नैर्मल्यादिना** એટલે જેમ સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ એ વ્રતોની જેવી નિર્મળતા છે તેના જેવી જ છત્રત્રયી નિર્મળ છે, એટલે નિર્મળતા જોડે સરખામણી કરી. જો ક્રમ જ સૂચવવો હોય તો **सदृशी** ટીકા પછી **प्रथमं छत्रं लघु ततो महत्** એ રીતની ટીકા કરી સ્પષ્ટતા કરત, પણ કરી નહિ

આ અર્થ જો બરાબર હોય તો અવચૂરિકારે **પુણ્યર્દ્ધિક્રમ** શબ્દથી છત્રનાં ક્રમનો તો કોઈ જ ઈશારો કર્યો નથી.

એ જ પ્રમાણે વિવરણકારે પણ કશો જ ઈશારો કર્યો નથી.

વીતરાગસ્તોત્રની બંને ટીકાઓમાં છત્ર કેવાં ક્રમે હોવાં જોઈએ તેનો જરાપણ ઉલ્લેખ કર્યો નથી. એથી જ તદ્દન સ્પષ્ટ થાય છે કે છત્રોનો સવળો ક્રમ જગજાહેર હોવાથી તેમને જણાવવાની જરૂર શું હોય?

**બીજી વધુ વાત**—આ બુકમાં મૂર્તિ કેમ ભરાતી તે પાઠ આપ્યો છે. પ્રથમ પંક્તિના સોમપુરા મિસ્ત્રીના કાગળો પણ છાપ્યા છે. અવચૂરિ અને ટીકાનો જે રીતનો મેં અર્થ કર્યો છે તે શિલ્પશાસ્ત્રની વાતને સંપૂર્ણ ટેકો આપે છે.

જૈનધર્મમાં તીર્થંકરોની મૂર્તિ કેવી રીતે બનાવવી? તે માટે શિલ્પશાસ્ત્ર વિશારદોએ લખ્યું છે. આ શાસ્ત્ર સેંકડો વરસથી લખાયું છે. કેમકે મૂર્તિ ઘડવાનું બંધારણ લગભગ હજારો વરસોથી ઘડાયું છે, એમાં મૂર્તિનાં અંગોપાંગો કેવાં માપે રાખવાં? એની કેટલી લંબાઈ–પહોળાઈ રાખવી? અને મુખની આકૃતિનું માપ એ બધું જણાવ્યું છે. એ શાસ્ત્રમાં મૂર્તિ માથા સુધી તૈયાર થવા આવે ત્યારે એ છત્ર માથા ઉપર પહેલું મોટું બનાવવું કે માથા ઉપર પહેલું નાનું બનાવવું? તો ત્યાં નાનાં છત્રની તો કોઈ વાત જ નથી. શિલ્પકારોએ સ્પષ્ટ લખ્યું કે તીર્થંકર જિનેન્દ્રદેવનાં માથા ઉપર પહેલું છત્ર સૌથી મોટામાં મોટું, તે પછી ઉત્તરોત્તર બે નાનાં બનાવવાં એટલે સવળાં છત્રની જ વાત અંકે થઈ.

આથી એ પણ નક્કી થયું કે શિલ્પમાં અવળાં છત્રની કોઈ જ વાત કરી નથી, નામનિશાન નથી એટલે છત્રમાં બીજો વિકલ્પ સમજી બંને જાતનાં છત્રની માન્યતા શાસ્ત્રમાં છે એમ કોઈ કહેતું હોય તો તે તદ્દન નિરાધાર હોવાથી ખોટું છે.

જો તમે પહેલાં નાનું બનાવવું એ વાત કરશો તો આખું શિલ્પશાસ્ત્ર ખોટું ઠરશે, જૈનમૂર્તિ વિધાન ખોટું ઠરશે, એ તો કદિ ચાલે તેમ નથી માટે સવળાં છત્રની એક જ પરંપરા સ્વીકારવી જોઈએ.

*　　　*　　　*

## વિચારણા-૧

**પ્રશ્ન**--મૂલ શ્લોકના **क्रम** શબ્દથી અને ટીકાના **उत्तरोत्तर** શબ્દથી ભગવાનનાં માથા ઉપર નાનું, પછી ઉત્તરોત્તર મોટાં એ અર્થ કરવામાં આવે છે. શું તે અર્થ શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંતને ઇષ્ટ હતો ખરો ?

**ઉત્તર**—જવાબ એ કે તેઓશ્રીને જો એ અર્થ ઇષ્ટ હોત તો એમના સમયની બિરાજમાન થએલી મૂર્તિઓમાંથી અવળાં છત્રોવાળી થોડી પણ મૂર્તિઓ આજે ગુજરાતમાં જોવા જરૂર મળત પણ મળતી નથી.

બીજી વાત એ છે કે મનુષ્ય સ્વભાવનું એક લક્ષણ છે કે ચાલુ પરંપરાથી અલગ પડીને નવી માન્યતાનું પ્રતિપાદન કર્યું હોય તો, તે વ્યક્તિ પોતાની માન્યતાને પ્રચલિત કરવા, સ્થાપિત કરવા, પાંચ પચ્ચીસ અવળાં છત્રની મૂર્તિઓ કરાવે જ પણ એમના સમયની ( કે એમના સમય પહેલાંની ) અવળાં છત્રની મૂર્તિ ક્યાંય પણ જોવા મળી નથી.

ત્રીજી વાત એ કે કોઈવાર એવું પણ જોવા મળે છે કે મુખ્ય વ્યક્તિ પોતાની માન્યતા પ્રમાણેની મૂર્તિ કરાવી ન શકી હોય તો એમના શિષ્યો, પ્રશિષ્યો કે એમના ભક્તો નવી મૂર્તિઓ ઘડાવીને ગુરુની માન્યતાને જરૂર સાકાર કરી પ્રસિદ્ધિ આપે પરંતુ તે પણ જોવા મળતી નથી.

પૂ. હેમચંદ્રાચાર્યજી જેવા મહાપુરુષ પોતાનાથી પૂર્વે થયેલા અનેક મહાન આચાર્યોએ સેંકડો વરસથી સવળાં છત્રોની પ્રામાણિત કરેલી, નિર્વિવાદપૂર્વક ચાલી આવતી

પરંપરાને તોડવા કદિ તૈયાર થાય ખરા ? હરગિજ ન થાય. કારણકે એમ કરવાથી શાસ્ત્રકથનનો તથા અનેક આચાર્યોની અવજ્ઞા–અનાદર થવા પામે. આર્ષદ્દષ્ટા પુરુષો કદિ એવું ન કરે.

## વિચારણા-૨

સમાજમાં કોઈ કોઈ સાધુઓ પૂરી જાણકારીના અભાવે 'પુણ્યદ્ધિં ક્રમ' અને 'ઉત્તરોત્તર' આ બંનેનો અર્થ ત્રણ છત્રનાં માપને કહે છે એમ સમજીને ભગવાનનાં માથા ઉપર પહેલું નાનું, તે પછી બીજું મોટું અને ત્રીજું તેથીય મોટું આ પ્રમાણે મંતવ્ય ધરાવે છે, પણ એક બાજુ નવ્વાણું ટકા સવળાં છત્રોની જ્યારે બોલબાલા હોય ત્યારે નવ્વાણું ટકા સામે એક ટકાનું મૂલ્ય કેટલું? એના ઉપર વજન આપી શકાય ખરૂં ? અને આપશો તો તમે જૈનમૂર્તિ શિલ્પશાસ્ત્રને હાથે કરીને ખોટું ઠરાવવાનાં, પાપના ભાગીદાર બનવું યોગ્ય લાગશે ખરૂં! હજારો આચાર્યોએ પ્રામાણિત કરેલી પરંપરાનો અનાદર કરવાનો મહાદોષ શું નહીં લાગે ?

મને શ્રદ્ધા છે કે તટસ્થરીતે પૂર્વગ્રહ રાખ્યા વિના સુજ્ઞજનો શાંતિ અને ધીરજથી વિચાર કરે.

મારા લેખની દલીલો કે મંતવ્યોને વાંચો કે ન વાંચો, તેને ભલે સ્વીકારો કે ન સ્વીકારો તેની બહુ અગત્ય નથી, પણ હજારો વરસથી ચાલી આવતી સવળાં છત્રની અક્ષુણ્ણ અને અખંડ પરંપરાનો જરૂર આદર કરો.

## વિચારણા-૩

પુણ્યર્દ્ધિ શબ્દથી સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ ઋદ્ધિનું ગ્રહણ કર્યું પણ પ્રશ્ન એ ઊભો થાય કે પ્રથમ દૃષ્ટિએ સમ્યક્ત્વાદિ ત્યાગનાં વ્રતો છે તો તેને ઋદ્ધિ તરીકે કેમ ઓળખાવાય? ખરેખર સાચી રીતે જે 'ઋદ્ધિ' શબ્દને યોગ્ય હોય તેવું જો દૃષ્ટાન્ત મળી જાય તો એનું ગ્રહણ શા માટે ન કરવું? તો આપણી પાસે બીજી ઋદ્ધિ છે, તેનો પુરાવો પણ છે. તીર્થંકરદેવનાં પ્રવચનની સભા જેને સમવસરણ કહે છે, જે સોના, ચાંદી, રત્નો વગેરેની ઋદ્ધિથી બનેલું છે. ભરત ચક્રવર્તીએ પોતાના અંધમાતા મરુદેવાને જ્યારે કહ્યું કે તારા પુત્રની સમવસરણની ઋદ્ધિ તો તું જો, એટલે પુણ્યર્દ્ધિથી સમવસરણનું ગ્રહણ કરવું વધુ ઉચિત છે અને વધારામાં કોઈને આડકતરી રીતે ક્રમ ગોઠવવો હોય તો પણ સમવ-સરણ બંધબેસતું થાય તેમ છે. કેમકે સમોસરણને જે ત્રણ ગઢ છે તે ગઢનો આકાર સવળાં ત્રણ છત્રને બરાબર મળતો આવે છે. નીચેનો ગઢ પહેલો સૌથી મોટો અને બીજો, ત્રીજો ઉત્તરોત્તર નાના એટલે સમોસરણની ઋદ્ધિનું ગ્રહણ કરવામાં એ લાભ છે.

# હવે પ્રત્યક્ષપ્રમાણો જોઈએ

પ્રત્યક્ષપ્રમાણ એ સામાન્ય રીતે આદ્ય, સૌથી શ્રેષ્ઠ, નિઃશંક અને નિર્વિવાદ પ્રમાણ ગણાય છે. એનાથી વસ્તુ હસ્તામલકવત્ સ્પષ્ટ સમજાય છે. પ્રત્યક્ષપ્રમાણ માટે બીજા કશા પુરાવા–સાબિતીની જરૂર રહેતી નથી અને જ્યારે બે–ચાર નહીં પણ ડઝનબંધ પુરાવા મળતા હોય ત્યારે તો કોઈ દલીલો કે ચર્ચાને સ્થાન જ રહેતું નથી. અહીં આપણે એ માટે લગભગ ૨૫૦૦ વર્ષથી ઉપલબ્ધ ધાતુમૂર્તિઓ અને પાષાણ-મૂર્તિઓનો વિચાર કરીએ.

(૧) પાંચ–પાંચ ફૂટ કે તેથી વધુ મોટી કાળમીંઢ પથ્થરની ૨૫૦૦ વર્ષ જૂની મૂર્તિઓના ફોટા ઘણાં પુસ્તકોમાં છપાઈ ગયા છે. તેમાં પણ માથા ઉપર અંદર જ ખોદીને પથ્થરનાં જ બનાવેલાં સવળાં જ છત્રો છે. બહારથી લાવેલાં હોય તેવાં નહીં પણ મૂર્તિ ઘડી ત્યારે જ ભેગાં ઘડેલાં છે, તેથી તે આગમને અને તદનુસાર વર્તતી મારી સવળાં છત્રની માન્યતાને જ અનુસરતાં છે.

અંદર કંડારેલાં છત્રોવાળી સપરિકરમૂર્તિઓ ક્ષત્રિય-કુંડ, કેસરીયાજી, રાણકપુર, સાંડેરાવ, અજારી, ઓજરા, ભાંડવા વગેરે સ્થળે છે. અરે ! શત્રુંજય ગિરિરાજ ઉપર દાદાજીની મૂર્તિ ઉપરનું છત્રત્રયીનો સંકેત કરતું છત્ર જોજો.

(૨) મેં જોયેલી થોડીક પાંચમાં સૈકાથી દશમા સૈકા

સુધીની નાની ધાતુની મૂર્તિઓમાં પણ અંદર જ સ્પષ્ટ રીતે ધાતુનાં છત્રો ઉપસાવેલાં હતાં. તે પણ આગમને અને તદનુસાર મારી માન્યતાને જ અનુસરતાં સવળાં જ બનાવેલાં હતાં.

(૩) આ સિવાય છેલ્લાં ૧૦૦૦–૧૨૦૦ વરસની ઢગલાબંધ શ્વેતામ્બર–દિગમ્બર મૂર્તિઓમાં ઇંગ્લીશ A કે △ ત્રિકોણાકારની જેમ ભગવાનનાં માથા ઉપરનું પ્રથમ મોટું, તેની ઉપર તેથી નાનું અને તેની ઉપર તેથીય નાનું, આ રીતે છત્રો પથ્થરમાં બનાવેલાં હતાં, અને આજે પણ છે, જેના ફોટા સરકારી મ્યુઝિયમોમાં તથા મૂર્તિશિલ્પનાં છપાએલાં અનેક ગ્રન્થોમાં જોવા મળે છે. તે ઉપરાંત મથુરાના કંકાલી–ટીલાની કાળમીંઢ પથ્થરની ૩/૩ ફૂટ કે તેથી વધુ મોટી મૂર્તિઓમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. ઇતિહાસમહોદધિ પૂ. આ. શ્રી ઇન્દ્રસૂરિજીના લખેલાં (પ્રાયઃ) ભગવાન મહાવીર ચરિત્રનાં પુસ્તકમાં છાપેલ મૂર્તિચિત્રમાં પથ્થરમાં જ બનાવેલાં છત્રો સવળાં જ છે.

## સમગ્ર ભારતમાં અવળાં છત્રોવાળી એક પણ મૂર્તિ હજુ સુધી જોવા મળી નથી

સવળાં ત્રણ છત્રોવાળી પ્રાચીન મૂર્તિઓ ભારતમાં પાર વિનાની છે. મંદિરમાં રહેલી, ગુફાઓમાં રહેલી, દક્ષિણ ભારતમાં પહાડની શિલાઓમાં કોતરેલી ધાતુ કે પાષાણની સેંકડો મૂર્તિઓ મેં જોઈ. એમાં એક પણ મૂર્તિ ઊંધાં ત્રિકોણ આકારનાં અથવા અવળાં આકારનાં છત્રવાળી ન જોઈ. જોડાજોડ ગોખલાઓ બનાવી તેમાં કંડારેલી ૧૦, ૧૫, ૨૫

મૂર્તિઓ જોઈ, તે તમામ મૂર્તિઓનાં છત્રો સવળાં ત્રિકોણાકારનાં જ હતાં. મારી પાસે ત્રણ છત્રનાં પુસ્તકો, ફોટાઓ છે. તેમાં આ ધરતી ઉપર અવળાં આકારનાં છત્રવાળી એક પણ મૂર્તિ મારા જોવામાં આવી નથી.

## પરિકરવાળી મૂર્તિઓ અંગે

પાલીતાણા તીર્થ તથા ભારતનાં અન્ય જૈન તીર્થો, પહાડો, મંદિરોમાં બિરાજમાન કરેલી મૂર્તિઓમાં પરિકરવાળી મૂર્તિઓ પણ છે, પણ કેટલીક મૂર્તિઓમાં સ્પષ્ટ રીતે ત્રણ છત્ર કરવાની અનુકૂળતા ન હોવાથી ત્રણ છત્રો કર્યાં નથી એટલે એક છત્ર તો સૌને દેખાય એવું કરેલું હોય જ છે અને તે છત્રનાં ઉપરનાં ભાગમાં બીજાં બે છત્રનું સૂચન કરનારાં એક દોરાની અથવા બ-બે દોરાની ઊંચાઇવાળા હાંસિયા પાડેલા હોય છે. કેટલીક મૂર્તિઓમાં હાંસિયાની પણ જગ્યા ન હોય તો એક પછી એક એમ પતલી બે રેખાઓ ઉપસાવેલી હોય છે, અને એ ત્રણ છત્રોની પૂર્તિ માટે જ કરવાની વર્ષો જૂની પ્રથા છે. સૌને મૂર્તિશિલ્પમાં રસ ન હોય તેને આની ખબર ન હોય પણ પાલીતાણા જાવ ત્યારે પરિકરવાળી અનેક મૂર્તિઓ જોજો અથવા વિહારમાં દહેરાસરોમાં સપરિકર મૂર્તિ હોય ત્યારે તેની ઉપરનાં છત્રો ઉપર નજર ફેરવજો તો પણ બે હાંસા જરા ઉપસાવીને આંકેલાં દેખાશે.

## દિગમ્બર મૂર્તિઓમાં સવળાં જ છત્રો છે

દક્ષિણ ભારતનાં દિગમ્બરોનાં તીર્થોની તમામ પાષાણ–ધાતુમૂર્તિઓ ઉપરનાં અંદર બનાવેલાં છત્રો સવળાં જ છે,

ક્યાંય પણ અવળાં નથી. આમ બંને સંપ્રદાયોમાં છત્રની બાબતમાં સેંકડો વરસથી એક જ માન્યતા પ્રવર્તે છે એટલે જ સવળાં છત્રોની એક જ માન્યતાને સહુએ પ્રોત્સાહન આપવું જરૂરી છે.

*   *   *

## સવળાં છત્રની માન્યતાને ટેકો આપતી અન્ય સંપ્રદાયો અને ગચ્છાધિપતિઓની આવેલી સહીઓની નામાવલિ સાભાર રજૂ કરી છે

૧. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ.
(ગચ્છાધિપતિ, મુંબઈ, લાલબાગ)
૨. ,, ,, ,, ,, રામસૂરિજી મ. (ડેલાવાળા)
૩. ,, ,, ,, ,, ઓંકારસૂરિજી મ.
૪. ,, ,, ,, ,, પ્રેમસૂરિજી મ.
૫. ,, ,, ,, ,, મેરુપ્રભસૂરિજી મ.
૬. ,, ,, ,, ,, ઈન્દ્રદિન્નસૂરિજી મ.
૭. ,, ,, ,, ,, સુબોધસાગરસૂરિજી મ.
૮. ,, ,, ,, ,, ભુવનભાનુસૂરિજી મ.
૯. ,, ,, ,, ,, મિત્રાનંદસૂરિજી મ.
૧૦. ,, ,, ,, ,, ચંદ્રોદયસૂરિજી મ.
૧૧. ,, ,, ,, ,, વિશાલસેનસૂરિજી મ.
૧૨. ,, ,, ,, ,, જયંતસેનસૂરિજી મ.
૧૩. ,, ,, ,, ,, અશોકચંદ્રસૂરિજી મ.

**૧૪. પૂ. આ. શ્રી વિજય ઉદયસાગરસૂરિજી મ.**

(ખરતરગચ્છના ગચ્છાધિપતિ)

**૧૫. મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મ.**

**૧૬. મહાપ્રજ્ઞ શ્રી નથમલજી** (તેરાપંથી સંપ્રદાય)

**૧૭. ઉપાચાર્ય શ્રી દેવેન્દ્રમુનિજીશાસ્ત્રી**

(સ્થાનકવાસી સંપ્રદાય)

ફક્ત ચાર-પાંચ સંઘાડાના આચાર્યોએ સવળાં છત્રની માન્યતામાં સંમતિ આપી નથી.

ઘણાં વરસો અગાઉ જે બે પૂજ્યોની સંમતિ મેળવી હતી તેનાં નામ—

**૧. પૂજ્ય આચાર્ય શ્રી ઉદયસૂરિજી મહારાજ તથા**

**૨. પૂજ્ય આચાર્ય શ્રી નંદનસૂરિજી મહારાજ**

આજથી પચીસેક વર્ષ પહેલાં પૂજ્ય આચાર્ય શ્રીમાન ઉદયસૂરિજી મહારાજને એક પત્ર લખેલ તેનો આપેલો જવાબ આ પુસ્તકમાં બ્લોકો સાથે છાપ્યો છે. સદ્‌ભાગ્યે એ પત્રો સંગ્રહમાંથી મળી આવ્યા.

## દીપાર્ણવ અને શિલ્પરત્નાકર જેવા શ્રદ્ધેય શિલ્પગ્રન્થો પણ ત્રણ છત્ર બાબતમાં માત્ર એક સવળાં છત્રની જ વાત કરે છે

**નોંધ**—આપણે જોઈ આવ્યા કે વીતરાગસ્તોત્ર કે તેની ટીકા અવળાં છત્રની વાત કરતા જ નથી, માત્ર એક સવળાં છત્રની વાતને જ અનુસરે છે એ જ પ્રમાણે શિલ્પનાં ગ્રન્થો પણ સવળાં છત્રની વાતને જ અતિસ્પષ્ટ રીતે જણાવે છે. અવળાં છત્રની વાતને કોઈએ પણ સ્થાન આપ્યું જ નથી તે વાચકો બરાબર ધ્યાનમાં રાખે

શિલ્પશાસ્ત્રનાં ગ્રન્થોમાં જૈનમૂર્તિનાં અંગોપાંગો કેવાં માપે કરવાં, પરિકર હોય તો પરિકર કેવાં માપે બનાવવું, એ બધી વાત વ્યવસ્થિત રીતે ગણતરી મુજબ લખેલી છે.

શિલ્પનાં દીપાર્ણવ અને શિલ્પરત્નાકર નામના પ્રખ્યાત ગ્રન્થો સ્પષ્ટ જણાવે છે કે ભગવાનનાં માથા ઉપર પહેલું છત્ર સૌથી મોટું, અને તે પછી ઉત્તરોત્તર એ નાનાં સમજવાં.

હવે પછી આપેલી બધી વિગતો વાંચો.

## શિલ્પનાં ગ્રન્થોની નોંધ

.................................ततौ मृणालछत्रकम् ॥ १७९ ॥

—શિલ્પરત્નાકર

द्वय छत्रं तथाकारमुर्ध्वे चैवोत्पलोत्तमम् ।
सर्वछत्रस्य विस्तारश्चाङ्गुलविंशतिर्मताः ॥ १८० ॥

—શિલ્પરત્નાકર મુદ્રિત પેજ–૫૦૪

छत्रं दशांगुलं प्रोक्तं द्वितीयं वसुअंगुलम् ।
षडंगुलं तृतीयं च........................ ॥ ४१ ॥

—दीपार्णव. મુદ્રિત ગ્રન્થ પેજ–૩૭૮

ઉપરના શ્લોકનો ભાવાર્થ—

તીર્થંકરની મૂર્તિ ઉપર પછી मृणाल એટલે કમલદંડ કરવો અને તે પછી છત્ર બનાવવું. તે છત્રના ઉપરનાં ભાગમાં બીજાં બે છત્રો કરવાં. બધો છત્રવટો (ભેગો ગણીને) ૨૦ અંગુલ પહોળો થાય.

તે કેવી રીતે થાય? તો નીચેનું પહેલું છત્ર તે ગર્ભ-સ્થાનથી એટલે કેન્દ્રના મધ્યભાગથી બંને બાજુએ દશ–દશ અંગુલ કરવું, એટલે બંને બાજુનો સરવાળો કરીએ એટલે નીચેનું છત્ર ૨૦ અંગુલ થાય. આનું તાત્પર્ય એ કે પહેલું છત્ર સહુથી મોટું વીશ અંગુલનું સમજવું, પછીનું બીજું છત્ર તે વસુ અંગુલ એટલે કે ગર્ભસ્થાનથી આઠ-આઠ અંગુલનું બનાવવું એટલે ગોળાકારે ૧૬ અંગુલનું થાય અને ત્રીજું છત્ર છ અંગુલનું કરવું.

આનું તાત્પર્ય એ થયું કે પહેલું છત્ર સૌથી મોટું વીશ અંગુલનું થયું એટલે સ્વાભાવિક રીતે જ તે પહેલું સમજવાનું છે. ત્યારપછી બીજું આઠ અંગુલનું તે નાનું અને બીજાથી છ અંગુલનું તે તેનાથીએ નાનું સમજવું. આથી પહેલાં છત્રની ગોળાકારમાં લંબાઈ પહોળાઈ ૨૦ અંગુલની, પછીની ૮ અંગુલની અને તે પછીની ૬ અંગુલની એટલે

શિલ્પશાસ્ત્રનાં આધારે સ્પષ્ટ થાય છે કે ત્રણ છત્ર ભગવાનનાં માથા ઉપરથી જ શરૂ કરીને ઉપર ક્રમ ગણવાનો છે.

ઉપરના શ્લોકમાં સ્પષ્ટ લખ્યું છે કે પહેલું છત્ર દશ અંગુલનું, બીજું આઠ અંગુલનું અને ત્રીજું છ અંગુલનું એટલે ભગવાનનાં માથા ઉપરથી શરૂ કરીએ ત્યારે પહેલું મોટું, બીજું તેનાથી નાનું અને ત્રીજું તેનાથીય નાનું આ રીતે સ્પષ્ટ વાત જણાવી છે.

આથી શિલ્પનાં ગ્રન્થો પરિકરમાં ત્રણ છત્ર બનાવવાની વાત લખે છે પણ એકની વાત કરતાં નથી. મૂર્તિ નાની હોય એટલે પરિકર નાનું બનાવવું પડે. તે વખતે એક જ છત્ર બનાવીને તેની ઉપરના ભાગમાં બીજાં બે છત્રનો ખ્યાલ આપતાં હાંસિયા બનાવવામાં આવે છે. જ્યાં જ્યાં પરિકરની મૂર્તિઓ એક છત્રવાળી હોય ત્યાં વાચકોએ જોઈને ખાતરી કરી લેવી.

સવળાં છત્રની વાત જૈન શાસ્ત્રકારોએ કહી છે. એ જ વાત શિલ્પના ગ્રન્થોએ કરી છે. કોઈપણ સોમપુરા કે શિલ્પીઓનો અભિપ્રાય ત્રણેયકાળમાં વિપરીત હોઈ શકે જ નહિ અને કદાચ કોઈ અજ્ઞાન ઓછું ભણેલા શિલ્પીઓ કહે તો તે અભિપ્રાય તદ્દન ખોટો સમજવો.

## તારવણી

* ઉપરના લખાણથી એ નક્કી થયું કે સવળાં છત્રની શાસ્ત્રીય માન્યતા એ સંપૂર્ણ સાચી છે. અવળાં છત્રની માન્યતાનો શિલ્પશાસ્ત્રમાં ક્યાંય ઉલ્લેખ નથી. એ બાબતમાં શિલ્પના ગ્રન્થોની વાત તદ્દન સ્પષ્ટ છે.

* અનુકૂળ સંજોગ હોય તો પરિકરમાં પ્રધાનપણે ત્રણે છત્ર જ બતાવવાં જોઈએ. ક્ષત્રિયકુંડની મૂર્તિ ઉપર તથા અન્ય પરિકરવાળી મૂર્તિઓમાં આજે પણ વિદ્યમાન છે. વળી જગ્યાના અભાવે સંપૂર્ણ ત્રણ છત્ર ન બતાવી શકાય તો બાકીનાં બે છત્રોનો દેખાવ કરવો જોઈએ, એટલે જ હાંસિયા બતાવવાની અથવા ગોળાકારે બે વર્તુળ બતાવવાની પ્રથા છે, જે પરિકરવાળી મૂર્તિઓમાં બધે જોવા મળે છે.

## શિલ્પીઓમાં પ્રથમ નંબરના ખ્યાતનામ શિલ્પીઓએ આપેલા સુવિખ્યાત લિખિત અભિપ્રાયો

*

ત્રણ છત્રનાં ક્રમની બાબતમાં શિલ્પશાસ્ત્રો દ્વારા સોમપુરા શિલ્પીઓ શું જાણે છે, તે જાણવા શિલ્પીઓમાં જાણીતા વિદ્વાનો શ્રી અમૃતલાલ મુળશંકર ત્રિવેદી–અમદાવાદ, શ્રી નંદલાલ ચુનીલાલ–પાલીતાણા તથા શ્રી હરિભાઈ મિસ્ત્રી–અમદાવાદ આ ત્રણેયને પૂછાવેલું. શ્રી અમૃતભાઈ તથા શ્રી નંદલાલભાઈએ તેનો જે જવાબ આપ્યો તે અહીં છાપ્યો છે. તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે ભગવાનનાં માથા ઉપર સૌથી પહેલું છત્ર મોટું, તેનાં ઉપર તેથી નાનું અને તેનાં ઉપર તેથીય નાનું, એટલે કે મારી આ પુસ્તિકાના લેખમાં જે સાચી પદ્ધતિનું સમર્થન મેં કર્યું છે તેને તેઓએ સંપૂર્ણ ટેકો આપ્યો છે.

*　　*　　*

**પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી યશોદેવસૂરિજીની સેવામાં.........સાહિત્યમંદિર, પાલીતાણા**

સવિનય નિવેદન કે પરિકરમાં તીર્થંકર ભગવાનનાં મસ્તક ઉપર કરવામાં આવતાં ત્રણ છત્રો બાબતનો ધર્મ-શાસ્ત્રોનાં આધાર સાથેનો આપનો વિસ્તૃત લેખ વાંચ્યો. શિલ્પશાસ્ત્રોમાં જે નિયમો બતાવ્યાં છે, તેનો આધાર ધર્મ-શાસ્ત્રોમાંથી લીધેલો છે તેવું ઉપરોક્ત લેખથી સમજાય છે. શિલ્પનાં દીપાર્ણવ વગેરે ગ્રન્થોમાં પણ આપના લેખ મુજબનું જ વર્ણન છે. નીચેથી ઉપર જાય તેમ તેમ છત્રો નાનાં થતાં જાય છે.

આપે તે વાંચ્યું જ હશે છતાં ધ્યાન બહાર હોય તો જોઈ જવા સૂચન કરવાનું યોગ્ય માનું છું. સાહિત્યની આવી પ્રસાદી અવરનવર આપતા રહેશો તેવી આશા રાખું છું.

લિ. અમૃતલાલ ત્રિવેદીના સવિનય વંદન

## બીજો અભિપ્રાય

**પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી યશોદેવસૂરિજીની સેવામાં...**

આપનો વિસ્તારથી ચર્ચા–વિચારણા કરતો લેખ બહુ જ ધ્યાનપૂર્વક વાંચ્યો. ત્રણ છત્રની બાબતમાં આપે જે મત દર્શાવ્યો એટલે કે ભગવાનનાં માથા ઉપર પ્રથમ મોટું, બીજું તેથી નાનું અને ત્રીજું તેથીય નાનું, આ આપની સવળાં છત્રની શાસ્ત્રોક્ત માન્યતા છે તે બરાબર છે. અમારાં શિલ્પ-ગ્રન્થોમાં જૈન મૂર્તિ શિલ્પનાં વિધાનમાં આ રીતે જ વાત મળે છે. આપને તો શિલ્પશાસ્ત્રોનાં ગ્રન્થોનું વાંચન સારું

છે. આપની પાસે ગ્રન્થો પણ છે તો આપ જોઈ જશો તો અમને લાગે છે કે આપને પણ ખાતરી થઈ જશે. અવળાં છત્રની માન્યતા સાચી નથી.

પાલીતાણા લિ. નંદલાલ સી. સોમપુરાના વંદન

શ્રી નંદલાલભાઈ શિલ્પગ્રન્થોના શ્રેષ્ઠ રચયિતા છે.

## એક ખુલાસો

આચાર્યપ્રવરોએ ત્રણ છત્રનાં મોકલાવેલાં મારા લેખની ચકાસણી પૂરી કરી હોય, અધૂરી કે ઓછીવત્તી પણ કરી હોય તે બનવાજોગ છે, છતાં તેઓ સહુ પોતાની આંખે સવળાં છત્રો વરસોથી જોતાં આવ્યાં છે. એ વાત તેમની નજર સામે બરાબર હતી એટલે મારા લેખની સવળાં છત્રની માન્યતાને સંમતિ આપવામાં તેમને આ પણ એક પ્રબળ કારણ હશે જ એટલે સંમતિ આપનારા સહુ આચાર્યાદિ મહાનુભાવોએ સમજી વિચારીને જ સંમતિ આપી છે, અને એ સંમતિ સો એ સો ટકા સાચી છે. હવે આવેલ સંમતિ પત્રોમાંથી જરૂરી નોંધ રજૂ થાય છે.

# સવળાં ત્રણ છત્ર અંગે મળેલી સંમતિના અભિપ્રાયો

## ૨૧ વરસ ઉપર પરમપૂજ્ય બહુશ્રુત વિદ્વાન આચાર્ય શ્રી વિજયોદયસૂરિજી મહારાજે માત્ર એક જ સવળાં છત્રની માન્યતાને ટેકો આપતો આવેલો પત્ર

## પત્ર-૧ ( આદ્ય અભિપ્રાય સં. ૧૯૬૮ )

**અવતરણ**—આજથી ૨૧ વર્ષ પહેલાં એટલે તા. ૧૨-૧-૬૮ના રોજ જૈનસંઘના બહુશ્રુત તરીકે જાણીતા વિદ્વાન પરમપૂજ્ય આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજને છત્રની બાબતમાં મેં પત્ર લખ્યો હતો. કેમકે આવી બધી બાબતોનો જવાબ મેળવવા સહુના માટે વિશ્વસનીય અને ઓથોરિટી જેવું એ સ્થાન હતું. તે દિવસે તો ત્રણ છત્ર ઉપર મેં કશું સંશોધન કર્યું ન હતું, પરંતુ ભારતમાં પરિકરવાળી કેટલીક મૂર્તિઓના ફોટા, તીર્થંકરદેવોનાં નવાં-જૂનાં રંગીન ચિત્રો, કેટલીક ધાતુ-મૂર્તિઓ, દક્ષિણ ભારતમાં રહેલી શ્વેતાંબર અને દિગંબરોની પથ્થરની અંદર જ બનાવેલાં છત્રોવાળી મૂર્તિઓ, ગવર્મેન્ટ તરફથી કેટલાંક રાજ્યો તરફથી બહાર પડેલાં શિલ્પસ્થાપત્યના ગ્રન્થોમાં તીર્થંકરની કેટલીક મૂર્તિઓ વગેરે જોયાં, એ બધાયમાં ત્રણ છત્રો સવળાં જ જોયાં.

સાથે સાથે બીજી બાજુ કોઈ કોઈ મંદિરોમાં પરિકરવાળી કે પરિકરવિનાની મૂર્તિઓ ઉપર વહીવટદાર શ્રાવકો તરફથી ત્રણ છત્રો અવળી રીતે પણ લટકાવેલાં જોવાં મળતાં હતાં, પણ તે દોરીથી ઉપરથી લટકાવેલાં હતાં. મારે તે વખતે અષ્ટમહાપ્રાતિહાર્ય સાથે તીર્થંકરનું ચિત્ર

બનાવરાવવું હતું. ભગવાન મહાવીરનાં ચિત્રો પણ થઈ રહ્યાં હતાં. પ્રાતિહાર્યમાં એક છત્રની જ બાબત એવી હતી કે જેમાં સવળાં–અવળાં બંને પ્રકારો રાખી શકાય. મારે નિર્ણય કરવો હતો એટલે પૂજ્યપાદ્ આચાર્યશ્રીજી ઉપર મેં પત્ર લખ્યો હતો અને તેમાં મેં ત્રણ છત્રનાં બે પ્રકાર (સવળાં અને અવળાં) પણ બતાવ્યાં હતાં. તેમાં લખ્યું હતું કે—

પાષાણની પરિકરવાળી મૂર્તિઓની અંદર કોઈકમાં સ્પષ્ટ ત્રણ છત્ર, તો કોઈકમાં નીચેનું મોટું છત્ર અને ઉપર બે છત્રનો ખ્યાલ આપતાં બે આંકા–હાંસિયા પણ હતા, તે વાત પણ મેં લખી અને હું પોતે ઉપર સૌથી નાનું, તેની નીચે બીજું તેથી મોટું અને તેની નીચે ત્રીજું ભગવાનનાં માથા ઉપર વધુ મોટું, આ રીતનો ક્રમ સાચો છે એમ દઢતાથી માનું છું. કેમકે અવળાં છત્રનો શાસ્ત્રીય કે મૂર્તિચિત્ર દ્વારા કોઈ પુરાવો આજસુધી મને મલ્યો નથી. શોભા અને સુંદરતાની દૃષ્ટિએ પણ સવળાં ત્રણ છત્ર ખૂબ જ સુંદર, શોભાસ્પદ રચના છે અને બીજી બાજુ સવળો ત્રિકોણાકાર હોવાથી પણ જોનારને આનંદ આપનાર છે. આપ ઊંડા જ્ઞાની અને બહુશ્રુત પુરુષ છો તો સેવકને સ્પષ્ટ જવાબ આપવા કૃપા કરશોજી.

મારા પત્રના જવાબમાં તેઓશ્રીએ વિ. સં. ૨૦૨૪, પોષ વદિ–૨, બુધવાર, તા. ૧૭–૧–૬૮ના દિવસે મુનિપ્રવર શ્રી નીતિપ્રભવિજયજી મ. પાસે જે પત્ર લખાવરાવ્યો તે પત્ર નીચે આપીએ છીએ. આ પત્રમાં અવળા વિકલ્પનો જરાપણ સંકેત કર્યો નથી, તેમજ અતિસ્પષ્ટ શબ્દોમાં સવળાં છત્રની વાત લખી છે તે બંને વાત વાચકો બરાબર ધ્યાનમાં રાખે.

**પત્રનો ઉતારો**

**ॐ अर्हं नमः**

શાસનસમ્રાટ્ પ. પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી સદ્ગુરુભ્યો નમઃ

વિ. સં. ૨૦૨૪, પોષ વદિ–૨, બુધવાર, તા. ૧૭–૧–૬૮

**લિ. વિજયોદયસૂરિ, પં. નીતિપ્રભવિજયજી ગણી વગેરે ઠાણા–૬, તત્ર મુનિશ્રી યશોવિજયજી વગેરે યોગ્ય અનુવંદના–વંદના.**

પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય, બાલબ્રહ્મચારી પૂજ્યપાદ ગુરુમહારાજશ્રીજીના પુણ્યપસાયે અત્ર સુખશાંતિ છે. તમારો પત્ર તા. ૧૨–૧નો મલ્યો છે. સમાચાર જાણ્યા. છત્ર સંબંધી પુછાવ્યું તો તમારી માન્યતા બરાબર છે. પરિકરમાં પણ તે જ આકારે છત્રાતિછત્ર હોય છે.

પરિકરમાં આંકા–હાંસા માત્ર (બે છત્રનાં) હોય છે. દેખાવ માટે

**લિ. નીતિપ્રભવિજયની સુખશાતા**

આ કાગળ આવ્યો ત્યારે હું મુંબઈ ચેમ્બુર જૈન ઉપાશ્રયમાં હતો. પૂજ્ય ઉદયસૂરિજી મ. ના આ પોસ્ટકાર્ડમાં નીતિપ્રભવિજયજીએ સવળાં છત્રની આકૃતિ પણ દોરી બતાવી છે એટલે મારી શાસ્ત્રીય સમજને સંપૂર્ણ ટેકો આપતો સહુથી પહેલો આ પત્ર મલ્યો હતો.

પત્રના બ્લોકો છાપીને મૂકયા છે.

❀

**નોંધ :**—જે આચાર્યોએ સંમતિ સાથે પત્રમાં કંઈક વિશેષ પ્રકારે લખ્યું હતું, તે જ પત્રોમાંથી જરૂરી નોંધ અહીં આપી છે.

## ( પત્ર-૨ )

શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ-૪
વિ. સં. ૨૦૪૪ના બીજા જેઠ સુદ ૧૦ ને શનિવાર

**વિજય રામચંદ્રસૂરિ** તરફથી જ્ઞાનાદિગુણગણાલંકૃત આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી યોગ્ય અનુવન્દના સુખશાતા સાથે લખવાનું કે—

'તમારા બધા પત્રો, લેખો વગેરે મલ્યા છે. વચમાં એક પહોંચ પત્ર લખ્યો હતો તે મળેલ હશે. તમારા પત્રોનો જવાબ લખવામાં સંયોગવશ વિલંબ થયો છે.

શ્રી તીર્થંકર પરમાત્માની ઉપરનાં છત્રત્રયીની રચના સંબંધમાં તમારી વિચારણા સ્પષ્ટ કરતો લેખ વાંચ્યો. ઉપલબ્ધ પ્રમાણો વિચારતાં હાલ તમે જે નિર્ણય ઉપર આવ્યા છો (શ્રી તીર્થંકરદેવની ઉપરનું છત્ર સૌથી મોટું, એની ઉપરનું એથી નાનું અને એની ઉપરનું એથીય નાનું  આવી આકૃતિ) એ બરાબર લાગે છે. હજુ પણ આ અંગે વિચારણા ચાલતી રહે અને અત્યારના આ નિર્ણયથી જુદો વિચાર કરવો પડે એવાં નક્કર શાસ્ત્રપ્રમાણો ન મળે ત્યાં સુધી ઉપર જણાવ્યા મુજબનો નિર્ણય સ્વીકારીને ચાલવામાં મારી સંમતિ છે.'

( પત્ર-૩ )

અમદાવાદ ગીરધરનગર, તા. ૧૬-૭-૮૮

પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી મ., પૂ. આ. શ્રી વિજય સુબોધસૂરિજી મ.

'તમારૂં સંશોધન દાદ માગી લે છે. અમે પણ તમારા બતાવ્યા પ્રમાણે જ છત્રત્રયી ઘણે ઠેકાણે જોઈએ છીએ. તમારો નિષ્કર્ષ સાચો છે. અમે પણ માનીએ છીએ.'

( પત્ર-૪ )

ખરતરગચ્છના ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ઉદયસાગરસૂરિજી લખે છે કે 'આપે જે છત્રનો ક્રમ જણાવ્યો તે જ સાચો છે, તે શાસ્ત્રથી પણ સિદ્ધ છે.' આ બાબત વિશેષ ધ્યાનપૂર્વક અવલોકનથી આપે જે નક્કી કરી છે તે બરાબર છે.

( પત્ર-૫ )

ત્રિસ્તુતિકગચ્છના અગ્રણી પૂજ્ય આચાર્યશ્રીજીનો અભિપ્રાય

ખાચરોદ

તા. ૪-૧૧-૮૭

શાસનપ્રભાવક કલાવારિધિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ યશોદેવસૂરીશ્વરજી મહારાજ, વંદના....

રજીસ્ટર્ડથી લેખ મલ્યો, પત્ર પણ મલ્યો, વાંચ્યો. 'આપની પ્રત્યેક વિષયમાં રહેલી અંતરની દાઝને જાણી આનંદ થયો. મારી ગણતરી પણ વરસોથી એવી જ રહેલી કે છત્રની વર્તમાન પરંપરા ઉપર વિચારણા થવી જરૂરી છે. કારણકે હું પણ છત્રની સ્થિતિ અને પરિકરવાળી મૂર્તિઓને દેખતા

ખૂબ જ ચિંતન કરતો કે શિલ્પ પરંપરા અને વ્યવહાર બંનેમાં ભિન્નતા કેમ હશે ? પણ આપે લખ્યા મુજબ પ્રશ્નને અંતરમાંથી બહાર મૂકેલ નહિ.

વીતરાગસ્તોત્ર પણ દેખેલું.

ખેર ! છતાં આપે જણાવેલ વિષય સાથે હું સંમત છું, કે છત્રની પરંપરા એક પછી એક ઉત્તરોત્તર મોટું સૌથી નીચે, પછી નાનું અને અંતે સૌથી નાનું છત્ર રહેવું યોગ્ય, ઉચિત અને વાસ્તવિક લાગે છે.

હવે પછીનાં કાર્યોમાં તે મુજબ વ્યવહાર સાચવવાનો જ ભાવ રહેશે.' આપના પુનિત દેહે શાતા વર્તતી હશે.

લિ. આ. શ્રી જયંતસેનસૂરિ

(પત્ર-૬ )

## तेरापंथी संप्रदायके प्रौढ विद्वान् महाप्रज्ञ श्री नथमलजी मुनिश्रीका अभिप्राय

**पत्रप्रेषकश्री–**

आचार्य श्री यशोदेवसूरि द्वारा लिखित छत्रत्रयी के विषयमें एक शोधपूर्ण लेख मिला, और पढा। पढ़नेके बाद लगा कि लेखकने वीतरागस्तोत्रके श्लोकके विषयमें विमर्श किया है। वह विमर्श साधार है। छत्राविछत्रके विषयमें जो निर्णय किया है और जो प्रमाण उद्धृत किये हैं वे मननीय है।

लेखक अपने श्रममें सफल हुए है।

नई दिल्ही

दि. १४-११-८७

સુઘોષા, કલ્યાણ, પ્રબુદ્ધજીવન માસિકોમાં પ્રગટ થયેલ મારો લેખ વાંચીને જુદી જુદી વ્યક્તિઓએ લખેલા પત્રોમાં જુદી જુદી રીતે લેખની અનુમોદના કરતાં શબ્દો-વાકયો લખ્યાં હતાં તેમાંથી થોડાં લખાણનું સંકલન કરી અહીં થોડીક નોંધો રજૂ કરી છે

ખુલાસો-અમોએ કોઈના અભિપ્રાય માગ્યા નથી, સહજ-ભાવે વાચકોએ લખ્યા છે.

* આપ આટલું બધું ઊંડું જ્ઞાન, વ્યાપક સમજ, બીજાઓને ઓછા ખ્યાલમાં આવે એવા અનેક ખ્યાલો ધરાવો છો તે જોઈને અમને ગૌરવ થાય છે. આપના જીવનની અને જ્ઞાનની એક નાનકડી પણ મોટી સિદ્ધિ છે. સ્વાસ્થ્ય ઘણું પ્રતિકૂળ છતાં આપ કઈ રીતે આટલો બધો શ્રમ ઉઠાવી શકો છો તેની નવાઈ લાગે.

*          *          *

* આપનો લેખ વાંચીને હૈયું નાચી ઉઠયું. સૌરાષ્ટ્રના એક ખૂણામાં બેસીને એક નાનકડી બાબત ઉપર પણ આપ કેવું ઊંડું સંશોધન કરી સમાજને ઉપકાર કરી રહ્યા છો તે બદ્દલ આપને ઘણા ઘણા ધન્યવાદ ઘટે છે. શાસનદેવ આપને બધી રીતે સહાય કરે એ જ શુભકામના!

*          *          *

*** વિવિધ પક્ષના આટલા બધા મહાન આચાર્યોની આપ સંમતિ મેળવી શકયા એ જોતાં આપણા વર્તમાન પૂજ્ય આચાર્ય મહારાજોનો આપના પ્રત્યે કેટલો સદ્ભાવ છે તે જોઈ કોઈપણ ભક્ત વાચકને આનંદ થયા સિવાય નહીં રહે. જૈન સાહિત્યની, જૈનસમાજની, જૈનસંઘની આપે વરસોથી જે સેવાઓ આપી છે તે ખરેખર અવર્ણનીય છે.**

*                    *                    *

*** આટલા બધા આચાર્યોની સંમતિ મેળવી શકયા ત્યારે આપનો તેઓ પ્રત્યે કેવો આદરભાવ હશે. આવી રીતે પરસ્પર આચાર્યો વચ્ચે ધર્મસ્નેહ પ્રવર્તે, સન્માનની દષ્ટિ રહે તો શાસનને કેવા લાભો થાય!**

*                    *                    *

## 'આપનો છત્રનો લેખ એક સિદ્ધિ છે'

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ્ આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની પવિત્ર સેવામાં...........

પ્રબુદ્ધ જીવનમાં આવેલાં છત્ર ઉપરનો આપનો લેખ સૌ કોઈને પ્રભાવિત કરવા ઉપરાંત આપના ઊંડા અભ્યાસના દર્શન કરાવે છે. આ રીતે જ્ઞાનમય આપના લેખો સતત મળતા રહેશે તો મારા જેવા અલ્પ જ્ઞાનીને બહુ લાભ થશે. સમાજ તેમજ સાધુ સંસ્થાને અત્યંત વિપુલ જ્ઞાનનો લાભ મળતો રહેશે. **આપે 'છત્ર' ઉપરનો લેખ તૈયાર કર્યો તે એક સિદ્ધિ છે.** કોઈને ખ્યાલ ના આવે તેવો નાનો પણ ગહન વિષય છે. **આપના જ્ઞાન પ્રત્યેનો આદર સહસ્રગણો વધેલ છે.**

તા. ૨૪-૪-૮૮                                        —કાન્તિલાલ કોરા-મુંબઈ,

(આ પત્ર સ્વયંભૂ ઇચ્છાથી લખાએલો છે)

# છત્રની બાબતમાં કયા કયા પૂ. આચાર્યાદિ મુનિરાજો સાથે વાતચીત થયેલી તેની ટૂંકી નોંધ

ત્રણ છત્રની બાબતમાં એકમતિ નિર્ણય આવી જાય એ બાબત ૩૦ વરસથી મારા મનમાં ઊગી હતી એટલે જ્યારે જ્યારે આ વાત યાદ આવે અને વાત કરવા યોગ્ય આચાર્ય મહારાજાઓ આદિનો ભેટો થઈ જાય ત્યારે ત્યારે ત્રણ છત્રનાં વાતની ચર્ચા હું ઉપસ્થિત કરતો, પણ તે વખતે ત્રણ છત્ર અંગે વધુ પડતું વિચારેલું નહિ. મુખ્યત્વે પરિકરવાળી તથા ત્રણછત્રસહિતની પથ્થર અને ધાતુની મૂર્તિઓના ફોટાઓનાં તથા એવાં અન્ય ચિત્રો વગેરેનાં આધારે વિચારણા થતી. એ ચર્ચા–વિચારણા ૬–૭ વ્યક્તિઓ સાથે કરેલી. પૂરો સંવાદ રસપ્રદ છે પણ અહીંયા સકારણ પૂરો ન આપતાં બહુ જ સંક્ષેપમાં રજૂ કર્યો છે. કોની સાથે શું શું ચર્ચા–વિચારણા થયેલી તેની જાણવા જેવી થોડી રસપ્રદ વિગતો નીચે આપું છું.

## પરમપૂજ્ય આ. શ્રી નંદનસૂરિજી મહારાજ

પૂ. આ. શ્રી નંદનસૂરિજી મ. ઉપર મેં એક પત્ર લખ્યો અને તેમાં બંને પ્રકારનાં છત્રો પેન્સિલથી દોરી બતાવ્યાં. મેં તેમણે લખ્યું કે સવળાં છત્રની પદ્ધતિ જૈનમંદિરોમાં છે અને અવળાં છત્રની પદ્ધતિ અજૈન મંદિરોમાં છે. ત્યારે તેમણે ટૂંકો પત્ર લખી જણાવ્યું કે હું બહુ પ્રવૃત્તિમાં છું એટલે ટૂંકમાં જ લખું છું. એવું લખી જણાવ્યું કે સવળાં છત્રની પદ્ધતિ જૈનમંદિરોમાં છે તેમ નથી પણ સવળાં છત્રની પદ્ધતિ અજૈનોની છે અને અવળાં છત્રની પદ્ધતિ આપણે ત્યાં છે.

તેઓશ્રીનો પ્રત્યુત્તર વાંચી હું તો વિચારમાં જ પડી ગયો કે આમ ઊલટું કેમ જણાવ્યું. આવી અનુભવી, સમર્થ, ચિંતનશીલ વ્યક્તિ અને એ લખે ત્યારે મુંઝવણ અનુભવાય પણ તેમના જવાબથી મને થયું કે તેઓશ્રીની સામે વીતરાગસ્તોત્રનો શ્લોક અને તેની ટીકા જ હશે, એટલે નક્કી થયેલી સમજ મુજબ જ જવાબ મળે તે સ્વાભાવિક હતું.

બીજી બાજુ સવળાં છત્રનાં પ્રાચીન સંખ્યાબંધ ફોટાઓ મારી સામે હતાં એટલે તેઓશ્રીની વાત હું કઈ રીતે સ્વીકારી શકું? એટલે મને થયું કે સવળાં છત્રનાં ફોટાવાળી ભગવાનની મૂર્તિઓનું પુસ્તક અને ફોટા વગેરે મોકલું તો તેઓશ્રીનો અભિપ્રાય તરત જ બદલાઈ જશે. આ સમયે હું ગોડીજી ઉપાશ્રયમાં હતો. સાલ પ્રાયઃ ૨૦૨૩ની હશે. અમદાવાદના સથવારાની હું રાહ જોતો હતો ત્યાં પંડિતજી શ્રી માવજી દામજી શાહના સુપુત્ર ભાઈશ્રી જયંત શાહ મને મળવા આવ્યા. તેમણે મને કહ્યું કે હું કાલે અમદાવાદ જવાનો છું. પાંજરાપોળનું કં કામકાજ હોય તો કહો એટલે મેં તેમની જોડે સવળાં ત્રણછત્રવાળી મૂર્તિઓનાં અનેક ફોટાનું પુસ્તક તથા કેટલાક છુટક ફોટાઓ મોકલી આપ્યાં. અમદાવાદ પૂજ્યશ્રીએ જોઈને મારા ઉપર કાગળ લખી જણાવ્યું કે તારી વાત બરાબર સાચી છે. સવળાં છત્રની માન્યતા એ આપણા જૈનોની છે એની મને ખાત્રી થઈ ગઈ છે. તે દિવસે તો હું બહુ કામમાં હતો તેથી વિશેષ વિચારવાનો સમય ન હતો એટલે ઉતાવળમાં લખી નાંખ્યું હતું. આ રીતે પૂ. આ. શ્રી નંદનસૂરિજી મહારાજે પણ સરલભાવ રાખી સત્યનો આદર કરી સવળાં છત્રની માન્યતાને ટેકો આપ્યો હતો.

આનંદની વાત એ હતી કે ફક્ત બે નાનકડા પત્રથી વાત પતી ગઈ હતી. ન તેઓશ્રીએ મને કોઈ સવાલ કર્યો કે ન કોઈ ટકોર કરી, જો કે સવાલ કરવા જેવું હતું પણ નહીં. કારણ કે હજાર વર્ષની આસ-પાસની મૂર્તિઓનાં સંખ્યાબંધ ફોટાઓ પોતાની નજરે જ્યારે નિહાળે ત્યારે અવળાં છત્રની વાતનું સ્મરણ પણ ક્યાંથી આવે!

*

## પરમપૂજ્ય આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ

મુંબઈ શાન્તાક્રુઝના ઉપાશ્રયમાં પરમપૂજ્ય આચાર્ય શ્રીમાન્ વિજય રામચંદ્રસૂરિજી મહારાજને મળવાનું થયું. ત્રણછત્રની પ્રશ્નોત્તરીની વાત તે વખતે કરી પણ અધૂરી રહી. ત્યારપછી મળવાનો જોગ ન બન્યો પરંતુ પાલીતાણામાં છત્ર અંગે જે લેખ મેં તૈયાર કર્યો હતો તે લેખ તેઓશ્રી ઉપર મોકલી આપ્યો હતો. બાર મહિનાને અન્તે લેખની પૂરી જાંચ કર્યા પછી તેઓશ્રીએ મુંબઈથી પત્ર દ્વારા (સરતી) સંમતિ આપી. સંમતિ વાંચીને આશ્ચર્યસહ અનહદ આનંદ થયો. અનહદ આનંદ થવાનું કારણ એ હતું કે વરસોનાં વરસો થયાં જે જ્ઞાનીપુરુષ દ્વારા ઉજમણાનાં છોડોમાં તથા જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં અવળાં છત્રો જ (વીતરાગસ્તોત્રની ટીકાના આધારે) થતાં રહ્યાં હતાં. પન્નારૂપાના ઉજમણાનાં તમામ છોડોમાં કરાવેલાં અવળાં છત્રો મારી સગી આંખે જોયાં હતાં. એક અગ્રણી સાધુ મને ઉજમણું બતાવવા સાથે હતા, મે તેમનું સહજ ધ્યાન પણ ખેંચ્યું હતું. આવી જ્ઞાનવૃદ્ધ વ્યક્તિ લેખ વાંચી ચાલી આવતી પરંપરાને માન આપવા 'સાચું એ મારું' એ સૂત્રને ધ્યાનમાં રાખીને મારી સાથે ચર્ચામાં ઉતર્યા વિના ઉદારતા અને સરળતાથી

સહમત થાય, મારા જેવી નાની વ્યક્તિના લેખના પત્રને વાંચે, છેવટે તેનો આદર કરે, શાસ્ત્રની સાચી વાતનો સ્વીકાર કરે એ અસામાન્ય બાબત છે. પોતાની વરસો જૂની પ્રથા અને માન્યતાને છોડવામાં તેઓશ્રીને જરાપણ ખચકાટ ન થયો, નાનમ ન અનુભવી, ન એમને સ્વમાન હાનિ દેખાણી, આ બાબત બીજાઓ માટે ખરેખર એક દૃષ્ટાન્તરૂપ છે. એક વિશિષ્ટ વ્યક્તિ સાધુના શાસનનાં એક નાના સત્કાર્ય પ્રત્યે આદર રાખી સંમતિ આપે, એ આનંદ સહ ગૌરવની બાબત છે. શતશઃ ધન્યવાદ !

*

## પરમપૂજ્ય આ. શ્રી અમૃતસૂરિજી મહારાજ

ત્રીસ વર્ષ ઉપર વાલકેશ્વરથી પાયધુની આવતા ગુલાલવાડીમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના દર્શન કરવા ગયો ત્યારે તે વખતે છત્ર ઊંધાં હતાં. તે છત્ર મેં સવળાં કરી નાંખવાં કાર્યકર્તાઓને કહ્યું અને તેઓએ તે રીતે કર્યું અને તેની મને જાણ કરી. મહિના પછી ફરીથી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દર્શન કરવા જવાનું થયું ત્યારે ફરી પાછાં છત્રો સવળાં હતાં તે અવળાં કરી નાંખ્યાં હતાં તે જોઈને મેં મહેતાજીને પ્રશ્ન કર્યો કે પાછાં તમોએ છત્રો કેમ ફેરવી નાંખ્યાં ? ત્યારે તેમણે કહ્યું કે ગોડીજીના ઉપાશ્રયમાંથી ( પૂ. સૂરિસમ્રાટ્‌ના ) પૂ. આ. શ્રી અમૃતસૂરિજી મહારાજ દર્શન કરવા આવ્યા અને તેમણે કહ્યું કે આ છત્ર પાછાં કેમ ફેરવી નાંખ્યાં ? ત્યારે મેં કહ્યું કે યશોવિજયજી મહારાજ અહીં પધાર્યા ત્યારે તેમણે કરેલી સૂચનાના કારણે અમોએ ફેરફાર કર્યો. ત્યારે પૂ. આચાર્યશ્રીજીએ કહ્યું કે યશોવિજયજી એ કંઈ આચાર્ય નથી,

એટલે અમો જે કહીએ તે જ તમારે કરવાનું હોય. એ વખતે પૂજ્યશ્રીજીને મન જ્ઞાનના માપદંડ તરીકે મનમાં પદવી આવી ગઈ.

## પરમપૂજ્ય આ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ

૫. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મ. ના સમુદાયના વિદ્વાન આ. પૂ. હેમસાગરસૂરિજી મહારાજશ્રીનો સાહિત્યમંદિરને લાભ મળે એટલા માટે વિનંતિ કરતાં તેઓશ્રીએ સાહિત્યમંદિરમાં પધારી લગભગ મહિનો સ્થિરતા કરી. વિહારના છેલ્લા દિવસોમાં મને ત્રણછત્રની વાત યાદ આવી ત્યારે ઠીક ઠીક ચર્ચા–વિચારણા કરેલી. પ્રત્યક્ષપ્રમાણ તરીકે પરિકરવાળાં ત્રણ છત્રોવાળાં ભગવાનના જે ફોટાઓ હતા, તે તેઓશ્રીને બતાવ્યા. વળી આગમમંદિરમાં જે રીતે અવળાં છત્રો કરવામાં આવ્યાં હતાં તે વાત પણ થઈ. મેં તેઓશ્રીને ખાસ વિનંતિ કરી કે બધા આચાર્યો જો સવળાં છત્રની માન્યતા સ્વીકારે તો એક નાનકડું પણ મહત્ત્વનું કાર્ય એકીઅવાજે દેશમાં પ્રચારિત થાય. મેં નમ્રભાવે એ પણ જણાવ્યું કે મારી શરમે આપ હા નહિ પાડતા, આપના આત્માને જચે તો જ કહેજો. કદાચ મારી વાતમાં સંમત નહીં થાઓ તો મને જરાપણ દુઃખ કે રંજ નહીં થાય. કેમકે આ તો એક શાસ્ત્રની પ્રાતિહાર્યની વાત છે, સહુની છે, મારી પોતાની કોઈ અંગત વાત નથી, ત્યારે તેમણે કહ્યું કે તારી વાત મને સાચી લાગી છે. આટલી બધી મૂર્તિઓ ઉપર નજર સામે સવળાં છત્રો છે પછી મારે શું વિચારવાનું હોય! ત્યારે મેં કહ્યું કે આપ એક કાગળ ઉપર લખીને સહી કરી આપો, ત્યારે તેમણે કહ્યું કે તમે લખાણ કરી દો પછી હું વાંચીને સહી કરી આપું. તે પછી

મેં લખાણ કર્યું, તેઓશ્રીએ બરાબર વાંચીને સહી કરી આપી. પછી મેં તેઓશ્રીને કહ્યું કે જો જો અમદાવાદ ગયા પછી વિચાર બદલાઈ ન જાય, પરંતુ મને જે ઊંડે ઊંડે ભય હતો તે સાચો પડયો અને અમદાવાદ ગયા પછી મને કાગળ લખીને જણાવ્યું કે 'મારી સહી સાથેનું લખાણ મને પાછું મોકલી આપશો. આ બાબતમાં તમને વિશેષ કંઈ પણ લખતો નથી.' મારી ફરજ મુજબ તેઓશ્રીનો સહી સાથેનો કાગળ પાછો મોકલી આપ્યો.

## મુનિવર્ય શ્રીમાન્ અભયસાગરજી

ધર્મસ્નેહી ગુણીયલ મુનિવર શ્રી અભયસાગરજી સાથે છત્ર બાબતમાં ત્રણ–ચારવાર વાર્તાલાપ થએલો. અમારી બે વચ્ચેની શિસ્તમર્યાદા એવી હતી કે મારી જોડે વાત કરવાની હોય ત્યારે અમો બે જણા જ હોઈએ, ત્રીજો સાધુ બેસે જ નહીં, વાત ગમે તે પ્રકારની હોય.

તેઓ પોતાની આરાધનાના નવકાર મહામંત્ર વગેરેનાં તમામ પટોમાં, ચિત્રોમાં અવળાં છત્ર જ વરસોથી કરાવતાં રહ્યાં હતાં. પરસ્પર આદર–શ્રદ્ધા ઘણી હતી એટલે મુક્તમનથી વિચારણા થતી સવળાં છત્રની દલીલો સાંભળી વધુ વિચારવું જોઈએ એમ કહ્યું. તે પછી મેં પ્રેમભાવે વિનંતિ કરી કે આપ ભવિષ્યમાં જ્યારે નિર્ણય કરવો હોય ત્યારે કરજો, પરંતુ પરિકરવાળી મૂર્તિઓ ભરાવો તેની અંદર પથ્થરમાં ત્રણ છત્ર જો કરાવો તો સવળાં જ કરાવજો, જેથી ૨૫૦૦ વરસથી જળવાઈ રહેલી અખંડ પરંપરા અખંડરૂપે જ રહે અથવા તો માત્ર એક જ છત્ર કરાવજો.

# ત્રણ છત્ર અંગે રૂબરૂ કે પત્રો દ્વારા થએલી થોડીક પ્રશ્નોત્તરી

*

**પ્રશ્ન ૧.** આપે વિવિધ આધારો દ્વારા ત્રણછત્રોનો જે અવળો જ ક્રમ દર્શાવ્યો તે બરાબર પરંતુ તેથી વિપરીત છત્રો પણ હોઈ શકે એવો ગ્રન્થોલ્લેખ શું આપને મલ્યો જ નહિ?

**ઉત્તર :** ના, મલ્યો નથી. જો મલ્યો હોત તો આ લેખ લખવાની જરૂર ન રહેત. ભવિષ્યમાં પણ મળવાની મને કોઈ આશા નથી. ચમત્કાર થાય અને મળે તો જુદી વાત છે.

**પ્રશ્ન ૨.** ઉપરના પ્રશ્નમાં છત્ર લટકાવવાની વાત કરી તો શું મૂર્તિના ઘડતરની સાથે જ છત્રો કંડાર્યાં હોય તેવી પણ મૂર્તિઓ મળે છે ખરી?

**ઉત્તર :** હા, જરૂર મળે છે.

**પ્રશ્ન ૩.** આ મૂર્તિ પથ્થરની મળે છે કે એકલી ધાતુની મળે છે?

**ઉત્તર :** પથ્થર અને ધાતુ બંને માધ્યમ ઉપર બનાવેલી મળે છે.

**પ્રશ્ન ૪.** તે કેટલી જૂની હશે?

**ઉત્તર :** પાષાણની અંદાજે બે હજાર વર્ષ જૂની અને ધાતુની ચોક્કસ કહી શકાય તેવું નથી છતાં પાંચમા સૈકા પછીની જોવા મળે છે.

**પ્રશ્ન ૫.** મૂર્તિની અંદર બનાવેલાં છત્રો મળે તે પુરાવો પૂરેપૂરો પ્રમાણભૂત ગણાય ખરો?

**ઉત્તર :** હા, એકદમ જોરદાર પુરાવો ગણાય. પરંતુ ચાંદીનાં સાંકળથી કે દોરીથી લટકાવાય છે, તે તો સહુ મરજી મુજબ સવળાં–અવળાં લટકાવે છે, તો તે છત્રોની વાત અહીં ગણતરીમાં લેવાની નથી. બે હજાર વરસથી સવળાં છત્રો મૂર્તિમાં જ બનેલાં મળે છે.

**પ્રશ્ન ૬.** શું અવળાં છત્રની એકેય મૂર્તિ જોવા નથી મળી ?

**ઉત્તર :** આ પ્રશ્નનો જવાબ આપતા પહેલાં જૈન મૂર્તિ-શિલ્પો અંગે થોડી વાત જણાવું. પહેલી વાત એ છે કે આપણે ત્યાં જિનમંદિરોમાં પદ્માસનસ્થ સિદ્ધાવસ્થાની જિનમૂર્તિઓ બેસાડવાની પ્રથા ૮૫ થી ૯૦ ટકા છે. સિદ્ધાવસ્થાની મૂર્તિઓ એટલે કે પરિકર વિનાની હોય છે. દેશનાં મંદિરોમાં માત્ર ૧૦ થી ૧૫ ટકા મૂર્તિઓ પરિકરવાળી હશે. છત્રનો સંબંધ પરિકરવાળી મૂર્તિઓ સાથે જ રહેલો છે એટલે પરિકરમાં છત્રો અંદરથી કંડારીને બતાવવામાં આવે છે. પરિકરવાળી મૂર્તિઓમાં મૂર્તિશિલ્પનાં ઊંચાઈના હિસાબે કેટલાં છત્રો મૂકવાં તે અનુકૂળતા જોવી પડે છે, એટલે શિલ્પકારો ત્રણ છત્રો બતાવવાની અનુકૂળતા હોય ત્યારે ત્રણ છત્રો બતાવે છે પણ ત્રણ છત્રોવાળી મૂર્તિઓ દેશમાં ઓછા પ્રમાણમાં મળે છે. જ્યારે એક છત્રનાં પરિકરવાળી મૂર્તિઓ તેથી વધુ મળે છે. દેખાવમાં એક છત્ર હોય છે પણ બીજાં બે છત્રોનું અસ્તિત્વ બતાવવાં ઉપર બે હાંસિયા કરીને ત્રણ છત્રો બતાવાય છે. શાસ્ત્રદૃષ્ટિએ પરિકરમાં ત્રણ છત્રો અથવા એક છત્ર પણ કરવાની પ્રથા છે.

*

# તીર્થંકરદેવની કેશમીમાંસા

## લેખ નં. ૨

તીર્થંકરો દીક્ષા વખતે લોચ-વાળ બધા કાઢી નાખે છે, પણ ફરીથી વાળ આવે છે ખરા ?

આ પ્રશ્નની સેંકડો વરસ બાદ પહેલી જ વાર શાસ્ત્રોનાં અનેક પુરાવાઓ સાથે વિશદ, છણાવટ કરતો આ લેખ જૈનસંઘને એક અભૂતપૂર્વ અને કેટલીક નવીનતમ બાબતોનો ખ્યાલ આપશે.

—આચાર્ય યશોદેવસૂરિજી

## પ્રથમ 'કેશમીમાંસા' લેખનું આ અવતરણ વાંચી લો

❀

જૈન સાધુ સંસ્થામાં પ્રસિદ્ધ વીતરાગસ્તોત્રનો અભ્યાસી વર્ગ એ સ્તોત્રના ચોથા પ્રકાશના સાતમા શ્લોકનો અર્થ, તેની ટીકાના અર્થ સાથે અનુસંધાન કરીને, તીર્થંકરદેવો દીક્ષા લેતી વખતે માથાનો અને દાઢી-મૂછનો લોચ કરે તે પછી તેઓના માથાના વાળમાં ન્યૂનાધિકપણું થતું નથી અને જીવનપર્યંત ભગવાન લગભગ વાળ વિનાના જ હોય છે, આ વાત આ ટીકાકારે જ કરી છે. જો કે મૂલશ્લોકમાં તો એ વાતનો ઈશારો પણ નથી. વાળ વધતા નથી એવી જોરદાર હવાના કારણે દીક્ષા પછીનાં જે ચિત્રો ચિતરાવવામાં આવતાં હતાં તે પણ વાળ વિનાનાં જ થતાં રહ્યાં. તે પછી મારા હસ્તક તૈયાર થઈ રહેલાં ભગવાન મહાવીરનાં ચિત્રો ચિતરાવવાનાં પ્રસંગે ભગવતીસૂત્રના[1] મૂલપાઠ દ્વારા કેવલી અવસ્થામાં વાળનું અસ્તિત્વ હતું તે જાણ્યું, એટલે મનમાં એક પ્રશ્ન ખડો થયો કે અત્યારના અભ્યાસીઓની સમજણ જીવનભર વાળ હોતા નથી એવી છે. બીજી બાજુ ભગવતીજી જેવું મહાશાસ્ત્ર વાળનું સ્પષ્ટ અસ્તિત્વ જણાવે છે તો એમાં સાચું શું ? એ જોઈએ. શાસ્ત્રો-ગ્રન્થો તપાસી વ્યાપક વિચારણા કરીને સત્ય શોધી કાઢવું અને પછી મારે તીર્થંકરનાં ચિત્રો વાળવાળાં કરાવવાં કે વાળ વિનાનાં તેનો નિર્ણય કરવો. તે પછી થોડું સંશોધન શરૂ કર્યું પણ અન્ય કારણોસર પૂરતા પ્રમાણમાં કરી ન શકયો. પછી

---

૧. આ પાઠ મૂલ લેખમાં આપ્યો છે.

પૂજ્ય ગુરુદેવ સાથે ચર્ચા-વિચારણા કરતાં પરિસ્થિતિનો તોલ કરીને અત્યારે તો વાળ વિનાનાં જ ચિત્રો ચિતરાવવાં તેવો નિર્ણય લીધો, અને તે મુજબ ભગવાન શ્રી મહાવીરનું ચિત્રસંપુટ તૈયાર કર્યું. ચિત્ર-સંપુટ બહાર પડયા પછી કેટલાક અનુભવી વિદ્વાનો, ચિંતકોના કાગળો આવેલા કે ભગવાન મહાવીરનાં બધાં જ ચિત્રો વાળ વિનાનાં બનાવરાવ્યાં તો વાળવાળાં પણ થોડાં બનાવરાવ્યાં હોત તો સારૂં થાત.

પછી વરસો વીત્યા બાદ ભગવાન શ્રી મહાવીરજીની ત્રીજી આવૃત્તિ વિ. સં. ૨૦૩૮માં પ્રગટ કરવાનો નિર્ણય કર્યો ત્યારે ભગવાનનાં થોડાંક ચિત્રો વાળવાળાં બનાવવાં કે કેમ ! એ વિચાર ઠીક ઠીક રીતે મારા મનમાં ઘોળાતો રહ્યો ત્યારે મેં નક્કી કર્યું કે હવે ભગવાનના કેશ (વાળ)ની બાબતમાં સંશોધન કરી લેવું એટલે થોડો થોડો સમય મેળવીને એ કામ કરતો રહ્યો. છદ્મસ્થાવસ્થામાં પણ વાળ હતા, લોચ પણ થતો હતો વગેરે શાસ્ત્રોનાં પુરાવા ઉપલબ્ધ થયા. એમાં સૌથી પહેલો આચારાંગનો[1] પુરાવો સચોટ મળ્યો. પછી મને થયું કે જુદા જુદા સંઘાડાના આચાર્યો અને અન્ય વિદ્વાન સાધુઓને લેખિત મારો વિચાર જણાવવો અને તેમના અભિપ્રાયો મેળવવા, આથી મને પણ નિર્ણય કરવામાં સહાયતા મળશે. વળી કોણ વ્યક્તિ આવી બાબતમાં અભ્યાસી છે તેની પણ જાણકારી મળી રહેશે એમ બે લાભ થશે, એટલે એ દિશામાં મેં આચારાંગના પુરાવા ઉપર '**એક વિચારણીય પ્રશ્ન**' નામનો લેખ તૈયાર કર્યો અને તેઓને મોકલી આપ્યો. પાંચ-સાત વ્યક્તિના જવાબો મળ્યા પણ તે બહુ વજુદવાળા ન હતા. છેવટે મારી મેળે મારે આગળ વધવું

---

૧. ઉપધાન શ્રુત. અધ્યયન ૯, ઉ. ૧, ગાથા-૮.

એમ નક્કી કર્યું અને આ અંગે જુદાં જુદાં આગમો અને ધર્મગ્રન્થો જે જે જોવાં જરૂરી હતાં તે બધા તપાસી લીધાં અને તે પછી તેના ઉપર મેં શાસ્ત્રીય પુરાવા સાથે વિસ્તૃત લેખ લખ્યો અને તે લેખ પુસ્તિકા આકારે '**તીર્થંકરદેવની કેશમીમાંસા**' આ નામ સાથેનો પ્રગટ કર્યો તેમજ અનેક આચાર્યો, સાધુઓ, વિદ્વાનો અને અભ્યાસીઓ ઉપર મોકલી આપ્યો. સહુને તેનો પ્રતિભાવ આપવા વિનંતિ કરી પણ ખાસ જવાબો ન મળ્યા. કેશમીમાંસાના પુસ્તકનાં પ્રકાશન પછી ત્રિષષ્ટી-શલાકાપુરુષચરિત્ર જોવાનું બન્યું. તેમાંથી બે સચોટ પુરાવા પ્રાપ્ત થયા, જે પુરાવા ખુદ શ્રી હેમચંદ્રાચાર્યજીના પોતાના જ લખેલા છે. આ બંને શ્લોકો આ લેખમાં છાપ્યા છે. તે શ્લોકો સ્પષ્ટ જણાવે છે કે કેવળજ્ઞાન વખતે ભગવાનના માથા ઉપર વાળ અવશ્ય હતા, હતા અને હતા જ.

જ્યારે ટીકાકાર પૂજ્યશ્રી, એ શ્લોકની ટીકા કરતા એમ લખે કે સર્વવિરતિ પ્રસંગે એટલે કે લોચ કર્યા પછી જેટલા વાળ હતા તેટલા જ વાળ હંમેશા માટે રહ્યા હતા એમાં જરાપણ ન્યૂનાધિક થયા ન હતા. (જો કે ટીકાકારે આ ન્યૂનાધિકપણુ છદ્મસ્થાવસ્થા સુધી હતું કે નિર્વાણ પર્યન્ત હતું ? એ એમાંથી કોઈ સ્પષ્ટતા તેમણે કરી નથી) આ વાત કરે ત્યારે ટીકાકાર માટે વાચકના મનમાં કેવો અનુચિત વિચાર ઊભો થઈ જાય ? હંમેશા ટીકાકારનો ધર્મ મુખ્યનયા મૂલ શ્લોકના આશયને જ સ્પષ્ટ કરવાનો હોય છે. પણ ટીકાકારની વાત સંભવ છે કે ટીકાકારે કોઈ બીજા ગ્રન્થના મતને લક્ષ્યમાં લઈને ઉક્ત વાત લખી લાગે છે, જે હોય તે. શ્રી હેમચંદ્રાચાર્યજીના મતે કોઈ રીતે ગળે ઊતરી શકે તેમ નથી.

મૂલ આગમો કહે છે કે કેવળજ્ઞાન થતાંની સાથે જ ઈન્દ્રમહારાજા

પોતે જ ભગવાનના દાઢી–મૂછના તમામ વાળની સુવ્યવસ્થિત રચના પોતાના દૈવિક પ્રભાવથી કરે છે. તે વાળ સાતડા જેવા વાંકડિયા, ખૂબ જ શ્યામ અને વાળ થોડા નહિ પણ જથ્થાબંધ હોય છે. આ કરવાનું કારણ મુખની શોભા વાળથી હોવાથી જોનારને ભગવાન આકર્ષક, સુંદર અને ભાવોલ્લાસ જગાડે તેવા લાગવા જોઈએ.

સહુ ધીરજથી, શાંતિથી અને મનનપૂર્વક આ લેખ વાંચે જેથી લેખનો ભાવ સારી રીતે સમજાય.

*        *        *

આપણાં શાસ્ત્રોમાં ત્રણછત્ર અને તીર્થંકરના વાળની બાબતમાં અમુક બાબતોમાં એકબીજા ગ્રન્થો વચ્ચે લખાણની એકતા હોતી નથી. કેટલીક બાબતો સ્પષ્ટ, કેટલીક અસ્પષ્ટ, કેટલીક અધૂરી. આ પરિસ્થિતિમાં પ્રતિપાદન કરેલી બધી બાબતોને લક્ષ્યમાં લઈને સાચો અને વધુમાં વધુ સુયોગ્ય નિર્ણય શું હોઈ શકે તે આ લેખમાં જણાવ્યું છે.

લેખકના જ્ઞાનની, બુદ્ધિ–શક્તિની પણ એક સીમા હોય છે. વળી છદ્મસ્થભાવ છે એટલે શાસ્ત્રવિરુદ્ધ વિચારણા રજૂ થઈ હોય કે નિર્ણય આપ્યો હોય તો મિચ્છામિ દુક્કડં છે, અર્થાત્ ક્ષમા માગું છું.

લેખ નં. ૨

# તીર્થંકરદેવની કેશ (વાળ) મીમાંસા

લે. યશોદેવસૂરિ

આપણે ત્યાં કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી રચિત વીતરાગસ્તોત્રનો માત્ર એક જ શ્લોક અને તેની ટીકા, મોટા ભાગે તેના આધારે, તમામ આચાર્યો, અન્ય પદસ્થો, મુનિરાજો, સાધ્વીજીઓ, શિક્ષિત શ્રાવક–શ્રાવિકાઓ, જૈન ગૃહસ્થ પંડિતો સહુ કોઈ વરસોથી મક્કમપણે માને છે કે દીક્ષા લેતી વખતે માથાના વાળનો લોચ થઈ ગયા પછી વાળ વધતા નથી—કદી ઓછાવત્તા થતા નથી. આ સ્તોત્ર તેના અર્થ સાથે ભણનારા મોટી સંખ્યામાં સાધુ–સાધ્વીજીઓ હોવાથી આ માન્યતા વધુ પ્રમાણમાં ફેલાએલી છે.

હકીકતમાં ઉપરોક્ત માન્યતા શું બરાબર છે ખરી? કેમકે શ્રીહેમચંદ્રાચાર્યજીએ શ્લોકમાં વાળની ‘અવસ્થિતિ’નો સમય બિલકુલ જણાવ્યો નથી. છતાં શ્રી હેમચંદ્રાચાર્યજીનું મંતવ્ય જે દીક્ષાની સાથે જોડવામાં આવે છે તે બરાબર નથી. મૂલશ્લોકના શબ્દો–વાક્યો ઉપર પૂરતું લક્ષ્ય અને ટીકાની વાત મૂલ સાથે બંધબેસતી છે કે કેમ! તેનો પણ પૂરતો વિચાર કરાયો નથી, એટલે પરિણામે અભ્યાસી ચતુર્વિધસંઘમાં તેમજ જૈન શિક્ષકો વગેરેમાં એક તદ્દન ખોટી માન્યતા જામી ગઈ

છે કે દીક્ષા વખતનો લોચ થયા પછી વાળ વધતા નથી. આ સમજ ખરી રીતે શ્લોકના કારણે નહીં પણ ટીકાના કારણે જ ખોટી રીતે પ્રચલિત બની—

એનો પ્રથમ બૌદ્ધિક પુરાવો આપું.

આખો ચોથો પ્રકાશ કેવલી અવસ્થાનું જ માત્ર વર્ણન કરતો સંદર્ભ છે. ચોથા પ્રકાશના ચૌદે ચૌદ શ્લોકો કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં ભગવાન ભાવતીર્થંકર બન્યા તે પ્રસંગને અનુલક્ષીને જ છે, એટલે **केशरोमनख०** આ શ્લોક માત્ર કેવલીઅવસ્થાની સાથે સંબંધ ધરાવતી બાબતની વાત કરે છે. આખો ચોથો પ્રકાશ કેવલીઅવસ્થા સાથે સંબંધ ધરાવે છે તે સ્પષ્ટ હકીકત છે. બીજી બાજુ શ્લોકમાં કંઈ પણ સ્પષ્ટીકરણ નથી. આવી સ્પષ્ટ પરિસ્થિતિ હોવા છતાં વરસોથી સાધુ–સાધ્વીજીઓ આ શ્લોકને જ્યારે દીક્ષા વખતની સાથે જોડી દે છે ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યજીના કથનને ખોટું પાડવાનો અક્ષમ્ય અપરાધ થાય છે એવું નથી લાગતું ?

* * *

હવે મૂલશ્લોક અને ટીકાની વિચારણા શરૂ કરીએ.

હું ચોથા પ્રકાશનો સાતમો મૂલ શ્લોક અને તેની ટીકા અને અવચૂરિનો પાઠ નીચે આપું છું. પ્રથમ શ્લોક આપું છું.

**केशरोमनखश्मश्रु तवावस्थितमित्ययं ।**
**बाह्योऽपि योगमहिमा नाप्तस्तीर्थकरैः परैः ।।७।।**

—વીતરાગસ્તોત્ર, પ્રકાશ ૪, શ્લોક–૭

શ્લોકનો અર્થ—શ્રી હેમચંદ્રાચાર્યજી તીર્થંકર ભગવાનના બાહ્ય મહિમાનું વર્ણન કરતાં કહે છે કે, ભગવન્! આપના કેશ, રોમરાજી, નખ, દાઢી, મૂછ તે હંમેશાને માટે એક જ સ્થિતિમાં રહે છે, આ મહિમા આપના બાહ્ય યોગની સાધનાનો છે. આવો બાહ્ય મહિમા જેટલો મહિમા પણ અન્ય તીર્થંકરો (એટલે અન્ય ધર્મના દેવો) પામી શકયા નથી.

આ શ્લોકની અંદર વાળ વગેરેની અવસ્થિતિની વાત કરી, પણ તે ક્યારે અને કયારથી તે બાબતમાં યત્કિંચિત્ સંકેત પણ શ્લોકમાં નથી જ એટલે શ્રી હેમચંદ્રાચાર્યજીએ શ્લોકમાં તેનો સમય–કાળ બતાવ્યો નથી તે હકીકત છે. વાચકો આ વાત બરાબર ધ્યાનમાં રાખે.

## શ્લોકની ટીકા

हे अप्रमेयमहिमन् ! भगवन् ! परैरसर्वज्ञत्वेन त्वद्व्यतिरिक्तैः कुतीर्थकृद्भिरास्तां तावदाभ्यन्तरः सर्वाभिमुख्यतादिर्भामंडलावसानः पूर्वोपवर्णितस्तव योगमहिमा, यावदयं बाह्योऽपि न प्राप्तः । अथ क इव ?, स इत्याह–केशरोमनखश्मश्रु तवावस्थितमिति । केशाः–शिरोरुहाः, रोमाण्यंगरुहाणि, नखाः करचरणांगुलिप्रभवाः, श्मश्रु–कूर्चम् । एतच्च तवावस्थितं यावत्प्रमाणं सर्वविरतिप्रतिपत्तिप्रस्तावेऽवस्थापितं तावन्मात्रमेव, न पुनर्न्यूनाधिकम् । अयं चाध्यात्मैकदेशमात्रसाध्यत्वेन बाह्य एव योगमहिमा. किन्तु परैः प्रतिक्षणोपचीयमानापचीयमानकेशादिकदर्थितैर्न प्राप्तः । कुतः पुनरांतरस्य त्वद्योगमहिम्नस्तेषां प्राप्तिसंभावनैव । ननु यदि भगवतो योगमहिम्ना केशादीनां यथावदस्थानं तत्किमस्यातिशयस्य सुरकृतातिशयेषु भणनं ?, न पुनः कर्मक्षयजेषु ? सत्यं, न खलु भगवद्योगमहिम्ना केशादीनां यथा-

वदवस्थितिः, किंतु सर्वविरत्यवसरे पुरंदरप्रेरितदंभोलिविदलितोद्गति-शक्तीनां तेषामनुद्भव इति सुरकृत एवायमतिशयः। ननु यद्येवं तदा तत्रायमपि योगमहिमा परैर्नाप्त इति किमर्थं स्तुतिकृताभिदधे?, उच्यते—यत्किल पौलोमीपतिः परमेशितुः किंकर इव केशादिव्य-वस्थापनं विधत्ते स भगवत एव योगमहिमेति समंजसम्। ॥ ७ ॥

**अवचूरि-केश० हे वीतराग! केशाः शिरोरुहाः, रोमा-ण्यपरोपाङ्गसम्भवानि, नखाः करचरणभवाः, श्मश्रु-कूर्चः समाहारद्वन्द्वः, तव केशरोमनखश्मश्रु अवस्थितं दीक्षाग्रहणा-वसरे यथा समारचितं भवति तत्तथैवावतिष्ठते-न वर्द्धते इत्यर्थः। इत्ययं बाह्योऽपि योगमहिमा परैस्तीर्थकरैर्हरिहरादिभिर्नाप्तः नासादितः। अन्तरङ्गस्तु सर्वाभिमुख्येत्यादिस्तवोक्तो दूरे। ॥७॥**

ટીકાકાર અને અવચૂરિકાર બંને એમ લખે છે કે સર્વ-વિરતિ એટલે કે દીક્ષા લીધી ત્યારે માથાના વાળનો લોચ કર્યા પછી માથા ઉપર બાકીના જે કંઈ વાળ રહ્યાં તેમાં કશો વધારો ઘટાડો થતો નથી. એના કારણમાં યોગમહિમા જણાવે છે. શ્લોકની અંદર સર્વવિરતિ–દીક્ષા વખતથી અવસ્થિતિનો કોઈ સંકેત ન હોવા છતાં ટીકાકારે કયા આધારે આ ઉલ્લેખ કર્યો? કેમકે શ્રી હેમચંદ્રાચાર્યજીની સમક્ષ બીજા પુરાવાઓ હાજર હોવાથી તેઓશ્રી વાળની અવસ્થિતિ દીક્ષા વખતથી સ્વીકારતા જ નથી. અહીં તે માટેના જ શ્રી હેમચંદ્રાચાર્યજીના ખુદના બે પ્રબળ પુરાવા આપું છું.

પહેલો પુરાવો—શ્રી હેમચંદ્રાચાર્યજીએ પોતાના રચેલા ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર નામના મહાકાય ગ્રન્થમાં તેના

પ્રથમ પર્વમાં શ્રી ઋષભદેવ ભગવાનનું પહેલું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં પર્વ-૧, સર્ગ-૩ ના શ્લોક ૬૮૭ માં કેવળજ્ઞાન થયા પછીની ઘટના વર્ણવતાં જણાવે છે કે—

**नाऽवर्धन्तकचाश्मश्रु नखाश्च त्रिजगत्पतेः ।**

કેવળજ્ઞાન થયા પછી ભગવાનના વાળ, નખ વગેરે વૃદ્ધિ પામતા નથી, આ વાત શ્રી હેમચંદ્રાચાર્યજી ખુદ પોતે જણાવે છે. તો વિચારવાનું એ છે કે શ્લોકના ટીકાકારના કથનાનુસાર દીક્ષા લીધી ત્યારથી જ વધતા નથી એ વાત શ્રી હેમચંદ્રાચાર્યજીને જો માન્ય હોત તો કેવળજ્ઞાન થયા પછી વાળ વગેરે વધતા નથી એવું કેમ લખવું પડે?

સ્તોત્રના ટીકાકારે ભલે સર્વવિરતિથી અવસ્થિતિની વાત કહી પણ એ વાત તીર્થંકરોના અતિશયો વગેરેના પ્રસંગમાં જોવામાં કંઈ આવી નથી. તો પ્રશ્ન થશે કે શું ટીકાકાર આધાર વિના લખે ખરા? ત્યારે ટીકાકારને બીજી રીતે જવાબ મળી જાય તેવી એક બાબત તેમને મળી ગઈ અને તે વાત ટીકામાં લખતા લખે છે કે દીક્ષા વખતે ઈન્દ્ર મહારાજા ભગવાનના માથા ઉપર વજ્ર[1] ફેરવે છે, અને તેથી વાળ વધવામાં કારણભૂત છિદ્રોમાં

---

१. अथ तद्वृद्ध्यभावो देवोपनीतः न घातिकर्मक्षयजः येन तद्वत् केवल्यवस्थायां तद् भुक्तयभावोऽप्यापाद्येत । बालोत्पाटनानंतरं हि इन्द्रो वज्रं नखकेशेषु भगवतो भ्रामयति । अतस्तद् वृद्ध्यभाव इति तद्युक्तम्, वज्रप्रभावतः तेषां मूलतोऽप्युत्थानाभावप्रसंगात्....

જે ઉદ્ગમ શક્તિ હોય છે તેનો નાશ થઈ જાય છે, એટલે વાળની વૃદ્ધિ અટકી જાય છે. ઇન્દ્રના આ કૃત્યને દેવો દ્વારા થતાં અતિશયમાં ગણાવ્યું છે. ઇન્દ્ર મહારાજાની વજ્ર ફેરવવાની વાત ટીકાકારે કોઈ ગ્રન્થના આધારે જ લખી હોય તો એમને કયા ગ્રન્થના આધારે લખી હશે? સોળમી શતાબ્દી પહેલાંના શ્વેતામ્બર ગ્રન્થોમાં આ વાત જોવામાં ન આવી. તપાસ કરતા આ વજ્રની વાત વિક્રમની ૧૦–૧૧મી શતાબ્દીમાં થયેલા દિગમ્બરાચાર્ય *પ્રભાચંદ્રજીએ ન્યાયકુમુદચન્દ્ર ગ્રન્થની ટીકામાં કેવળી ભુક્તિ પ્રકરણમાં લખી છે. ત્યાં પ્રસ્તુત નોંધ મૂકીને તેનું ખંડન કર્યું છે.

આ સંદર્ભમાં ઇન્દ્રે વજ્ર ફેરવવાની વાતના ઉલ્લેખ સાથે એનું ખંડન કરી ઘાતીકર્મનાં ક્ષયથી એ અતિશય હોવાનું મંડન કરી રહેલા પ્રભાચંદ્રજીના વચનથી એટલું નક્કી થાય છે કે પ્રાચીનકાળમાં શ્વેતામ્બર વર્ગમાં કોઈક આચાર્યશ્રીએ દીક્ષા પછી ઇન્દ્રે વજ્ર ફેરવવાનું વિધાન કર્યું હશે, એ વિધાન પ્રભાચંદ્રજીને માન્ય ન હોવાથી પ્રભાચંદ્રજીએ એનું ખંડન કર્યું હોય તેમ લાગે છે.

૧. વજ્ર ફેરવે એટલે વાળની વધવાની શક્તિ સદાને માટે નષ્ટ થઈ જાય, એવું થાય તો એમના મતે નિર્વાણ-પર્યન્ત વાળ વિનાના જ રહે.

૨. ટીકાકાર વજ્રના પ્રયોગને દેવકૃત અતિશય તરીકે ઓળખાવે છે. જો એ માનીએ તો દેવકૃત અતિશય તો

---

* જુઓ મુદ્રિત ન્યાયકુમુદચન્દ્ર ટીકા, પૃષ્ઠ ૮૫૮, ટીકાનો પાઠ.

કેવળજ્ઞાન પછી જ શરૂ થાય છે, નહિ કે દીક્ષા વખતથી. ટીકાકારની સામે આ વાત હતી જ, તો પછી તેમને આમ કેમ વિધાન કર્યું ?

**સમીક્ષા**–મારી સમજ મુજબ એક વાત નિશ્ચિત થાય છે કે ટીકાકારની વાત હેમચંદ્રાચાર્યજીના વિચાર સાથે બંધબેસતી નથી. જન્મનાં ચારને છોડીને બાકીનાં ત્રીશ અતિશયો કેવળજ્ઞાન થતાં જ પ્રગટ થાય છે. હવે જો ટીકાકારની વાતને સ્વીકારીએ તો ત્રીશમાંથી એક જ અતિશયને જુદો પાડીને દીક્ષા સાથે જોડવો પડે, અને આ વાત બિલકુલ બંધ બેસે નહીં, ઊલટું તે શાસ્ત્રવિરોધી બની રહે. અતિશયો માટે બે જ * અવસ્થા નક્કી થએલી છે, એક જન્મ વખતની અને બીજી કેવળજ્ઞાનપ્રાપ્તિ સમયની. જન્મ વખતે સહજ ગણાતા ચાર અતિશય જે જીવનભર રહે છે તે. બીજા વીશ જે રહ્યા તે 'ઘાતી' નામનાં ક્લિષ્ટ કર્મોનો ક્ષય થાય ત્યારે જ પ્રગટે, પહેલાં નહીં જ અને દીક્ષા વખતે તો ઘાતીકર્મો ભરપૂર બેઠાં છે તો પછી દીક્ષા વખતે અતિશય કયાંથી જન્મે ? ઘાતીકર્મનાં ક્ષયથી ૧૧ અતિશયો પ્રાપ્ત થઈ જતાં તરત જ કેવળજ્ઞાન પ્રગટે. બાકીના ૧૯ અતિશયો કેવળજ્ઞાન પછી પ્રગટે, આ રીતે ૩૦ અતિશય છેલ્લે જ પ્રગટ થાય છે. આ એક સીધી–સાદી સમજની વાત હોવા છતાં ટીકાકારે સર્વવિરતિ–દીક્ષા પ્રસંગથી વાળની અવસ્થિતિ જણાવીને **અવસ્થિત**અતિશયનું જોડાણ કર્યું તે વાત કઈ રીતે ગળે ઉતરે ? ટીકાકારે લખ્યું એટલે

* આપણાં સ્તવનો વગેરે પણ અતિશય માટે બે જ અવસ્થા જણાવે છે.

ટીકા વાંચનારા સહુએ દૃઢપણે તે માની લીધું પણ હવે વાચકો આ વાત ઉપર પુનઃ તટસ્થભાવે બરાબર વિચાર કરે.

આગમકારો તો કેવળજ્ઞાન થાય ત્યારે જ (તે પહેલાં ક્યારેય નહીં) ઈન્દ્ર મહારાજા ભગવાનને પોતાની દૈવિક શક્તિથી મસ્તક, દાઢી, મૂછ વગેરેની રચના કરી નાંખે ત્યારથી વાળ વગેરેની હંમેશાને માટે અવસ્થિતિ થઈ જાય છે પછી ઓછાવત્તા થવાપણું રહેતું નથી. આ વાત શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંતને સંપૂર્ણ માન્ય હતી અને તેના પુરાવામાં આ લેખમાં શ્રી હેમચંદ્રાચાર્યજીના ત્રિષષ્ઠી ગ્રન્થનો એક અભિપ્રાય તો ટાંકયો અને હવે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીના બીજા અભિપ્રાયની પણ નોંધ આપું.

**બીજો પુરાવો**—શ્રી હેમચંદ્રાચાર્યજીએ સ્વરચિત ત્રિષષ્ઠી-શલાકાચરિત્ર ગ્રન્થમાં કેવલી ભગવાનને વાળ અને તે કુટિલ-વાંકડિયા હતા એ વાત તેઓશ્રીએ શ્રી સુવિધિનાથ ચરિત્રના ૭૦ મા શ્લોકમાં ઈન્દ્ર મહારાજા ભગવાનની સ્તુતિ કરતાં જણાવે છે.

[1] **कौटिल्यं चेत् त्वया मुक्तं किं केशाः कुटिलास्तव ? ॥७०॥**

**અર્થ** :—સમવસરણની અંદર બિરાજમાન થએલા શ્રી સુવિધિનાથ ભગવાનનું મુખારવિંદ જોઈને સ્તુતિ કરતા ઈન્દ્ર મહારાજા બોલે છે કે ભગવાન્! '**આપે કુટિલતાને છોડી દીધી છે તો પછી આપના કેશ કેમ કુટિલ છે?**' કુટિલ એટલે

---

૧. આ શ્લોકનો પૂર્વાર્ધ—

**वीतरागोऽसि चेद् रागः पाणिपादे कथं तव ?**

વાંકડિયા વાળ. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે કેવળજ્ઞાન વખતે તીર્થંકર ભગવાનના માથા ઉપર વાળ જરૂર હોય છે એટલે વીતરાગસ્તોત્રના **ટીકાકારની** દીક્ષા પછી ખાસ વાળ ન હોય એ વાત આપણને કઈ રીતે [1]ગળે ઉતરે ?

વર્તમાનમાં વાચકોનું બહુધા માનસિક વલણ એવું રહે છે કે જ્યારે શ્લોક સાથે ટીકા હોય ત્યારે શ્લોકનો અર્થ કરવામાં વિશેષ ટાઈમ ન કાઢતાં ટીકાનો સહારો લેવા જલદી લલચાય છે, એટલે શ્લોકના ઊંડાણમાં વધારે ઊતરતા ન હોવાથી શ્લોકનો વાસ્તવિક અર્થ પૂરો કાઢી શકતા નથી, તરત જ ટીકાનો આશ્રય લેવામાં આવે છે ત્યારે ક્યારેક એવું બની જાય છે કે ટીકા શ્લોકના કોઈ કોઈ કથનથી જુદી પડતી હોય તો પણ તેનો કશો ખ્યાલ જ ન આવે. એ તો એમ જ સમજે કે ટીકાકાર ટીકા કરતા હોય એ શ્લોકને અનુસરીને જ હોય ને ! જો કે સામાન્ય રીતે ટીકાકારો સમજી વિચારીને જ ટીકા કરતા હોય છે, પણ ક્યાંક ક્યાંક મને પોતાને એવો

---

૧. એક બીજી વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે કે શ્રી હેમચંદ્રાચાર્યજીએ વીતરાગસ્તોત્ર બારમી–તેરમી શતાબ્દીમાં રચ્યું છે. ટીકા અને અવચૂરિ સોળમી શતાબ્દીમાં રચયા છે. સેંકડો વર્ષનાં ગાળા બાદ હેમચંદ્રાચાર્યજીનો તે તે શ્લોકો પાછળ શું આશય હશે તેનો પૂરતો ખ્યાલ સેંકડો વરસ બાદ આવે જ એવું નથી હોતું. ટીકાકારો તો પોતાની નજર સામે જે શ્લોક હોય તેને લક્ષ્યમાં રાખીને ટીકા કરતાં હોય છે, કહેવાનો ભાવ એવો છે કે સેંકડો વરસ બાદ થતી ટીકાઓ નિર્દોષભાવે કરવા છતાં ક્ષતિ થવાનો સંભવ હોઈ શકે છે.

અનુભવ થયો છે. ક્યારેક એવું પણ અનુભવ્યું છે કે ટીકાકાર મૂલભૂત અર્થને સ્પર્શી શક્યા ન હોય, અને આ વાત આગમોનાં કે શાસ્ત્રોનાં સચોટ પુરાવા મળવાથી સમજાણી છે. **केशरोमनखश्मश्रु०** આ શ્લોકની વાત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછીની છે અને કેવળજ્ઞાન થયા પછી સંબંધ જોડીએ તો જ આગમો વગેરેમાં જણાવેલી કેવળજ્ઞાન થયા પછી ઇન્દ્ર મહારાજા તરત જ ભગવાનને કેશ વગેરેની સુંદર રીતે રચના કરે છે અને દૈવિક શક્તિથી કરેલી આ રચનામાં તે પછીથી લઈને ભગવાનના નિર્વાણ સુધીના કેશ, રોમ વગેરેમાં થતી હાનિ–વૃદ્ધિ અટકી જાય છે આ વાત સંગત થાય છે. આથી બીજો અર્થ એ ઉપસ્થિત થઈ જાય છે કે કેવળજ્ઞાન થતાં પહેલાં કેશની હાનિ–વૃદ્ધિ થતી હતી અને [1]લોચ વગેરેના પ્રસંગો બનતા જ હતા.

મારા ખ્યાલ મુજબ દીક્ષા દિવસથી વાળની અવૃદ્ધિની વાત તો માત્ર ટીકાકાર અને અવચૂરિકાર આ બંનેએ જણાવી છે.

## હવે મૂલ વાત ઉપર આવીએ

વાળ એટલે લોચની વાત છે, એટલે જ લોકો તીર્થંકરદેવોના લોચના આચારની તથા અતિશયો વગેરેના વિષયમાં પ્રાયઃ કશું જ જાણતા નથી હોતા. તેઓને સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આપવા માટે અહીંયા કેટલીક વિગતો રજૂ કરવી જરૂરી છે.

---

૧. મૂલમાં કે ટીકાઓમાં ત્રણછત્રની કે કેશાદિકની વાતોમાં ક્યાંક ક્યાંક એક મત દેખાય નહીં. ચોક્કસ નિર્ણયો મળે નહીં. આના કારણે આવી બાબતમાં ઘણી શંકાઓ ઊઠે તે સ્વાભાવિક છે પણ અમુક શંકાઓનો જવાબ આપવાનું કામ મારા અધિકાર બહારનું છે.

## પ્રથમ પંચમુઠ્ઠી [1]લોચ એટલે શું ? તે સમજી લઈએ

જૈનધર્મમાં એક એવો અચૂક નિયમ છે કે જે કોઈ દીક્ષા લે તેને માથું મૂંડાવવું જ જોઈએ. ત્યાગી બન્યાનું આ પ્રથમ સોપાન છે પણ આ માથું મૂંડાવવાનું કે તમામ વાળ કાઢી નાખવાનું કામ હજામને કરવાનું હોય છે. દીક્ષાર્થી પોતે પોતાના હાથે વાળ કાઢતો નથી હોતો, પરંતુ આ નિયમ તીર્થંકરોને લાગુ પડતો નથી. તેઓ માટે તો એવો શાશ્વત નિયમ છે કે એ તારકદેવો દીક્ષા વખતે સ્વયં પોતાના હાથે જ માથાના વાળનો લોચ પાંચ[2] મુઠ્ઠીથી કરી નાંખે છે. એમાં ચાર મુઠ્ઠીનો ઉપયોગ માથાના વાળ માટે અને પાંચમી મુઠ્ઠીનો ઉપયોગ દાઢીના અને મૂછના બંને સ્થળના વાળ એક સાથે જ કાઢવા માટે કરે છે. દાઢી–મૂછના વાળ એક જ મુઠ્ઠીથી [3]કઈ રીતે ચૂંટી કાઢતા હશે ? એવો તર્ક જરૂર થાય પણ હાથથી પકડવાની કુશળતાથી ખેંચી કાઢે છે. બાકી લોકોત્તર વ્યક્તિ માટે અશક્ય પણ શક્ય બની જાય છે, ત્યારે તર્ક દ્વારા મગજને વધુ કસરત કરાવવાની જરૂર ક્યાં રહી ?

કેટલીક વિચારશીલ વ્યક્તિઓ પ્રશ્નોના જવાબમાં એવું પણ લખે છે કે અનાર્ય દેશના અધર્મી પાપીઓ માથાના

---

૧. લોચ–જૈન શ્રમણસંઘનો પારિભાષિક શબ્દ છે. જેનો અર્થ તોડવું, છૂટું પાડવું વગેરે થાય છે.

૨. પંચમુષ્ટિ લોચનો આ શાશ્વત નિયમ દીક્ષા પ્રસંગ પૂરતો હોવો જોઈએ.

૩. આવો તર્ક ચાર મુઠ્ઠી લોચ માટે પણ વાચકો કરે છે.

વાળના ઝટીયાંને પકડીને ત્રાસ આપવા માટે ભગવાનને ઘસડતા હતા. તે ઝટીયાં નહિ પણ ચઉમુઠ્ઠી લોચ કરતાં જે વાળ ચૂંટાયા વિનાના રહી ગયા–તૂટેલા રહી ગયા હતા તે વાળને પકડીને ભગવાનને ખેંચતા હતા, પણ પંચમુઠ્ઠી લોચ થયા પછી ભગવાનને વાળનો વધારો થયો હતો અને એ વાળ ખેંચતા હતા એવું સમજવાની જરૂર નથી.

એમની આ સમજ બુદ્ધિગમ્ય નથી અને જવાબ પ્રતીતિ–કર પણ ન લાગે. કેમકે લોચ કરતાં રહી ગયેલાં જે વાળ હતા તે તો ટૂંકા જ હોય, પ્રમાણમાં બહુ જ થોડા હોય અને સમૂહમાં પણ ન હોય પછી આવા કેશ–વાળને હાથથી શી રીતે પકડી શકાય? અરે! ચપટીથી પકડવા મુશ્કેલ બને, છતાં માનો કે કદાચ ચપટીથી પકડે પણ એથી કંઈ વિશેષ ત્રાસ ન ઉપજે. 'લુષિત' શબ્દનો ભાવાર્થ લઈને ભગવાનની કાયાને ઘસડી હતી, તો તે ઘસડવા માટે વાળ ઓછામાં ઓછા બે–અઢી ઈંચ સુધીના હોય તો જ પકડીને ઘસડી શકાય, તો જ ભગવાનને ત્રાસ કે પીડા આપવાનો હેતુ પાર પડી શકે અને જો આગળ માથે વજ્ર ફેરવ્યાની વાત ટીકાકાર કરે ત્યારે ચપટીથી પકડવા જેટલા વાળ પણ ક્યાંથી હોય?
(અનાર્ય દેશની આ ઘટના દીક્ષા લીધા પછી બીજા જ વરસે બની હતી તે ધ્યાનમાં લેવું ઘટે.)

શ્રી સમવાયાંગ[1] નામના આગમમાં વાળ માટે 'અવસ્થિત' એટલે કે 'अवृद्धि–स्वभाव' એ શબ્દ વાપર્યો છે. શ્રી

---

૧. સૂત્ર–૩૪; પૃષ્ઠ ૫૭–૫૮.

હેમચંદ્રાચાર્યજીએ હૈમકોશમાં[1] અને વીતરાગસ્તોત્રમાં[2] પણ અપ્રવૃદ્ધિ–અવસ્થિતિ શબ્દ વાપર્યો છે. વીતરાગસ્તોત્રના શ્લોકની ટીકામાં અવસ્થિત શબ્દ વાપરી સર્વવિરતિ અવસરે જેટલા હોય તેટલા જ રહે છે. આનો અર્થ એવો થાય કે જેટલા વાળ હોય તેટલા જ રહે, વધે ઘટે નહિ પણ આ વાત દીક્ષાના લોચ પછીની સમજવી કે કેવળજ્ઞાન થયા પછીની? તે વાત ત્રણેય ગ્રન્થકારોએ જણાવી નથી. હૈમકોશ સ્વોપજ્ઞ ટીકા હોવા છતાં અને ટીકામાં છૂટથી લખી શકાય તેવી સ્વતંત્રતા હોવા છતાં પણ આ અંગે કશું સૂચન નથી, પણ આ વાતને એમણે દેવકૃત અતિશયમાં ગણાવી હોવાથી એ વાત કેવળજ્ઞાન સાથે સંબંધ ધરાવતી બની ગઈ. દીક્ષા વખત સાથે સંબંધ ધરાવતી ન રહી.

*વાળની વૃદ્ધિ થતી નથી એમાં કારણ શું?* (વીતરાગ–સ્તોત્રના ટીકાકારને જરા બાજુએ રાખીને વાત કરીએ) તો સહુ કોઈએ ૩૪ અતિશયો પૈકીના એક સત્તરમા **અવસ્થિત** અતિશયને જ કારણ ગણાવ્યું છે. તો અતિશય એટલે શું? એ પણ પ્રથમ સમજી લઈએ.

## અતિશય એટલે શું?

અતિશય એટલે જેના લીધે (પુરુષ) વ્યક્તિ, વિશ્વનાં તમામ માનવોથી સર્વોચ્ચકોટિની લાગે, બીજાઓથી કોઈ જુદી જ લાગે, તેને અતિશય કહેવાય. બીજી રીતે કહીએ તો લૌકિક એટલે કે સામાન્ય વ્યક્તિની બુદ્ધિ ન સમજી શકે

---

૧. હૈમકોશ ૧–૮. ૨. પ્રકાશ–૪, શ્લોક–૭.

તેવી અદ્‌ભુત, આશ્ચર્યજનક, અદ્વિતીય ઘટનાઓ જે બાહ્ય-અભ્યંતર સંપત્તિ કે વૈભવના સ્વામી તરીકે વ્યક્તિને ખ્યાત કરે તે. આવા અતિશયો (મુખ્ય) [1]૩૪ છે.

આ અતિશયોમાં શરીર સાથે સંબંધ ધરાવતા ચાર અતિશયો તો તીર્થંકરોને જન્મતાંની સાથે જ પ્રાપ્ત થાય છે. જેને સાહજિક અતિશયોથી પણ ઓળખાવાય છે. તે પછી દીક્ષા લીધા બાદ ભગવાનની તપ અને સંયમની ઉગ્ર સાધના દ્વારા આત્મગુણોનો ઘાત-નાશ કરનારા કેવળજ્ઞાન આદિ ગુણમાં બાધક ચાર ઘાતીકર્મનો ક્ષય થતાં પ્રગટ થતાં ૧૧ અતિશયો અને બાકીના ૧૯ અતિશયો જે રહ્યા તે કેવલી અવસ્થામાં, સર્વોચ્ચકોટિના તીર્થંકર નામકર્મના પુણ્યપ્રભાવે સેવામાં રહેલા દેવો અવિરહપણે પ્રગટ કરતા રહે છે. આ રીતે ભાવ-તીર્થંકરો જન્મથી નિર્વાણપર્યન્ત ચોત્રીશ અતિશયોથી પરિવરેલા હોય છે.

આમાં દેવકૃત ૧૯ અતિશયો જે કહ્યા-વર્ણવ્યા છે, તે પૈકી એક **'અવસ્થિત'** અતિશયને ભગવાનના વાળ-નખાદિકની વૃદ્ધિને અટકાવનારો જણાવ્યો છે. આ અતિશય દેવકૃત છે, અને દેવકૃત અતિશયો કેવળજ્ઞાન પછી જ પ્રગટે છે. સાચા ભાવતીર્થંકર સાથે એનો શાશ્વત સંબંધ હોવાથી આ સંજોગોમાં દીક્ષા પ્રસંગે અવસ્થિત અતિશયને સ્થાન જ ક્યાંથી હોય?

---

૧. મુખ્ય ૩૪ પણ તે સિવાયના પણ અનેક અતિશયો-વિશેષતાઓ ભગવાનને લગતી હોય છે.

## શ્રી હેમચંદ્રાચાર્યજીની માન્યતાને ટેકો આપતા આગમના પાઠો

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી ભગવંતના વીતરાગસ્તોત્રના केशरोम० આ શ્લોકને ટેકો આપતા આગમના ગ્રન્થોની નોંધ વગેરે હવે પછી રજૂ થાય છે તે જોઈએ.

**सव्वतित्थगराणं च केवलनाणे उपण्णे सक्को अवट्ठितं केसमंसुरोमनहं करेई । उसभसामिस्स पुण जडाओ सोमयंतित्ति ण छिन्नाओ............॥**

[ શ્રી ભદ્રબાહુસ્વામી રચિત નિર્યુક્તિ ચૂર્ણિ અને જિનદાસ ગણિકૃત ચૂર્ણિ સહિત આવશ્યકસૂત્ર ઉપોદ્‌ઘાત નિર્યુક્તિ પૃ૦ ૧૮૧. પ્રકા. ઋ. કે. રતલામ ]

ઉપરોક્ત પાઠ એમ કહે છે કે–તમામ તીર્થંકરોને જ્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે જ શક્ર–ઇન્દ્ર કેવલજ્ઞાન વખતે કેશ, રોમ, નખ જેટલા હોય છે તેને અવસ્થિત એટલે વધઘટ ન થાય તેવા કરી દે છે. તે પછી વાળ–નખાદિની વૃદ્ધિ સદંતર નિર્વાણ પર્યન્ત સ્થગિત થઈ જાય છે.

પણ માત્ર એક ઋષભદેવ ભગવાન માટે જ જુદું વિધાન કરે છે. એ વિધાન કરતાં લખે છે કે—ઋષભદેવ ભગવાનના વાળની લટો ( કે લટ ) સુંદર લાગતી હતી તેથી છેદી નહીં. આ પાઠથી કોઈ પ્રશ્ન કરી શકે કે શું બીજા તીર્થંકરોના વાળ કાઢી નાંખ્યા પછી નવા વાળનું સર્જન કરી પછી તેને અવસ્થિત કરતા હશે ?

ઉપરોક્ત પાઠમાં કેશાદિકને અવસ્થિત કરવામાં ઇન્દ્ર કોઈ પ્રયોગ કરે છે કે કેમ તે જણાવ્યું નથી.

આ ઉલ્લેખથી દીક્ષા વખતથી જ અતિશયના કારણે, અને બીજું ઇન્દ્ર ભગવાનના માથે વજ્ર ફેરવે છે તેથી વાળ વધતા નથી, આ બે બાબતોનો છેદ ઉડી જાય છે. સાથે સાથે અર્થાપત્તિ ન્યાયથી એ વાત પણ નિશ્ચિત થાય છે કે દીક્ષા લીધા પછી ફરી પાછા વાળ વધતા જ રહે છે ત્યારે સાથે સાથે લોચની પ્રક્રિયાના પ્રસંગો પણ સંકળાએલા હોય જ, એટલે સંપૂર્ણ છદ્મસ્થાવસ્થામાં વાળ વધતા હતા જ. જો કે સીધી રીતે 'લોચ કરતા હતા' એવો સ્પષ્ટ શાસ્ત્રાધાર મલ્યો નથી, પણ વાળનું અસ્તિત્વ નિશ્ચિત ભાવે સમજાય છે, ત્યારે વાસ્તવિક અનુમાન દ્વારા પ્રસ્તુત વાત સ્વીકારવી પડે.

ભગવાન હજુ પૂર્ણતાને નથી પામ્યા, તીર્થંકરોચિત વૈભવ પ્રગટ ન થયો હોય ત્યાં સુધી ભલે ભગવાનને લોચ કરવો પડે, પણ કેવલી થયા પછી વાળ, નખની બલાને ખતમ કરવી જ જોઈએ, એટલે કેવલજ્ઞાન થાય ત્યારે દેવોના ઇન્દ્ર પોતે જ ભગવાનના વાળ જેટલા પ્રમાણમાં, જેવી રીતે સુંદર લાગે તેટલા તે રીતે પોતાની દૈવિકશક્તિ દ્વારા કાયમ માટે અવસ્થિત બનાવી દે છે, એટલે પછી હાનિ-વૃદ્ધિનો પ્રશ્ન જ રહેતો નથી.

કેવલજ્ઞાન થાય ત્યારે ઇન્દ્ર દ્વારા જ કેશાદિકની વૃદ્ધિ અટકાવવામાં આવે છે. આ બાબતમાં તમામ ગ્રન્થો–ગ્રન્થકારો એકીઅવાજે સંમત છે, તે બરાબર ધ્યાનમાં રાખવું.

**પ્રશ્ન**—જે આચાર્યો કે ગ્રન્થકારો દીક્ષા વખતથી વાળની અવસ્થિતિ–ઉપલબ્ધિને નથી સ્વીકારતા તે ગ્રન્થોનાં નામ ક્યાં ક્યાં છે?

**ઉત્તર**—૧. *સમવાયાંગ સૂત્ર, ૨. ઋષિભાષિત સૂત્ર, ૩. પઉમચરિય, ૪. પ્રવચનસારોદ્ધાર, ૫. હૈમકોશ, ૬. વીતરાગ-સ્તવ (મૂલ), ૭. યોગશાસ્ત્ર, ૮. લોકપ્રકાશ, ૯. ઉપદેશ-પ્રાસાદ, ૧૦. તિલોયપણ્ણત્તી (દિગમ્બરીય ગ્રન્થ) વગેરે.

ઉપરના તમામ ગ્રન્થોમાં સહુએ તીર્થંકરદેવોના વાળની અવસ્થિતિ કે અવૃદ્ધિની વાત જણાવી છે પણ સહુની બીજી એકવાક્યતા એ જોવા મળી છે કે અવસ્થિતિ કે અવૃદ્ધિ ક્યારથી સમજવી તે અંગે તેઓએ મૌન સેવ્યું છે.

---

* ૧. મૂલ **अवट्ठिपकेसमंसुरोमनहे** । તેની ટીકા—**अवस्थितं—अवृद्धिस्वभावं केशाश्च शिरोजाः** । ૨. **अवट्ठियं नहरोमं** । **रोम** શબ્દથી ચારેય સ્થળના વાળ સમજવા. ૩. **नहकेसाऽवट्ठिया य निद्धाय (३२)** । ४. **निच्चमवट्ठियमिता पहुणोचिट्ठन्ति केसरोमनहा** । ५. **कचश्मश्रुनखाप्रवृद्धिः** (મૂલ) । ટીકા-**कचानां—केशानामप्रवृद्धिरवस्थितस्वभावम्** (**का. १**, શ્લો. ૬૩) । ૬. મૂલ-**केशरोमनखश्मश्रुतवावस्थितमित्ययम्** । **बाह्योऽपि योगमहिमा नाप्तस्तीर्थकरैः परैः** । (**प्रकाश ४, श्लो. ७**) ૭. **नखरोमाणि च वर्धिष्णुन्यपि न हि प्रवर्धन्ते** (**प्र. ११. श्लो. ३८**) । ८. **कचश्मश्रुनखाप्रवृद्धिः** (**लो. स. ३०, श्लो. १७**) । ૯. જુઓ પ્રારંભ ભાગ. ૧૦. પૃષ્ઠ નંબર બાકી.

૫ થી ૭ નંબરના ગ્રન્થો એક જ આચાર્યના છે.

પ્રથમ નજરે મૌન કેમ સેવ્યું હશે? એમ પ્રશ્ન થાય પણ એનો જવાબ એ છે કે મૌન સેવ્યું જ નથી, સેવવાની જરૂર પણ ન હતી. કેમકે ઉપરના તમામ લેખકપૂજ્યોના મનમાં તો પાકે પાયે વાત બેઠી હતી કે કેવલજ્ઞાન પ્રગટ થાય ત્યારે જ અવસ્થિતિની પ્રક્રિયા ( પ્રોસેસ ) દેવો દ્વારા શરૂ થાય છે. કેમકે આ અતિશયની જવાબદારી દેવોની જ છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે કેવલજ્ઞાન થયા પછી જ કેશનો વિધિ થતો હોય છે તો પછી દીક્ષા પ્રસંગના લોચ પછી પ્રસ્તુત વિધિ થાય છે એ વાત ક્યાંથી ઊભી થઈ?

આ વાત ઊભી થવામાં કારણ અત્યારે તો વીતરાગ-સ્તવની ( પ્ર. ૪, શ્લો. ૭ ) અવચૂર્ણિ અને ટીકા છે. જો કે મૂલ શ્લોકમાં વાળ અંગેની કશી વાત ન હોવા છતાં ટીકાકારે વાળની અવૃદ્ધિ દીક્ષા પ્રસંગથી જણાવી છે. આ વાત આ લેખના પ્રારંભમાં વિસ્તારથી સમજાવી છે. પ્રસ્તુત વાત પ્રગટ રીતે સમાજમાં એવી છવાઈ ગઈ કે આખા સમાજમાં વરસોથી ભગવાનનાં ચિત્રો વાળ વિનાનાં જ બનતાં રહ્યાં છે, તેમાં વીતરાગસ્તવની માત્ર એક ટીકા જ કારણ બની છે. એનું કારણ એ છે કે આનો અભ્યાસી વર્ગ ઘણો એટલે ખોટી વસ્તુને પ્રસિદ્ધિ વધુ મળે તે સ્વાભાવિક છે.

## અતિશય અંગે જાણવા જેવું

તીર્થંકરોની બાહ્ય વિશેષતાઓને દર્શાવનાર અતિશયો છે. એ અતિશય પૈકી આ લેખમાં અતિશયની વાતનું

પ્રાધાન્ય હોવાથી અતિશયો અંગે થોડું વધુ સમજી લઈએ કે જે સમજવું જરૂરી અને આનંદપ્રદ છે.

પ્રથમ પ્રશ્ન એ કે અતિશયો ૩૪ કહ્યા છે, તો તમામ ગ્રન્થકારોએ એક જ જાતના ૩૪ અતિશયો કહ્યા છે કે તેમાં પણ ફેરફારો છે?

જવાબ એ છે કે ૩૪ અતિશયો સહુએ એક જાતના જણાવ્યા નથી, સમવાયાંગ, પ્રવચનસારો૦ આદિમાં ભિન્નતા છે, શ્રી હેમચંદ્રાચાર્યજીએ તો યોગશાસ્ત્રમાં "કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી ઉત્પન્ન થતા ૨૪ અતિશયોને કહું છું" એમ કહ્યું છે. છતાં અહીંયા જે વાતમાં સહુની બહુમતી છે તે જોઈએ.

૩૪ અતિશયોમાં ચાર સહજાતિશયો છે. ૧૧ અતિશયો કર્મનાં ક્ષયથી પ્રગટ થાય છે અને ૧૯ અતિશયો ભક્તિ-ભાવથી દેવો પ્રવર્તાવે છે. ચાર સહજાતિશયોને બાદ કરતાં ૧૧ અને ૧૯ = કુલ ૩૦ અતિશયો કેવલજ્ઞાન થતાંની સાથે જ પ્રગટ થાય છે, તે પહેલાં પ્રગટ થતાં નથી જ એ બરાબર ધ્યાનમાં રાખવું ઘટે.

ચાર સહજાતિશયો તો ગતજન્મની સર્વોચ્ચ સાધનાના ઉત્કૃષ્ટ પ્રભાવે તીર્થંકર જન્મે ત્યારથી જ સંકળાએલા હોય છે. કેમકે આ ચારનો સંબંધ ભગવંતના જન્મજાતદેહ સાથે છે.

કર્મક્ષયથી ૧૧ પ્રાપ્ત થાય છે. એનો અર્થ એ કે તીર્થંકરો દીક્ષા લીધા પછી અંતિમ સિદ્ધિ એટલે કે મોક્ષની પ્રાપ્તિ માટે તપ અને સંયમની ઉગ્ર સાધના દ્વારા આત્માના પોતાના મહાન ગુણોનો ઘાત કરનારા એવા 'ઘાતી' શબ્દથી

ઓળખાતાં ચાર ઘાતી કર્મોનો ક્ષય કરે છે, એટલે ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ બને છે. એમ થતાં તેઓ સર્વગુણ-સંપન્ન બની ગયા. વિશ્વની સર્વોચ્ચકક્ષાએ પહોંચી ગયા ત્યારે પોતાની પ્રાપ્ત કરેલી પ્રચણ્ડ આંતરિક આધ્યાત્મિક શક્તિનો વિસ્ફોટ થતાં અથવા યોગલબ્ધિ–યોગશક્તિના પ્રભાવે ૧૧ અતિશયો ઉત્પન્ન થાય છે. (આમાં દેવો નિમિત્ત નથી હોતા) બાકીના ૧૯ અતિશયો રહ્યા તે દેવકૃત–દેવો દ્વારા કરવામાં આવતા અતિશયો છે. એથી તે કેવલજ્ઞાન થતાંની સાથે જ કેવલજ્ઞાન તથા ભાવતીર્થંકરની યથાર્થતા પ્રાપ્ત થતાં તેના પ્રભાવે દેવો પોતાની શાશ્વત ફરજના કારણે ચમત્કારિક વિવિધ અતિશયો રચવા દ્વારા તીર્થંકરદેવના તીર્થંકરત્વનો, તેઓશ્રીના વ્યક્તિત્વનો પ્રભાવ વિસ્તારતા રહે છે. વાળની [1]અવૃદ્ધિનો અતિશય દેવકૃત અતિશય પૈકીનો જ એક (૧૭ મો) અતિશય છે તો પછી તેને દીક્ષા પ્રસંગ જોડે શું લાગે વળગે? ઘાતીકર્મના ક્ષયથી થતો વાળની અવૃદ્ધિનો અતિશય, છદ્મસ્થાવસ્થામાં ઘાતીકર્મ બેઠાં છે ત્યારે તો તેનો

---

૧. એક બીજી બાબત સમજવી જરૂરી એ છે કે આ એક જ અતિશય એવો છે કે જેનો સંબંધ ભગવાનની કાયા સાથે છે. એથી એનું મહત્ત્વ પણ વધારે છે. બીજા ગ્રન્થકારોએ અતિશયોની યાદીમાં આ અતિશયને વચમાં મૂકયો પણ શ્રી સમવાયાંગ સૂત્રકારે સહુથી પહેલો એને ચમકાવ્યો. એમણે સાહજિક કે કર્મક્ષયના કોઈ અતિશયને સ્થાન ન આપતાં, ત્રીજી કક્ષાના દેવકૃત (વાળ વગેરેની અવૃદ્ધિના) અતિશયને આદ્ય સ્થાન આપ્યું એ સાહજિકપણે હશે કે કંઈક ગર્ભિત કારણે હશે?

જન્મ પણ થતો નથી. હવે બીજો પ્રશ્ન એમ પણ થઈ શકે કે તે પ્રસંગ સાથે જોડીએ તો વાંધો પણ શું? જવાબ એ છે કે જો ત્યાં જોડીએ તો અતિશયના જન્મ સ્થાનમાં ભંગાણ પડતાં મૂલભૂત વ્યાખ્યા ખોટી પડે છે. વળી ૩૦ માંથી એકને વિના કારણ ખેંચીને એકદમ જુદો પાડવો તે શું ઉચિત છે?

તે ઉપરાંત કેવલજ્ઞાનના પ્રભાવે દેવો જે ૧૯ અતિશયોની જવાબદારી અદા કરે છે તો હવે ૧૯ ને બદલે ૧૮ કહેવા પડશે અને અઢારની સંખ્યા કોઈ નેય માન્ય નથી, એટલે બીજો આ વાંધો ઊભો થશે. આ જોતાં વીતરાગસ્તવના ટીકાકારની વાત કઈ રીતે ગળે ઉતારવી?

બીજું આપણા એ જ પૂજ્ય શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં અતિશયોનું વર્ણન શરૂ કરતાં પહેલાં પ્રસ્તાવ કરતાં પ્રથમ શ્લોકમાં જ **अथोत्पन्नकेवलज्ञानस्य तीर्थकृताऽतिशयानाह ।** આમ લખીને આડકતરી રીતે અતિશયોનો સંબંધ કેવલજ્ઞાન સાથે જ છે તે ધ્વનિત–સૂચિત કર્યું છે.

વળી બીજી એક વાત પણ વાચકોના ધ્યાન ઉપર મૂકું. તે એ કે ૩૪ અતિશયોનો સંબંધ બે અવસ્થા સાથે છે. ૧. જન્મ અવસ્થા અને ૨. કેવલી અવસ્થા. ૩૪ અતિશયો પૈકી ૪ અતિશય જન્મ અવસ્થા સાથે સંકળાએલા છે અને બાકીના ૩૦ કેવળજ્ઞાન થતાંની સાથે જ અને કેવળજ્ઞાન થયા પછી સંકળાએલા છે. આ સિવાય તીર્થંકરની કોઈ અવસ્થા સાથે આ પ્રસંગ સંકળાએલો નથી એટલે પછી અતિશય

પ્રગટ થવાને માટે બીજી કોઈ અવસ્થા છે જ નહિ તો પછી દીક્ષા વખતથી વાળની અવૃદ્ધિનો વાચક અવસ્થિત અતિશય હોય જ ક્યાંથી? સાચી રીતે અવસ્થિત અતિશય કેવળજ્ઞાન થતાં જ લાગુ પડે છે પણ દીક્ષા વખતથી નહીં જ.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ **केशरोमनखश्मश्रु……नाप्तस्तीर्थकरैः परैः** ॥ આ શ્લોકમાં **तीर्थकरैः परैः** 'અન્ય તીર્થીય-બીજા દેવો' આ શબ્દ સરખામણીનો સૂચક છે. હંમેશા સરખામણી સરખે સરખાની થાય. અન્ય ધર્મતીર્થસ્થાપકો સાથે આપણા ભગવાન જો છદ્મસ્થાવસ્થાવાળા હોય અને તેની સાથે સરખામણી કરવાની હોય તો સરખે સરખાની સરખામણી કઈ રીતે કહેવાય? ભાવનિક્ષેપે ભગવાન યથાર્થ તીર્થંકર થાય ત્યારે બીજા દેવોની સાથે તુલના કરવાની પરિસ્થિતિ ઊભી થાય, એ દૃષ્ટિએ વિચારીએ તો પણ વાળની અવૃદ્ધિની બાબત કેવલી અવસ્થાની સાથે જ લાગુ પડે છે.

દીક્ષા પ્રસંગે ભગવાન છદ્મસ્થ છે. હજુ યથાર્થ તીર્થંકર થયા નથી ત્યારે અવસ્થિત અતિશયને દીક્ષા જોડે જોડવો કઈ રીતે બંધ બેસે? શ્લોકના ટીકાકારે દીક્ષાની સાથે અવસ્થિત અતિશયનું જોડાણ કર્યું પણ પોતાની વાતના સમર્થનમાં કોઈ પુરાવો રજૂ કર્યો હોત તો સારૂં થાત.

શ્લોકની અંદર લોચ કર્યા પછી વાળની અવૃદ્ધિ થાય છે એવો ઉલ્લેખ કે હવા સીધી કે આડકતરી રીતે પણ દેખાતી નથી. પછી દીક્ષા સાથે આ વાતનું જોડાણ થવું જોઈએ નહીં પણ કેશ અંગેના આગમના પાઠો તથા અન્ય આધારો ધ્યાન ઉપર ન રહ્યા હોય ત્યારે આવું બને. અને

પ્રતિષ્ઠિત અગ્રણી આચાર્યશ્રી કે વિદ્વાનોએ પહેલીવાર જે અર્થ કર્યો હોય તે જ અર્થ તેમના સંઘાડાના કે અન્ય સાધુ-સાધ્વીજીઓ કરે, તે પછી તે અર્થ શ્રાવક-શ્રાવિકાઓમાં ફેલાય.

ઉપરના બધા ઉલ્લેખોથી પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજી સહિત તમામ આચાર્યશ્રીઓને વાળનું અવૃદ્ધિ-સ્થિરીકરણ કેવલજ્ઞાન થયા પછી જ અભિમત છે એ વાત નિર્વિવાદ અને નિઃશંક પુરવાર થાય છે.

ઉપરની હકીકત ઉપરથી એક મહત્ત્વની બાબત એ નીકળી આવે છે કે છેલ્લાં સેંકડો વરસોમાં થએલા પૂજ્ય આચાર્યાદિ શ્રમણ મુનિવરોએ માત્ર એક વીતરાગસ્તવની ટીકાને જ આધારરૂપ ગણીને કાગળ, વસ્ત્રાદિ ઉપર ભગવાનને વાળ વિનાના જ ચિતરવાની પ્રથા પાડી દીધી હશે. જો મારી આ વાત બરાબર હોય તો ચિત્રો શાસ્ત્રવિહિત થવાં પામ્યાં નથી એમ કહેવું પડે.

હવે પછી રજૂ થતાં વધુ જ્વલંત પુરાવાઓથી દીક્ષા વખતથી વાળની અવૃદ્ધિનું ટીકાકારનું વિધાન કેટલું અનુચિત છે તે સમજાઈ જશે.

હવે પછી જે ટોચના, આંખ ઊઘાડી નાંખે તેવા, દલીલ વિના ચુપચાપ સ્વીકારી લેવા પડે એવા પુરાવા આપું છું. એ વાંચ્યા પછી અતિશયની વાત, દીક્ષા વખતથી જ વાળની અવૃદ્ધિની ફેલાએલી જોરદાર હવાની વાત, બરફની માફક ઓગળી જતી લાગશે. છતાં મેં પ્રારંભમાં આ લેખમાં આટલી લાંબી વિચારણા એટલા માટે કરી કે તે વાંચીને, અતિ

પ્રચલિત જોરદાર માન્યતામાં ઓટ આવે અને બીજું શાસ્ત્રોની વાતોની સાચી સમજ પ્રાપ્ત થાય.

* * *

**ઉત્તરાર્ધની નોંધ :**—દીક્ષાનો લોચ થયા પછી નિર્વાણ-મૃત્યુપર્યંત વાળ વધે છે કે નથી વધતા એ અંગેની ચર્ચા-છણાવટનો પૂર્વાર્ધ પૂર્ણ થયો. હવે દીક્ષા લીધા પછી વાળ અવશ્ય હતા, કેવલીઅવસ્થામાં હતા અને નિર્વાણ-મૃત્યુપર્યંત પણ હતા એ બંને વાતનું જોરદાર સમર્થન કરતો અતિ સુસ્પષ્ટ પાઠોવાળો ઉત્તરાર્ધ રજૂ કરું છું પણ એ પહેલાં એક વાત જણાવવી રહી ગઈ તે જણાવું.

દીક્ષા લીધી ત્યારે પંચમુષ્ટિ લોચ કર્યો, પછી ૧૨॥ વરસની છદ્મસ્થાવસ્થા દરમિયાન વાળનું સતત અસ્તિત્વ હતું એવું નથી સમજવાનું, ત્યારે તો સાધુની જેમ લોચ[1] થાય, પાછા વાળ વધે એટલે પાછો વાળનો લોચ થાય, એમ માનીએ તો જ આચારાંગની અને ચમરેન્દ્રના પ્રસંગની વાળની વાત સંગત બને. કોઈ પ્રશ્ન ઊઠાવી શકે કે તીર્થંકરોને લોચ કરવાનો ‘ કલ્પ ’ છે એવો શાસ્ત્રાધાર છે ? એની સામે એવો પ્રતિ-પ્રશ્ન પણ થઈ શકે કે ‘ કલ્પ નથી ’ એવો આધાર છે ખરો ? બાકી હવે પછીનો લેખ વાંચશો એટલે કલ્પની વાતને સ્થાન જ નહીં રહે ! લોચ-કલ્પ શબ્દનું અસ્તિત્વ જ ખતમ થઈ જશે.

---

૧. જો લોચ ન કરે તો બીજા તીર્થંકરની વાત બાજુએ રાખીએ પણ ઋષભદેવ ભગવાનનો છદ્મસ્થકાળ સેંકડો વરસનો છે, તો તેમના વાળ નાનકડા પહાડ જેવડા લાંબા-પહોળા થઈ જાય તો એ પણ કેમ કામ આવે ?

# ✻ વિભાગ-૨ ✻

## ઉત્તરાર્ધ શરૂ—

અતિશયની વાત અને [1]વજ્રનો પ્રયોગ બંને વિધાનોને પડકારતા, તેમજ અન્ય ગ્રન્થો, સ્તવન-સ્તોત્રાદિકમાં દીક્ષા વખતથી જ 'વાળ નથી વધતા' એવી કહેલી વાતનો છેદ ઊડાડતા, આજ સુધી જાહેરમાં નહીં આવેલા પણ નિર્ણયાત્મક વાત જણાવતા દીવા જેવા સુસ્પષ્ટ [2]પાઠો રજૂ કરું છું.

---

૧. શું તીર્થંકરદેવ જેવી સર્વોચ્ચ ઇશ્વરી વ્યક્તિને માથે લોહ (લોખંડી) વજ્રનો પ્રયોગ હોઈ શકે ખરો? કરે ખરા? તીર્થંકરદેવ માટે છાજે ખરો? ભગવાન સહમત થાય ખરા? સીધી રીતે તો (એક અપેક્ષાએ) આ પ્રયોગ શું અતિશયની સ્વતંત્રતા અને પ્રભાવનો છેદ જ ઊડાડી દેતો નથી? વાળ સદાને માટે ન વધે એમ કરવા માટે બીજી ઘણી શક્તિઓ દેવો પાસે હોય છે તો શું તે કામમાં લઈ ન શકાય? અરે! દેવોની શક્તિ શું શું ન કરી શકે? છતાં જ્યારે વજ્રની વાત લખી જ છે ત્યારે વિચારવાનું સ્થાન ઊભું થયું છે.

૨. આ પાઠો દીક્ષા વખતથી વાળની અવૃદ્ધિને તથા સમવસરણમાં ભગવાનને વાળ ન હતા, આવું માનનાર પક્ષના આચાર્યોની માન્યતાને પડકારરૂપ જ નહીં પણ તેમની માન્યતાને સર્વથા ખોટી ઠરાવતા પાઠો રજૂ કરતાં સખેદ દુઃખ થાય, દુઃખનું કારણ સેંકડો વરસથી ચાલી આવતી તેઓની દૃઢ-અફર માન્યતાને ખોટી કહેવી પડે તે છે. એમ છતાં એક વિવાદાસ્પદ અને સેંકડો વરસોથી દ્વિધામાં રાખતી બાબતનો આખરી નિર્ણય લાવવો હોય તો પેટ છૂટી વાત કર્યા સિવાય ઉપાય પણ શું? એથી આપણા પૂર્વાચાર્યો માટે લેશમાત્ર ઓછાશ બતાવવાનો આશય નથી અને હોઈ શકે પણ નહિ.

અહીંયા પ્રથમ હું આગમ શાસ્ત્રો પૈકી શ્રી આચારાંગ, શ્રી ઔપપાતિક ઉવવાઈ અને શ્રી ભગવતીજી ત્રણેય સૂત્રોના મૂલ અને ટીકાના પાઠો રજૂ કરું છું. છદ્મસ્થાવસ્થામાં 'મારા માથે વાળ હતા' એવી સ્પષ્ટ વાત ખુદ ભગવાને શ્રીમુખે જ જણાવી છે. તે જણાવતા અત્યન્ત મહત્ત્વના અને મારી સમજણને પૂરેપૂરો ટેકો આપતા પાઠો, વળી ત્રણેય પાઠોમાં સર્વોપરિ ગણાય એવા પાઠને પણ અહીં રજૂ કરીશ.

તે ઉપરાંત ત્રીજી આઈટમમાં ઉપરથી વાતને પૂરો ટેકો આપનારા અને માત્ર માથાના જ વાળ હતા એમ નહિ પણ અનાદિકાળથી શાશ્વત પ્રતિમાઓને શ્યામ વાળ ઉપરાંત દાઢી, મૂછ, નખો પણ હોય છે. એની અનોખી, આશ્ચર્યમાં ગરકાવ કરી બુદ્ધિને સ્થંભિત કરી દે તેવી (દાઢી-મૂછની આપણી જોવાની દૃષ્ટિ જે રીતે ટેવાએલી છે એના કારણે આપણને પ્રથમ ન ગમે તેવી) વાતને રજૂ કરતા પાઠો અને તેને લગતી વિસ્તૃત વિગતો પણ દર્શાવીશ.

પ્રથમ છદ્મસ્થાવસ્થામાં વાળના અસ્તિત્વને સંપૂર્ણ ટેકો આપતા બે સૂત્રપાઠો જોઈ લઈએ. પ્રથમ આચારાંગ સૂત્રનો અને પછી ભગવતીજી સૂત્રનો, અને પછી તે પાઠોની સમીક્ષા કરીશ. તે કર્યા બાદ કેવલી અવસ્થામાં પણ (સમવસરણમાં) અવશ્ય વાળ હતા, તે વાળ પાછા કેવા હતા? તેના અનેક વિશેષણો સાથેનો, જોરશોરથી સુસ્પષ્ટ વાત જણાવતો (વાળ ન હતા તેવું માનનારાઓને સદંતર મૂંગા કરી દેતો) પાઠ ભાષાંતર સાથે આપીશ.

વાળ અંગેના બધા પાઠો એક સાથે વાંચવાનું બધી રીતે સાનુકૂળ રહે એટલે પ્રથમ આચારાંગ સૂત્રનો પાઠ રજૂ કરું છું.

## છદ્મસ્થાવસ્થાનો પ્રથમ પુરાવો વાંચો

માથા ઉપર ગુજરાતીમાં 'જટિયાં' શબ્દથી ઓળખાતા વાળના પ્રમાણનો સંકેત કરતું આચારાંગ ઉપધાનશ્રુત નામનું અધ્યયન-૯, ઉ-૧, ગાથા [1]આઠમીનું માત્ર ચોથું ચરણ જોઈએ—

**लूसियपुव्वे** [2]**अप्पपुण्णे हिं** ( મૂલપાઠ ) ( આ ભગવાનનું વિશેષણ છે )

**ટીકા—'लूषितपूर्वो'-हिंसितपूर्वः केशलुञ्चनादिभिरपुण्यैः—अनार्यैः पापाचारैरिति ॥८॥**

**ભાવાર્થ:**—અનાર્યો એટલે પાપાચારી લોકો ( છદ્મસ્થાવસ્થામાં રહેલા ) ભગવાનના માથાના વાળને ( ત્રાસ આપવાના હેતુથી ) પકડીને ભગવાનની કાયાને ખેંચતા [3]હતા.

---

૧. જુઓ આગમોદય સમિતિ ( ૧૯૭૨માં ) પ્રકાશિત આચારાંગ-સૂત્ર, શીલાંકાચાર્ય વિહિતવૃત્તિ, પૃષ્ઠ ૩૦૨ થી ૩૦૪. (એક ખુલાસો કરું કે સુઘોષા માસિકના મારા લેખમાં ત્રીજો ઉદ્દેશો પ્રથમ સૂત્ર વગેરે ખોટું છપાયું હતું તે, તેમજ સૂત્રપાઠ પણ પ્રેસની ભૂલથી ખોટા છપાયા હતા.)

૨. **अप्पपुण्णे** નો સંસ્કૃત અનુવાદ ટીકાકારે **अपुण्यैः** કર્યો છે અને અપુણ્યથી અનાર્યોનું ગ્રહણ કર્યું છે.

૩. આચારાંગના પાઠનો શબ્દાર્થ ન કરતા ભાવાર્થ કર્યો છે અને અન્ય પ્રકાશનોમાં ઉપરોક્ત જ અર્થ કર્યો છે.

આ પ્રમાણે આચારાંગ સૂત્રકારે દીક્ષા પછીની છદ્મસ્થાવસ્થામાં વાળ હોવાનું સ્પષ્ટ પ્રમાણપત્ર આપ્યું.

## છદ્મસ્થાવસ્થાનો ચમરેન્દ્રના ઉત્પાત પ્રસંગનો બીજો અતિ પ્રબળ પુરાવો

મહામાન્ય, વંદનીય શ્રી ભગવતીજી સૂત્ર (શતક ૩, ઉ–૨, સૂત્ર–૧૪૬, પૃ. ૧૭૬) માં અસુરેન્દ્ર ચમરના ઉત્પાતનો એક પ્રસંગ નોંધાયો છે. આ કથાના અન્તની એક જ પંક્તિ 'ભગવાનના માથે નિઃશંક વાળ હતા' એમ કોઈ ઢોલ પીટીને જેમ કહે તે રીતે જણાવે છે. આ ચમર ઇન્દ્રનું દૃષ્ટાંત ખૂબ જ રસિક, આકર્ષક, રોમાંચક અને સાથે સાથે વાચકોને વિવિધ રીતે પ્રેરણા આપે તેવું છે. ચમરેન્દ્રની આખી ઘટના કરૂણાસાગર તારક ભગવાન શ્રી મહાવીરે ખુદ પોતાના જ શ્રીમુખે વર્ણવી હોવાથી આ કથા અસાધારણ રીતે સન્માન્ય અને વજનદાર બને છે. કેમકે આ કથા ખુદ ભગવાને જ પોતાના શિષ્ય ગૌતમસ્વામીજીને કહી બતાવી છે, અને એ વાતના સંદર્ભમાં 'મારા વાળ કેવી રીતે કંપી ઊઠયા' એ વાત ભગવાને પોતે જ શ્રીમુખે જાહેર કરી છે. આ કથા આ લેખનું કદ વધી ન જાય, તેથી વાળનું અસ્તિત્વ સમજવા પૂરતો કથાનો જરૂરી મુદ્દાસર ભાગ જ આપવો અતિ અનિવાર્ય હોવાથી તે જણાવું છું. (આખો પ્રસંગ અધિકૃત વ્યક્તિઓએ ન વાંચ્યો હોય તો જરૂર વાંચે)

જૈનધર્મની વૈશ્વિક (બ્રહ્માંડ) ભૂગોળની દૃષ્ટિએ દેવ-ગતિસ્થ દેવો માત્ર આકાશમાં જ નથી, પણ આપણી ધરતી

નીચે પાતાલમાં પણ છે એટલે દેવો નીચે પણ છે, અને અબજો માઈલ દૂર ઊર્ધ્વ આકાશમાં પણ છે. નીચેના દેવોનો ઋદ્ધિ-સિદ્ધિ-વૈભવ ઉપરના આકાશના વિમાનવાસી દેવો કરતાં ઘણો ઓછો છે, એટલે ઓછા શ્રીમંતને પોતાનાથી વધુ શ્રીમંતની શ્રીમંતાઈ વૈભવ જોઈ ઇર્ષ્યા-અદેખાઈ જાગે એ સ્વાભાવિક છે. માનવજાતને આ આસુરી તત્ત્વ શાશ્વતકાળથી પીડી રહ્યું છે. દેવલોકમાં દેવોમાં પણ આવા તત્ત્વો ભાગ ભજવતાં હોય છે. અહીંયા અસુર ચમરેન્દ્રને ઉપરવાળાની ઇર્ષ્યા થઈ કે મારે માથે વળી આ કોણ?

## હવે વાંચો (ચમરેન્દ્રનો) આખો રોચક પ્રસંગ

હવે ભગવાન મહાવીર તે ઘટનાને વર્ણવતાં કહે છે કે "ગૌતમ! મારી દીક્ષાનું ૧૧ મું વરસ ચાલતું હતું ત્યારે બનેલી એક ઘટના કહું તે સાંભળ!" પાતાલવાસી ચમરેન્દ્ર નામનો અસુરનો ઇન્દ્ર તાજો જ દેવભવનમાં જન્મ્યો, તેને પોતાના ઋદ્ધિ-વૈભવ જોયાં, દેવોને 'અવધિ' નામનું વિશાળ પરોક્ષ જ્ઞાન હોય છે, એટલે એને તો પ્રાપ્ત થએલાં જ્ઞાનના નેત્રથી વિશાળ વિશ્વને જોવા માટે ઝડપથી નજર દોડાવવા માંડી. ઉપર આકાશ તરફ નજર નાંખી તો ત્યાં એને વૈમાનિક નિકાયના સૌધર્મ વિમાનમાં શક્ર ઇન્દ્રને જોયા. એનું રૂપ, વૈભવ, ઋદ્ધિ-સિદ્ધિ, ઠકુરાઈ જોતાંની સાથે જ ઇર્ષ્યા-અમર્ષથી સળગી ઊઠયો, અને મારા માથે વળી આ કોણ? મારી સમગ્ર તાકાતથી એની ખબર લઈ નાંખું. તેના પરિવાર વચ્ચે જોયા પછી મારાથી રહેવાતું નથી એમ બોલ્યો. તેના સેવકોએ

બળિયા સાથે બાથ ન ભીડવાની સલાહ આપી, જીવને જોખમમાં ન મૂકવા કહ્યું, પણ એને સત્તા-વૈભવનો નશો ચઢ્યો, પછી એ માને શેનો? છતાં સાંભળીને તેને થોડી ચિંતા તો થઈ એટલે એને થયું કે કોઈ મહાત્માનું શરણું લઈને જાઉં તો પછી વાંધો ન આવે, એવી મતિ સૂઝી. જ્ઞાનથી જોતાં જોતાં ભગવાન મહાવીરને જોયા, દૂરથી વંદન કર્યું. પછી પોતાના સાથીઓના વાતની સદંતર અવગણના કરી ભાઈ નીકળ્યા. રક્ષા માટે ભગવાનને પગે લાગી, શરણું સ્વીકારી, સહાય યાચી આકાશમાં એકદમ ઊડીને સૌધર્મ ઇન્દ્રના વિમાન પાસે પહોંચ્યો, કુચેષ્ટાઓ શરૂ કરી પછી સૌધર્મ ઇન્દ્રની સભામાં જઈ હાકોટા-પાકોટા પાડવા માંડયાં, તુચ્છકારો-અપમાનો કર્યાં, અશ્રાવ્ય વેણો ઉચ્ચારી પડકારા કર્યાં, સમજાવવા જતાં વધુ ઉશ્કેરાયો. ઇન્દ્રે જોયું કે હવે આવા અભિમાનની ભાંગ પીધેલા માટે ચૌદમા રતન (શિક્ષા) સિવાય રસ્તો નથી. ઇન્દ્રે ઝટ લઈને વજ્ર (ઇન્દ્રનું રક્ષા માટેનું આખરી શસ્ત્ર) હાથમાં લીધું અને ચમરેન્દ્ર ઉપર છોડયું, ભયંકર જ્વાળાઓ છોડતા વજ્રને જોતાં જ મુઠ્ઠી વાળીને ચમરેન્દ્ર ભાગ્યો. હવે મારું શું થશે? કેમ બચવું? તે ચિંતા થઈ પડી એટલે જતી વખતે સ્વરક્ષા માટે, ગૌતમ! જેમ એણે મારું શરણું લીધું હતું, તેમ પાછા આવતાં પણ ફરી 'ભગવાનનાં ચરણ એ જ મારું શરણ' એમ વિચારીને ઝડપથી દોડીને મારા પગ વચ્ચે બેસી ગયો.

બીજી બાજુ શક્ર ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોયું કે ચમરેન્દ્ર અને વજ્રની સ્થિતિ શું છે? જોતાં જ,

અરે ! અરે ! ચમરેન્દ્ર તો તેના ઘર તરફ જવાના બદલે આ તો મારા ભગવાન પાસે જઈ રહ્યો છે, અને ભગવાનના ચરણમાં પહોંચતા મારું વજ્ર ચમરેન્દ્ર જોડે તો અથડાશે પણ ચમરેન્દ્ર સાથે મારા ભગવાનને પણ અથડાઈ પડશે તો મારા ભગવાનનું શું ? ધ્રાસકો પડયો, ચિત્કાર કરી ઊઠયા. હાંફળા ફાંફળા ભયંકર ચિંતામાં મૂકાએલા ઇન્દ્ર આંખ મીંચીને વિદ્યુત્વેગે દોડયા. હે ગૌતમ ! પલકારામાં જ દિવ્યગતિ વડે ઇન્દ્ર મારી પાસે દોડી આવ્યા. ચમરેન્દ્ર તો વજ્રથી બચવા મારા પગ વચ્ચે ભરાઈ ગયો, વજ્ર મને અથડાવવાની તૈયારીમાં જ હતું ત્યાં જ મારી નજીક આવી પહોંચેલા ઇન્દ્રે વજ્રને હાથથી પકડવા તીવ્ર વેગથી હાથ ઊંચો કરી જોરથી ત્રાપ મારી, તે વખતે હવામાં દબાણ વધતાં એ હવા જોરથી મારા શરીર સાથે અથડાણી અને એ વખતે ગૌતમ !—

**“ મારા વાળના અગ્ર ભાગો થર થર થર કંપી ઊઠયા ! ”**

વાચકો ! ભલભલાની આંખ ઊઘાડી નાંખે એવી ઉપરની પોતાના જ વાળની વાત ખુદ ભગવાને જ જ્યારે કહી બતાવી તો હવે તર્ક કે દલીલને શું સ્થાન રહે ? બે હાથ જોડી નત્ મસ્તકે સહુને સ્વીકાર્યા સિવાય ચાલે તેમ છે ખરૂં ?

હવે ઉપરની જ વાતનો શ્રી ભગવતીજી સૂત્ર–શાસ્ત્રનો નિમ્ન પુરાવો પણ વાંચી લો—

**મૂલપાઠ—अवियाइं मे गोयमा। मुट्ठिवाएणं के सग्गे ।**

ટીકા—अतिवेगेन वज्रग्रहणाय यो मुष्टेर्बन्धने वातउत्पन्नोऽसौ-
मुष्ठिवातस्तेन मुष्ठिवातेन केशाग्राणि वीजितवान्[1] ॥

પ્રકાશિત ભગવતીજી શ. ૩, ઉ. ૨
[ જુઓ આગમોદય સમિતિ–સૂત્ર ૧૪૫, પૃ૦ ૧૭૬ ]

**ઉપરની વાત ઉપર મારી સમીક્ષા**—આચારાંગ સૂત્રકારે વાળ હોવાનું પ્રમાણપત્ર સ્પષ્ટ આપ્યું, પણ તે ઘટના દીક્ષાના બીજા જ વરસે બની હોવાથી તે અંગે ઘડીભર સવાલ ભલે ન ઊઠાવીએ પણ આ ચમરેન્દ્રની વાત ભગવાને જે કહી ત્યારે ભગવાને જ ગૌતમને કહ્યું કે ગૌતમ મારી દીક્ષા પછીનાં ૧૧માં વરસે આ ઘટના બની હતી. જો કે વર્ણવી છે કેવલી થયા પછી, એટલે યદ્યપિ હકીકત સત્ય અને નિઃશંક હોવા છતાં આ ઘટના આપણને ગંભીર વિચારમાં મૂકી દે તેવી છે. કેમકે ૧૧ વરસ સુધી ભગવાને વાળ કાઢ્યા ન હોય એવું કેમ બને ? ન કાઢે તો વાળ વધીને જંગલના તાપસ–જોગીઓની જેમ લાંબી લાંબી જટાઓ જ થઈ જાય, પણ તે રીતે વધ્યા નથી, વધવા દેવાય પણ નહીં. તો આપણે શું નક્કી કરવું ? તો નક્કી એ કે છદ્મસ્થાવસ્થામાં વાળની હાનિ–વૃદ્ધિ થતી હતી અને એ કારણે ભગવાન સાધુની જેમ જ લોચ કરતા રહ્યા હશે જ. આથી વીતરાગસ્તવના ટીકાકારની વાત સાથે કોઈ મેળ મળતો નથી.

---

૧. છદ્મસ્થાવસ્થામાં વાળનો લોચ વારંવાર થતો હતો અને દેવની સહાય હતી નહિ, એટલે વાળ સુવ્યવસ્થિત અને સ્થિર પ્રકારના ન હોય. લોચ કર્યો હોય ત્યારે વાળ ન હોય.

## હવે લોચના યથાર્થ અને આખરી પુરાવા વાંચો—

છદ્મસ્થાવસ્થાના બે પુરાવા રજૂ કર્યા, હવે આગળ વધીએ. હવે જે વાત રજૂ કરું છું તે પેલા બે પુરાવાને પણ ઓળંગી જાય તેવી, કલ્પના ન કરી શકીએ એવી છે. આ વાત છદ્મસ્થાવસ્થા પછીની અવસ્થા એટલે કેવલી અવસ્થાની છે. તો શું આ અવસ્થામાં વાળ હતા ખરા ? હા, નિશ્ચિત હતા, પછી તો સમવસરણમાં દેશના આપતા હતા ત્યારે પણ ભગવાન વાળવાળા જ હતા. જ્યારે બંને અવસ્થા (છદ્મસ્થ અને કેવલી)માં વાળ સાબિત થાય છે ત્યારે હવે તીર્થંકરો માટે અભૂતપૂર્વ વિધાન કરી શકાય છે કે તીર્થંકરોને દીક્ષા વખતના પંચમુઠ્ઠી લોચ વખતે વાળ કાઢી નાખ્યા બાદ નવા વાળ આવી જાય તે પછી (છદ્મસ્થાવસ્થા માટે વિકલ્પ ધ્યાનમાં રાખવો) કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી હોય કે ન પણ હોય પણ કેવલી થયા પછી તો ભગવાન મોક્ષે ન જાય ત્યાં સુધી અવિરત–સતત વાળવાળા જ હોય.

આ માટે ડિંડિમ જોરશોરથી ઢોલ પીટતો પ્રથમ ઔપપાતિકસૂત્ર–શાસ્ત્રનો પુરાવો આપીશ. પછી અતિસન્માન્ય શ્રી ભગવતીજી સૂત્રનો પુરાવો રજૂ કરીશ. બંને સૂત્રો આગમ ગ્રન્થો છે. બંનેના ટીકાકાર પૂ. શ્રી અભયદેવસૂરિજી છે. એમણે પ્રથમ ટીકા ઔપપાતિકની કરી છે અને તે પછી એમણે ભગવતીજીની ટીકા કરી છે. ઔપપાતિક મૂલમાં જે પાઠ છે તે જ પાઠની સાક્ષી ભગવતીજીમાં આપીને માથાના વાળ કેવા હતા ? આકાર–પ્રકારે કેવા હતા ? કેટલા પ્રમાણમાં હતા ? તેનું કદી આપણે કલ્પી જ ન શકીએ એવું વર્ણન કર્યું

છે. આ વર્ણન ઔપચારિક કે કાવ્યની દૃષ્ટિએ કર્યું હશે એવું સમજવાનું નથી પણ સમવસરણના વર્ણનનો પ્રસંગ આવતા વાસ્તવિક રીતે યથાર્થ વર્ણન કર્યું છે.

ઔપપાતિક આગમનો પાઠ જોઈએ—

**(१) भुअमोअग (२) भिंग (३) नेल** ( અથવા **नैल**) **(४) कज्जल (५) पहिट्ठभमरगणनिद्धनिकुरुम्ब (६) निचिय (७) कुंचिय (८) पयाहिणावत्त–मुद्ध सिरए ॥**

[ સૂત્ર ૧૦, પૃષ્ઠ ૩૦. પ્રકા. ભૂરાલાલ પંડિત ]

ભગવાનના માથાના વાળ કેવા હતા? એ માટે એકાદ બે નહિ પણ પાઠમાં ખાસા સાત-સાત વિશેષણો વાપર્યા છે. સૂત્રમાં નમુત્થુણં સૂત્રનાં જ વિશેષણો જણાવીને ભગવાનના દેહનું વર્ણન કરતાં માથાનો અને તે સાથે માથાની ઉપરના વાળનો પ્રસંગ આવતાં તેનું વર્ણન કરતાં ઉપરનાં વિશેષણો દર્શાવ્યાં છે.

**મૂલ સહ ટીકાનો અર્થ**—કોઈ વસ્તુ જોઈએ એટલે પ્રથમ ખ્યાલ એ વસ્તુનો રંગ કેવો છે તે નજરે ચઢે એટલે અહીંયા ભગવાનના વાળ કેવા રંગના હતા તે જણાવતાં શ્યામ રંગવાળી વસ્તુઓનાં વિશેષણો દ્વારા સમજાવ્યું કે આના જેવા એ કાળા હતા.

પ્રથમ [1]**भुजमोचक** નામના રત્નની ઉપમા આપી. આ રત્ન અત્યન્ત શ્યામ હોવાથી ઉપમા માટે આ રત્ન પસંદ

---

૧. ભુજમોચક રત્નની કઈ જાત છે તે શોધવું રહ્યું.

કર્યું. પછી **भिंग** એટલે એક જાતનું જીવડું. જેનો રંગ કાળો હોય છે, તેના જેવા અથવા કોલસા જેવા શ્યામ, કાળા ભમરા અથવા નીલવિકાર–[1]**ગળી** જેવા–ગળી જ્યારે શ્યામ હોય તે વખતની શ્યામતા અથવા ભ્રમર કે મસી જેવા શ્યામ, આનંદિત ભ્રમરોના સમૂહની છાયા જેવી શ્યામ લાગે તેવા, ટૂંકમાં આ બધી વસ્તુઓ જેવા કાળાડુમ ભગવાનના વાળ હતા. વળી બરછટ હતા કે મુલાયમ હતા? તો કહે છે કે સ્નિગ્ધ હતા.

વાચકો! હવે પછીના ત્રણ વિશેષણોનો અર્થ બરાબર ધ્યાનપૂર્વક વાંચો શું વાળ થોડા હતા, છૂટાછવાયા હતા? તો કહે ના, વાળ **निचित** એટલે નિબિડ એટલે કે એકદમ ભરચક હતા. પછી અતિ ઉપયોગી મહત્ત્વનું વિશેષણ **कुंचित** લખ્યું છે, એટલે વાળ ગોળ ગોળ આકારો લેતા હતા. ગોળાકારે એટલે (સાતડાની માફક) ગૂંચળિયા હતા. એ ગૂંચળિયા કેવી રીતે એમ પ્રશ્ન ઉઠે ત્યારે તેના સમાધાન માટે સૂત્રમાં જ લખ્યું કે [2]**प्रदक्षिणावर्त्ते** ઊગ્યા હતા, એટલે કે સ્પ્રીંગની

---

૧. ગળી અમુક અવસ્થામાં અતિશ્યામ હોય છે. નેલનો અર્થ ભાષાંતરકારોએ ગળી કર્યો છે, એથી હું પણ એને જ અનુસર્યો છું.

૨. દરેક ધર્મવાળા પોતાના આરાધ્યદેવની મૂર્તિ કેવી બનાવવી, તેનું સ્વરુપ નક્કી કરે છે એમ આપણે ત્યાં જિનમૂર્તિનું મસ્તક કેવું રાખવું? તે માટે સંઘે નક્કી કર્યું કે વાળવાળી જ મૂર્તિઓ બનાવવી પણ વાળ કેવા બનાવવા? ત્યારે ઉવવાઈ, ભગવતીજીનાં વર્ણન મુજબ સાતડા જેવા ઘુઘરાળુ-વાંકડિયા બનાવવા એવું નક્કી થયું હતું. બે હજાર વરસ આસપાસની લગભગ તમામ મૂર્તિઓ એવા જ વાળવાળી મળે છે અને આજે એ પ્રથા લગભગ ચાલુ છે.

માફક અથવા મોટી મૂર્તિઓમાં માથા ઉપર જેવા આકારે હોય છે, તે રીતે હતા એટલે જમણી તરફથી લઈ [1]ડાબી તરફ વળાંક લેતા હતા. આટલાં વિશેષણો સૂત્રકારે વાપર્યા.

હવે તેની થોડી સમીક્ષા–તારવણી કરી લઈએ—

**સમીક્ષા**—એક વાત નજર સમક્ષ રાખીએ કે ૪૨ માં વરસે ભગવાનને કેવલજ્ઞાન થતાં કેવલી થયા હતા. કેવલી થયા એટલે સમવસરણમાં દેશના આપવાનો કાર્યક્રમ ચાલુ થઈ ગયો હતો.

પ્રશ્ન થાય કે ઉપર ઔપપાતિક સૂત્રમાં જે વર્ણન કર્યું તે ક્યારનું સમજવું? તો આ વર્ણન કેવલી અવસ્થાનું છે એ નિર્વિવાદ અને નિઃશંક બાબત છે. પણ ચોક્કસ વર્ષ કે અંદાજ કહી શકાય તેવો કોઈ પુરાવો મળ્યો નથી. પરંતુ અનુમાન કરીએ તો ૫૦ વરસની આસપાસનું હોવું જોઈએ. આટલી મોટી ઉમ્મરવાળા ભગવાનના વાળ જુવાન માણસના જેવા કાળા ભમ્મર, ભરચક હોઈ શકે છે, એવી આશ્ચર્યજનક વાત લાગે પણ દૈવિક શક્તિનો સ્પર્શ એમાં જ્યારે થાય પછી કઈ વસ્તુ અશક્ય છે? સામાન્ય રીતે દેવો [2]ભગવાન

---

૧. વાળ પ્રદક્ષિણાવર્ત રીતે રહે તે સારા ગણાય તેથી વાળ જમણી તરફ સાતડાની જેમ વળાંક લેતા હોય છે. સામુદ્રિક શાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો તે શુભ-પ્રશસ્ત ચિહ્ન ગણાય છે.

૨. ભગવાનની પ્રતિમા કઈ અવસ્થાની બતાવવી? ત્યારે લખ્યું છે કે વૃદ્ધાવસ્થાની નહિ પણ યુવાવસ્થાની બતાવવી. જેમ ભગવાન મહાવીરની મૂર્તિ ભગવાન ભલે ૭૨ વરસના થયા હતા પણ મૂર્તિ યુવાવસ્થાની જ બતાવવી, જેથી દર્શકોને આહ્લાદ ઉપજે, ભાવ વૃદ્ધિ જાગે એ આશય મુખ્ય છે એટલે સ્થાપનાનિક્ષેપ માટે શાસ્ત્ર–નિયમ વિરુદ્ધ કેટલીક છૂટો આપણે સ્વીકારી છે.

યુવા જેવા સુંદર, સશક્ત, દર્શનીય લાગે તે ખ્યાલ રાખીને ફરજ બજાવે છે.

ઉપરની વાત વાંચ્યા પછી આની સામે કોઈને શંકા કરવાનું, સવાલ ઉઠાવવાનું કે ન માનવાનું કારણ નહીં રહે. હાથ કંકણને આરસી જેવી વાત હોય ત્યાં શું કહેવાનું હોય ?

## હવે ભગવતીજી સૂત્રનો પ્રથમ પુરાવો જોઈએ

ઉપર ઔપપાતિક સૂત્રનો **भुयमोअग** પાઠ જે આપ્યો છે એ જ પાઠ ભગવતીજી સૂત્રના પ્રારંભમાં જ ભગવાન મહાવીર કેવા મહાન હતા એ કહેવા માટે પાંચમા મૂલસૂત્રમાં સુપ્રસિદ્ધ **णमुत्थुणं** સૂત્ર જેવી સ્તુતિ કરીને ‘ સમવસરણ વર્ણક ’ સુધી વર્ણન કરવાનો આદેશ કર્યો, એના અનુસંધાનમાં ભગવતીજી સૂત્રનો પાઠ પુનઃ આપવો જરૂરી લાગવાથી પૂ. અભયદેવસૂરિ મહારાજે ઔપપાતિક સૂત્રમાં ભગવાનના દેહ-વર્ણનો જે હૃદયંગમ અધિકાર આપ્યો છે તે જ અધિકાર પુનઃ એમને ભગવતીજીની ટીકામાં શબ્દશઃ ઉદ્ધૃત કર્યો છે. પ્રસ્તુત પાઠ ઔપપાતિકનો જે પાઠ ઉપર આપ્યો છે તેને અનુસરતો જ હોવાથી તે પાઠ અહીં પૃષ્ઠ ૯૮ માં નીચે [1]ટિપ્પણમાં આપ્યો છે.

---

૧. ભગવાનના માથાના વાળ કેવા હોય તેનું આબેહૂબ વર્ણન કરતો પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રનો પાઠ અહીં પૃષ્ઠ ૯૮માં ટિપ્પણમાં આપ્યો છે.

આવા ઉત્તમ ગુણવાળા ભગવાન અષ્ટમહાપ્રાતિહાર્યની શોભા–ઋદ્ધિ સાથે પ્રવચન આપવા ( રાજગૃહ નગરના ) [1]ગુણશીલ ચૈત્યના દેવકૃત સમવસરણમાં પધારી રહ્યા છે ત્યારે ભગવાન કેવા સર્વોત્તમ ગુણસંપન્ન હતા, એ વાત કહીને તેઓશ્રીનું ઔપપાતિકમાં માથાથી પગ સુધીનું શ્રેષ્ઠ વર્ણન કર્યું છે. તે પૈકી પ્રથમ '**शिरोजवर्णक** * ' વિશેષણ લખ્યું એટલે માથાના વાળનું વર્ણન કરતાં ( પુનઃ કરેલી નોંધમાં ) 'વાળ જુવાન માણસના જેવા, એકદમ કાળા ભમ્મર જેવા, ભરચક, ઘુઘરાળુ–ગૂંચળિયા કે વાંકડિયા એટલે કે સ્પ્રીંગ કે સાતડાના આકારે જણાવ્યા.' એ જણાવીને શાસ્ત્રકારે તેઓશ્રીના શરીરનું માથાથી પગ સુધી વર્ણન કર્યું, અને તે પછી લખે છે કે—

---

स च भगवद्वर्णक एवम्—" भुयमोयगभिंगनेलकज्जलपहट्ठभमरगणनिद्ध-निकुरुम्बनिचियकुंचियपयाहिणावत्तमुद्धसिरए " भुजमोचको–रत्नविशेषः भृङ्गः–कीटविशेषोऽङ्गारविशेषो वा नैलं–नीलीविकारः कज्जलं–मषी प्रहृष्टभ्रमरगणः–प्रतीतः एत इव स्निग्धः–कृष्णच्छायो निकुरुम्बः–समूहो येषां ते तथा ते च ते निचिताश्च–निबिडाः कुञ्चिताश्चकुण्डलीभूताः प्रदक्षिणावर्त्ताश्च मूर्द्धनि शिरोजा यस्य स तथा ।

[ व्याख्याप्रज्ञप्तिः अभयदेवीया वृत्तिः १ शतके उद्देश–१, वीरवर्णनादिसूत्र ५ ]

૧. આ સ્થળ ૨૫૦૦ વરસ ઉપર મગધદેશની રાજધાની રાજગૃહમાં હતું.

* वर्णक એટલે વિભાગ.

**આવા ભગવાને સમવસરણમાં બિરાજી પર્ષદા સમક્ષ દેશના આપી.**

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે સમવસરણમાં ભગવાને પ્રથમ દેશના શરૂ કરી તે વખતે ભગવાનને વાળ અલ્પ નહિ પણ ભરચક, ધોળા કે કાળા–ધોળા મિશ્ર નહીં પણ અત્યંત શ્યામ, ટૂંકા નહીં પણ શોભે તેવા પ્રમાણસર અર્થાત્ જુવાન–જોધ જેવા માણસને હોય તેવા હતા. આથી એક વાત નિશ્ચિતરૂપે સ્પષ્ટ થાય છે કે ભગવાન જીવ્યા ત્યાં સુધી હાનિ–વૃદ્ધિ વિનાના સદાયને માટે અવસ્થિત કરવામાં આવેલા વાળવાળા જ હતા. આ વાળ એક જ સરખા (દૈવિક પ્રભાવે) રહ્યા હતા. લોચ પ્રથા છદ્મસ્થાવસ્થામાં હતી. કેવલી બન્યા પછી સ્વર્ગના ઇન્દ્રના પ્રયાસ અને પ્રયોગ પછી એ પ્રથા કાયમ માટે બંધ થઈ અને સાથે સાથે સદાને માટે વાળ વગેરેનું સ્થિરીકરણ થયું, તેથી સાચી રીતે વાળ અંગેના **અવસ્થિત** અતિશયની શરૂઆત અહીંથી થાય છે.

**પ્રશ્ન**—ઉપરોક્ત લેખમાં માથાના વાળ અંગે ઠીક ઠીક ચર્ચા થવા પામી પણ દાઢી, મૂછ કે નખના વાતની ચર્ચા કરી નથી તો એ અંગે શું સમજવું?

**ઉત્તર**—પ્રથમ મુખ્યતા મસ્તકના વાળની હોય છે એટલે એ કરી, પણ ગૌણપણે એ વાત દાઢી, મૂછને પણ લાગુ પડે છે એટલે ભગવાનને કેવલજ્ઞાન થતાં માથાના વાળની જેમ દાઢી-મૂછને પણ ઇન્દ્ર-દેવ સુશોભિત અને સુંદર લાગે તે રીતે મઠારે છે અને પછી ત્રણેયને અવસ્થિત બનાવે

છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિના દિવસે દેવો વાળને જે રીતે જેવા સુશોભિત કરે પછી તે જ રીતે જ તેવા (હાનિ–વૃદ્ધિ વિનાના) નિર્વાણ–મૃત્યુપર્યન્ત રહે એમ સમજવું રહ્યું.

**પ્રશ્ન**—દાઢી–મૂછવાળા ભગવાન શોભે ખરા? ગૃહસ્થ જેવા ન લાગે? સંસારી અને સાધુ બંને સરખા બની ન જાય? અને એ ગમશે ખરું?

**ઉત્તર**:—આપણે ત્યાં પરદેશથી આયાત થયેલી ચાલ પ્રમાણે લોકોમાં ૬૦–૭૦ વરસથી દાઢી–મૂછ રાખવાનું ગમતું નથી, એ અશોભનિક અને અનેક રીતે નડતરરૂપ લાગે છે. શહેરી લોકોમાં તો પુરુષત્વના પ્રતીકરૂપે દાઢી–મૂછનો રિવાજ લગભગ નીકળી ગયો. રોજ આપણે હજારો પુરુષો દાઢી–મૂછ વિનાના જોતાં હોઈએ, એ દૃશ્યનો તીવ્રસંસ્કાર આપણી આંખને પડ્યો હોય, ત્યાં નવો (દાઢી–મૂછનો) વિરોધી આવિષ્કાર કોઈને ગમે ખરો? ન જ ગમે, એમ છતાં શાસ્ત્રોક્ત વાસ્તવિક પરિસ્થિતિની અવગણના પણ કેમ થઈ શકે!

મહાનુભાવો અને વાચકો! તમો સહુને વધુ સ્પષ્ટતાથી સમજાય માટે પુનરાવૃત્તિનો દોષ વહોરીને પણ વિસ્તારથી આ લેખ લખ્યો છે. આ લેખથી તમો વાંચી આવ્યા કે પંચમુષ્ટિ લોચ કર્યા પછી પણ વાળ ઊગવાની પ્રક્રિયા અવશ્ય ચાલુ હતી અને આ પ્રક્રિયા પૂરા છદ્મસ્થકાળ સુધી રહી હતી. ભગવાનને કેવલજ્ઞાન થતાં તેઓશ્રી બાહ્યાભ્યંતર વૈભવના સ્વામી બન્યા. દેવ–દેવેન્દ્રો ચક્રવર્ત્યાદિ રાજા-મહારાજા અને પ્રજાથી પૂજાતા થયા. આ કક્ષા એટલે માનવ સંસારમાંની છેલ્લામાં છેલ્લી

કક્ષા, આ પુણ્ય એટલે છેલ્લામાં છેલ્લી કોટિનું સર્વોચ્ચ પુણ્ય. આવી કક્ષાએ પહોંચેલા ભગવાનને છદ્મસ્થાવસ્થામાં વાળ ઊગે, લોચ વડે પાછા કાઢે તે બરાબર, પણ આ પ્રક્રિયા જો કેવલી અવસ્થામાં પણ ચાલુ રહે તે બધી રીતે અનુચિત હતું. આ અવસ્થામાં લોચની ઉપાધિ હવે શા માટે હોવી જ જોઈએ? જો છદ્મસ્થકાળની લોચની પ્રથા કેવલી અવસ્થામાં ચાલુ રહે તો ભગવાનને તો જો કે કશી તકલીફ કે વિચારવાનું ન હતું પણ લોચ થાય ત્યારે ભગવાન વાળ વિનાના બોડિયા લાગે. તે ઇન્દ્રાદિક દેવોને અને દર્શકો–લોકોને સ્વાભાવિક રીતે જ ન ગમે, વળી તીર્થંકર લોકોત્તર ( લોકથી ઉપર ઉઠેલી ) વ્યક્તિ છે એટલે તેઓશ્રીની મર્યાદાઓ અનોખી હોય છે, એટલે દેવેન્દ્રોને થયું કે મારા ભગવાન વાળ વિનાના તે કંઈ શોભે? મને જ ન ગમે તો બીજાને જોવા કેમ ગમશે? હવે તો સાક્ષાત્ તીર્થંકર બન્યા એટલે હવે તો એમનું દર્શન કરીને લોકો ભાવવિભોર બની જાય, અનિમેષ નયને જોયા જ કરવાનું મન થાય એવું હોવું જોઈએ. એ ઊઘાડું સત્ય છે કે મુખની શોભા વાળથી જ છે, એટલે ઇન્દ્ર મહારાજાએ ભગવાનના વાળ કેવલજ્ઞાન થયું ત્યારે જે હતા તેને જ દૈવિક શક્તિથી મઠારીને જરૂરિયાત લાગી તે પ્રમાણે વ્યવસ્થિત કર્યા. હવે તો અત્યારે જે રીતે વાળને આકાર ( શેપ ) આપશે તે જાતના વાળ મૃત્યુપર્યન્ત રહેવાના એટલે ઇન્દ્રે પોતાની અમોઘ–દૈવિક શક્તિથી બહુ જ વિચારપૂર્વક ભગવાનના વાળને વળાંક આપી સુવ્યવસ્થિત કર્યા. વાળને ઘેરો શ્યામ રંગ, ભરચકપણું, સાતડાના વળાંક જેવા વાંકડિયા–ગૂંચળિયા બધું જ કરી

નાંખ્યું. દાઢી–મૂછના વાળને પણ વ્યવસ્થિત કરી તેની વૃદ્ધિને સ્થગિત કરી નાંખી. ઇન્દ્રની આ શાશ્વત ફરજ–મર્યાદા છે. એથી જ કૃતકૃત્ય અને લોકોત્તર ગણાતા એવા તીર્થંકરો પણ ઇન્દ્રને તેમ ન કરવાનો ઇન્કાર કરતા નથી અને કરવા દે છે. આ એક જ નાની છતાં માર્મિક ઘટના એ [1]ચિંતન કરવા જેવી બાબત છે.

વાચકો ! કેવલી ભગવંત અને તે દાઢી–[2]મૂછવાળા આ રચના આપણને ગમે ખરી ? હરગિજ નહિ. દાઢી–મૂછ કેવા અદર્શનીય–ખરાબ લાગે ! પણ હવે શાસ્ત્રની વાતને સ્વીકારવી રહી અને આપણી રૂઢસમજને ફેરવવી રહી તેમજ અણગમતી વાત ગમાડવી જ રહી.

ઉપર જણાવેલા પ્રબળ, અકાટ્ય, નિર્વિવાદપણે જ્વલંત

---

૧. આ એક ઘણી સૂચક બાબત છે. એ ઉપર વધુ લખી શકાય તેમ છે. પ્રશ્ન એ ઉદ્ભવે છે કે કૃતકૃત્ય એવા તીર્થંકરદેવો, લોકોની ઇચ્છાને સંતોષવા શારીરિક શણગાર કેમ કરવા દે છે ? ભલે વાળ વિનાની પણ કંચનમય તેજસ્વી કાયા શું દર્શકોને સંતોષી શકે તેમ ન હતી ? લોકોત્તર ગણાતી વ્યક્તિ પણ લોકોની ભાવના ખાતર શરીર–પુદ્ગલને સુશોભિત બનાવવા ઇન્દ્રને સહકાર આપે, એ વ્યાપક દષ્ટિ અને ઊંડાણથી વિચાર કરવા પ્રેરે તેવી બાબત છે.

૨. જંગી પ્રમાણની શાશ્વતી સેંકડો પ્રતિમાઓ અનાદિકાળથી માથાના વાળ અને દાઢી–મૂછના વાળવાળી જ છે. વાચકો ! આવું સ્વીકારવા તમારા દિલ અને દિમાગને કેળવે જ છૂટકો છે.

એવા પુરાવા જોયા પછી હું નથી માનતો કે અન્ય તર્ક-વિતર્કને સ્થાન રહેતું હોય? છતાં વાચકો વિચારી શકે છે અને સવાલ પણ ઉઠતા હોય તો જરૂર મને લખી શકે છે. જેથી મારી ધારણા યોગ્ય છે કે નહિ તેની મને સમજ પડશે.

**પ્રશ્ન**—અનુપમ ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરિજીએ બંને સૂત્રો ઉપર ટીકા લખતી વખતે તેમણે વાળની અવૃદ્ધિનો નિયમ કેવલજ્ઞાન સાથે જ જ્યારે જણાવ્યો ત્યારે પંચમુષ્ટિ લોચ પછી તરત જ દેવાતિશય કે વજ્ર પ્રયોગ દ્વારા સદાને માટે અવૃદ્ધિ થાય છે, એ વાત શું એમની સામે (શાસ્ત્રદ્વારા) હતી જ નહિ?

**ઉત્તર**—એનો જવાબ હું શું આપી શકું?

**પ્રશ્ન**—બીજી વાત એ કે જ્યારે ઔપપાતિક અને ભગવતીજી આગમના મૂલપાઠોનો પ્રબળ આધાર હતો ત્યારે તે ઉપરથી એ યુગમાં શું કાળા વાળવાળાં [1]ચિત્રો આલેખાયાં હશે ખરાં?

**ઉત્તર**—સંભવ છે કે કદાચ બન્યાં પણ હોય. પણ તેવાં પ્રાચીન ચિત્રો જ મળતાં ન હોય તો પ્રાચીનકાળની પરોક્ષ બાબતનો ચોક્કસ જવાબ આજે મારાથી શી રીતે આપી શકાય?

**પ્રશ્ન**—શું પ્રસ્તુત લખાણના આધારે બીજા કોઈ માધ્યમ ઉપર ગૂંચળિયા કે વાંકડિયા વાળવાળી મૂર્તિઓ બની હશે ખરી?

---

૧. બારમી શતાબ્દી પહેલાના કાગળનાં ચિત્રો આપણે ત્યાં ઉપલબ્ધ થયાં હોય એવું જાણવામાં નથી.

**ઉત્તર**—હા, જરૂર બની છે. ધાતુ, પથ્થર કે કાષ્ઠાદિકનાં માધ્યમ દ્વારા સેંકડો મૂર્તિઓ બે હજારથી વધુ વરસોથી બનતી રહી છે. ભૂખરા-કાળા પથ્થર ઉપર અને આરસ પથ્થર ઉપરની મોટી મૂર્તિઓ જુઓ, તો તે મૂર્તિ ઉપર વાળોની સુંદર રચના સમગ્ર માથા ઉપર કરેલી હોય છે. આવી સેંકડો મૂર્તિઓ જૈન દહેરાસરોમાં. મ્યુઝિયમોમાં (અને અન્યત્ર) પ્રતિષ્ઠિત થએલી છે. ભૂતકાળમાં જો વજ્રની વાતને માનવાવાળો વર્ગ હોત તો બોડિયા માથાની મૂર્તિઓ કરાવનારો વર્ગ પણ કદાચ ઊભો થયો હોત, પણ તદ્દન બોડિયા માથાની મૂર્તિ આજસુધીમાં એકેય પ્રાપ્ત થઈ નથી, તે એક સુખદ બાબત છે.

**પ્રશ્ન**—કદાચ વાચકો પ્રશ્ન કરે કે વાળ કરવાની પ્રથા સ્થાપનાનિક્ષેપમાં એટલે પથ્થરની મૂર્તિમાં પણ અપનાવવામાં આવી ચૂકી છે. ચતુર્વિધ શ્રીસંઘે ખૂબ જ આદર, બહુમાન અને શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લીધેલી છે. પછી કલર ચિત્રો વાળવાળાં કરવામાં બાધ રહ્યો જ ક્યાં?

**ઉત્તર**—વાત સાચી છે, પણ વરસોથી વાળ ન હોવાની રૂઢ માન્યતાના મન-મગજમાં ભારોભાર જામી ગયેલા ખ્યાલોને દૂર કરવા અને ભવિષ્યમાં વાળ વિનાનાં ચિત્રો જોઈને વિરોધ કરવાનું કે વિરોધ દૃષ્ટિ દાખવવાનું કારણ ન રહે માટે સમાજના બધાય અંગોને વિશ્વાસમાં લેવા તેમજ બીજી કેટલીક જરૂરી બાબતોનું અવનવું જાણપણું થાય, વિચારવાની દૃષ્ટિનું ફલક વધે અને કોઈપણ બાબતમાં તટસ્થ દૃષ્ટિએ વિચારવાની ક્ષમતા કેળવાય એ માટે લેખ લખ્યો છે. અને એમાં ઉપરોક્ત વાતો

થોડી થોડી ટપકાવી છે, એમ કરવા જતાં લેખનું કદ ઘણું વધી જવા પામ્યું છે, પાછો મારો દીર્ઘસૂત્રી સ્વભાવ ભેગો ભળે એટલે લંબાણ થઈ જ જાય.

**પ્રશ્ન**—પ્રાચીનકાળમાં પાછળના ભાગ સાથે આખું માથું વાળના સૂચક સાતડાના અંક જેવા ગોળ ગોળ આકારોથી ભરેલું કરવામાં આવતું હતું, જ્યારે છેલ્લાં લગભગ ૫૦૦–૬૦૦ વરસથી મૂર્તિઓમાં મોટાભાગે કપાળ ઉપરના ભાગમાં જેવી જેવી મૂર્તિની સાઈઝ હોય તે તે રીતે માત્ર ત્રણ, પાંચ કે તેથી વધુ વાળની લાઈનો (મણિકા) કરી માથાનો શિખાસ્થાનીય વચલો ભાગ અને પાછલો ભાગ બધો બોડિયો જ રાખે છે તો એમ કેમ ?

**ઉત્તર**–સમગ્ર માથા ઉપર વાળ બતાવવાની પ્રાચીન પરંપરાને જૈનસંઘે ( વધુ પ્રમાણમાં ) ક્યારે તિલાંજલિ આપી હશે ? કયા કારણે આપી ? વાળની પ્રથા માથામાં કેવી કેવી રીતે પલટાતી ગઈ, અડધું માથું વાળવાળું અને અડધું પોણું માથું બોડિયું બનવા માંડયું. તે પછી છેલ્લાં ૬૦૦ થી વધુ વરસોથી માથાના અગ્ર ભાગ ઉપર મણિકા–મણકા જેવી ત્રણ જ [૧]લટ

---

૧. આજે તો માથાના વાળ કે મણિકા પ્રદક્ષિણાવર્ત, સાતડાની જેમ કે સ્થાપનાચાર્યની રેખાઓની જેમ કરવા જોઈએ, જે પ્રાયઃ કોઈ કરાવતું નથી. કારીગરો પ્રાયઃ કરતા નથી, લખોટાની જેમ ગોળ–ગોળ મણકા બનાવી દે છે. જેવો જોઈએ તેવો ઘાટ કે અંદરનો દેખાવ થતો–

અમર કેમ બની ગઈ એ બધી બાબતોની ચર્ચા-વિચારણા કરવાનું અહીં મુલતવી રાખું છું.

એ વાત જણાવું કે મારા પૂજ્ય ગુરુદેવો હસ્તક અંજન-શલાકા માટે શરૂમાં જે મૂર્તિઓ ભરાવરાવી તેમાં મેં મોટા-ભાગની સંપૂર્ણ વાળવાળી બનાવરાવી અને જયપુર, અમદાવાદ સ્થળના શિલ્પીઓને પણ પૂરા વાળવાળી મૂર્તિ કરવા તાકીદી કરી એટલે છેલ્લાં પચ્ચીસ વરસમાં સારો એવો વેગ આવ્યો અને માથામાં [1]પૂરા વાળવાળી મૂર્તિઓ ભરાવવી શરૂ થઈ ગઈ છે અને કલાકારોને પણ આ પદ્ધતિ ખૂબ જ ગમી ગઈ હતી, પણ દુઃખદ બાબત એ છે કે હજુ કેટલાક આચાર્ય-પ્રવરોમાં વાળથી મૂર્તિની મુખમુદ્રા કેટલી ભવ્ય, આકર્ષક

નથી. અંજનશલાકા કરનારા આચાર્ય ભગવંતોની થોડી ઉપેક્ષા, કાં શિલ્પ અંગેની ઓછી જાણકારી, મૂર્તિશિલ્પનો જોઈએ તેવા અભ્યાસનો અભાવ વગેરે કારણે મૂર્તિશિલ્પની કેટલીક સિદ્ધ પ્રણાલિકાઓ તૂટી ગઈ છે તે ખેદની વાત છે. સમય મળે ગુજરાતના છેલ્લાં ૩૦ વરસથી નવાં તૈયાર થએલાં મૂર્તિશિલ્પીઓનાં જયપુર, ડુંગરપુર, મકરાણા વગેરે સ્થળે તૈયાર થતી મૂર્તિઓ અંગે સમીક્ષાત્મક લેખ અને ધાતુની મૂર્તિની એક વખતની ઉન્નતિ અને આજે થએલી અવનતિ વગેરે ઉપર પણ થોડું લખવા ઇચ્છા છે. જે કોઈ વિદ્વાને આ બાબતમાં શોધ-સંશોધન કર્યું હોય તો જરૂર જણાવે.

૧. મારા સંપાદિત બહુમૂલ્ય ગ્રન્થ 'તીર્થંકર ભગવાન શ્રી મહાવીર'-ના ચિત્રસંપુટમાંનું પહેલું ભગવાન શ્રી મહાવીરના ચિત્રનું મસ્તક જુઓ.

અને સુંદર લાગે છે તે જોવાની દૃષ્ટિ–જ્ઞાન વિશેષ ન હોવાના કારણે અથવા વરસોથી ચાલી આવતી રૂઢ પ્રથાને જ્યારે છોડવા તૈયાર નથી ત્યારે તેમની સમજ માટે તેમને મુબારકબાદી !

આશ્ચર્ય એ થાય છે કે અંજનશલાકા માટે હજારો મૂર્તિઓ આગળ પડતા ગણાતા મોટાભાગના આચાર્યોએ ભરાવરાવી. આ મૂર્તિઓ ઉપરના માથાના વાળ તે પૂરા હોય કે આગળના ભાગ પૂરતા હોય પણ જયપુરના કલાકારો કાળા રંગથી રંગીને જ મોકલે છે, અનેકે તે જોઈ છે, પણ હું નથી માનતો કે કોઈ આચાર્યોએ કે બીજાઓએ વાંધો ઉઠાવ્યો હોય પણ એ તરફ વિશેષ ખ્યાલ કે લક્ષ્ય જ જતું ન હોય ત્યાં શું થાય !

કારણ એક જ કે આ માટે તો આંખ અને મન બંને ટેવાઈ ગયાં છે પણ કાગળ, કપડાં કે ભીંત વગેરે ઉપરનાં કલર ચિત્રોમાં કાળા વાળ જોવાને આંખ–મન ટેવાયાં ન હોય એટલે પ્રથમ પગલે તે ગમે નહિ અને જોનારા ટીકા ટિપ્પણ પણ કરી નાંખે તે સ્વાભાવિક છે.

હવે ઉપરની વાતના ટેકામાં ખૂબ જ મહત્ત્વની, મોટા-ભાગથી અજાણી વાત જોઈએ—

**જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આપણાથી અદૃશ્ય જેવા પહાડો ઉપર રહેલી શાશ્વતી સુવર્ણની પ્રતિમા-મૂર્તિઓને રત્નનાં દાઢી-મૂછ પણ છે. તેની વિગતો નીચે વાંચો**

દાઢી, મૂછ અને નખની વાતના અનુસંધાનમાં જે વાત બહુ ઓછા જાણતા હશે તે વાત જણાવું, જે જાણીને ઘણું જ આશ્ચર્ય લાગશે. વળી નીચે રજૂ થતી વિગતો ઔપપાતિકસૂત્રના અને ભગવતીજીસૂત્રના પૂર્વોક્ત પાઠને ચાર ચાંદ લગાડી દે તેવી છે.

અત્યાર સુધી વિચરતા સાક્ષાત્ તીર્થંકરો જે ભાવ તીર્થંકરોરૂપે વિહરતા હોય છે એવા અનંતા તીર્થંકરોના (ઔદારિક-પુદ્ગલજન્ય વધતા) વાળો વગેરે અંગે શું પરિસ્થિતિ છે તે જોઈ આવ્યા, પણ હવે ઉપરની વાતની ચર્ચાની જરૂર જ ન પડે અને સીધે સીધી વાત સ્વીકારી લેવી જ પડે તેવા પુરાવાની આશ્ચર્યજનક વધુ વાત વાંચો.

આપણા જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા વૈતાઢ્ય

પર્વતનું વર્ણન લખતાં શાસ્ત્રકાર જણાવે છે કે એ પર્વત ઉપર આવેલાં નવકૂટો–શિખરો પૈકી એક સિદ્ધાયતન નામનું પહેલું કૂટ છે. એ કૂટમાં સુવર્ણની બનાવેલી જંગી ૧૦૮ શાશ્વત પ્રતિમાઓ–મૂર્તિઓ છે. એના વર્ણન પ્રસંગમાં લખે છે કે તે પ્રતિમાઓના આંગળાના નખો અંક = લાલ રત્ન દ્વારા બનેલા છે દાઢી, મૂછના વાળ રિષ્ટ એટલે કાળા રત્નના બનાવેલા હોવાથી કાળા રંગના છે.

શંકા—વીશેક હજાર પદ્યમય શ્લોક દ્વારા અદ્વિતીય અને અનુપમ એવા લોકપ્રકાશ ગ્રન્થના કર્તા મહોપાધ્યાય શ્રીમદ્ વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશના ૧૬ મા સર્ગમાં (શ્લોક ૧૦૦ થી ૧૧૦) સ્વયં સવાલ ઉઠાવ્યો છે કે—

"આ શાશ્વતી પ્રતિમાઓ ભાવતીર્થંકરની છે, અર્થાત્ વિચરતા તીર્થંકરના પ્રતિરૂપે–અનુકરણરૂપે જ છે, તો ભાવતીર્થંકરો તો શ્રમણ–સાધુરૂપ છે તો એ અવસ્થાને અનુચિત (અણફીટ) એવા દાઢી–મૂછનું હોવું કઈ રીતે ઉચિત ગણાય? પૂ. આચાર્ય શ્રી [1]ધર્મઘોષસૂરિજીએ પણ ચૈત્ય૦ ભાષ્યની વૃત્તિમાં આવો જ પ્રશ્ન કર્યો છે." આ પ્રશ્ન પોતાની વાતની પુષ્ટિ માટે ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશમાં નોંધ્યો છે.

**સમાધાન**—જવાબમાં ઉપાધ્યાયજી જણાવે છે કે જો શાશ્વત જિનબિંબો–પ્રતિમાઓ જ્યારે ભાવતીર્થંકરના

---

૧. એમનો સત્તા સમય ૧૪મી શતાબ્દી પૂર્વાર્ધ૦

(વિચરતા) અનુકરણરૂપે જ છે તો જે મુખ્યમાં હોય તે તેના પ્રતિરૂપમાં કે અનુકરણમાં શું કામ ન હોય? અને વિચરતા તીર્થંકરોને વાળનું અસ્તિત્વ કહ્યું જ છે. સમવાયાંગ અને ઔપપાતિક સૂત્રો એના સાક્ષી છે માટે વિરોધ ન સમજવો. વળી દાઢી–મૂછથી[1] તો બીજા લાભો થાય છે. એક તો તીર્થંકરો પુરુષ હોય છે તેમ જ પુરુષપણે જ હોય છે તેની પ્રતીતિ અને બીજું તેથી મુખની સુંદરતામાં વધારો થાય છે.

**શાસ્ત્ર પરંપરાને પ્રતિકૂળ કંઈ લખાઈ ગયું હોય તો મિથ્યા મે દુષ્કૃતં**

અહીંયા બીજો લેખ પૂરો થાય છે.

૧. જો કે આ જમાનામાં સુધરેલા લોકોને દાઢી–મૂછ રાખવામાં ઘણી અસુંદરતા અને ત્રાસ લાગે છે.

## આખો લેખ ન વાંચનારા કે લેખને પૂરું ન સમજનારા વર્ગ માટે લેખની તારવણી—સારરૂપ જરૂરી વિગતો—

૧. પંચમુષ્ટીનો લોચ કર્યા પછી [૧]વાળ વધે ખરા ?

**જવાબ છે, હા.**

૨. તો તો પછી લોચ પણ કરવો પડે ને ?

**જવાબ છે, હા.**

૩. શું પૂરી છદ્મસ્થાવસ્થા સુધી ઉપરની બંને ક્રિયાનું અસ્તિત્વ હોય ?

**જરૂર હોય.**

૪. તો પછી છદ્મસ્થાવસ્થામાં માથું ક્યારેક વાળવાળું તો ક્યારેક વાળ વિનાનું (Clean) પણ હોય ને ? **હા.**

૫. છદ્મસ્થાવસ્થામાં ભગવાન માથાના અને દાઢી—મૂછના વાળનો જાતે જ લોચ કરતા હશે કે શિષ્ય કરતા હશે ? જાતે કરતા હોય તો શું પંચમુષ્ટિનો હોય, વધુ મુષ્ટિનો

---

૧. વાળની વિચારણા **शिरोजा:** શબ્દથી માથાના જ વાળની કરી છે. કારણ કે સમગ્ર શરીરની શોભા વાળથી જ છે. વાળની જ વેરાયિટીઓ હોય છે, કંઈ દાઢી—મૂછની નથી હોતી. જોતાં પ્રથમ નજર મુખ—માથા ઉપર જાય છે, પછી દાઢી—મૂછ કે રોમરાજીને સ્થાન જ ક્યાંથી હોય ?

હોય કે સાધુની જેમ ચપટીનો હોય?

**જવાબ—એનો ઉલ્લેખ વાંચવા મળ્યો નથી.**

૬. કેવળજ્ઞાન થયા પછી ભગવાન વાળવાળા હોય ખરા?

**જવાબ છે, હા.**

૭. એ વાળ કેવા અને કઈ રીતે હોય?

**જવાબ કાળાડુમ–સાતડા જેવા ગોળાકાર હોય, ભરચક, વાંકડિયા એકદમ કાળા હોય. (ધોળા ન હોય અને થોડા પણ ન હોય)**

૮. કેવલી થયા પછી કેશની હાનિ–વૃદ્ધિ હોય ખરી?

**જવાબ—કદી ન હોય.**

કેમ ન હોય? હવે ભગવાન કૃતકૃત્ય થયા, વિશ્વવંદ્ય બન્યા એટલે દર્શકોને આહ્લાદ ઉપજે માટે ઇન્દ્ર પોતાના દૈવિક પ્રયોગથી વારંવાર વાળ કાઢવાની અને નખ કાપવાની કંટાળા ભરેલી ઉપાધિમાંથી ભગવાનને મુક્તિ આપે છે.

૯. કેવલી થયા પછી લોચ હોય?

**ન હોય, સદંતર બંધ.**

૧૦. સમવસરણમાં દેશનાઓ આપે ત્યારે વાળ હોય?

**જરૂર હોય, અને સાતમી કલમમાં કહ્યું તેમ જુવાન માણસના જેવા દર્શનીય અને સુશોભિત હોય.**

૧૧. તો તો પછી છદ્મસ્થાવસ્થાથી લઈ મોક્ષે ન જાય ત્યાં સુધી વાળનું અસ્તિત્વ સમજવું ને?

**જવાબ–છદ્મસ્થાવસ્થામાં અસ્તિત્વ અનિયમિત પણ**

કેવલી અવસ્થામાં (દેવો દ્વારા પ્રસ્થાપિત) વાળનું અવિરહપણે અસ્તિત્વ હોય.

૧૨. દાઢી–મૂછ હોય? હા, દેશના વખતે ભગવાન સુશોભિત દાઢી-મૂછવાળા જરૂર હોય.

૧૩. માથાના વાળવાળી મૂર્તિઓ બનાવાય છે તો દાઢી–મૂછ-વાળી કેમ નહિ? શું તે શાસ્ત્રોક્ત નથી?

તે શાસ્ત્રોક્ત છે, શાશ્વતી મૂર્તિઓ દાઢી–મૂછવાળી જ છે, પણ એક વાત ધ્યાનમાં રાખવી કે આપણે ત્યાં એ પ્રથા ગમે તે કારણે પહેલેથી જ નથી, અને એ નથી તે બધી રીતે યોગ્ય જ છે.

૧૪. જો દાઢી–મૂછવાળા ભગવાન શોભતા નથી તો પછી ઈન્દ્ર શા માટે તે રાખે છે?

એનો જવાબ જ્ઞાની આપી શકે. બાકી તેનું અનુકરણ થવા ન પામ્યું એ સાપેક્ષભાવે કહું તો સમુચિત થયું છે.

૧૫. ભગવાનની મૂર્તિના માથે વાંકડિયા–વર્તુળાકારે જે વાળ હોય છે તેવું કરવાનું ઈન્દ્ર મહારાજાએ બતાવ્યું છે, જે મુખની શોભામાં અનેરો વધારો કરે છે એ વાળ કેવા હોય?

એ માટે આપણે ત્યાંની પ્રાચીન ૪૧ ઇંચ ઉપરની ૨૦૦ વરસ પહેલાની મૂર્તિઓ જોજો. પ્રાયઃ શાસ્ત્રોક્ત વાળ જોવા મળશે. દક્ષિણની શ્રવણ બેલગોલાની ઊભી મૂર્તિનો ફોટો ગમે ત્યાંથી જોવા મળશે, તે મેળવી તેનું મસ્તક જોઈ લેજો, જોવામાં આનંદ અનુભવાશે.

પ્રાચીન એટલા માટે લખ્યું છે કે છેલ્લાં ૫૦-૬૦ વરસમાં ભરાવાતી મૂર્તિઓમાં આચાર્ય ભગવંતોની ઉપેક્ષા કે કારીગરોની બેદરકારી અથવા વાળના આકારની સાચી સમજણના અભાવે સ્પ્રીંગ પદ્ધતિએ વાળ કરવામાં લગભગ આવતા નથી. આજે તો લગભગ નૂતન મૂર્તિઓ ગોળ ગોળ લખોટા જેવા આકારે સાદી, સીધી લાઈનોમાં ગોળ ગોળ આકૃતિઓ બનાવી દે છે જેને જૈનો હાલમાં અણ-સમજથી મણિકા શબ્દથી સંબોધે છે, તે વાળ સમજીને ઘડવામાં આવતી નથી, યોગ્ય ઘાટ કરવામાં આવતો નથી અને તેથી વગર ઘાટના આકૃતિ કે મણિકાઓ જોઈએ તેવા સારા લાગતા પણ નથી.

૧૬. મારા આખા લેખની રામાયણનો મુદ્દો એ કે વિચરતા તીર્થંકર ભગવાનના માથે વાળ હોય ખરા ?

આનો જવાબ નીચે મુજબ આપું તો પ્રશ્ન ટૂંકમાં જ પતી જાય, લાંબુ લખવાની જરૂર ન પડે.

કેવો જવાબ ? જવાબ એ કે—લગભગ બે હજાર, બાવીસસો વરસ જૂની મથુરા વગેરેની પ્રાચીન મૂર્તિઓ માથા ઉપરના વાળવાળી જ મળે છે. ચતુર્વિધસંઘ હજારો વરસથી દહેરાસરોમાં તેને જોતો-પૂજતો આવ્યો છે. તે ઉપરાંત આચાર્ય ભગવંતોએ છેલ્લાં ૬૦ વરસમાં જયપુરમાં હજારો મૂર્તિઓ ભરાવી છે તે (નાની-મોટી) તમામ મૂર્તિઓ કાળા રંગથી રંગેલા વાળ-વાળી જ હોય છે. વાળવાળાં ચિત્રો વરસોથી જોતાં આવ્યાં

છીએ, એટલે માથે વાળ હોય છે જ. આ તો સહુને વિવિધ જાણકારી મળે તે માટે લેખ લખવો જરૂરી હતો.

બીજી જાણવા જેવી બાબત એ કે ભાવતીર્થંકરની દાઢી–મૂછવાળી કાયાનું અનુકરણ શાશ્વતી પ્રતિમાઓમાં હોઈ શકે પણ આપણી મૂર્તિઓમાં કદી કરવાનું હોતું નથી, એ આપણી મર્યાદા છે. વળી ભાવતીર્થંકરમાં જે ન હોય તેવી (સંઘ સ્વીકૃત) બાબત, અનિવાર્ય હોય તો વધારો કરવામાં વાંધો નથી હોતો. જેમકે ભગવાનની કાયા નિર્વસ્ત્રી પણ અધો અંગ ઢાંકવા, બેઠી કે ઊભી મૂર્તિઓમાં કચ્છોટો (લંગોટ) ફરજિયાત કરવાનો અને તે પાછો અલંકારિક રીતે.

卐

લેખ નં. ૩

# અશોક

# અને

# આસોપાલવ શું

# આ બંને વૃક્ષો જુદાં છે?

*

# શાલવૃક્ષ

# અને ચૈત્યવૃક્ષ શું છે

# તેની

તલસ્પર્શી, સર્વાંગ સંપૂર્ણ વિચારણા

—લે. યશોદેવસૂરિ

## થોડું જાણવા જેવું

# અશોક એ આસોપાલવ નથી બંને વૃક્ષો જુદાં છે એ વાત બરાબર નોંધી રાખજો

*

આપણે ત્યાં સાધુ-સાધ્વીજીઓને (શ્રાવક-શ્રાવિકાને પણ) વરસો જૂની એક એવી સમજ છે કે આસોપાલવ એ જ અશોક છે. આસોપાલવ અને અશોક બંને જુદાં છે એવી સ્વપ્નેય સમજ ન હતી. એનું કારણ એ છે કે આપણાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરે સ્થળોમાં જાણવા પ્રમાણે અશોકનાં ઝાડ બહુ જ ઓછાં છે જેથી જોયાં ન હોય. જ્યારે આસોપાલવનાં ઝાડ સર્વત્ર જોવા મળે છે. વળી આસોપાલવની આગળ પાછો 'આસો' શબ્દ હતો અને તે અશોકનો અપભ્રંશ હશે એવું ભ્રમણાત્મક માનીને અથવા તો ગતાનુગતિએ આસોપાલવને અશોક સમજતાં રહ્યાં. હું અને અમારા ગુરુવર્યો પણ ચકાસણી કરીને કે સમજણ-પૂર્વક નહિ જ પણ બધાય આસોપાલવને જ્યારે અશોક સમજે ત્યારે અમો પણ સૂર ભેગો સૂર પુરાવતા હતા. દીક્ષા આસોપાલવનાં ઝાડ નીચે થવી જોઈએ આવી પણ એક પરંપરા એટલે સાહિત્યમંદિરમાં પણ સંસ્થાએ આસોપાલવની નીચે દીક્ષા ન થાય તો પણ એ વૃક્ષ નજીકમાં હોય તો સારું એટલે પાછળના નાના કમ્પાઉન્ડમાં વિ. સં. ૧૯૯૪માં આસોપાલવ રોપ્યું હતું.

તે પછી અશોકનો પ્રશ્ન હાથ ઉપર લેવાનું બન્યું. મેં મારા સ્વભાવ પ્રમાણે વ્યાપક રીતે ઊંડાણથી પૂરતી માહિતી મેળવી ત્યારે

એકદમ સ્પષ્ટતા થઈ કે અશોક અને આસોપાલવ બંને તદ્દન જુદાં વૃક્ષો છે. અલબત્ત પાંદડામાં નજીવો ફરક છે, બાકી બીજી રીતે સારો ફરક છે. અશોકને મોટું થતાં વરસો જાય છે. ગુજરાતમાં અમદાવાદમાં એક જગ્યાએ આસોપાલવ છે. ગુજરાતમાં બીજી જગ્યાએ પણ હશે ખરાં !

* * *

# અશોકવૃક્ષ ✱ આસોપાલવ ✱ ચૈત્યવૃક્ષ

## એક મનનીય વિચારણા અને આખરી નિર્ણય

✱

**લેખકીય અવતરણિકા**—આપણા સંઘમાં પૂ. આચાર્યો, અન્ય પદસ્થ વિદ્વાન મુનિરાજો, સાધુઓ, સાધ્વીજીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ ટૂંકમાં સમગ્ર સંઘમાં લગભગ ૯૫ ટકા વર્ગ આસોપાલવનાં વૃક્ષને જ અશોક સમજે છે. ભગવતીજી શતક—૨ ના ભાષાંતર પ્રસંગે ચાલી આવતી આ ખોટી માન્યતાનુસાર પં. શ્રી બેચરદાસ જેવા વિદ્વાને પણ મૂલ અશોક અંગેના પાઠનો અર્થ કરતા ભગવતીજીસૂત્રના ભાષાંતરમાં ‘ આસોપાલવ ’ અર્થ કર્યો છે. વરસો પહેલાં સહુને આ સમજ એવી જડબેસલાક જામી ગઈ હતી કે બીજો વિચાર કરવા માટે સ્થાન જ નહોતું. આઠ પ્રાતિહાર્યમાં નામ અશોકનું છે પણ આસોપાલવનું નથી, તો આ આસોપાલવ શું અશોકનું જ બીજું નામ છે ખરૂં ? ના, નથી. સંસ્કૃત કોશમાં ( હૈમકોશ કાણ્ડ-૪, શ્લોક-૧૧૩૫ ) અશોક નામ છે પણ આસોપાલવ નથી, એટલે આસોપાલવ પર્યાયવાચક છે જ નહિ એ

વાત નિર્વિવાદ છે. ગુજરાતી જોડણીકોશમાં અશોક અને આસોપાલવ એ શબ્દ આપ્યા છે. એમાં 'અ' વિભાગમાં અશોકનો અર્થ 'એક ઝાડ' આટલો કરીને સમાપ્તિ કરી છે. ત્યારપછી 'આ' વિભાગમાં આસોપાલવ શબ્દ આપ્યો છે. આપણી સમગ્ર ગુજરાતની ધરતી ઉપર આ શબ્દ ખૂબ જ પ્રચલિત છે. કેમકે ઉત્સવોમાં, સમારંભોમાં તોરણો આ ઝાડનાં પાંદડાનાં જ વર્ષોથી બંધાતાં રહ્યાં છે. આ કારણે અશોક અને આસોપાલવને એક માનવાની ભ્રમણા અકબંધ જળવાઈ રહે એ સ્વાભાવિક છે. તીર્થંકર ભગવંતોના સમવસરણમાં અશોકવૃક્ષનું એક કાયમી વિશિષ્ટ ખાસ સ્થાન છે. એથી આ વિષય ઉપર વિચારણા કરવી જરૂરી જણાવાથી થોડા મહિનાઓ પૂર્વે પાલીતાણાથી નીકળતા સુઘોષા માસિકમાં આ અંગેના લખેલા લેખો ચાર તબક્કે પ્રસિદ્ધ થયા હતા. કલ્યાણ માસિકમાં પણ પૂરો લેખ છપાયો હતો. હવે એ જ લેખ જરૂરી શુદ્ધિ-વૃદ્ધિ સાથે પુસ્તિકારૂપે પ્રગટ થાય છે. એમાં જૈનેતર વર્ગમાં તો વટસાવિત્રી વ્રત, પૂજા તથા અન્ય પ્રસંગોથી વૃક્ષોની પૂજા-બહુમાન જાણીતાં છે પણ જૈનધર્મમાં વૃક્ષોને અપેક્ષિત રીતે શું શ્રદ્ધેય, વંદનીય, પૂજનીય ગણ્યાં છે ખરાં? શું એમને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયું છે? અરે! અજૈનધર્મ કરતાં પણ જૈનધર્મમાં વૃક્ષોને શું અમરત્વ પ્રાપ્ત થયું છે ખરું? તે બાબત તથા અશોક અને આસોપાલવ શું ભિન્ન વૃક્ષો છે? તદુપરાંત સમવસરણમાં અશોક ઉપરાંત ચૈત્યવૃક્ષની સ્થાપનાનું પણ કેટલું બધું મહત્ત્વ છે, **કેવળજ્ઞાન ખુલ્લાં આકાશમાં ન થાય, કોઈને કોઈ ઝાડ નીચે જ થાય,** એની પાછળ શું રહસ્ય છે? તેમજ અશોક અને આસોપાલવ વચ્ચેનો તફાવત, બંને

ઝાડોનો તેમજ ચૈત્યવૃક્ષ શું છે? તેનો અને શાલ નામના ચૈત્યવૃક્ષનો ખૂબ જ વિસ્તારથી સર્વાંગ સંપૂર્ણ પરિચય આપ્યો છે.

## લેખ લખવાનું કારણ

અશોકવૃક્ષ એ તીર્થંકરદેવ માટેનું એક કાયમી પ્રાતિહાર્ય—અલંકાર છે. આ પ્રાતિહાર્યોનો ઉપયોગ સમવસરણનું ધ્યાન કરતી વખતે ધ્યાનમાં યાદ કરાય છે. વળી તીર્થંકરનાં ચિત્રો ચીતરવાનાં પ્રસંગમાં પણ તેનો ઉપયોગ ચીતરવામાં થાય છે. અશોકને બદલે આસોપાલવનું ધ્યાન ન થઈ જાય અને ચિત્રમાં અશોકને બદલે આસોપાલવ ચીતરાઈ ન જાય, આ બધાના કારણે દેખાવમાં જો કે આ પ્રશ્ન નાનો છતાં મહત્ત્વનો હોઈ હાથ ઉપર લીધો અને મારી સૂઝ–સમજ મુજબ તેની સર્વાંગી દૃષ્ટિએ છણાવટ કરી, કાયમ માટે અશોક અને આસોપાલવ બંને વૃક્ષો જુદાં છે એવો નિર્ણય જણાવ્યો છે.

વાચકોને આ લેખમાં અવનવું બીજું ઘણું મહત્ત્વનું જાણવા મળશે. આ લેખમાં કેટલીક વિગતો એવી છે કે જેનો કોઈને સ્વપ્નેય પણ ખ્યાલ આવ્યો નહીં હોય. લેખથી વિદ્વાન અને અભ્યાસી મુનિ-રાજોને સંશોધન કેમ કરવું જોઈએ તેનો પણ આછો ખ્યાલ મળી રહેશે.

*

## આ લેખમાં શું શું વિગતો છે? તેની નોંધ

૧. અશોકવૃક્ષ અને આસોપાલવ આ બંને વૃક્ષો શું જુદાં જુદાં છે?

૨. અશોકવૃક્ષ એ અનાદિથી અનંતકાળ સુધી તીર્થંકરોના મસ્તક ઉપર રહેનારૂં છે.

૩. જે ઝાડ નીચે કેવલજ્ઞાન થાય તે ઝાડ ચૈત્યવૃક્ષ શબ્દથી ઓળખાય છે અને તે અશોકની ટોચ ઉપર સ્થાન પામે છે તે.

૪. ૨૪ તીર્થંકરોનાં ૨૪ ચૈત્ય–જ્ઞાન વૃક્ષો કયા?

૫. અશોકવૃક્ષનો સંપૂર્ણ જીવનપરિચય.

૬. અ–શોક એટલે જે શોકને દૂર કરે તે.
(બહુ ખેદ થયો હોય તો અશોકના ઝાડ નીચે આરામ કરવાથી ખેદ જતો રહે છે)

૭. ભગવાન શ્રી મહાવીરના અશોકવૃક્ષ ઉપર રહેલાં **શાલ** નામના જ્ઞાનવૃક્ષનો સંપૂર્ણ જીવનપરિચય.

૮. ૨૪ તીર્થંકરનાં જ્ઞાનવૃક્ષોની નોંધ.

૯. મારી કલ્પનાના નૂતન જિનમંદિર અંગે એક ઈશારો.

*

**જરૂરી સૂચના**—તીર્થંકર પરમાત્માઓને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી તરત જ બે વૃક્ષો સાથેનો સંબંધ જીવન-પર્યંત જોડાય છે. એક છે અશોકવૃક્ષ અને બીજું છે ચૈત્યવૃક્ષ. અશોકવૃક્ષ નામનું એક ઝાડ આસોપાલવથી જુદું છે, પણ ભૂલથી લોકો આસોપાલવને અશોક સમજી બેઠાં છે પણ 'આસોપાલવનું' વૃક્ષ એ અશોક નથી એ સહુએ સદાને માટે સમજી રાખવું જરૂરી છે.

## લેખનો પ્રારંભ

**૧. અશોકવૃક્ષ:**—તીર્થંકર નામકર્મની ઈશ્વરીય પુણ્ય-પ્રકૃતિનો ઉદય થતાંની સાથે જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેથી તેમના માટે અષ્ટમહાપ્રાતિહાર્યોની રચના દેવો કરે છે. [૧]પ્રાતિહાર્યથી ઓળખાવાતી આઠ વસ્તુઓનું તીર્થંકર પરમાત્માઓની સેવામાં કેવલજ્ઞાન પ્રાપ્તિના સમયથી લઈને ઠેઠ નિર્વાણની અંતિમ ક્ષણ સુધી અસ્તિત્વ હોય જ છે.

---

૧. પ્રતિહાર શબ્દ ઉપરથી પ્રાતિહાર્ય શબ્દ નિષ્પન્ન થાય છે. પ્રતિહાર એ સંસ્કૃત શબ્દ છે, એનો અર્થ ચોકીદાર થાય છે. જેમ ચોકીદાર પોતાના માલિકની સેવામાં ચોવીસે કલાક હાજર જ હોય છે તેવું જ આ પ્રાતિહાર્યો માટે છે, તેથી તે પ્રાતિહાર્ય કહેવાય છે.

તીર્થંકરો વીતરાગ બન્યા હોવાથી એમને તો પ્રાતિહાર્યોની જરાપણ અપેક્ષા હોતી નથી, પરંતુ આ આઠ પ્રાતિહાર્યોને દેવો પોતે જ પરમાત્માની પવિત્ર ભક્તિ નિમિત્તે રચે છે. આથી 'તીર્થંકર વિશ્વની [1]સર્વોચ્ચ વ્યક્તિ છે, વિશ્વમાં અંતિમ-કક્ષાના મહાપુરુષ છે, માનવ નહિ પણ મહામાનવ છે, મહાતિ-મહામાનવ છે' વગેરેનો ખ્યાલ પણ જનતાને અષ્ટપ્રાતિહાર્ય દ્વારા મળે છે. મુખ્યત્વે તો પરમાત્માની સેવા, ભક્તિ, મહિમા, પરમાત્માની વાણીનો પ્રચાર-પ્રસાર, વિસ્તાર વગેરે કારણે ચોવીસે કલાક એ સતત હાજરાહજૂર હોય છે.

આ આઠ પ્રાતિહાર્યોનાં નામ આ પ્રમાણે છે.

૧. અશોકવૃક્ષ, ૨. સતત દેવદ્વારા કરાતી પુષ્પવૃષ્ટિ, ૩. દિવ્યધ્વનિ, ૪. ચામર-દેવોનું પરમાત્માની બંને બાજુએ ચામર વીંઝવું, ૫. આસન એટલે પરમાત્માને બેસવું હોય ત્યારે સિંહાસન, ૬. ભામંડલ-પરમાત્માના મસ્તકની પાછળ અદ્ભુત પ્રકાશવાળું આભામંડલ, ૭. દુન્દુભિ એટલે દહેરાસરમાં પૂજા ભણાવતા કે આરતી વખતે નગારાંની જે જોડી વગાડવામાં આવે છે તે. 'દુન્દુભિ'થી કેવું વાદ્ય સમજવું તેની સ્પષ્ટ જાણકારીના અભાવે ગામડાનાં લોકો સાત આઠ ફૂટ લાંબી પિત્તળની ભૂંગળ મોંઢાથી વગાડે છે તે અથવા ઢોલકને

---

૧. સર્વોચ્ચ વ્યક્તિ એટલે આ વ્યક્તિ અંતિમકક્ષાની કે ઇશ્વરીય છે એના સૂચક તરીકે આપણી જૈન સંસ્કૃતિમાં ઓછામાં ઓછાં ત્રણ છત્ર લટકાવવાનો રિવાજ છે. અજૈનોમાં આ પ્રથા ઘણી મર્યાદિત છે પણ જૈન અને બૌદ્ધ ધર્મમાં તીર્થંકર કે બુદ્ધની મૂર્તિમાં અવશ્ય આ પ્રથા છે.

ઘણાં [1]દુન્દુભિ સમજતાં હતાં તે બરાબર નથી અને ૮. [2]આતપત્ર એટલે છત્ર. જેમ રાજાને માથે સોનાં, રૂપાં, રત્નનાં છત્રો હોય તેમ તીર્થંકરના મસ્તક ઉપર દેવો પરમાત્માના વ્યકિતત્વના સૂચક મણિરત્નનાં ત્રણ છત્રો ભક્તિભાવથી ગોઠવે છે. જેમાં ઉપરનું પહેલું નાનું, પછીનું તેથી મોટું અને તે પછીનું તેથીય મોટું. આ રીતે આ છત્રત્રય અશોકવૃક્ષનાં મધ્યભાગની શાખામાં ભગવાનના મસ્તકની ઉપર રહે એ રીતે ગોઠવેલાં હોય છે. વિહારમાં પણ આ અશોકવૃક્ષ છત્રત્રયની સાથે ભગવાનના મસ્તક ઉપર છાયા કરતું આકાશમાં અદ્ધર ચાલતું હોય છે. જો કે કેટલાક એક શ્લોકનો સાચો અર્થ ન કરવાના કારણે ઊલટો ક્રમ સમજે છે, પણ એ યોગ્ય નથી. આ માટે આ જ પુસ્તિકામાંનો ‘ ત્રણછત્ર ’ આ નામનો લેખ કે અવતરણ જોઈ લેવું.

---

૧. દુન્દુભિ શબ્દથી કયું વાદ્ય લેવું તે બાબતમાં ક્યાંય કોઈએ સમજણ આપવાપૂર્વક લખ્યું હોય તેવું જોવા ન મળ્યું એટલે દહેરાસરમાં કે સાધુઓ ચિત્ર ચીતરાવે ત્યારે ખોટું વાદ્ય ચીતરાવી લેતાં. મારે પ્રસંગ પડયો એટલે બહુ જ ચીવટથી ખોજ કરી વાદ્યોનું વર્ણનવાળાં સંસ્કૃત, પ્રાકૃત હિન્દી ગ્રન્થો, સંગીતનાં ગ્રન્થો, અનેક કોશો જોયા, લેખો જોયા, ચિત્રો જોયાં ત્યારે દુંદુભિથી નગારું જ લેવાનું છે એમ ખ્યાલ આવ્યો. આમ તો દુન્દુભિનું વિશેષ મહત્ત્વ નથી, એવું કર્ણપ્રિય પણ નથી. પરંતુ દેવો વિશિષ્ટ રીતે વગાડતા હશે એટલે કર્ણપ્રિય બનતું હશે.

૨. आतपात् त्रायते इति आतपत्रम् । તડકાથી રક્ષણ આપે તે, પણ અહીંયાં એ માટે નહીં, અહીં તો તે ઐશ્વર્યસૂચક ચિહ્ન તરીકે છે.

આ પ્રાતિહાર્યોમાં અશોક, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, આસન અને દુન્દુભિ, આ પાંચ પ્રાતિહાર્યો આકાશમાં રહીને ( પરમાત્માની થોડેક ઊંચે રહીને ) પોતપોતાનું કર્તવ્ય બજાવતા રહે છે. બાકીનાં ભામંડલ, ચામર તો પરમાત્માની પાછળ અને આજુબાજુએ જ હોય છે. રાજા, મહારાજા કે ચક્રવર્તીને ઓળખાવવા જેમ છત્ર, ચામર, છડી, સિંહાસન વગેરે રાજચિહ્ન હોય છે, તેમ પરમાત્માના પરમૈશ્વર્યને ખ્યાત કરનાર દેવકૃત આ આઠ અતિશયો છે. એમાં પહેલું સ્થાન [1]અશોકનું છે.

આ [2]અશોકવૃક્ષ તો ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણેય કાળના તીર્થંકરોની સેવામાં અનાદિ-અનંતકાળથી હોય જ છે એટલે અશોકવૃક્ષ તો સહુ માટે સામાન્ય ( Common ) છે. એટલે આ એક વૃક્ષ પૂર્ણ પરમાત્માવસ્થા પ્રાપ્ત થયા પછીથી ઠેઠ નિર્વાણપર્યન્ત સાથે જ રહે છે.

---

૧. માનવજાત હંમેશા નાની મોટી વ્યથાઓ, ઉપાધિઓથી ઘેરાએલી હોય છે અને તેનાં કારણે માનસિક ખેદમાં તે ડૂબેલી રહે છે. આ ખેદ દૂર કરવો હોય ત્યારે અશોકવૃક્ષનો આશ્રય ઠીક પ્રમાણમાં લેવો જેથી શોક જતો રહે. તીર્થંકરદેવના માથે રહેનારૂં ઝાડ રહસ્યમય વિશિષ્ટ ફળદાયક હોવું જ જોઈએ. જેવા નામ તેવા ગુણ.

૨. જે ઝાડની નીચે રહેનારને શોકની વેદના દૂર થઈ જાય તે અશોક.

## ૨. હવે રહી વાત બીજા ચૈત્યવૃક્ષની[1]

ચૈત્ય એટલે શું ? શબ્દકોશમાં ચૈત્ય શબ્દના જ્ઞાન, મંદિર, મૂર્તિ વગેરે અનેક અર્થો આપેલા છે. પણ અહીં 'જ્ઞાન' અર્થ અભિપ્રેત છે એટલે કે જે જ્ઞાનનું વૃક્ષ એ જ ચૈત્યવૃક્ષ. **चैत्यवृक्षाः ज्ञानोत्पत्तिवृक्षाः** (લોકપ્રકાશ સર્ગ–૩, શ્લોક–૧૨)

ફરી પ્રશ્ન થાય કે જ્ઞાન એ કંઈ કોઈ વૃક્ષનું નામ તો છે નહિ, તો પછી જ્ઞાનથી શું લેવું ?

જવાબ એ છે કે કોઈપણ તીર્થંકરને જ્યારે કેવલજ્ઞાન પ્રગટ થવાનું હોય ત્યારે તેઓ કોઈને કોઈ વૃક્ષની નીચે કે સમીપે જ ઉપસ્થિત હોય છે. તે વખતે ખુલ્લા આકાશમાં હોતા નથી. ભલે પછી તે ઊભા હોય કે વિશિષ્ટ આસને બેઠા હોય.

---

૧. જેમ આસોપાલવ અને અશોક ભિન્ન છે કે એક છે ? એવો પ્રશ્ન ઊભો થયો તેવો જ પ્રશ્ન ચૈત્યવૃક્ષ અને અશોક એક જ છે કે જુદાં ? તેવો પ્રશ્ન પણ ઊભો થઈ શકે. કેમકે તર્ક ઊભો થાય એવા ઉલ્લેખો છેદસૂત્ર, હૈમકોશ અને વીતરાગસ્તોત્રમાં છે.

* છેદસૂત્રમાં તથા કોઈ કોઈ સુવિહિત આચાર્ય ભગવંત મૂલ અને ટીકામાં અશોક એ જ ચૈત્ય છે એવું ધ્વનિત કરે છે. * હૈમકોશની ટીકામાં चैत्याभिधानो द्रुमो अशोकवृक्षः । * વીતરાગસ્તોત્ર મૂલ, પ્રકાશ–૫, શ્લોક–૧ માં त्वद्गुणैरिव रक्तौऽसौ, આ એક વિચારમાં મૂકી દે તેવાં વિધાનો છે પણ અહીં લેખ લાંબો થવાના ભયે એ ઉપર કશું લખતો નથી. વાચકોએ જ વિચારવું રહ્યું.

ભૂત, ભાવિ માટેની વાત બાજુએ રાખીએ પણ વર્ત-માનકાળના ચોવીશે તીર્થંકરો કેવળજ્ઞાન પ્રાપ્તિ સમયે સહેજે કોઈ ને કોઈ વિશાળ વનમાં જ આવી પહોંચે છે અને તેમાં પણ મારે કહેવું જોઈએ કે (પ્રાયઃ) **સહસ્રામ્રવન** નસીબદાર છે, કેમકે ૧, ૧૨, ૧૫, ૨૦, ૨૩, ૨૪, આ છ તીર્થંકરોને છોડીને બાકીના અઢારે અઢાર તીર્થંકરોને કેવલજ્ઞાન વખતે સહસ્રામ્રવનનું સાંનિધ્ય હતું.

અહીં ખાસ સમજવા જેવી બે-ત્રણ બાબતો છે. માત્ર સમજવા, જાણવા પૂરતી જ નહિ પણ ઊંડાણથી ચિંતન, મનન કરી એનું રહસ્ય ખોળી કાઢવા જેવી. કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં પહાડો, નદીતટોને સ્થાન મલ્યું નથી. બીજું આવા મહાન જ્ઞાન માટે આમ્ર-આંબા-કેરી આ ફળવાળાં વૃક્ષોનાં વનોનો નંબર કેમ લાગતો હશે? આમ્ર-કેરી આ ભારતની પુણ્યભૂમિનું ફળ છે. તમામ ફળોનો એ રાજા છે. એને લોકો ખાદ્ય વર્ગમાં કલિકાલનું કલ્પવૃક્ષ પણ કહે છે. બીજી બાજુ કેવલજ્ઞાન પણ અંતિમ કોટિનું-સર્વોચ્ચ જ્ઞાન છે. સર્વોચ્ચ પ્રાપ્તિ માટે બાહ્ય વાતાવરણના સંયોગો પણ સર્વોચ્ચ હોવા જ જોઈએ. શું આવા કોઈ કારણે આ વૃક્ષની બહુમતી સર્જાતી હશે ખરી?

આ એક અગમ્ય બાબત છે અને વૃક્ષો-આમ્રવૃક્ષો ત્યાં સેંકડો નહીં પણ હજારો હોય છે અને એથી **સહસ્રામ્રવન** શબ્દ શાસ્ત્રમાં-કથામાં ખૂબ જાણીતો થએલો છે.

**૩. ત્રીજી વાત**—કેવલજ્ઞાન વનની અંદર રહેલા કોઈને કોઈ વૃક્ષ નીચે જ (અથવા સમીપે) પ્રગટ થાય,

પહાડ ઉપર કે તેની સમીપે કે નદી કિનારે નહીં જ, આ પણ એક રહસ્યમય બાબત છે. તો પછી ત્રિકાલજ્ઞાન માટે વૃક્ષની જ અનિવાર્યતા કેમ? આ બાબત ઊંડી શોધનો વિષય છે.

હું અહીં આના કેટલાક વૈજ્ઞાનિક તથા અન્ય અગમ્ય રહસ્યો તરફ જરૂર અંગુલીનિર્દેશ કરી શકું પણ મારે અત્યારે લેખ લંબાવવો નથી, ભવિષ્યમાં ક્યારેક આ વાત ઉપર વધુ વિચારવાની ઇચ્છા રાખું છું.

કેવલજ્ઞાન એટલે શું? કેવળ શબ્દનો અર્થ છે 'એક જ.' બીજા કોઈ પણ પ્રકારના પ્રકારો–વિકલ્પોથી રહિત, મેળવવા જેવું આ એક જ છે એવો ભાવ ધ્વનિત કરતું જ્ઞાન તે કેવળ-જ્ઞાન. આ જ્ઞાન સંપૂર્ણકોટિનું હોય છે અને કેવલજ્ઞાનના જ્ઞાનચક્ષુ દ્વારા ત્રણેયકાળના સર્વ ભાવોને જુએ–જાણે છે. આ જ્ઞાન જ્ઞાનાવરણીયાદિ કર્મોનો સંપૂર્ણ ક્ષય થતાંની સાથે જ પ્રગટ થાય છે. લોકભાષામાં અખિલ બ્રહ્માંડનું અને જૈન પરિભાષામાં ચૌદરાજલોક તથા તેની ફરતા અલોકાકાશના પ્રત્યક્ષ દર્શન સાથે તેનું ત્રૈકાલિક જ્ઞાન કેવલજ્ઞાન દ્વારા આત્મપ્રત્યક્ષ થઈ જાય છે. આવા જ્ઞાનને જૈન પરિભાષામાં કેવળજ્ઞાન કહેવાય છે. વિશ્વ ઉપર અસ્તિત્વ ધરાવતા જ્ઞાનોની આ છેલ્લામાં છેલ્લી કક્ષા–સીમા છે કે વધારે આથી આગળ કે વિશેષ કોઈ જ્ઞાન નથી. આ જ્ઞાન જે કેવલ–એક જ રૂપ છે, જેમાં હવે કોઈ વિકલ્પ નથી, જેમાં હવે કોઈ આવરણ નથી, જે સંપૂર્ણ અને શાશ્વત છે. આ જ્ઞાનથી વિશ્વનાં ચેતન અને

જડ પદાર્થોની અનંત ભૂતકાળની, વર્તમાનકાળની અને ભાવિ અનંતકાળની તમામ પરિસ્થિતિઓ અને અવસ્થાઓ સમકાળે આત્મપ્રત્યક્ષ હોય છે. દર્પણ–અરીસામાં સામે આવતા તમામ પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેમ કેવળીના કેવલજ્ઞાનમાં ત્રણેયકાળના અનંત પર્યાયવાળા તમામ પદાર્થો પ્રતિબિંબિત થાય છે.

આ જ્ઞાનનો સારી રીતે પરિચાયક સંસ્કૃત શબ્દ 'સર્વજ્ઞ' છે. વ્યવહાર ભાષાનો ઠીક ઠીક પરિચય કરાવતો શબ્દ 'ત્રિકાલજ્ઞાન' છે, અને એથી વધારે બંધબેસતો સાન્વર્થક શબ્દ 'કેવલ–કેવલજ્ઞાન' છે.

આવું કેવલજ્ઞાન જે વૃક્ષ નીચે ( કે જે વૃક્ષની સમીપે ) થયું, તે વૃક્ષ પણ ( સ્મૃતિરૂપે ) અમર બની જાય ! એમ પણ કહી શકાય કે જાણે તે અમર બનવા માટે જ સર્જાયું હશે ! રાગ–દ્વેષથી સર્વથા પરાત્પર થએલી તીર્થંકર પરમાત્મા જેવી વિશ્વની અંતિમ કક્ષાની વ્યક્તિ, જેનાથી મોટી બીજી કોઈ વ્યક્તિ ત્રણેયકાળમાં હોતી નથી અને હોય તો તે તીર્થંકર જ હોય. આવા સર્વગુણસંપન્ન પરમ આત્મા જે વૃક્ષ નીચે પધારે, એમના પવિત્ર ચરણ અને એમની નિર્મળ કાયા આશ્રય લે, એમની કાયાના સર્વોત્તમ પરમાણુઓની છાયા રૂપે પ્રસરતા પુદ્ગલ પરમાણુઓનો સ્પર્શ થવા પામે. આ ઘટના એ વૃક્ષ માટે પણ નાનીસૂની વાત નથી. અરે ! એ વાત માટે પણ હું તો એમ કહું કે—

**આ એક વિશ્વની ઐતિહાસિક, નોંધપાત્ર, અસાધારણ ઘટના છે. વેધક દૃષ્ટિવાળા, તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ ધરાવનારા જ્ઞાની-વિજ્ઞાનીઓને માટે મનનીય બાબત છે.**

મૂલ વાત ઉપર પાછા આવીએ—

સર્વશ્રેષ્ઠકક્ષાનું કેવલજ્ઞાન જે વૃક્ષ નીચે (કે જે વૃક્ષની સમીપે) પ્રગટ થયું, એટલે તે વૃક્ષ આ મહાન ઘટનાના કારણે સદા-સર્વદા માટે વંદનીય, પૂજનીય અને સ્મરણીય બની જાય છે, અને તેથી દેવલોકની ચમત્કારિક અસંખ્ય બાબતોના ધણી, ભૌતિક સુખ, સમૃદ્ધિ અને વૈભવના શિખરે બેઠેલા એવા દેવલોકના દેવોને પણ આ વૃક્ષનું બહુમાન કરવાનું મન થાય તે સ્વાભાવિક છે એટલે દેવો જાણે એવું વિચારે છે કે અશોકવૃક્ષની પ્રતિષ્ઠા તો અનાદિકાળથી આપણે કરી છે, તો હવે એક સાથે જોડાજોડ કંઈ બે વૃક્ષ થોડાં રખાય! બીજી બાજુ જે વૃક્ષ નીચે 'ચૈત્ય' એટલે જ્ઞાન પેદા થયું એને પણ અમર અને ઉચિત સ્થાન આપી બહુમાન કરવું યોગ્ય ગણાય એ માટે અને આ જ્ઞાનવૃક્ષની જનતાને પણ જાણ કરવી છે એટલે અશોકવૃક્ષની ટોચ ઉપર કેન્દ્રમાં કેવલજ્ઞાન-ચૈત્યવૃક્ષને સ્થાપી દેવું એટલે અશોકવૃક્ષની શોભા વધશે, ધ્વજા જેવું લાગશે અને હજારો-લાખો લોકોના નમનને એ પાત્ર બનશે. જાણે આમ વિચારીને દેવો ધજા-પતાકા, તોરણો, ઘંટાઓ, અષ્ટમંગલોની આકૃતિઓ

વગેરે અનેક સુશોભનોથી વિવિધ રીતે શણગારીને દર્શનીય, સુશોભિત બનાવેલાં, સમવસરણની પ્રવચન સભાના ત્રીજા [૧]ગઢને ઢાંકી દે, તેવા એકયોજન (ચાર ગાઉ)ના વિસ્તાર-વાળા અશોકવૃક્ષ ઉપર પોતાની દૈવિક શક્તિ દ્વારા ચૈત્યવૃક્ષને સ્થાપિત કરે છે. આ રીતે તીર્થંકરોનું મસ્તક અવિરતપણે હંમેશા બે વૃક્ષની છત્રછાયાથી મંડિત એટલે છવાયેલું જ રહે છે. વૃક્ષની શીતલ છાયામાં બારે પર્ષદા પરમશાંતિ અનુભવે છે.

તાત્પર્ય એ નીકળ્યું કે અનાદિકાળથી અનંતાકાળ સુધી જે તીર્થંકરો થયા, જે થશે તે તમામને અશોકવૃક્ષ તો નિયમ મુજબ, કાયદેસર રીતે બધાયને સામાન્ય (Common) રહે-વાનું જ. ફક્ત ચૈત્યવૃક્ષ એટલે જે વૃક્ષ નીચે બોધિ–કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હશે, તે તે વૃક્ષ અલગ અલગ જ રહેવાનું અને તે વૃક્ષ અશોક ઉપર દેવો સ્થાપિત કરી સદાય તેનું બહુમાન કરશે અને તેનું મહત્ત્વ જાળવી પ્રસિદ્ધિ આપશે. આમ આપેક્ષિક રીતે જૈન દર્શનમાં પણ વૃક્ષનું નમનીય, પૂજનીય સ્થાન ગણી શકાય. પૂજામાં કલ્પવૃક્ષનું ચાંદીનું પ્રતીક મૂકાય છે. શાંતિસ્નાત્રાદિમાં જવારારોપણ થાય છે. આ આપેક્ષિક રીતે વૃક્ષ પૂજાનું સૂચક ન ગણાય?

આ કાળના ૨૪ તીર્થંકરો માટે જે વ્યવસ્થા છે, તે જ ભૂત–ભાવિ માટે સ્વીકારવી કે કેમ! આ માટે કોઈ

---

૧. સમોસરણના ચિત્રમાં સમગ્ર ત્રીજો ગઢ (ખંડ) ઢંકાઈ જાય તે રીતે વૃક્ષ બનાવવાનો ખ્યાલ બનાવનાર ઓછો રાખે છે. જો કે ક્યારેક ચિત્રકારને બનાવવામાં મુશ્કેલી પણ થાય છે, જેથી પુરૂં બતાવી શકતા નથી.

શાસ્ત્રાધાર હશે ખરો ? તે શોધવું રહ્યું. જો હકીકત ઉપર મુજબ છે તો દહેરાસરોમાં ચીતરાતાં સમવસરણનાં ચિત્રપટોમાં અશોક હોય છે પણ પ્રાયઃ ચૈત્ય ( જ્ઞાન ) વૃક્ષ હોતું નથી તો તેનું શું કારણ ? આનું કારણ આ વાતનો ખ્યાલ જેઓને હતો એમને હતો પણ બીજાઓને તે ઠીક ઠીક પ્રમાણમાં વિસરાઈ ગયો, અથવા સાચું જાણપણું ન હતું એટલે આ ભૂલ પ્રવેશવા પામી હોય એ સંભવિત છે.

## ચૈત્યવૃક્ષ વિના ચીતરવામાં આવતાં અશોકવૃક્ષો

આ કે આવા જ કોઈ કારણસર ગૃહસ્થોને કે કારીગરોને પૂરું માર્ગદર્શન ન મલ્યું હોય એટલે પટ વગેરેમાં ચૈત્યવૃક્ષ ક્યાંથી થવા પામે ? પથ્થર, વસ્ત્ર, કાગળ ઉપર સમોસરણની આકૃતિ બનાવવાનું કાર્ય જ્યાં જ્ઞાની આચાર્યો હસ્તક થયું છે, તેમાં ચૈત્યવૃક્ષ બન્યું છે, બાકી મોટાભાગનાં સમવસરણનાં ચિત્રો, પટો ચૈત્યવૃક્ષ વિનાનાં એટલે માત્ર અશોકવૃક્ષવાળાં જ જોવા મળે છે.

આ લગભગ ઘણાના ધ્યાન બહાર ચાલી ગએલી અનિવાર્ય એવી બાબત વરસોથી મારા ખ્યાલમાં હતી એટલે જ્યારે ભગવાન મહાવીરનાં ૩૫ ચિત્રો અંગે માર્ગદર્શક બનવાની પુણ્યતક મારા માટે ઊભી થઈ ત્યારે બરાબર યાદ રાખીને કલાના પ્રસ્પેકટીવ-પ્રપોશન વગેરે અનિવાર્ય સિદ્ધાન્તો જાળવવાની દૃષ્ટિએ અત્યન્ત બુદ્ધિસાધ્ય અને પરિશ્રમસાધ્ય સમવસરણનાં ચિત્રમાં ભગવાન શ્રી મહાવીરનું ચૈત્યવૃક્ષ-બોધિવૃક્ષ જે શાલવૃક્ષ હતું એનો કલકત્તા શાંતિનિકેતન

વગેરે સ્થળેથી સ્કેચ તૈયાર કરાવીને એના આધારે અશોકવૃક્ષની ઉપર શાલવૃક્ષ ચીતરવાનું માર્ગદર્શન આપ્યું અને લગભગ સ્મૃતિ-શેષ થવા માંડેલી એક મહત્ત્વની વસ્તુને પુનર્જીવન આપવામાં નિમિત્ત બનતા મેં પણ પરમ પ્રસન્નતા અનુભવી.

મારા દ્વારા સંકલિત, સંપાદિત કરેલું તીર્થંકર ભગવાન મહાવીરના ૩૫ રંગીન ચિત્રોનું સર્વપ્રિય, અજોડ અને અભૂત-પૂર્વ ચિત્રસંપુટ સં. ૨૦૨૯માં પ્રગટ થયું અને આચાર્યપ્રવરો તેમજ મુનિરાજોના હાથમાં તરત પહોંચી ગયું, એ વખતે સમોસરણના ચિત્રમાં અશોક ઉપર એક વધારાનું નાનકડું ઝાડ જોઈને કેટલાક સાધુપુરુષોને તથા અન્યોને નવાઈ લાગી. કેટલાકને એમ થયું કે મહારાજશ્રીને પૂછીએ, કેટલાકને થયું કે ભૂલ થઈ ગઈ લાગે છે. ચિત્રકારે ભૂલ કરી નાંખી હશે વગેરે. છેવટે કોઈએ મને સીધું પૂછયું, કેટલાકે પુછાવ્યું કે 'અશોકની શોભા વધે માટે અશોકનો જ ભાગ વધુ ખેંચ્યો છે કે શું ? કેમકે આવું ક્યાંય જોયું નથી, કરવાનું જાણ્યું નથી વગેરે.'

પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રશ્ન કરનારાઓને પ્રથમ તો આના ખુલાસા માટે લેખિત કે મૌખિક જણાવ્યું કે ચિત્રસંપુટમાં પાછલા ભાગમાં આપેલો ચિત્ર પરિચય જુઓ. જેમણે પુરાવા માગ્યા તેમણે શાસ્ત્રોક્ત પુરાવા આપ્યા. તેમણે સાશ્ચર્ય સંતોષ થયો.

મારે મન આનંદની બીજી બાબત એ બની કે આ ચિત્રસંપુટ પ્રકાશિત થયા પછી સાધુ મહારાજાઓ દ્વારા બનતાં

ચિત્રોમાં કે જૈનસંઘનાં મંદિરોમાં સમવસરણનાં નવાં ચિત્રો, પટોમાં સહુ ચૈત્યવૃક્ષ સહિતનાં અશોક કરાવવાં માંડયાં. આમ એક અતિ અગત્યની ભૂલાયેલી બાબતને પુનર્જીવન મળતાં હવે સહુ કોઈ શાસ્ત્રોક્ત રીતે ચૈત્યવૃક્ષ સહિતનું અશોકવૃક્ષ કરાવતા થઈ ગયા. મારા માટે આ એક સંતોષની બાબત બની ગઈ.

ઉપરના વિવેચનમાં વૃક્ષની 'નીચે' એવું લખીને તેની સાથે જ સકારણ 'સમીપે' લખ્યું છે, સમીપે શબ્દનો ઉપયોગ એટલા માટે કરવો પડયો છે કે ૨૪ તીર્થંકરોનાં કેટલાક ચૈત્ય (જ્ઞાન) વૃક્ષો એવાં નાનાં છે કે નીચે ભગવાન ઊભા જ રહી ન શકે, એ સ્થિતિમાં 'નીચે ઊભા હતા' એવું શી રીતે લખાય? એટલે મેં મારી કલ્પનાથી ઉક્ત શબ્દવિવેક કર્યો છે. હા, આમાં એક વધુ એવી [1]કલ્પનાને

---

૧. વડોદરા ઓરિએન્ટલ ઇન્સ્ટીટયુટ તરફથી વડોદરામાં રહીને આજથી ૩૫ વરસ પહેલાં લેખિકા મિ. જોન્શન પૂ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી મહારાજ રચિત 'ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર' ગ્રન્થનું ભાષાંતર કરતા હતા ત્યારે એમાં આવતા કરોળિયાના એક પ્રસંગમાં શ્રી હેમચંદ્રાચાર્યજીએ ત્યાં લખ્યું છે કે કરોળિયો મુખ દ્વારા લાળ કાઢી જાળ રચતો હતો. મિ. જોન્શને વિજ્ઞાનના પ્રયોગ દ્વારા એવું જાણેલું હતું કે કરોળિયો મુખમાંથી નહિ પણ નાભિમાંથી લાળ કાઢે છે, તો શું સમજવું? કોણ સાચું? એ ભારે મૂંઝવણભરી વાત બની એટલે એમની બુદ્ધિએ મેં ઉપર લખ્યો એવો જ તર્ક શોધી લીધો. મહાન ગ્રન્થકર્તાને આંચ આવે એ ય કેમ પોસાય? એટલે લખ્યું છે કે તે સમયના કરોળિયા સંભવ છે કે કદાચ મુખમાંથી લાળ કાઢતા હશે. મારો આ ખુલાસો આ ખુલાસાને અનુસરતો છે, આમ કરીને મહાપુરુષનું ગૌરવ જાળવવા પ્રયત્ન કર્યો.

અવકાશ છે. એથી એવું અનુમાન પણ કરી શકાય કે તે કાળે કદાચ તે વૃક્ષો મોટાં કદવાળાં હોય.

**એક ખુલાસો**—મારા હસ્તક તૈયાર થએલ આંતરૂ-રાષ્ટ્રીય ગ્રન્થ તરીકે ઓળખાવવામાં આવતા ભગવાન શ્રી મહાવીરનાં સચિત્ર ચિત્રસંપુટમાં ત્રીસ નંબરના સમવસરણના ચિત્રમાં '**શાલ**' નામના ચૈત્યવૃક્ષનો ઉપરનો થોડો ભાગ કમનસીબે કપાઈ જવા પામ્યો છે. આમ કેમ બનવા પામ્યું તે હું ય સમજી શકતો નથી. આ એક ખૂંચ્યા કરે એવી ખામી રહી જવા પામી હતી, પણ ચિત્રસંપુટની નવી બહાર પડનારી ત્રીજી આવૃત્તિના ચિત્રમાં થોડો સુધારો કર્યો છે જેથી શાલવૃક્ષ થોડું દેખાય છે.

૨૪ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષોનાં વિશિષ્ટ પ્રકારનાં આયોજન-પૂર્વકનું એક કલ્પનાચિત્ર મારા મનમાં વર્ષોથી રમી રહ્યું હતું, જે અત્યારે એક ચિત્રપટમાં આકાર-અવતાર પામી રહ્યું છે. ચૈત્યવૃક્ષો સહિતનું ૨૪ તીર્થંકરોનું આ એક ભવ્ય ચિત્ર જો તૈયાર થઈ જશે તો એક નવીન કૃતિ બનશે. ધ્યાન–સાધના માટે અત્યંતોપકારી આલંબન પૂરું પાડશે એવી મારી *ધારણા છે.

## વિચારણા માગે તેવી કેટલીક વિગતો

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી સ્વોપજ્ઞ હૈમકોશમાં

---

* આ લેખ કલ્યાણ માસિકમાં પ્રગટ થયો ત્યારે પૂજ્ય ગુરુદેવના લેખના સંપાદક મુનિશ્રીએ એક નોંધ લખી હતી તે નીચે આપી છે.

'આજે ભારતભરમાં નૂતન જિનમંદિરોનું નિર્માણ કાર્ય મોટા

चैत्यद्रुम પ્રાતિહાર્યની વ્યાખ્યા કરતા લખે છે કે–चैत्याभिधानो द्रुमोऽशोकः वृक्षः स्यात् આનો ભાવાર્થ એ થાય છે કે ચૈત્ય નામનું વૃક્ષ તે જ અશોક છે. તાત્પર્ય એ નીકળે કે ચૈત્ય એ જ અશોક અને અશોક એ જ ચૈત્ય. આવો જ ઉલ્લેખ બૃહત્ કલ્પસૂત્રમાં છે. બીજી બાજુ લોકપ્રકાશ ગ્રન્થકાર લખે છે કે–चैत्यवृक्षाः अमी ज्ञानोत्पत्ति वृक्षाः એટલે કે ચૈત્યવૃક્ષો એ જ જ્ઞાનોત્પત્તિ વૃક્ષો છે. આવી સ્પષ્ટ આ વ્યાખ્યા હૈમ-કોશની વ્યાખ્યાથી જુદી પડે છે. અત્યારે આટલો જ નિર્દેશ કરું છું. એ ધ્યાનમાં રાખવું ઘટે કે ચૈત્યવૃક્ષ એ અષ્ટપ્રાતિહાર્ય પૈકીનું નથી તે તો અશોક છે એટલે બંને વૃક્ષો જુદાં છે.

અશોકનો રંગ કયો? રંગનો પ્રશ્ન આવે ત્યારે થડ, શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પનો સમાવેશ થાય, ત્યારે અશોકનાં આ બધાં અંગોનો રંગ કયો હશે, તે જાણવાની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે જ થાય પણ કેટલાક ગ્રન્થોમાં માત્ર પાંદડાનાં રંગનો ઉલ્લેખ મળે છે. પ્રવચન સારોદ્ધારમાં (ગાથા ૪૪૦ ટીકા) લખ્યું છે કે પાંદડાં લાલ રંગનાં છે. આવો જ ઉલ્લેખ શ્રી ભગવતીજી સૂત્રના બીજા શતકના પ્રથમ ઉદ્દેશાના અન્તમાં

---

પાયે ચાલી રહ્યું છે જો શાસ્ત્રો-શિલ્પ સહમત થાય અને પૂ. આચાર્ય-દેવશ્રીના અંતરમાં રમતું આ ચિત્ર-મંદિર જો પાષાણની સૃષ્ટિમાં અવતરે તો આ યુગમાં એક વિશિષ્ટ સ્થાપત્યનું નિર્માણ થાય. કોઈ સંઘ કે સંસ્થા આવા વિશિષ્ટ નિર્માણ કાજે પૂજ્યશ્રીનો સંપર્ક સાધે, માર્ગ-દર્શન ઇચ્છે અને આવું કોઈ મંદિર નવનિર્માણ પામે તો કેવું સારું!'

સ્કંદકના અધિકારની ટીકામાં ઉપલબ્ધ થાય છે. 'रक्ताशोक०' વાક્ય દ્વારા ત્યાં અશોકને લાલ કહેલ છે, પણ આજે વૃક્ષના જાણકારો જેને અશોક કહે છે તેનાં પાંદડાં લીલાં હોય છે, હા, તેનાં ફૂલ (શ્વેત સહ) રક્તવર્ણ પ્રધાન હોય છે પણ ત્યાં પુષ્પનો ઉલ્લેખ જોવા મલ્યો નથી. પણ કવિ કલ્હણે તથા કવિ કાલિદાસે ઋતુસંહારમાં પુષ્પોને લાલ કહ્યાં છે. હવે અહીં પ્રશ્ન એ થાય કે મેં જે અશોકના કલર ફોટા જોયા તેનાં પાંદડાં લીલાં છે. ફૂલો શ્વેત છાંટ સાથે રક્તપ્રધાન છે. બીજી બાજુ શાસ્ત્રકાર 'रक्ताशोक' શબ્દ લખીને અશોક રાતો છે એમ કહે છે પણ એ રાતો કઈ રીતે? શું પત્રો લાલ હોવાથી? શું ફૂલો લાલ હોવાથી? ઝાડનાં થડ-શાખા-પ્રશાખા લાલ હોવાથી? અશોકનાં પર્યાયવાચક નામોમાં **રક્તપલ્લવ** એવું પણ નામ છે. જો કે રાતાં ફૂલ પ્રધાન અશોક તો આજે થાય છે. આથી આ બાબત પૂરતી વિચારણા માગી લે છે. અશોક દેવો બનાવે છે, જ્યારે દૈવિક શક્તિથી નિર્માણ કરે છે તો દેવોને જે રંગનું બનાવવું હોય તે બનાવી શકે છે પણ સમવસરણની આધ્યાત્મિક પરિસ્થિતિ વચ્ચે લાલ રંગ અનુકૂળ સમજી અશોકનો રંગ પસંદ કર્યો હશે.

પ્રત્યક્ષ ઓળખાવવા અશોક સાથે શાસ્ત્રોક્ત અશોકનો મેળ નથી બેસતો. ત્યારે પ્રશ્ન થાય કે શું પ્રાચીનકાળમાં શાસ્ત્રકથિત મળતાં રાતાં પત્રો કે પુષ્પોવાળાં અશોક થતાં હશે? જો કે આજના વનસ્પતિ શાસ્ત્રીઓ ભૂલ તો ન કરે પણ પૂર્વાપર વિરોધી લખાણ મળે ત્યારે તર્ક થાય કે ક્ષેત્ર-કાળના પ્રભાવે આજે ઓળખાવાતો અશોક સાચા અર્થમાં અશોક

હશે ખરો? અથવા અશોક બે પ્રકારનાં થતાં હોય એવું સમાધાન આપી શકાય? અથવા દેવકૃત અશોક સાથે મનુષ્યલોકના અશોકની સાથે મુલવણી કરવી જરૂરી ખરી?

## અશોક અને આસોપાલવની વિચારણા સમાપ્ત કરી તીર્થંકરોનાં ચૈત્ય-જ્ઞાનવૃક્ષોની સૂચિ—

નીચે આપેલાં *નામો સંસ્કૃત ભાષાનાં છે. આ બધાં વૃક્ષો ગુજરાતીમાં કયા નામથી ઓળખાવાય છે, એની નોંધ આપી શકાઈ નથી. સંસ્કૃત-ગુજરાતી વનસ્પતિકોશ દ્વારા આ જાણકારી મળી શકે.

| તીર્થંકરનાં નામો | જ્ઞાન-ચૈત્યવૃક્ષ |
|---|---|
| ૧. શ્રી ઋષભદેવ | વટવૃક્ષ[1] |
| ૨. ,, અજિતનાથ | સપ્તપર્ણવૃક્ષ[2] |
| ૩. ,, સંભવનાથ | શાલવૃક્ષ |
| ૪. ,, અભિનંદનસ્વામી | પ્રિયાલવૃક્ષ[3] |
| ૫. ,, સુમતિનાથ | પ્રિયંગુવૃક્ષ |
| ૬. ,, પદ્મપ્રભસ્વામી | છત્રાભવૃક્ષ |
| ૭. ,, સુપાર્શ્વનાથ | શિરીષવૃક્ષ |
| ૮. ,, ચંદ્રપ્રભસ્વામી | નાગવૃક્ષ |
| ૯. ,, સુવિધિનાથ | મલ્લીવૃક્ષ |
| ૧૦. ,, શીતલનાથ | પ્રિલંખુવૃક્ષ |

*સંસ્કૃત નામો માટે ચોકસાઈ થઈ શકી નથી.

૧. વડ ૨. સાત પુડો ૩. ચારોલી

| | | |
|---|---|---|
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ | તિન્દુકવૃક્ષ |
| ૧૨. | ,, વાસુપૂજ્ય૦ | પાટલિવૃક્ષ |
| ૧૩. | ,, વિમલનાથ૦ | જંબૂવૃક્ષ |
| ૧૪. | ,, અનંતનાથ | અશ્વત્થવૃક્ષ[૪] |
| ૧૫. | ,, ધર્મનાથ | દધિપર્ણવૃક્ષ |
| ૧૬. | ,, શાંતિનાથ | નન્દીવૃક્ષ |
| ૧૭. | ,, કુંથુનાથ | તિલકવૃક્ષ |
| ૧૮. | ,, અરનાથ | આમ્રવૃક્ષ |
| ૧૯. | ,, મલ્લિનાથ | અશોકવૃક્ષ |
| ૨૦. | ,, મુનિસુવ્રત૦ | ચંપકવૃક્ષ |
| ૨૧. | ,, નમિનાથ | બકુલવૃક્ષ[૫] |
| ૨૨. | ,, નેમિનાથ | વેતસવૃક્ષ[૬] |
| ૨૩. | ,, પાર્શ્વનાથ | ધાતકીવૃક્ષ |
| ૨૪. | ,, વર્ધમાનસ્વામી | સાલવૃક્ષ |

અહીં ભગવાન શ્રી મહાવીરસ્વામીના ચિત્રસંપુટ પ્રસંગે ચિંતન કરતાં જન્મ પામેલ અશોકવૃક્ષનો પ્રસ્તુત લેખ સમાપ્ત થાય છે. વાચકોને નમ્ર અનુરોધ કે અમારું સાધુ જીવન, સંશોધનની મર્યાદાઓ, અપૂરતા ગ્રન્થો, મારા ક્ષયોપશમની મર્યાદાઓ આ બધા કારણે મારી કંઇપણ ગેરસમજ થતી હોય તો તે, અને આ વિષયની પૂરક વિગત જેની પાસે હોય તો તે વિના સંકોચે જણાવે. આ લેખ અંગે સુધારા-વધારાના સૂચનો જો કોઈ જણાવશે તો તે આવકાર્ય બનશે.

---

૪. પીપળો. ૫. બોરસલી ૬. નેતર. આ રીતે નામો કોશમાંથી શોધી લેવાં.

## આસોપાલવ અને અશોક વચ્ચેનો તફાવત શું છે?

૧. આજે ઉપલબ્ધ બંને ઝાડોનાં પાંદડાં લીલાં રંગનાં છે.

૨. આસોપાલવનાં પાંદડાં છેડા ઉપર કરકરિયાં એટલે ખાંચા-વાળાં હોય છે, જ્યારે અશોકમાં એવાં ખાંચાં હોતાં નથી.

૩. બંને ફળોનાં આકાર અને રંગમાં ભિન્નતા જોવા મળી છે.

૪. આસોપાલવ ૨૫ થી ૩૦ ફૂટ ઊંચું તો જોઈએ છીએ પણ અશોક એવડું ઊંચું જતું હોય તેવું પ્રમાણ મલ્યું નથી.

૫. આસોપાલવનાં ઝાડ આજે બે રીતે થાય છે. ૧. છત્રીની માફક ઘટાટોપ વિસ્તાર થાય તે રીતનાં અને બીજાં ઊભાં, જેમાં પાંદડાં–ડાળો ઝાડની ચારે બાજુ વળગીને નીચે નમેલાં રહે છે. ઇલેકટ્રીકના થાંભલાની જેમ એ ઊભું જ ઊગે છે અને તે ત્રણથી ચાર સ્ક્વેએર ફૂટના ઘેરાવામાં જ હોય છે. દેખાવમાં તે સુંદર હોય છે.

જામનગર રહેતા જાણીતા ધર્માત્મા શ્રી કે. પી. શાહનો અશોકવૃક્ષ અંગે સંપર્ક સાધતા તેઓએ રાજ્યની આયુર્વેદ લાઇબ્રેરીમાંથી કેરાલા પ્રાંતમાંથી નીકળતું માસિક મોકલી આપ્યું. જેમાં અશોકની ડાળીનો કલર ફોટો છાપેલો હતો. ત્યારપછી અમદાવાદના ભાઈશ્રી સ્નેહલે અમદાવાદમાં તપાસ કરીને આખા ઝાડનાં તથા ડાળીનાં પાનનાં કલર અને સાદા ફોટા મોકલી આપ્યા હતા. તે ઉપરથી બે ડિઝાઈનો કરાવી અહીં લેખાંતે બે બ્લોક છાપ્યા છે. એક છે અશોકનો તેનાં

શ્વેત-રક્તરંગી ફૂલો સાથેનો અને બીજો છે આસોપાલવનો.

*　　　*　　　*

ભગવાન મહાવીરના કેવલજ્ઞાન સંબંધિત ચૈત્યવૃક્ષ તરીકે ઓળખાતા શાલવૃક્ષનો તેમજ અશોકવૃક્ષનો આયુર્વેદના સુપ્રસિદ્ધ નિઘણ્ટુ ગ્રન્થ મુજબ ક્રમશઃ પરિચય નીચે મુજબ છે.

# શાલવૃક્ષનો પરિચય

**ઉત્પત્તિસ્થાન**—હિમાલય, પંજાબ, કાંગડા તાલુકો અને કાંગડાથી આસામ સુધીનો પ્રદેશ.

**પરિચય**—આ શાલવૃક્ષો ઘણાં ઊંચાં હોય છે. પાન મોટાં, ઘોડાનાં કાન જેવાં લીસાં અને પાકે ત્યારે ચળકતાં બને છે. ઉપપાન પણ હોય છે. ફૂલ પીળાં અંડાકારે હોય છે. આના થડમાંથી રસ ઝરે છે અને તે રાળ તરીકે ઓળખાય છે.

## અશોકવૃક્ષનો ખાસ જાણવા જેવો વિશેષ પરિચય

(વનસ્પતિ શાસ્ત્રના આધારે)

### અશોકનાં જુદી જુદી ભાષામાં શું નામો છે?

અશોક, શોકનાશન. સ્મરાધિવાસ, રક્તપલ્લવ, કાન્તાઘ્રિ-દોહદ (સંસ્કૃતમાં), અશોક (ગુજરાતી), અસોક (મરાઠી), અશોકમ્ (મલ.), અશોકમુ (તેલુગુ), અશોધમ્, અચોકમ્ (તામિલ), સેરીકા ઇન્ડિકા (Sarica Indica) (લેટીન).

अशोकः शोकनाशकः । શોકનો જે નાશ કરે તે અશોક.

આ વૃક્ષ માટે એવું કહેવાય છે કે આ સુંદર વૃક્ષની છાયામાં બેસીને પવનથી ખરતાં પાંદડાંઓનો સ્પર્શ થાય તો તેનો શોક નાશ થઈ જાય છે. મનનો તનાવ શાંત થાય છે અને મન આનંદથી ભરાઈ જાય છે તેથી તે અશોક કહેવાય છે, અથવા શીતલતા આદિ ખાસ ગુણોને જે ધારણ કરે છે તે અશોક.

**ઉત્પત્તિસ્થાન**—બંગાલ, દક્ષિણ ભારત છે.

**વર્ણન**—આસોપાલવનાં ઝાડને જ સાધારણ રીતે અશોક કહેવાની પ્રથા પડી ગએલી છે પણ તે ભ્રમ છે, ભૂલ છે. અશોકનું ઝાડ આંબા (કેરી) જેવું જ હોય છે, તેથી તેનાં પાન આંબાનાં વૃક્ષ જેવાં હોય છે. એનાં કુમળાં પાન રતાશ લેતાં અને અત્યંત મૃદુ હોય છે. ફલ ગુચ્છાબંધ આવેલાં હોય છે. ફૂલ પ્રારંભમાં પીળાશ પડતાં રાતાં રંગનાં હોય છે, અને જ્યારે પૂરેપૂરાં ખીલે છે ત્યારે પરવાળાં જેવાં લાલચોળ થઈ જાય છે. એનાં ફૂલ બહુ જ બારીકાઈથી જોવાં જેવાં હોય છે, એનાં ફૂલ વાલોર કે આમલી જેવી લાંબી સીંગ જેવાં હોય છે તે, અર્ધગોળ કે ચપટાં પણ હોય છે. એમાં આઠથી દશ બીયાં હોય છે. સાધારણ રીતે આ ઝાડ વનસ્પતિની નાતમાં પલાશાદિ વર્ગનું ગણાય છે. સંસ્કૃત સાહિત્યમાં અશોકના યશોગાન ઠીક ઠીક ગવાયાં છે, અને આ જ કારણથી તેને कान्ताङ्घ्रिदोहदः કહેલ છે. જે સ્ત્રીના પગના સ્પર્શથી વિકસ્વર બને છે. ઋતુસંહારમાં કવિ કાલિદાસે અશોકનું વર્ણન કરતાં પરવાળાનાં રંગ જેવાં ફૂલ ગુચ્છને ધારણ કરનાર અને યુવાનોના હૃદયના શોકને દૂર કરનાર કહેલ છે. દીર્ઘકાળથી

જનતામાં આસોપાલવને જ અશોક ગણવાની ભૂલ પરંપરાથી જે ચાલતી આવી છે તે હજી ચાલી જ રહી છે.

આસોપાલવ એ સીતાફળની જાતનું વૃક્ષ છે. એનાં પાન વાંક લેતાં લાંબાં હોય છે, આંબાં જેવા હોતાં નથી. જ્યારે અશોકને તો अशोकाद्भ्रलो वृक्षः એ ઓળખાણ બરાબર લાગુ પડે છે. રાજનિઘંટુકારે અશોકનાં ૨૨ નામો ગણાવેલાં છે. કલ્હણ અશોકની ઓળખાણ 'लोहितकुसुमः स्वनामख्यातः' લાલ પુષ્પોવાળો એમ આપે છે. કોશમાં રક્તપલ્લવ એ અશોકનું અપરનામ છે. આથી તેનાં પરિપક્વ પાંદડાંને રાતાં જણાવે છે, પણ પૂર્વે જણાવ્યું તેમ આજે પાંદડાં લીલાં રંગનાં હોય છે, પુષ્પો લાલ હોય છે. તો શું અશોકનાં પાંદડાં અને ફૂલ બંને લાલ બનાવવાં? ફૂલ તો જાણે લાલ છે એ સ્પષ્ટ વાત છે, પ્રશ્ન છે પાંદડાંનાં રંગનો! પૂર્વે લખ્યું તેમ વિકલ્પ સ્વીકારવો ખરો? એ નિર્ણય બાકી રહે છે.

વિવિધ રોગના નાશ માટે સુશ્રુતે અશોકનો ઉલ્લેખ કરેલો છે, અશોકારિષ્ટ બને છે તે અશોકપ્રધાન ઔષધ છે. આયુર્વેદનું આ બહુ ઉપયોગી ઔષધ વૈદ્યોનું ખૂબ જાણીતું-માનીતું છે. વાત-વ્યાધિમાં અશોકઘૃત પણ બનાવવાનું વાગ્ભટ્ટે વર્ણવેલું છે. અમરસિંહે પણ અશોકનો ઉલ્લેખ કરેલો છે.

આ અશોક અનાદિકાળથી હવે પછીના અનંતકાળ સુધી તીર્થંકરદેવોના મસ્તક ઉપર ગૌરવભરી રીતે પોતાનું સ્થાન જાળવશે પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે સમવ-

સરણમાં અશોકનું વૃક્ષ રચાય છે. તે ધરતી ઉપરનું કુદરતી અશોક નથી હોતું પણ દેવોએ પોતાની દૈવિક શક્તિથી ઊભું કરેલું અકુદરતી અશોક હોય છે.

અહીં વિચારવાની એક વાત એ છે કે ચૈત્યવૃક્ષ, અશોકવૃક્ષ બંને દેવો બનાવે છે તો તે ધરતી ઉપર હોય છે તેવાં જ દેવો બનાવે છે કે કેમ!

અશોક, આસોપાલવ અને ચૈત્યવૃક્ષને અંગે આટલી ઊંડી વિચારણા કરવા પાછળ એ જ એક હેતુ છે કે આ વૃક્ષો સમવસરણની રચના સાથે અકાટ્ય સંબંધ ધરાવે છે. તો આ વિચારણા ઉપર વિદ્વદ્‌વર્ગ ચિંતન-મનન કરીને પોતાના વિચારો દર્શાવવાની આત્મીયતા-ઉદારતા દાખવવાનું સૌજન્ય અવશ્ય અદા કરશે જ એવા વિશ્વાસ સાથે યથામતિ યથાશક્તિ આ લેખ પૂર્ણ કરું છું.

ત્રીજો લેખ અહીં પૂર્ણ થયો.

નીચેના લેખનું અવતરણ--

શાસ્ત્રો અને ગ્રન્થોમાં કેટલીક બાબતોમાં જ્યારે મત-મતાંતરો જોવા મળે ત્યારે કોઈ એક નિર્ણય કરવામાં મુશ્કેલી પડે, પછી એની વિચારણામાં અનેક સવાલો ઊઠે પણ તેનું જલદી સમાધાન મળવું મુશ્કેલ હોય છે. આ સંજોગોમાં લેખકના પોતાની બુદ્ધિની સમતુલા જાળવી, ઉપલબ્ધ શાસ્ત્રપાઠો કે ગ્રન્થના ઉલ્લેખોને નજર સામે રાખીને પૂર્ણ સત્ય કે વધુમાં વધુ સત્ય કાઢવાનું હોય છે.

તીર્થંકરદેવના માથા ઉપર દીક્ષા પછી વાળનું અસ્તિત્વ હતું કે કેમ ! તે બાબતનો નિર્ણય કરવામાં ઉપર જણાવી તેવી જ પરિસ્થિતિ હતી અને ચોક્કસ નિર્ણય શોધવાનો હતો. મારી સામે આચારાંગસૂત્રાગમનો પાઠ આવ્યો ત્યારે એ પાઠ દીક્ષા લીધા પછી વાળનું અસ્તિત્વ હતું એમ જણાવતો હતો. તે પછી જાણીતા સાધુ–સાધ્વીજીઓને હું પ્રસ્તુત પ્રશ્ન પૂછતો રહ્યો. તેઓ સહુ વીતરાગ સ્તોત્રના—

**केशरोमनख०** આ શ્લોકની યાદ આપતા. પણ દીક્ષા લીધા પછી વાળની વૃદ્ધિ થાય છે એવી શાસ્ત્રની વાતનો લગભગ કોઈને પણ ખ્યાલ ન લાગ્યો, ત્યારે મને થયું કે આ પ્રશ્ન જાહેરમાં મૂકવો અને સંઘના ચતુર્વિધ અંગમાંથી જવાબો મેળવવા. એટલે મેં સહુથી પ્રથમ 'સુઘોષા' અને 'કલ્યાણ' માસિકમાં નીચેનો લેખ પ્રગટ કરાવ્યો હતો. તે જ જૂનો લેખ અહીં એટલા માટે પ્રગટ કર્યો છે કે આ ચર્ચાનો પ્રારંભ શી રીતે થયો હતો તેનો ખ્યાલ આવે.

# એક વિચારણીય પ્રશ્ન

—પૂ. આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.
[ સાહિત્યમંદિર-પાલિતાણા ]

પૂ. આચાર્યદેવશ્રીએ એક પ્રશ્નને અહીં જિજ્ઞાસુભાવે રજૂ કર્યો છે અને સાથે સાથે વિદ્વાનો-ગીતાર્થો દ્વારા આનું સંતોષકારક સમાધાન મળે એવી ભાવના વ્યક્ત કરી છે, માટે આ લેખ વાંચીને પૂ. આચાર્ય-દેવાદિ મુનિવરો તેમજ અભ્યાસી વિદ્વાનો પોતાના વિચારો પૂ. લેખકશ્રી ઉપર પાઠવે એવી અભિલાષાપૂર્વક આ પ્રશ્ન પ્રસિદ્ધ કરાય છે.

—**સંપા૦** ( કલ્યાણ માસિક )

આપણે ત્યાં ચાલી આવતી સમજ કે માન્યતા મુજબ એવો સચોટ ખ્યાલ પ્રવર્તે છે કે તીર્થંકરદેવોની દીક્ષા વખતનો લોચ ( એટલે વાળ દૂર કરવાની ક્રિયા ) થઈ ગયા બાદ માથા વગેરેના વાળની વૃદ્ધિ થતી નથી, પરંતુ ' આચારાંગ સૂત્રાગમ 'ના એક ઉલ્લેખ મુજબ દીક્ષા લીધા પછી વાળની વૃદ્ધિ જરૂર થઈ હોય તેમ સંભવિત છે.

આપણા વિદ્વાન આચાર્યોને તથા સહુને નીચેનો લેખ ધ્યાનપૂર્વક વાંચી, સ્વસ્થ મનથી વિચારી જોયા બાદ મને યોગ્ય જણાવવા વિનંતિ છે.

' પ્રાચીનકાળથી આપણા સંઘમાં આપણે એવું માનતા આવ્યા છીએ કે તીર્થંકરનો જીવ ( આત્મા ) દીક્ષા લે ત્યારે માથાના વાળનો લોચ કરી નાંખે છે. લોચ કર્યા બાદ થોડા-ઘણા, જરાતરા વાળ કદાચ રહી જતા હોય એમ બને, પણ પછીથી એ વાળ નવા ઊગતા કે વધતા નથી. ઝીણા છિદ્રમાં ક્યાંક ક્યાંક રહી ગયા હોય, તો પણ તે વધતા નથી. આવી સમજ સંઘમાં સચોટ નિર્વિવાદપણે પ્રવર્તે છે અને એથી તીર્થંકર દીક્ષા

લીધા પછી મોક્ષે જાય ત્યાં સુધીના કોઈપણ પ્રસંગનું ચિત્ર કે મૂર્તિ જે કંઈ બનાવાય છે, એમાં ભગવાનનું મસ્તક વાળ વિનાનું જ ( ગુજરાતીમાં જેને બોડિયું કહેવાય છે ) વરસોથી બનાવાય છે. હા, સ્થાપનામૂર્તિમાં માથે વાળ બતાવવાની જોરદાર, વ્યાપક અને સર્વમાન્ય પ્રથા જરૂર છે.'

ગત સાલમાં ભગવાન શ્રી મહાવીરનાં તૈયાર થયેલાં થોડાં અદ્યાવધિ અપ્રકાશિત સાત ચિત્રોનું આખરી ટચીંગ-પરિમાર્જન મુંબઈથી આવેલા ચિત્રકાર પાસે જ્યારે હું કરાવી રહ્યો હતો ત્યારે હું આચારાંગ આગમસૂત્રનું ઉપધાન નામક ત્રીજા ઉદ્દેશકનું પ્રથમ સૂત્ર જોઈ રહ્યો હતો, ત્યારે ગાથા નંબર ૪૯ લક્ષ્યપૂર્વક જોતાં તેના ત્રીજા ચરણમાં—

**"લુસિયપૂવ્વે અપ્પપુણ્ણે હિ"–(મૂલપાઠ) ટીકા–લુસિતપૂર્વો હિંસિતપૂર્વ:–કેશલુંચનાદિભિરપુણ્યૈ: અનાર્યૈ: પાપાચારૈરિતિ।**

આ પાઠ જોયો. પછી ધ્યાનપૂર્વક વિચાર્યો એટલે હું જરા ચમક્યો. કેમકે આ પાઠ ખુલ્લા શબ્દોમાં જણાવે છે કે—

"અજ્ઞાન–પાપી અનાર્ય લોકો છદ્મસ્થાવસ્થામાં રહેલા ભગવાનના માથાના વાળને પકડીને ખેંચતા હતા." આ વાતથી એ વાત સ્પષ્ટ ઉપસી આવતી હતી કે, ભગવાનના માથા ઉપર વાળ વધી ગયા હતા. વાળ હોય તો જ તે પકડી શકાય! અર્થાત્ ઝટીયા ખેંચી ભગવાનને ત્રાસ આપી શકાય. એનો અર્થ એ છે કે લોચ પછી વાળનો વધારો થયો હતો. ઉપરના ટીકાકારના અર્થના ભાવને જો સ્વીકારીએ તો પ્રચલિત–રૂઢ બનેલી પરંપરાની વાત કઈ રીતે ઘટી શકે? આ પ્રસંગ દીક્ષા લીધા પછી એકાદ વરસની આસપાસ મહાવીર અનાર્ય દેશમાં વિચર્યા ત્યારે બન્યો હતો.

બીજી અહીં ખાસ વિચારવા જેવી ગંભીર બાબત એ છે કે દીક્ષા વખતે લોચ થઈ ગયા બાદ માથાના કે દાઢી–મૂછના વાળની વૃદ્ધિ થતી

નથી, એ વાત ગ્રન્થમાં આવે છે પણ આ વાત જો અતિશયના પ્રભાવે બનતી હોય, તો અતિશયો તો કેવલજ્ઞાન પ્રગટ થયા પછી જ પ્રગટ થાય છે. જ્યારે આ વાત કેવલજ્ઞાન પહેલાંની છદ્મસ્થાવસ્થા સાથે સાંકળી લીધેલી છે, ત્યારે સમાધાન શું સમજવું ?

જો કે વીતરાગસ્તોત્રના ટીકાકારની સામે આ પ્રશ્ન ઊભો થયો, ત્યારે એમને બીજી રીતે સમાધાન આપ્યું કે, દીક્ષા વખતે ઇન્દ્રમહારાજા તીર્થંકરના મસ્તક ઉપર વજ્ર-અસ્ત્ર ફેરવે છે. વજ્રની ગરમીથી (વાળના પળિયાં બળી જતાં હોવાથી) વાળ વધતા નથી, તો બીજો એવો પ્રશ્ન થાય છે કે, આવું સમાધાન બીજાં કોઈ શાસ્ત્રનાં પાનાં ઉપર આપેલું છે ખરૂં ? આ સમાધાન આપણે જો સ્વીકારીએ, તો પછી માથાની વાળની અવૃદ્ધિની બાબતને અતિશયમાં લઈ જવાની જરૂર જ ક્યાં રહી ? છતાં આ બાબતને અતિશયમાં લીધી છે એ સર્વમાન્ય વાત આજે આપણે સહુ જાણીએ છીએ, આમ આ વૈકલ્પિક વાત થઈ. આ વજ્રની વાતથી તો એક અતિશય ઓછો થઈ જાય તેનું શું ? શું આચારાંગ-સૂત્રની વાત સ્વીકારવી ? શું અતિશયની વાત માન્ય રાખવી કે વજ્ર ફેરવ્યાની વાત માન્ય રાખવી ? ટીકાકારે વજ્રની વાત કયા આધારે લખી હશે ? તે સ્થળનો ખ્યાલ હોય તો વાચકોએ જણાવવા વિનંતિ.

આ પ્રશ્ન જાહેરમાં એટલા માટે મૂક્યો છે કે, સ્થાપનાનિક્ષેપમાં નિયમનું ઉલ્લંઘન કરીને મૂર્તિદર્શન રુચિકર બની રહે માટે વાળ બતાવાય છે. પૂર્વાચાર્યોએ આ છૂટ માન્ય રાખી છે. અપરિગ્રહી, નિર્વસ્ત્રી ભગવાન છતાં લંગોટના કપડાંની, અરે ! તે પણ અલંકારિક રીતે કપડાંની બનાવેલી પાટલીના છેડા સાથે બતાવવાની છૂટ સ્વીકારી, તો પછી ભગવાનનાં ચિત્રો વાળવાળાં બતાવીએ તો કેમ ? પછી વાળ–વિહોણાં

માથાવાળા ભગવાન ચીતરવાની પ્રથાની જરૂર નહીં રહે. ઉચિત રીતે વાળ બતાવવાથી એની મોહકતા–સુંદરતાનો પ્રભાવ અનેરો બની જશે, (રહેશે) અને એમાં બીજા પણ લાભો સમાયા છે.

એક વાત વિચારીએ કે માથાના, દાઢી–મૂછના વાળની વૃદ્ધિ થતી નથી. એ વિધાન કેવળજ્ઞાન થયા પછીનું સમજીએ તો કેમ ? જો એમ સમજીએ તો છદ્મસ્થાવસ્થામાં ભગવાનને દાઢી–મૂછવાળા ચિતરાવી શકાય અને કેવલી અવસ્થામાં સમવસરણમાં બિરાજતા હોય ત્યારે, છદ્મસ્થાવસ્થામાં જેટલા વાળ વધેલા હોય તેટલા જ વાળ કેવલી અવસ્થામાં હોય. બીજો તર્ક કેવલી થયા પછી વાળની વૃદ્ધિ થતી નથી, એવું સ્વીકારીએ તો કેમ ? જો એમ કરીએ તો કેવલી અવસ્થામાં પણ ભગવાનને વાળ, દાઢી–મૂછ બધું બતાવી શકાય. મારી આ વાત ઉચિત છે કે કેમ ! તે સુજ્ઞ અભ્યાસીઓએ અવશ્ય જણાવવું.

એક વધુ ખ્યાલ એ આપું કે, પ્રભુજીના સ્થાપનાનિક્ષેપમાં અરિહંત કે સિદ્ધ અવસ્થાવાળી મૂર્તિઓના મસ્તક ઉપર આકર્ષક ઢબે વાળનો દેખાવ કરવાનું આપણે પ્રાચીનકાળથી સ્વીકારેલું છે. આ એક સર્વપ્રસિદ્ધ અને સર્વમાન્ય નિર્વિવાદપણે તેમજ સર્વસ્વીકૃત બાબત છે.

શાસ્ત્રના અભ્યાસી, જ્ઞાની કે વિદ્વાનોને વિનમ્ર વિનંતિ કે ઉપરની મારી સમજ સાચી છે ખરી ? તે માટે આપનું સ્પષ્ટ મંતવ્ય નિઃસંકોચ–પણે જણાવશો તો આપનો આભારી થઈશ. આવી અતિ મહત્ત્વની બાબતમાં ઉપેક્ષા કે બેદરકારી જરા પણ ન દાખવશો. આચારાંગ સટીક કાઢી આપ જોઈ લો. બીજા સંદર્ભો જોવા હોય તો તે પણ તપાસી લો, પછી મને લખો. ના નહિ અને હા નહિ એવું અથવા 'નરો વા કુંજરો વા' જેવું ગોળ ગોળ અદ્ધર ન લખતાં, સ્પષ્ટ લખશો તો યથાર્થ નિર્ણય કરવામાં મદદરૂપ બનશે. * —સુઘોષા, કલ્યાણમાંથી

# ધ્યાનમાં લેવા જેવી કેટલીક અગત્યની વિચારણાઓ

## આ લેખનું અવતરણ—

ટીકાકારો સાતિશયજ્ઞાની હોય તો ભૂલ થવાનો સંભવ પ્રાય: ના રહે. બાકી છદ્મસ્થાવસ્થાનો ક્ષયોપશમ એવો છે કે પોતાની બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રની સમજણ પ્રાપ્ત કરવાની હોય છે એટલે, તેમજ એ જમાનામાં મુદ્રિત ગ્રન્થો ન હતા, હાથના લખેલા જ વપરાતા હતા, હસ્તલિખિત જલદી પ્રાપ્ત થતા ન હતા એટલે સંશોધન માટેનાં પૂરતાં ગ્રન્થો—સાધનો ઉપલબ્ધ થવાની ઘણાં કારણોસર અનુકૂળતા બહુ જ ઓછી રહેતી, અને એ કારણે પણ પદાર્થ—વસ્તુના પ્રતિપાદનમાં ભૂલચૂક થવાનો સંભવ રહેતો જ અને એ ભૂલચૂકના થોડા પ્રસંગો—અનુભવો મારા ધ્યાનમાં આવ્યા છે, તેના જરૂરી નમૂના વિનમ્રભાવે રજૂ કરું છું.

## ઋષિમંડલસ્તોત્ર અંગે—

ઋષિમંડલ સ્તોત્રનો પાઠ આપણે ત્યાં સેંકડો વરસથી ચતુર્વિધસંઘમાં હજારો આત્માઓ કરે છે. આ ઋષિમંડલની હસ્તલિખિત પ્રતિઓ ભંડારોમાં મળે છે. એમાં ઋષિમંડલના ૧૯મા શ્લોકમાં **तुर्यस्वर समायुक्तो** આ પાઠ લગભગ પંદરઆની હસ્તલિખિત પ્રતિઓમાં લખાએલો જોયો છે. પછી હસ્તલિખિત પ્રતિ ઉપરથી જ સ્તોત્રો મુદ્રિત થયાં એટલે છેલ્લાં ૧૦૦

વરસથી છપાએલાં પુસ્તકોમાં પણ **समा** પાઠ જોવા મળે છે. હકીકતમાં આ પાઠ ખોટો નહિ પણ તદ્દન જ ખોટો છે. સેંકડો વરસથી તે ચાલ્યો આવે છે. ખોટા પાઠના કારણે ઋષિમંડલ સ્તોત્ર ઉપરથી બનાવવામાં આવતાં યન્ત્રનો વચલો **ह्रीँकार** ખોટો પડે છે, એટલે **ह्रीँ** બીજ અધૂરૂં સહુ ચિતરાવે છે કે છપાવે છે તો શું કરવું? તો સાચો પાઠ **समा** ની જગ્યાએ **कला** છે તે પાઠ સ્વીકારીએ તો જ **ह्रीँकार** ઉપર **कला** એટલે અર્ધચન્દ્રાકાર મૂકવાનું બને. વળી **समा** નો તો અહીં કોઈ અર્થ જ થતો નથી. અર્થહીન **समा** શબ્દ રાખીએ તો **कला**નું વિધાન જ ઊડી જાય અને ह्रीँ મુખ્યબીજ **कला** વિનાનું બની જાય છે. ૨૮ વર્ષ પહેલાં આ પાઠ ખોટો છે એમ હું નિર્ણય ઉપર આવ્યો હતો. એ વખતે ઋષિમંડલનું વ્યાપક સંશોધન ચાલતું હતું. જુદા જુદા ભંડારોમાંથી સો પ્રતો મંગાવી હતી, એમાં સો એ સો પ્રતિઓ **समा** ના પાઠવાળી જોવા મળી. આ ભૂલો સ્તોત્રકર્તાની ન હતી, ઉતારો કરનારા લહિયાઓની હતી, અને એક પ્રતિ ઉપરથી બીજી પ્રતિઓ લખાતી તેથી બધી પ્રતિઓમાં તે ભૂલ ચાલુ રહેતી. થોડાં વરસો બાદ કોઈ પ્રતનાં છૂટાં છૂટાં બે પાનાં જે રખડતાં હતાં તે પ્રાપ્ત થયાં. એ પાનાંમાં કુદરતે જેની જરૂર હતી તે જ શ્લોક લખેલો મળ્યો. એમાં જ્યારે **कलायुक्तो** પાઠ જોયો ત્યારે મારા આનંદનો કોઈ પાર ન રહ્યો કે હું જે માનતો હતો તેને જ ટેકો આપતો પાઠ મળી આવ્યો. તે પછી બીજી મહાવીર વિદ્યાલયની હસ્તપ્રતિમાંથી પણ આવો જ પાઠ મલ્યો હતો.

વિચારવાનું એ છે કે, આ ખરેખર ! સેંકડો વરસથી અણજાણપણે ભૂલ કેવી ચાલી આવે છે. મહદ્ આશ્ચર્ય થાય છે કે આટલા બધા દીર્ઘકાળમાં સેંકડો વિદ્વાનો, આચાર્યો, મુનિરાજો આદિ આ પાઠ કરતા આવ્યા છે, છતાં આજ સુધી 'આ પાઠ અશુદ્ધ છે' એ તરફ લગભગ કોઈનું ખાસ ધ્યાન કેમ ગયું નહિ. ૧૫૦–૨૦૦ વરસ સુધી ભૂલ ખેંચાતી રહી. મારી સંપાદિત ઋષિમંડલની પોકેટ સાઇઝની છ આવૃત્તિઓ થઈ ગઈ. દરેક આવૃત્તિમાં મેં આ સ્તોત્ર છપાવનારાઓ માટે સૂચના કરી છે કે તમો **कलायुक्तो** પાઠ સુધારીને છપાવજો પણ કોણ જાણે સાધુ–સાધ્વીઓ અને પ્રકાશકો એ ઉપર પૂરતું ધ્યાન આપતા નથી. એમને મન જે છે તે બરાબર લાગતું હશે. પરિણામે અશુદ્ધિ દૂર થતી નથી, પછી સ્તોત્રપાઠ અશુદ્ધ જ ભણાય. પ્રકાશકો આ વાતને ગંભીરતાથી વિચારે.

વાચકો બરાબર ધ્યાનમાં રાખે કે જો આ સાચી ભૂલ વાચકોને હું ન બતાવું અને ન સુધરાવું તો સ્તોત્ર શુદ્ધ કઈ રીતે થાય ?

**બીજી એક ગંભીર ભૂલની વાત—**

ઋષિમંડલનાં ૨૪ તીર્થંકરવાળા કેન્દ્રીય **ह्रीँकार** ઉપર નાદ, બિન્દુ અને કલા ત્રણે હોવાં જોઈએ. કલા અને બિન્દુ તો સહુ કોઈ મૂકે છે, પણ બિન્દુ ઉપર નાદ જે મૂકવો જોઈએ તે છેલ્લાં ૩૦૦ વરસમાં દહેરાસરમાં ચીતરેલાં અથવા પથ્થરનાં કે તાંબાનાં યન્ત્રોમાં તેમજ કાગળ અને કાપડ ઉપર ચિતરાવેલાં યન્ત્રોમાં નાદ જોવા મળતો નથી. નાદ જ

ઊડી ગયો, અંદર શ્લોકમાં વિધિમાં હોવા છતાં કોઈએ નાદને સ્થાન જ ના આપ્યું. પરિણામે **ह्रींकार** અધૂરો અથવા અશુદ્ધ ચિતરાતો રહ્યો. જે સ્થાને જે તીર્થંકરો મૂકવા જોઈએ, તે સ્થાનો પણ (નાદના અભાવે) બદલાઈ ગયાં. આ ભૂલ થવાનાં કારણો[1] અહીં રજૂ નહીં કરું પરંતુ નાદ શબ્દથી અનાહતનાદ સમજી અનાહત તરફ ધ્યાન ગયું પણ નાદ આકૃતિ-રૂપે પણ મૂકી શકાય છે એ ખ્યાલ ન આવવાથી નાદ વિનાનાં યન્ત્રો આજસુધી વપરાતાં રહ્યાં છે. સાચી રીતે નાદની પરિસ્થિતિને ન સમજવાના કારણે સિદ્ધચક્રનાં ધાતુ, કપડાં વગેરેનાં જે યન્ત્રો ૩૦૦–૪૦૦ વરસમાં દહેરાસરોમાં કે ભંડારોમાં થયાં છે તે બધાયમાં નાદની આકૃતિ મૂકવામાં આવી નથી, એટલે અંશે સ્થાન અપૂર્ણ રહ્યું. મારાં હસ્તકનાં સિદ્ધચક્ર અને ઋષિમંડલ બંને યન્ત્રોનાં કેન્દ્રમાં મેં નાદનો સમાવેશ કરી લીધો છે. સિદ્ધચક્રમાં નાદ હોવો જોઈએ એનું સ્વપ્નું પણ કોઈને નથી.

આજથી ૫૦ વર્ષ પહેલાં કેટલાક આચાર્યો પોતાના ભક્તોને ઋષિમંડલનો યન્ત્ર ચિત્રકાર પાસે ચિતરાવીને આપતાં હતાં. એમાં અમદાવાદમાં સ્થિત એક અતિવયોવૃદ્ધ શ્રદ્ધેય આચાર્ય-શ્રીજી પણ હતા. એમના ભક્તોને તેઓ ચિત્રકાર પાસે યન્ત્રો ચિતરાવી આપતાં હતાં પણ એમાંય નાદ ચિતરાવતાં ન હતાં. કેમકે નાદ વરસોથી સાવ જ ભૂલાયેલો હતો, પરંપરા તૂટી ગઈ હતી.

---

૧. આ માટે જુઓ મારું લખેલું પુસ્તક '**ઋષિમંડલસ્તોત્ર એક સ્વાધ્યાય**' જેમાં વિસ્તારથી ઉપરોક્ત વાત સમજાવી છે.

## હવે ત્રીજી સિરિસિરિવાલકહા ગ્રન્થની ટીકાની વાત—

गयणमकलिआयंतं, उड्ढाहसरं सनायबिन्दुकलं०.......॥ १९६ ॥

**टीका—सनादबिन्दुकलं नादोऽर्द्धचन्द्राकारोऽक्षरस्योपरि अनुनासिकः, बिन्दुकला च पूर्णेऽनुस्वारः ततो नादश्च बिन्दुकला च ताभ्यां सहितं.।**

આ શબ્દની ટીકા કરતા લખે છે કે **नादोऽर्द्धचन्द्राकारोऽक्षरस्योपरिअनुनासिकः।** નાદનો અર્થ અર્ધચન્દ્રાકાર ◡ આવા આકારને અક્ષર કહીને તેના ઉપર જે અનુનાસિક મૂકાય ત્યારે તે ◡̇ નાદ બને છે, એમ ટીકાકારે જણાવ્યું એટલે અનુસ્વાર સહિત અર્ધચન્દ્રને નાદ કહ્યો. તે પછી બિન્દુ, કલા શબ્દનો અર્થ કરે છે બંને શબ્દ ભેગા લઈને એક અર્થ કરતા લખે છે **पूर्णेऽनुस्वारः**, આ પ્રમાણે અર્થ કરીને પછી સમાસ કરે છે. એ સમાસ કરતા **नादश्च बिन्दुकला च ताभ्यां सहितं ततोऽर्हँ इति।** અહીંયા બિન્દુ, કલાનું વિશ્લેષણ ન કરતાં એક જ શબ્દ સ્વીકારીને પછી તેનો સમાસ કરીને એક જ શબ્દ છે એમ સૂચવ્યું પણ આ વાત મને બરાબર લાગી નથી.

મારી સમજ પ્રમાણે ટીકા આ પ્રમાણે હોવી જોઈએ. **नादो पूर्णेऽनुस्वारः (०) तत्पश्चात् बिन्दु अनुस्वारः द्वितीय अनुस्वार इत्यर्थः कला अर्धचन्द्राकारोऽक्षरः** ◡ તે પછી **ताभ्यां** નહીં પણ **तैः सहितं** તો અર્થસંગતિ બરાબર બેસી જશે.

અહીંયા ટીકાકારે [1]નાદને ચન્દ્ર સરખા ગોળ આકારવાળો કહ્યો. બિન્દુ (શબ્દ) ને પૂર્ણાનુસ્વારરૂપે ઓળખાવ્યું છે.

**પ્રશ્ન—** તો અનુનાસિક અને અનુસ્વાર બંને એક જ ચિહ્નના સૂચક છે કે બંનેને ઓળખવા માટે જુદી જુદી ચિહ્નાકૃતિઓ છે?

**ઉત્તર—** 'अंत' અહીંયા 'અંત' શબ્દના अ અક્ષર ઉપર બિન્દુ છે તેને અનુસ્વાર કહેવાય છે અને 'गाँव' અહીંયા गा અક્ષર ઉપર અર્ધચન્દ્ર સાથે અનુસ્વાર મૂકો તો તેને અર્ધઅનુસ્વાર અથવા ચંદ્રબિન્દુ કહેવાય છે. ચંદ્ર સાથે બિન્દુ જોડાયું ત્યારે તેની ઉચ્ચારણની તાકાત અડધી ઓછી થતાં તેને અર્ધાનુસ્વાર અથવા ચન્દ્રબિન્દુ કહેવાય છે. पूर्णोऽनुस्वारः એટલે ● (ગોળ મીંડું).

હવે વાત બાકી રહી અનુનાસિક અને અનુસ્વાર વચ્ચે ફરક છે કે કેમ! સંસ્કૃત ભાષામાં અનુનાસિક સંજ્ઞા ङ् ञ् ण् न् અને म આને આપી છે, અને આ પ્રત્યેક અનુનાસિક પોતાના કાદિ વગેરે વર્ગના પાંચમા વર્ણની મદદથી જ લખાય છે. જેમકે शङ्कर. અહીં ङ જે લખ્યો તે અનુનાસિક સંજ્ઞા કહેવાય પણ સ્વતંત્ર બિન્દુ હોય જેમકે रंग, ર ઉપર મીંડું મૂક્યું

---

૧. જો કે અજૈન મંત્રવાદીઓએ નાદની આકૃતિ ત્રિકોણ કે બદામ જેવી કહી છે. જો કે ઋષિમંડલયન્ત્રનાં વસ્ત્રનાં યન્ત્રપટ ઉપર બદામ જેવી નાદની આકૃતિ જોવા મળે છે. અનુનાસિકની આકૃતિ એ નાદ છે એવું ટીકાકાર જણાવે છે.

તેને અનુસ્વાર કહેવાય. અહીંયા હકીકતમાં અનુસ્વાર કે અનુનાસિકના ચિહ્નમાં કોઈ ભેદ નથી. ગુજરાતી લિપિમાં અનુસ્વાર કે અનુનાસિક એવાં બે ભેદ નથી.

**ચોથી વાત**—શ્રી ભગવતીસૂત્રના પૂજ્ય અભયદેવસૂરિ વિરચિત વિવરણનું ભાષાંતર પંડિત શ્રી બેચરદાસભાઈએ કરેલું છે, અને સં. ૧૯૭૪માં અમદાવાદની જિનાગમ પ્રકાશક સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. આ ભાષાંતરમાં જુદી જુદી જગ્યાએ અશોક શબ્દ આવે છે.

પંડિતજી અશોકને જ આસોપાલવ માનતા હોવાથી (બંને પર્યાયવાચક નામો સમજી) તેઓએ ભાષાંતરમાં '**रक्ताशोक** આ શબ્દનું ભાષાંતર રાતો આસોપાલવ એવું કર્યું' છે. (ભગવતીસૂત્ર શતક–૨, પ્રથમ ઉદ્દેશાનો અન્તભાગ, મુદ્રિત પેજ–૨૬૦)

ભગવતીસૂત્રના પ્રથમ ખંડના છાપેલા ચોપડાઓ પૈકી એક ચોપડામાં પાછળ શબ્દસૂચિ આપી છે, ત્યાં પણ સૂચિમાં (૩૨૦ પેજ) '**અશોક નામનું વૃક્ષ આસોપાલવ**' એમ છાપ્યું છે. આથી સ્પષ્ટ થાય છે કે વરસોથી જાણવા પ્રમાણે ગુજરાત, સૌરાષ્ટ્રમાં અશોકનાં ઝાડની ઉત્પત્તિ ખાસ ન હોવાથી અને વનસ્પતિના પ્રાચીન ગ્રન્થો જોયાં ન હોય તેથી આસોપાલવનું ઝાડ એ જ અશોક છે એવી સમજ ખૂબ ફેલાએલી હતી. પ્રજાના

---

૧. અશોકનાં પાંદડાં રાતાં હતાં એવી વાત મળે છે, પણ આજે જોવાં મળતાં અશોકનાં પાંદડાં લીલાં અને ફૂલો લાલ જોવાં મળે છે.

મોટાભાગમાં આસોપાલવ એ જ અશોક છે એવી જોરદાર હવા જામી ગઈ અને આસોપાલવ અને અશોક જુદાં છે એવો ખ્યાલ ભૂંસાઈ ગયો અને (પ્રાયઃ) સહુ તદ્દન ખોટી જ માન્યતા ધરાવતા રહ્યા.

છાપેલા ત્રિષષ્ઠીશલાકાપુરુષ ચરિત્ર–પર્વ–૭, સર્ગ–૧૧, શ્લોક ૫૪માં—

तत्र प्रदक्षिणीकृत्याशोकं तीर्थायचानमत्०

આ શ્લોકમાં વૃક્ષ માટે અશોક શબ્દ વાપર્યો છે, પણ ત્રિષષ્ઠીશલાકાપુરુષ ચરિત્રના ૫૪માં શ્લોકના ગુજરાતી ભાષાંતરમાં અશોકનો અર્થ આસોપાલવ લખી નાંખ્યો છે. ખરી રીતે ગુજરાતીમાં પણ અશોક શબ્દ જ લખવો જોઈએ. અશોક અને આસોપાલવ એક જ છે, પરસ્પર બંને પર્યાયવાચી છે, આવી જોરદાર સમજણની હવા ઘૂમી રહી હતી. તેની અસર સમર્થ વિદ્વાન પં. બેચરદાસ દોશી જેવા ઉપર પણ થઈ. વાસ્તવિક ખ્યાલના અભાવે હકીકતની દૃષ્ટિએ ખોટો અર્થ લખી નાંખ્યો. એ જ હવાનો ભોગ ત્રિષષ્ઠીના ભાષાંતરકાર પણ બની ગયા અને તેમણે પં. બેચરદાસ દોશીનું અનુકરણ કરી આસોપાલવ અર્થ કર્યો.

ઉપરના દાખલાઓથી સમજવાનું એ કે ગમે તેવી મોટી વિદ્વાન વ્યક્તિ હોય પણ ભૂલ થવાનો સંભવ હોય છે અને એવી ભૂલ કોઈ બતાવે તો તેથી સામી વ્યક્તિનું અપમાન–અનાદર થાય છે એવું સમજવું ન જોઈએ.

**પાંચમી વાત**— મલધારિ ગચ્છના સૂરિમંત્રકલ્પમાં

घृतहीनं दहेद्राष्ट्रम् સૂરિમંત્રના જાપ પછી આચાર્યને યજ્ઞ કરવાનું કહ્યું છે. એ વિધિ અંગે એક ચેતવણી આપતાં આ વાકચ જણાવે છે કે 'ઘીની આહુતિ આપ્યા વિનાનો યજ્ઞ કરે તો રાષ્ટ્ર સળગી ઉઠે' વાકચનો આ સીધો અર્થ છે. શું એક યજ્ઞમાં ઘી ન નાંખવાથી આખું રાષ્ટ્ર બળી જાય ખરૂં ? હરગિજ નહીં. એ વાત કોઈ સ્વપ્નેય પણ માને નહિ. મેં ઘણા આચાર્યોને આનો અર્થ પૂછેલો પણ મોટાભાગના આચાર્યો તો યજ્ઞ કરવાની વાતથી લગભગ અજ્ઞાત હતા. વાકચનો સીધો સાદો અર્થ તો રાષ્ટ્રનો સહુ કોઈ દ્વેશ કરે એ સ્વાભાવિક હતું. કેટલાક શબ્દો મંત્રશાસ્ત્રમાં ગૂઢાર્થક વપરાય છે. અહીંયા પણ રાષ્ટ્ર શબ્દ ગૂઢાર્થકનો વાચક છે. અલબત્ત આ ગૂઢાર્થકનો સાચો અર્થ કોઈ ન કરી શકે તેથી કોઈને દોષ ન દેવાય અને કોઈની ઓછાશ પણ ન કહેવાય. બધી બાબતો બધાયને સમજાય તેમ હોતું નથી. પછી મારી પાસે જવાબ માંગતા હું જે જાણતો હતો તે અર્થ આચાર્યોને કહ્યો ત્યારે રહસ્યમય અર્થને જાણવાથી સાંભળનારાઓને આશ્ચર્ય થયું.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વાચાર્યો કે વર્તમાનના આચાર્યો કંઈ સર્વજ્ઞ ન હતા કે જેથી બધી જ બાબતોનું બધું જ જ્ઞાન ધરાવતા હોય !

**છઠ્ઠી વાત**—સિદ્ધચક્રના બૃહદ્ યન્ત્રનાં પૂજનમાં અનાહતનું પૂજન આવે છે. એ અનાહત અંગેની સ્પષ્ટ સમજણ મંત્રશાસ્ત્રની પરંપરા તૂટી જવાથી અનાહત શું વસ્તુ છે ? એ શું એકલો નાદ-ધ્વનિ સ્વરૂપ છે કે આકૃતિ સ્વરૂપ પણ છે ? એ

ખ્યાલના અભાવે સિદ્ધચક્રની પૂજનવિધિ પહેલીવાર સં. ૨૦૦૮માં અમદાવાદથી બહાર પડી ત્યારે તેમાં અનાહતનું પૂજન જ છાપ્યું ન હતું, જે વિધિ પ્રમાણે હોવું ખાસ જરૂરી હતું. એ પૂજનના સંપાદક અને સંશોધન શ્રદ્ધેય આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિજીને મુંબઈમાં અંધેરીમાં મળવાનું થતાં એમની સાથે બે દિવસની ચર્ચા–વિચારણાના પ્રસંગે અનાહતની વૈકલ્પિક બાબત તેઓશ્રીના ધ્યાનમાં આવી ન હતી, એટલે છેલ્લાં બે–ત્રણ વરસનાં સંશોધનને અન્તે મેં જે નિર્ણય કરેલો તેના આધારે મેં તેમણે અનાહત અહીં આકૃતિ સ્વરૂપ છે એનો પુરાવા સાથે ખ્યાલ આપ્યો ત્યારે બહુ જ રાજી થયા અને તે પછી પૂજનવિધિની તેમને બહાર પાડેલી બીજી આવૃત્તિ છપાઈ ત્યારે તેમાં તે અનાહત પૂજન તેઓશ્રીએ દાખલ કરી દીધું હતું, જેથી મને સંતોષ થયો હતો.

**સાતમી વાત**— એ જ પૂજનમાં બીજી ચોવીશીમાં शर्करालिङ्गकैरच्र्या षोडशानांहतावली. આનો અર્થ સિદ્ધચક્રપૂજન-વિધિના સંપાદક આચાર્યશ્રીજીએ શર્કરાનો અર્થ સાકર અને લિંગકનો અર્થ લવિંગ કરીને આ બે વસ્તુ વડે સોળ અનાહતનું પૂજન કરવાનું નક્કી કરેલું હતું. આ દશ વરસમાં સેંકડો પૂજનો ભણાઈ ગયાં હશે ત્યારે ત્યારે અનાહતોનું પૂજન સાકર અને લવિંગથી થતું રહ્યું હતું, પણ મને સંતોષ ન હતો. કેમકે લિંગકનો અર્થ લવિંગ કોઈપણ કોશકારોએ જણાવ્યો નથી. બીજી રીતે પણ તેનો લવિંગ અર્થ પ્રાપ્ત થતો નથી. ચર્ચામાં મેં અમારા વિદ્વાન મિત્રને કહ્યું કે શર્કરા લિંગકનો અર્થ લિંગાકાર સાકર એવો કરવાનો છે, ત્યારે તે આભા બની

ગયા. એ કઈ રીતે તમે નક્કી કર્યું ? ત્યારે મારા અનુભવની વાત કરી, એટલે કે સાકરની કટકીઓને ચીટકાવીને ત્રણથી પાંચ ઈંચ સુધી તૈયાર કરાતા લાંબા સાકરના મીઠાઈના કટકા મેં અમદાવાદ સ્ટેશન પાસેના રોડ ઉપર ફરતી સિંધી ભાઈની રેંકડીમાં ખાદ્ય ચીજો વચ્ચે જાતે જોયા. તે વાત કરીને કહ્યું કે લિંગાકાર જેવી સાકરની એક જ ચીજથી પૂજન કરવાનું છે, પછી લવિંગની જરૂર રહેતી નથી. આ વાત તેમને બરાબર જચી ગઈ અને તેમણે પણ આ ઘટનાથી ખૂબ જ આનંદ સહ નવાઈ લાગી.

**આઠમી વાત—** સિદ્ધચક્ર બૃહત્ પૂજનમાં અંતે શાંતિકળશ આવે છે.એ શાંતિકળશના પાઠના પ્રારંભમાં ओँ **पंचरूप ह्रींकारश्च ऋषभादिजिनवृंदाय नमोनमः** આ પાઠ છે. અહીંયા **ह्रींकारश्च** એમાં જે च મૂક્યો છે, એનો કોઈ અર્થ નીકળતો નથી, અને એથી તે પંક્તિનો અર્થ પણ બંધબેસતો થાય તેમ નથી. વળી એક જ વાક્ય છે એટલે **च** હોવો જ ન જોઈએ પણ ગમે તે કારણે સંપાદકને અર્થનો સાચો ખ્યાલ તત્કાલ આવ્યો નહીં એટલે ૪૦ વરસથી સિદ્ધચક્રપૂજનવિધિની પ્રતિઓમાં આ ભૂલ ચાલી આવી છે. અનેક આચાર્યો, સાધુઓ, વિધિકારકો આ પાઠ બોલે છે પણ ( સં. ૨૦૪૫ સુધી ) ભૂલનો સુધારો થવા પામ્યો નથી. આ બાબતમાં મેં આચાર્યશ્રીજીનું પત્ર લખી ધ્યાન દોર્યું, ત્યારે તેમણે મને સહજભાવે કહ્યું કે च કાઢી નાંખીએ તો અર્થસંગતિ થઈ જાય ખરી ? મેં લખ્યું કે થાય નહિ. આ માટે વાક્ય સુધારાય તો જ થાય. તે આ રીતે—' પાંચ રંગવાળા હ્રીંકારની અંદર **સ્થાપિત કરેલા** એવા

ઋષભાદિ ચોવીશ તીર્થંકરોને મારો નમસ્કાર છે,' એટલે च ની જગ્યાએ थ અક્ષર જોઈએ જ એટલે ત્યાં ह्रींकारस्थ આવો સાચો શબ્દ જોઈએ. तिष्ठति इति थः 'હ્રીંકારની અંદર રહેલા' એવો તેનો અર્થ થાય. આ વાત તેઓને સચોટ જચી ગઈ. મંત્રશાસ્ત્રમાં હ્રીં પાંચરંગવાળો કહ્યો છે તે વાત ખ્યાલ ઉપર ન હોવાના કારણે. ત્યારપછી સં. ૨૦૩૩માં મુંબઈથી હું પાલીતાણા આવ્યો. વચલા ૧૭ વર્ષનાં ગાળામાં સિદ્ધચક્ર પૂજનવિધિ બે–ત્રણ છપાણી. જશવંતલાલ વિધિકારે પણ વિધિસંગ્રહની ચોપડી બહાર પાડી, પણ તે બધામાં च ની જગ્યાએ थ છપાવવો જોઈએ તે છપાયો નહીં એટલે મેં પૂજનવિધિના પ્રેરક પૂ. આ. શ્રી ધુરંધરસૂરિજી મહારાજને અમદાવાદ પાંજરાપોળ પત્ર લખ્યો. તેમની તબિયત સારી ન હતી પરંતુ મુંબઈમાં રૂબરૂ સંમતિ આપેલી હોવા છતાં સુધારો થવા ન પામ્યો એટલે મેં લખ્યું કે च ની જગ્યાએ थ જોઈએ એમ મારૂં સમજવું છે. અગાઉ આપણે વાત થયેલી છે, તો थ ની સમજણ મારી બરાબર છે ખરી? ત્યારે તેઓએ લખ્યું કે તમારી સમજણ સાવ સાચી છે.

આ બાબતમાં કોઈનું ધ્યાન જ ન ગયું. મેં શાંતિકળશના આ પાઠ માટે કેટલાય આચાર્યો, મુનિરાજો, વિદ્વાનોને જાણીને પૂછ્યું પણ હતું પરંતુ જ્યાં સુધી ह्रींकार પાંચ વર્ણનો હોય છે તેનો, તથા ઋષભાદિ ચોવીશ તીર્થંકરોને ह्रींकारમાં સ્થાપવામાં આવે છે, આ જાતનો ખ્યાલ જ ન હોય ત્યાં સુધી સહુ કોઈ તેનો સાચો અર્થ ન કરી શકે તે સ્વાભાવિક છે. અરે!

એમની જગ્યાએ હું હોઉં અને મને કોઈ પૂછે તો હું પણ તેમાં નિષ્ફળ જઉં.

*   *   *

**પ્રશ્ન**—શાસ્ત્રોમાં એક ગ્રન્થ માટેની વાત બરાબર ન હોય, ખોટી હોય, બંધબેસતી ન હોય તો ટીકાકારો વાંધો દર્શાવવા સંસ્કૃત ભાષામાં કયા શબ્દો વાપરે છે?

**ઉત્તર**—ટીકાકારો ટીકામાં **असमीचीनं। अयुक्तं, चिन्त्यं, अनुचितं।** આવા હળવા શબ્દોદ્વારા સંકેત કરે જ છે. ગુજરાતીમાં જેના અર્થો–બરાબર નથી, યોગ્ય નથી, વિચારણીય છે, ઉચિત નથી એવા થાય છે. સેંકડો વરસોથી આ પ્રણાલિકા પ્રવર્તે છે.

અણજાણપણે અજુગતું લખાયું હોય તો ગ્રન્થકારોની ક્ષમા માગું છું.

## ‘છત્રાતિછત્ર’ શબ્દનો અર્થ શું કરવો? તે અંગે વિસ્તૃત વિચારણા

ત્રણ છત્ર પૂરતું વધારાનું લખાણ અહીંયા પુનઃ આપું છું, તેનું કારણ નીચે મુજબ છે.

આ પુસ્તિકામાં છાપેલાં છત્રનાં લેખનાં ૧૦માં પૃષ્ઠમાં બીજા મુનિરાજોના સૂચનથી ‘છત્રાતિછત્રનો એક જ અર્થ થાય છે એટલે પહેલાના (માસિકના) લેખમાં કરેલા અર્થને અહીં જતો કર્યો છે,’ આવી વાત લખી છે. મારૂં આ વિધાન બરાબર ન હતું. કેમકે લેખમાં ત્રણ છત્ર માટે બંને અર્થને સંદર્ભિત એવું એક જ પ્રકારનું વિધાન કર્યું હતું. તે એ કે–‘ઉપરાઉપરી એવાં ત્રણ છત્ર અને તે સાત નરકના આકારની જેમ ત્રિકોણાકારે એટલે સવળાં સમજવાનાં છે.’ જો કે આ મિશ્ર રજૂઆત સરવાળે તો સવળાં છત્રનાં અર્થને જ સૂચવે છે. એમ છતાં લેખમાં મારું વિધાન એકપક્ષીય–અધૂરું છે. હવે મિશ્ર રજૂઆતને અલગ અલગ પાડીને સમજીએ તો સમજવામાં સરળતા થશે અને વાત જલદી ગળે ઉતરી જશે. છત્રનો એક જ અર્થ થાય છે એમ નથી. સર્વાંગી રીતે વિચારણા કરતા તાળો મેળવતા छत्रातिछत्रं શબ્દમાં એક નહિ પણ બે અર્થનો સમાવેશ થએલો છે એમ માનવું પડશે. તે કેવી રીતે? તે જોઈએ.

૧. તેનો પહેલો અર્થ — કોઈપણ વસ્તુ * ઉપરાઉપરી રાખી હોય કે લટકતી હોય તે.

તે વસ્તુ પછી નાની હોય કે મોટી, ગમે તે સંખ્યામાં હોય તેનો કશો વિચાર કે તારવણી કરવાની નહીં. ઉપરાઉપરી કેટલી સંખ્યા નિર્ધાર કરવી? તો અહીંયા ત્રણની જ સંખ્યા અપેક્ષિત છે જેથી ઉપચારથી ત્રણનું નિર્ધારણ કરવું.

૨. હવે એની અંદર બીજો અર્થ જોડાયો કે સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. તે એ છે કે – ઉપરાઉપરી રહેલી વસ્તુ એ કેવાં માપે, કેવા આકારે છે તે.

**પ્રશ્ન—** બીજા અર્થનું જે વિધાન કર્યું તે બરાબર છે તેનો કોઈ પુરાવો આપશો ખરા?

તેના પુરાવામાં દીવા જેવા અનેક પાઠો છે. એ પાઠો હું આગળ ઉપર જણાવું છું. તે પહેલાં લેખમાં જે વાત જણાવી છે તેને અહીં ફરીથી જરા જુદી રીતે રજૂ કરૂં છું.

**आवश्यक** આગમમાં ભગવાનના માથા ઉપર રહેલાં ત્રણ છત્રને જણાવવા માટે ગાથામાં **छत्तं** શબ્દ છે, અને તેના ટીકાકાર **શ્રી** હરિભદ્રસૂરિજીએ તેના ફલિતાર્થરૂપે **छत्तातिछत्तं— छत्रातिछत्रं** શબ્દ લખ્યો છે.

જ્ઞાતાધર્મકથામાં પણ **महावीरस्स छत्तातिछत्तं** શબ્દ છે.

---

* કોઈપણ વસ્તુ ઉપરાઉપરી હોય તે જણાવવા માટે **छत्रात्रिछत्र**ની જેમ અન્ય શબ્દો પણ યોજી શકાય. જેમકે-**मंचातिमंच.** ઉપરાઉપરી બાંધેલા માંચડા ઇત્યાદિ.

સમવસરણસ્તવની ગાથામાં **छत्ततिया** શબ્દ છે, અને તેની અવચૂરિ **छत्रातिछत्ररुपाणि** એમ કરી છે.

આ છત્રત્રયી શબ્દનો પ્રથમ સીધો અર્થ 'ઉપરાઉપરી રહેલાં છત્રો' એટલો જ થાય. એમાં તે છત્રો કેટલાં? તે સંખ્યાની વાત સ્પષ્ટ નીકળતી નથી. તેમજ તે એક જ સરખા આકારના છે કે ભિન્ન ભિન્ન આકારના છે તે વાત પણ નીકળતી નથી. જ્યારે બીજી બાજુ ભગવાન ઉપર લટકાવાતાં છત્રો મારે ત્રણ જ નક્કી કરવાં છે. એ ત્રણ જ છત્ર પ્રતિષ્ઠિત પરંપરા મુજબ ત્રિકોણ (ટ્રાયંગલ) આકારે એટલે ઉપર નાનું અને નીચે વધતાં પ્રમાણવાળાં (એટલે કે સવળાં માપવાળાં) જોઈએ છે તો શું કરવું? એટલે જ્ઞાની શાસ્ત્રકાર મહર્ષિઓને હજારો વરસોથી ચાલી આવતી યથાર્થ પરંપરાને અખંડ જાળવી રાખવી હતી એટલે **सिद्धस्य गतिश्चिन्तनीया** અનાદિકાળથી ત્રણ છત્ર અને તેનો આકાર ત્રિકોણ, આ નક્કી થયેલી શાશ્વત પદ્ધતિ (Method) મુજબ અર્થ અપેક્ષિત હોવાથી તે બંને બાબતોનો સમાવેશ છત્રાતિછત્ર શબ્દમાં કર્યો હોય તેમ સમજાય છે. તે વાત બરાબર પણ ત્રિકોણ અવળો નહીં પણ સવળો લેવાનો છે, તેની પાછળ કોઈ શાસ્ત્રીય આધાર છે ખરો? હા, તે પણ ઉપલબ્ધ છે.

છત્ર માટે 'છત્રાતિછત્ર' શબ્દ વાપર્યો. આપણે શોધવાનું એ રહ્યું કે છત્રાતિછત્રના આકારવાળી કોઈ વસ્તુ ચૌદરાજલોકમાં છે ખરી? એ મળે તો તેનો આકાર પણ મળી જાય અને બધી રીતે સમાધાન થઈ જાય. આ માટે મને કંઠસ્થ કરેલી

શ્રીચન્દ્રીયા (બૃહત્) સંગ્રહણી ગ્રન્થની ૧૯૫મી ગાથા યાદ આવી ગઈ. તે ગાથા તેની ટીકા, (પ્રકાશક તરફથી છપાયેલ ભાષાંતર) અને તેના ભાષાંતર સાથે આપું છું.

મૂલ, તેની ટીકા અને તેનું ભાષાંતર રજૂ કરું છું.

અહીં શ્રી ચન્દ્રીયા સંગ્રહણીના ટીકાકાર પૂ. આ. શ્રી દેવભદ્રસૂરિજી પણ છત્રાતિછત્ર આકારનો શું અર્થ કરે છે તે જોઈએ.

घम्मा वंसा सेला, अंजण रिट्ठा मघा य माघवई ।
नामेहिं पुढवीओ, छत्ताइच्छत्तसंठाणा ॥

**टीका—...तथा सप्तापि पृथिव्यः समुदिताश्छत्रमतिक्रम्य छत्रं छत्रातिच्छत्रं तत् संस्थानाः। तथाहि — उपरिच्छत्रं लघु तस्याधो महत्ततोऽप्यधो महत्तरं, एवमेता अप्यधोऽधो महा-विस्तराः ॥**

**ભાષાંતર—** ભેગી રહેલી સાતે સાત પૃથ્વીઓ છત્રાતિછત્ર સંસ્થાને છે. છત્રાતિછત્રનો અર્થ કરતા લખે છે કે સૌથી ઉપરનું છત્ર નાનું, તેથી નીચેનું ઘણું મોટું. આ પ્રમાણે આ બધી પૃથ્વીઓ પણ ઉપરથી નીચે નીચે જાવ ત્યારે વિસ્તરતી વિસ્તરતી મહાવિસ્તારને પામે છે.

મુદ્રિત સંગ્રહણીના ભાષાંતરના પુસ્તકોમાં આ જ પ્રમાણે અર્થો કરેલા છે અને છત્રાતિછત્રનો આવો જ અર્થ સ્થાનાંગ-સૂત્રના અને તત્ત્વાર્થસૂત્રના ટીકાકારે કરેલો છે.

શ્રી ચન્દ્રીયાથી ઘણી પ્રાચીન સંગ્રહણી પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલી છે. તેની ૨૪૦મી ગાથા તેની મલયગીરી વિરચિત ટીકા અને તેનું ભાષાંતર આપું છું. બંને સંગ્રહણીકારો અને ટીકાકારો સમાન પ્રરૂપણા કરે છે.

उदहीघणतणुवाया–आगासपइट्ठियाउ सव्वाओ ।
घम्माईपुढवीओ, छत्ताइच्छत्तसंठाणा ॥

**टीका—ताश्च सप्तापि पृथिव्यः समुदायेन संस्थानतश्छत्रातिच्छत्र संस्थानाः छत्रमतिक्रम्य छत्रं छत्रातिच्छत्रं तद्वत् संस्थानं यासा ताश्छत्रातिच्छत्र संस्थाना यथा ह्युपरितनं छत्रं लघु तदधोवर्ति महत् ततोऽप्यधोवर्ति महत् एवमेता अपि घर्मादिपृथिव्योऽधोधोवर्तिन्यो महाविस्तारा इति ॥**

ઉપરની ટીકાનું ભાષાંતર જૈનધર્મપ્રચારક સભા તરફથી સં. ૧૯૯૧માં બહાર પડેલી સંગ્રહણી પુસ્તિકા પ્રગટ થઈ તેમાંથી લઈને અહીં આપ્યું છે.

**ભાષાંતર**—તે સાતે નરકપૃથ્વીઓનું સમુદાયે સંસ્થાન છત્રાતિછત્ર જેવું છે. એક છત્રને અતિક્રમીને બીજું છત્ર હોય તે છત્રાતિછત્ર કહેવાય. તેના જેવો આકાર છે જેનો તે વસ્તુ તે છત્રાતિછત્ર સંસ્થાનવાળી કહેવાય. આટલું લખીને ટીકાકારે આકાર જણાવ્યો પણ આ સંસ્થાન સાથે તે આકારનો સંબંધ પણ જોડાયેલો છે જ તે દર્શાવવા ટીકાકારે કહ્યું કે ઉપરનું છત્ર નાનું, તેનાથી નીચેનું તે કરતાં મોટું, તેનાથી નીચેનું તે કરતાં મોટું એમ ઉત્તરોત્તર મોટાં વિસ્તારવાળું છત્ર સમજવું.

આ આકાર મુજબ ઉપરની પ્રથમ પૃથ્વી નાની અને તે પછીની બધી પૃથ્વી વિસ્તારમાં વધતી વધતી સમજવી.

સંગ્રહણીની આ બંને ગાથા અને તેની ટીકાઓ જો કે સીધી રીતે ત્રણ છત્રનાં આકારને દર્શાવતી નથી પરંતુ સાત-નારકીની રચના જ એવી છે કે તે ત્રણ છત્રની રચના સાથે બંધબેસતી બની જાય છે, એટલે નારકીનું **છત્રાતિછત્ર** સંસ્થાન ઉપરાઉપરી અર્થને જણાવીને સાથે સાથે ત્રણ છત્રની આકૃતિને પણ સૂચવે છે.

*

ભારતમાં શ્વેતામ્બર તથા દિગમ્બર જૈન મંદિરોમાં કેટલીક સપરિકર અને અપરિકર આરસની કે ધાતુની કેટલીક મૂર્તિઓ સ્થાપિત થઈ તેની અંદર જ બનાવેલાં ત્રણ છત્રો સવળાં જ જોવા મલ્યાં છે. અવળાં છત્રવાળી એક પણ મૂર્તિ આજ સુધી મને જોવા મળી નથી, અને કોઈએ તેવો ફોટો મોકલ્યો નથી.

સવળાં છત્રની માન્યતાને પૂરેપૂરો ટેકો આપતા એક પછી એક પ્રમાણો આપણી સામે હોય અને જ્યારે બીજા વિકલ્પ માટે કોઈપણ ઠેકાણે કશો સ્પષ્ટ ઉલ્લેખ, આધાર કે સંકેત ન હોય ત્યારે, માત્ર એક સવળાં છત્રની જ માન્યતાને નિષ્પક્ષપાતી, તટસ્થ બુદ્ધિમાનોએ સ્વીકારવી જોઈએ.

**અહીં છત્રાતિછત્ર અંગેની વિચારણા પૂરી થઈ**

## લોકોત્તર વ્યક્તિ તરીકે ઓળખાતા તીર્થંકર-દેવ કોણ છે? તે, અને તે અંગે જાણવા જેવી થોડી મહત્ત્વની વિગતો

નોંધ—આ પુસ્તકમાં આપેલા ત્રણેય લેખો, વિશ્વનાં સર્વગુણસંપન્ન અને સર્વોચ્ચ ગણાતા તીર્થંકરદેવ સાથે સંકળાએલા છે. ત્રણેયકાળમાં માનવજાતિમાં સર્વોત્તમકોટિની વ્યક્તિ કોણ? આવો પ્રશ્ન ત્રણેયકાળમાં જ્યારે જ્યારે આ ધરતી ઉપર પૂછાશે ત્યારે ત્યારે એક જ જવાબ હશે કે **તીર્થંકરદેવ.** આ વ્યક્તિ અંતિમકક્ષાની લોકોત્તર શબ્દથી ઓળખાતી વ્યક્તિ છે. આ વ્યક્તિ કોણ છે? કેવી હોય છે? તેનો અલ્પ પરિચય જૈન—અજૈન વાચકોને ઉપયોગી થશે તેથી અહીં આપું છું.

*

આ સંસારમાં માનવજાતમાં બે પ્રકારની વ્યક્તિનું અસ્તિત્વ છે, એક લૌકિક અને બીજી લોકોત્તર. લૌકિકમાં સમગ્ર પ્રકારની માનવજાતનો સમાવેશ થાય છે. લોકોત્તર એટલે લોકથી અનેક રીતે જુદી પડતી, *અનેક પ્રકારના ત્યાગ*, તપ અને સાધનાની સિદ્ધિ દ્વારા ઉત્પન્ન થયેલી આધ્યાત્મિક ચમત્કારિક ઘટનાઓથી અલંકૃત સર્વોચ્ચ વ્યક્તિ.

સંસારમાં રહેલા લોકો જેને લૌકિક શબ્દથી પણ ઓળખાવાય છે તેનું અવિરત અસ્તિત્વ સદાય કાળ આ

સંસારમાં હોય છે. અસંખ્ય વરસોમાં કદી તેનું નાસ્તિત્વ થતું નથી પણ લોકોત્તર વ્યક્તિ માટે તેવું નથી. લોકોત્તર વ્યક્તિ કાયમ હોતી નથી. લોકોત્તર શબ્દથી ઓળખાવી શકાય તેવી ઇશ્વરીય વ્યક્તિ આ સંસારમાં સેંકડો, કરોડો, લાખો કે હજારો વર્ષે જન્મ લેતી હોય છે એટલે એનું અસ્તિત્વ હંમેશાં હોય જ ક્યાંથી !

તો વાચકોને જિજ્ઞાસા થશે કે લોકોત્તર વ્યક્તિ કોણ હોય છે? સારાય સંસારમાં ત્રણેયકાળમાં લોકોત્તર શબ્દથી ઓળખાવી શકાય તેવી વ્યક્તિ નિષ્પક્ષપણે ગુણવત્તા, અને યોગ્યતાની દૃષ્ટિએ યથાર્થ રીતે કહી શકાય તેવી વ્યક્તિ તીર્થંકરદેવ છે. ચાલુ શબ્દોમાં જેઓને પરમાત્મા, ઇશ્વર, ભગવાન વગેરે શબ્દથી સંબોધી શકાય છે.

જૈનધર્મમાં અસંખ્ય **મહાકાળો** પસાર થઈ ગયા. એક મહાકાળ અસંખ્ય વર્ષનો એટલે લાખોગુણા અબજો વરસોનો હોય છે. આ મહાકાળો અનાદિથી અનંતકાળ સુધી ચાલ્યા જ કરવાના છે. આ મહાકાળ જૈનધર્મમાં બે પ્રકારના કાળ ભેગા થવાથી બને છે. એકનું નામ છે ઉત્સર્પિણી કાળ એટલે ચઢતો કાળ અને બીજો છે અવસર્પિણીકાળ એટલે ઉતરતો કાળ. ચઢતો કાળ જ્યારે શરૂ થાય ત્યારે શરૂઆતથી બધા ભાવોની બધી રીતે પ્રગતિ–વૃદ્ધિ ધીમે ધીમે વધતી જાય, એ કાળ જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ ઉન્નતિ–ચઢતી થતી રહે. ઉતરતા કાળમાં શરૂઆતમાં પરિસ્થિતિ બધી રીતે સાનુકૂળ હોય છે પણ સમય જતાં ધીમે ધીમે વ્યાપક દૃષ્ટિએ જોઈએ

તો આખરે હ્રાસ થતો રહે. આ ચઢતા, ઉતરતા બંને કાળના છ છ ભાગ—આરા કહ્યા છે. ચઢતા કાળના અને ઉતરતા કાળના ત્રીજા અને ચોથા આરામાં ૨૪ તીર્થંકરો તે તે કાળે જન્મ લે છે.

તીર્થંકરો ક્યારે જન્મ લે છે તેને માટે કોઈ નિયત સમય નથી, યથાયોગ્યકાળે જન્મ લે છે. તીર્થંકર થનારા આત્માઓ ચારિત્ર લે છે પછી વિશ્વનાં–પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ્ઞાન, ધ્યાન, સંયમ, તપ, ત્યાગ, સેવા આ બધા ધર્મ-તત્ત્વોની જોરદાર સાધના કરે છે અને એ સાધના દ્વારા પોતાનાં ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન (સર્વજ્ઞ)ની સિદ્ધિ પ્રાપ્ત કરે છે અને પોતાની જ્ઞાનદૃષ્ટિથી સમગ્ર જગતનાં દ્રવ્યો, પદાર્થો, તેના ગુણો, તેની અનંત અવસ્થાઓ આત્મપ્રત્યક્ષ જોઈ શકે છે. હજારો, લાખો જીવોનાં કલ્યાણ માટે મોક્ષની પ્રાપ્તિ માટે ઉન્નતિનો માર્ગ શું? તે પોતાનાં જ્ઞાનથી જાણીને તે જગતની આગળ પોતાનાં પ્રવચનો દ્વારા જણાવે છે. હજારો લાખો લોકોને પોતાના સફળ ઉપદેશ દ્વારા આત્મકલ્યાણનાં ખપી અને મુક્તિમાર્ગના પ્રવાસી બનાવે છે. આ તીર્થંકરો પોતાનું આયુષ્ય પૂર્ણ કરી દેહનો સદાને માટે સર્વથા ત્યાગ કરી તેઓશ્રીનો જ્યોતિમય એકમાત્ર આત્મા મોક્ષમાં પહોંચી જાય છે અને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ જાળવી રાખીને જ્યોતિમાં જ્યોતિરૂપે ભળી જાય છે, અને નિરંજન નિરાકાર બની રહે છે.

જૈનધર્મમાં એક જ વ્યક્તિ અવતાર લેતી નથી. જૈન-ધર્મમાં ઇશ્વર પદ રજિસ્ટર હોતું નથી. જે માર્ગે ઇશ્વર

થવાય એ માર્ગનું પાલન કરે તો કોઈપણ જીવ ઇશ્વર થઈ શકે છે એટલે તીર્થંકર થનારી વ્યક્તિઓ અલગ અલગ હોય છે. વળી જૈનધર્મમાં ઇશ્વર થવાનો અધિકાર પુરુષને જ છે, માનવ[1]શરીરી સ્ત્રીને કે પશુ-પ્રાણી શરીરે ઈશ્વર થવાનો અધિકાર નથી. ઇશ્વર થનારી વ્યક્તિ માનવજાતની શ્રેષ્ઠ યોનિમાં જ જન્મ લે છે. આ કાળમાં શ્રી ઋષભદેવથી લઈને છેલ્લાં શ્રી મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરો થયા છે. હવે પછીનાં હજારો વર્ષ સુધી કોઈ તીર્થંકર જન્મ લેવાના નથી. આ કાળ અત્યન્ત કપરો અને વિષમ છે. કળિયુગનો જે સમય આજે ચાલી રહ્યો છે તે સમય અસંખ્ય વરસોમાં ક્યારેય આવ્યો નથી. તેથી અત્યારે સર્વત્ર 'ત્રાહિમામ્[2] ત્રાહિમામ્'ના અંતરમાંથી પોકારો થતા રહ્યા છે. પ્રાણીમાત્ર માટે અસાધારણ દુ:ખપૂર્ણ કાળ આવ્યો છે.

તીર્થંકરો છેલ્લામાં છેલ્લી કોટિનું અઢળક પુણ્ય બાંધીને જન્મે છે તેથી તેમની બધી જ વાતો અનોખી હોય છે. અત્યન્ત ક્લિષ્ટ કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામે ત્યારે તેઓ દેવો અને ઇન્દ્રોથી પૂજનીય, આદરણીય અને સન્માનનીય બને છે અને તેમની સેવામાં સેંકડો દેવો હાજર રહેતા હોય છે. વીતરાગી બનેલા તીર્થંકરોને કોઈ અપેક્ષા નહીં હોવા છતાં પણ પરમાત્માના પુણ્યબળે મેગ્નેટની જેમ દેવો આકર્ષાઈને

---

૧. શ્રી મલ્લિનાથજીની ઘટના એ એક અપવાદજનક ઘટના છે. આવું લાખો વરસે બનવા પામે છે.

૨. त्रायस्व०

હાજરાહજૂર રહે છે. તીર્થંકર એ ઈશ્વરીય વ્યક્તિ છે, એનો ખ્યાલ આપવા માટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય કે તરત જ દેવો ભક્તિથી તેમજ તીર્થંકરોના તીર્થંકરત્વને લોકોમાં પ્રસિદ્ધિ આપવા કાયમ માટે આઠ વસ્તુઓ તેમની સેવામાં અવિરત હાજર કરે છે. એ આઠ વસ્તુઓને જૈનધર્મમાં આઠ પ્રાતિહાર્ય (અષ્ટપ્રાતિહાર્ય) શબ્દથી ઓળખાવવામાં આવે છે. પ્રતિહારી એટલે સેવામાં જે હાજર રહે તે, તેથી તેનાં પ્રતીકને પ્રાતિહાર્ય કહેવાય છે. ૧. બેસવાનું સિંહાસન ૨. બે બાજુ ચામર વીંજવા ૩. માથા પાછળ ભામંડલ ૪. મસ્તક ઉપર શ્વેત ત્રણ છત્રો ૫. આકાશમાં દિવ્યધ્વનિ ૬. દુંદુભિનો નાદ ૭. દેવોથી કરાતી પુષ્પવૃષ્ટિ અને ૮. અશોકવૃક્ષ. આ આઠેય વસ્તુ ભગવાનની સાથે જ વિહારમાં, દેશના સમયે અને બેઠા હોય ત્યારે પણ હોય છે. ભગવાનની આ દેવકૃત મહાન સેવાઓ છે. અષ્ટપ્રાતિહાર્યની ઋદ્ધિ–સમૃદ્ધિ અને વિભૂતિ જોઈને ઈશ્વર કે ભગવાન તો ખરેખર તીર્થંકરો જ છે એવી આસ્થા–ભાવના પેદા થાય એવા નિમિત્તંની સામા જીવનાં કલ્યાણ માટે અનિવાર્ય આવશ્યકતા છે.

હવે તીર્થંકરોને લોકોત્તર કહ્યા. તેનાં મહત્ત્વનાં અનેક કારણો પૈકી નમૂનારૂપે થોડાંક અહીં આપું છું.

તીર્થંકરોનો જન્મ એ તેમનો છેવટનો જન્મ હોય છે. આ જન્મમાંથી ગયા પછી સંસારમાં જન્મ–મરણ માટે આવવાનું હોતું નથી. આવી અસાધારણ મહાતિમહાન વ્યક્તિ જન્મે ત્યારે તેની કાયા પણ કેટલી પવિત્ર, ભવ્ય, સુંદર અને અનેક વિશેષતાઓવાળી હોય છે. એ માટે શાસ્ત્રમાં લખ્યું છે કે

જન્મથી જ એમની ચાર મહાનતાઓ હોય છે. ભગવાનનું શરીર સુગંધવાળું, રોગરહિત, પરસેવો ન થાય તેવું, સુગંધી શ્વાસવાળું, રૂધિર અને માંસ ગાયનાં દૂધ જેવા ઉજ્જવળ વગેરે ૩૪ વિશેષતાઓ (અતિશયો) અને વાણીની ૩૫ વિશેષતાઓ (અતિશયો) હોય છે. તેમાંથી ફક્ત બે નમૂના રજૂ કરૂં. એક તો ભગવાન બોલે એક જ ભાષામાં પણ એમની વાણી સૌને પોતપોતાની ભાષામાં પરિણમે અને બીજું ભગવાનની હાજરીમાં પરસ્પર હિંસક-વિરોધી વ્યક્તિઓના પણ વૈર-વિરોધ શમી જાય છે અને અહિંસકપરિણામી બની રહે છે.

આ દુનિયામાં લોકોત્તર વ્યક્તિ તરીકે માત્ર તીર્થંકરો જ હોય છે, તેથી માનવજાતની બુદ્ધિ અને તર્કથી પર સંખ્યાબંધ વિશેષતાઓ છે, જે વિશેષતાઓનો જૈનસમાજને પણ પૂરો ખ્યાલ નથી તો અજૈન સમાજને તો હોય જ ક્યાંથી! આ વિશેષતાઓ નીચે આપી છે જેનો ખાસ અભ્યાસ કરવા જેવો છે, તીર્થંકરની વિભૂતિઓ વિજ્ઞાનને પડકારરૂપ છે.

## તીર્થંકરોના ૩૪ અતિશયોની નામાવલી

**નોંધ**—આ પુસ્તિકામાં બીજો લેખ 'તીર્થંકરદેવની કેશમીમાંસા'નો છે. એ લેખને સમજવા માટે અતિશયોનું જાણપણું પણ જરૂરી છે તેથી ૩૪ અતિશયોની નામાવલી પણ અહીં આપું છું.

* શ્વેતામ્બર અને દિગમ્બર સંપ્રદાયમાં અતિશયોની બાબતમાં થોડો મતાંતર છે. ૩૪ અતિશયો સિવાયના પણ કેટલાક આશ્ચર્યજનક અતિશયો શ્વેતામ્બર-દિગમ્બર ગ્રન્થોમાં લોકોત્તર ગણાતા તીર્થંકરની કેટલી મહાન વિશિષ્ટતા છે તેનો ખ્યાલ આપવા માટે જણાવ્યા છે.

## અતિશયો અંગે કંઈક

તીર્થંકરદેવોને તીર્થંકરનામકર્મના ઉદયથી જેમ અષ્ટમહાપ્રાતિહાર્યની ઋદ્ધિ-વૃદ્ધિનો જન્મ થાય છે તેમ સાથે સાથે ૩૪ અતિશયોની પણ યથાયોગ્યકાળે પ્રાપ્તિ થાય છે. તે અતિશયોમાં ૧. સહજરીતે ઉત્પન્ન થનારા અતિશયો ૪, ૨. ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થનારા અતિશયો ૧૧ અને ૩. દેવોદ્વારા ભક્તિથી થનારા અતિશયો ૧૯. આમ બધા મળીને ( ૪+૧૧+૧૯ = ) ૩૪ અતિશયો છે. આ અતિશયો ત્રણેય કાળમાં તીર્થંકર વ્યક્તિને જ પ્રાપ્ત થાય છે બીજા કોઈને નહિ.

## સહજાતિશય-૪

જન્મતાંની સાથે જ ઉત્પન્ન થનારા ચાર અતિશયોનો સંબંધ તેમની કાયા સાથે છે. તેમાં ૧. પહેલા અતિશયમાં, સર્વ શ્રેષ્ઠકોટિનું, લોકોત્તર, અદ્ભુત, સુંદર અને નિરોગી શરીર, પરસેવો અને મેલનો અભાવ વગેરે, ૨. રૂધિરમાંસાતિશય એટલે કે ભગવાનનું લોહી, માંસ બંને ગાયના દૂધ જેવું ઉજ્જવળ-શ્વેત હોય છે, ૩. ભગવાનના શ્વાસોશ્વાસ સુગંધી હોય છે અને ૪. ભગવાન જે આહાર-નિહાર કરે તેમાં આહાર એટલે ભોજન કરતા હોય તે અને નિહાર એટલે મલવિસર્જનની ક્રિયા તે ચર્મચક્ષુવાળા જીવો જોઈ શકે નહિ. આ ચાર સહજાતિશયો છે.

## કર્મક્ષયથી ઉપલબ્ધ ૧૧ અતિશયો

જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મોનો ક્ષય થવાથી ઉત્પન્ન થનારા અતિશયો ૧૧ હોય છે. ૧. પરિમિત જગ્યામાં અતિઅપરિમિત સંખ્યાના જીવોનો સમાવેશ થઈ જવો, ૨. ભગવાન એક જ ભાષામાં બોલે છતાં મનુષ્યો, પશુ-પક્ષીઓ અને દેવો પોતપોતાની ભાષામાં સાથેસાથે જ સમજી જાય, સહુને એમ જ લાગે કે ભગવાન અમને જ અમારી ભાષામાં જ કહી રહ્યા છે. ભગવાનની વાણી એક યોજન સુધી સંભળાય એટલે કે ૪ ગાઉ સુધી અવાજ પહોંચે, ૩. માથા પાછળ તેજસ્વી ભામંડલ, ૪. ભગવાન જ્યાં જ્યાં વિચરતા હોય એ ભૂમિ ઉપર કેવી પરિસ્થિતિ સર્જાય છે

તો, ૧૨૫ યોજન=૨૫૦ ગાઉ સુધી રોગ, ૫. વૈર-શાંતિ ૬. ઇતિઓ (ઉપદ્રવો)નો અભાવ, ૭. મારી, ૮. અતિવૃષ્ટિ, ૯. અનાવૃષ્ટિ, ૧૦. દુષ્કાળ અને ૧૧. સ્વ-પર ચક્રનો ભય એટલે કે પોતાના રાજ્ય તરફથી કે બીજા રાજ્ય તરફથી ભય, આ બધાનો અભાવ હોય છે.

## દેવકૃત ૧૯ અતિશયો

* આ અતિશયો કેવળજ્ઞાન પછી જ પ્રગટ થાય છે.

૧. પરમાત્માની આગળ ચાલતું ધર્મચક્ર, ૨. દેવસંચાલિત ઇન્દ્રધ્વજ, ૩. (કેવલજ્ઞાન પછી ધરતી ઉપર નહીં પણ) સુવર્ણકમલ ઉપર વિહાર, ૪. સમવસરણમાં ભગવાનને ચતુર્મુખરૂપે સ્થાપિત કરવા, ૫. ત્રણ ગઢ એટલે સમવસરણની રચના, ૬. રસ્તામાં કાંટાઓનું અધોમુખ થઈ જવું, ૭. કેશ, રોમ, નખ, દાઢી અને મૂછની હંમેશાને માટે એકસરખી અવસ્થિતિ થવી (હાનિ-વૃદ્ધિનો અભાવ), ૮. પાંચે ઇન્દ્રિયોના વિષયોની તથા ૭ ઋતુઓની અનુકૂળતા, ૯. સુગંધી જળની વર્ષા, ૧૦. પાંચ વર્ણનાં પુષ્પોની સમવસરણની ભૂમિ ઉપર રચના, ૧૧. પક્ષીઓની આકાશમાં અનુકૂળ પ્રદક્ષિણા, ૧૨. અનુકૂળ સુખદ પવન, ૧૩. વિહાર વખતે રસ્તાનાં વૃક્ષોનું નમી જવું, ૧૪. ઓછામાં ઓછા એક કરોડ દેવોની પરમાત્માની સેવામાં હંમેશાં ઉપસ્થિતિ, ૧૫. સમવસરણમાં અશોકવૃક્ષની હાજરી, ૧૬. ચામરનું વીંજાવું, ૧૭. સ્ફટિકરત્નનાં સિંહાસનની રચના, ૧૮. ત્રણ છત્રોની ઉપસ્થિતિ અને ૧૯. આકાશમાં દુંદુભિવાદન. આ પ્રમાણે ૧૯ અતિશયો છે. ૧૫ થી ૧૯ અતિશય અહીં જે લખ્યા છે તેનો સમાવેશ અષ્ટમહાપ્રાતિહાર્યમાં થાય છે.

આ અતિશયોનું વર્ણન સમવાયાંગસૂત્ર, પ્રવચનસારોદ્ધાર, હૈમકોશ, ત્રિષષ્ટીશલાકા, યોગશાસ્ત્ર, લોકપ્રકાશ વગેરે ગ્રન્થોમાં મળે છે.

* * *

# પ્રારંભમાં ૨૦માં પૃષ્ઠ ઉપર છાપેલી રાજસ્થાની મૂર્તિઓનો પરિચય (સં. ૨૦૪૯)

આ ભવ્ય મૂર્તિચિત્ર પહેલીજવાર મને જોવા મળ્યું. આ મૂર્તિ રાજસ્થાનના બીકાનેર થલીના લાડનૂ નજીકના ગોરાઉ ગામના ખેતરમાંથી ખેડૂતોને પ્રાયઃ ૧૯૮૮માં મળી આવી. તેઓએ આ મૂર્તિઓ પોતાના કબજામાં રાખી છે, અને તેઓએ નાનું સરખું મંદિર જેવું બનાવીને ત્યાં મૂર્તિઓ પધરાવી છે. તે લોકો રોજ તેની ભક્તિ કરે છે. ભૂગર્ભમાંથી બીજી પણ પાષાણ અને ધાતુ મૂર્તિઓ વગેરે નીકળેલ છે. તે મૂર્તિઓ પૈકી વધારે સુંદર જે મૂર્તિઓ હતી તે ત્રણ સુંદર મૂર્તિઓના ફોટા અહીં પ્રગટ કર્યા છે.

આ મૂર્તિનું શિલ્પ વિશિષ્ટ પ્રકારનું છે. તેની પદ્માસનસ્થ બેઠક, શરીરનું સૌષ્ઠવ અને અતિભવ્ય મુખની આકૃતિ અને ક્ષત્રિય-કુંડના મહાવીરની જેમ ચોટલીવાળો ઊંચો ભાગ વગેરે વિશેષતાવાળી આ મનોહર શિલ્પાકૃતિ છે. આવી નમણી મનોહર શિલ્પાકૃતિ મેં ૬૦ વર્ષમાં પહેલીજવાર જોઈ. આ ત્રણે મૂર્તિઓના શિલ્પની વિશેષતા અંગે અહીં લખતો નથી. અહીં તો ફોટા છાપવાનું કારણ માથાના મસ્તકનો ભાગ છે.

આ પુસ્તકમાં જ ક્ષત્રિયકુંડની મૂર્તિનું મસ્તક છાપવામાં આવ્યું છે, તે ઘણા વખત પહેલાં મેં જોયું હતું. ત્યારપછી ટોચમાં ઊંચા ભાગવાળી મૂર્તિ આજ સુધી મારા જોવામાં આવી ન હતી. આજથી દશેક વર્ષ ઉપર આ મૂર્તિનું શિલ્પ જયપુરના સેવાભાવી અગ્રણી જૈનશાસનરત્ન શ્રી હીરાચંદજી વૈદ્ય દ્વારા પહેલ વહેલું ફોટા દ્વારા જોવા મળ્યું. આ મૂર્તિશિલ્પ પહેલવહેલું જોયું ત્યારે મસ્તક અને હૃદય ભગવાન આગળ ઝૂકી પડ્યાં, થોડીવાર તો આ મૂર્તિઓનાં દર્શન કરી ભાવવિભોર બની ગયો. આવી મૂર્તિ સામે રોજ ધ્યાન અને સાધના કરવાનું મળે તો કેવું સારું! આ મૂર્તિ

અંગે એક લેખ તે વખતે જ લખવાની ઈચ્છા રાખી હતી. પરંતુ કેટલાક કારણોસર ત્યારે આ મૂર્તિની જાહેરાત પબ્લિકમાં કરવાની ન હતી, એટલે ફોટા સાથે લેખ આપી શકાયો નહીં.

વચલી મૂર્તિનું માથું જુઓ. આજુબાજુની મૂર્તિનું પણ માથું જુઓ. મસ્તકનો ભાગ શિલ્પીએ ખરેખર બહુ સુંદર રીતે ઉપસાવ્યો છે. અગાઉના સમયમાં કોઈ ચીવટવાળા આચાર્યો ખાસ કાળજી રાખીને ભગવાનનો ઉષ્ણીષ–માથાનો ભાગ ઊંચો કરવાની પ્રેરણા આપતા હશે!

પરિકરની પ્રથા ગુપ્તકાળમાં (પ્રાચીનકાળમાં), અને તે પછીના કાળમાં જે રીતે હતી, તે રીતનું પરિકર તે વખતે હતું એટલે બંને હાથની બાજુમાં હાથી સિંહ સાથેની ઊભી શિલ્પાકૃતિઓ રહેતી અને મુખની બંને બાજુએ છેડે મકરની આકૃતિઓ રહેતી, પણ એ શિલ્પ આમાં નષ્ટ થઈ ગયું છે. પાછળ આભામંડળ રહ્યું છે. નીચેના ભાગે ભગવાનની બેઠક ઉપર પાથરેલું એક વસ્ત્ર છે. તેની બંને બાજુએ ફક્ત સિંહની આકૃતિઓ બતાવી છે, અને વચ્ચોવચ્ચ બે હરણ સાથે ધર્મચક્ર બતાવ્યું છે. આ મૂર્તિઓ પધરાવવા માટે આ.ક.ની પેઢી તરફથી એક મંદિર નિર્માણ કરવાની વાતચીત ચાલે છે.

અહીં થોડી ઐતિહાસિક બાબતોનો ઈશારો કરું.

આજે આપણે ત્યાં ત્રણ તીર્થી, પંચ તીર્થીવાળાં પરિકરોની જે પ્રથા છે તે પ્રાચીનકાળમાં (પ્રાયઃ) ન હતી. પ્રાચીનકાળમાં તો ફક્ત મુખ્ય એક જ મૂર્તિ રહેતી અને તેને ફરતું ગુપ્તકાળની પ્રથા મુજબ ફક્ત છેડા ઉપર ઈન્દ્રોવાળું કે ઈન્દ્રો વિનાનું ભામંડળ રહેતું અને કોઈ કોઈ સ્થળે ભામંડળની નીચે બંને બાજુ મકરાકૃતિનું શિલ્પ અને જમણા–ડાબા હાથની બાજુમાં જ આજના પરિકરોમાં હોય છે એવો બેઠેલો હાથી અને ઊભો સિંહ એવી શિલ્પાકૃતિઓ કરવામાં આવતી હતી.

શિલ્પની દૃષ્ટિએ બીજી નોંધપાત્ર ઘટના એ કે પ્રાચીનકાળમાં ગાદીની નીચે માત્ર બે સિંહો જ બતાવવાની પ્રથા હતી. જ્યારે આજે છેલ્લાં સેંકડો વર્ષથી મુખ્યત્વે કરીને પરિકરની ગાદીમાં બે હાથી અને બે સિંહ આમ ચાર આકૃતિઓ બતાવવાની પ્રથા છે. વચમાં ધર્મચક્ર આડું મૂક્યું છે. ધર્મચક્ર આડું મૂકવાની પ્રથા ગુપ્તકાળથી ચાલી આવે છે. આડું ધર્મચક્ર હોવું એ પ્રાચીનકાળની, સૂચક નિશાની છે. આથી શિલ્પના અભ્યાસીઓને આડું ધર્મચક્ર અને સિંહની બે આકૃતિઓ જોઈને તરત જ આ મૂર્તિ પ્રાચીન છે એવો ખ્યાલ આવી જાય છે.

આ મૂર્તિઓનો ફોટો મોટી સાઈઝમાં હોત તો બ્લોક વધુ સારો અને આકર્ષક બનત. એમ છતાં માથાનો પરિચય મેળવવા માટે પૂરતો છે.

ભગવાનની ગાદીની નીચે વસ્ત્ર બતાવવાની જે પ્રથા છે તે શ્વેતાંબર–દિગંબર બંને સંપ્રદાયમાં જોવા મળે છે, પણ મારી સમજ મુજબ પ્રાચીન દિગંબર મૂર્તિમાં આ પ્રથા વધુ હતી.

મધ્યપ્રદેશના [1]દેવગઢના પહાડ ઉપર વિવિધ પ્રકારે વસ્ત્ર પાથરેલી સંખ્યાબન્ધ મૂર્તિઓ વિદ્યમાન છે, અને એ મૂર્તિઓનું શિલ્પ અને પરિકર શિલ્પ આંખો આંજી નાંખે તેવું બેનમૂન, અજોડ, અને બીજે જોવા ન મળે તેવું છે. ત્યાંના કારીગરોએ આ મૂર્તિઓના શિલ્પને વિવિધ રીતે ઉપસાવવામાં પોતાના પ્રાણ પૂર્યા છે.

૨૫ વર્ષ પહેલાં આ શિલ્પ મને જોવા મલ્યું. વીતરાગની એક એક મૂર્તિઓને ખૂબ ભાવથી નિરખતો રહ્યો, અને આ મૂર્તિઓ

---

૧. એક વખત આ દિગમ્બરનું તીર્થધામ હતું. આજે મંદિરો, મૂર્તિઓ વગેરે ઘણું ખંડિત થઈ ગયું છે. છતાં શિલ્પકળાના રસિકો અને અભ્યાસીઓ માટે ખાસ જોવા જેવું આ સ્થળ છે.

કરાવનારા આચાર્યો, શ્રાવકો, શિલ્પીઓને મનોમન ધન્યવાદ આપતો રહ્યો. પાછળથી આ મૂર્તિ અંગે એક લેખ[૧] ચિત્રો સાથે છાપામાં આપવા માટે લખ્યો પરંતુ પાછળથી તે આડો અવળો થઈ ગયો એટલે પ્રગટ થઇ શકયો નહિં.

*

## પૂરવણી નં. ૧

## પૂજય આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજના સંઘાડાના મુનિપ્રવર શ્રીમાન્ રત્નભૂષણવિજયજીએ બિહાર પ્રાંતમાં વિહાર કરતાં નજરોનજર જોયેલાં ત્રણ છત્ર અંગે મારા ઉપર પાઠવેલો પત્ર નીચે રજૂ કર્યો છે.

**નોંધ**–બે વર્ષ પહેલાં પૂર્વ ભારતમાં વિચરતા વિદ્વાન મુનિ શ્રી રત્નભૂષણવિજયજીએ મારા ઉપર એક પત્ર લખેલો. તેમાં છત્રની બાબતમાં તેમને એક નોંધ કરીને મોકલાવી હતી. તેમાં લખ્યું હતું કે આપ જે રીતે છત્ર માનો છો તે રીતે જ અહીંયા પ્રાચીન મૂર્તિઓમાં જોવાં મલ્યાં છે. આ નોંધ પણ એકી અવાજે એક જ કહે છે કે ત્રણ છત્ર જે રીતે નક્કી કર્યાં છે તે નિર્વિવાદ યથાર્થ છે.

### શ્રી કુંડલપુર તીર્થ

નાલંદા વિદ્યાપીઠ ભૂગર્ભમાંથી ખોદકામ કરતાં બહાર આવેલ છે. તેની તદ્દન નજીકમાં જ છે, ત્યાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. તેમની ઉપર (એક જ પથ્થરમાંથી કોતરીને મૂર્તિ

---

૧. ભવિષ્યમાં જૈન પાષાણશિલ્પો અને ધાતુશિલ્પોની ખાસ ખાસ અવનવી વિશેષતા ઉપર હું પુસ્તક લખવા ભાવના રાખુ છું, ત્યારે આનો પરિચય જરૂર આપીશ.

અને પરિકર બનાવેલ છે) તે જ પથ્થરમાં કોતરેલ ત્રણ છત્ર છે તે ત્રણેય એક જ સરખાં છે, નાનાં–મોટાં નથી. આ પ્રતિમાજી પ્રાચીન છે. કમ સે કમ ૧૮૦૦ વરસ જૂનાં હશે. તે ઉપરાંત શ્રી શાંતિનાથ, નેમિનાથ અને ઋષભદેવ ભગવાનની પ્રતિમાઓ છે. તે દરેક ઉપરનાં છત્રો નીચે મોટું અને ઉપર ઉત્તરોત્તર નાનાં એ મુજબ છે.

## પટના તીર્થ

પટણા સીટીમાં દેરાસર છે. તેમાં નીચે મૂલનાયક શ્રી વિશાલનાથ ભગવાન એક ગભારામાં છે અને બીજા ગભારામાં શ્રી આદીશ્વર ભગવાન મૂલનાયક છે. આ બંનેયના ઉપર પણ ગભારાં છે અને તેમાં લગભગ ૨૦૦૦ વર્ષ પ્રાચીન શ્યામ પથ્થરના પ્રતિમાજી છે. તેમાં આદીશ્વરજી ભગવાનનું પણ છત્ર ઉપર મુજબ જ એટલે નીચેનું મોટું અને ઉપરનાં ક્રમશ: નાનાં એ મુજબ છે. તે ઉપરાંત આમાં એક પ્રભુજીને એવી રીતે કંડારવામાં આવ્યા છે કે માથાનો મુગટ, હાર આદિ આંગી સહિત જ આ પ્રતિમાજી છે. આવા પ્રતિમાજી આંગી સહિત છત્ર કોતરેલાં હોય એવાં મેં તો પહેલીજવાર જોયાં છે.

## શ્રી બિહાર સરીફ

કાળા પાષાણનાં પ્રતિમાજી છે. તેમાં પણ નીચેનું છત્ર મોટું, ઉપરનાં ક્રમશ: નાનાં એ મુજબ છે. તેમાં એક ભગવાન પરિકર સાથે છે, પરંતુ મૂળ ભગવાન પદ્માસને, તે ઉપરાંત જમણે/ડાબે કાઉસ્સગ્ગીયા એકેક ભગવાન અને અષ્ટપ્રાતિહાર્ય આ બધું એક જ (અખંડ) પથ્થરમાંથી કોતરવામાં આવેલ છે.

બીજા એક ભગવાન આંગી સાથે કંડારેલા અને પરિકર સહિત છે. આ પરિકરમાં એકેય બીજા ભગવાન નથી.

*

## પૂરવણી નં. ૨

# કલકત્તાથી પ્રગટ થતાં અંગ્રેજી જૈન માસિકમાં સવળાં ત્રણ છત્રનાં થોડા ફોટા છપાયા હતા તે અંગેની ટૂંકી જાણકારી

નોંધ– આજથી લગભગ ત્રણેક વર્ષ ઉપર કલકત્તાથી એક વિદ્વાન મિત્રે કલકત્તા જૈન ભવન તરફથી પ્રગટ થતાં સન્ ૧૯૭૪ના જૈન માસિકનો ઓકટોંબરનો જૈન અંક મને મોકલી આપ્યો હતો અને તેમને લખ્યું કે આ અંક આપની પાસે હશે જ પણ નજર સામે ન હોય એટલે જોવા મોકલું છું, આ એટલા માટે મોકલું છું કે આ અંકમાં પ્રાચીન મૂર્તિઓના જે બધા ફોટાઓ છાપ્યા છે તે બધાય આપે સુઘોષા અને કલ્યાણ માસિકમાં જણાવેલી સવળાં છત્રની માન્યતાને પ્રત્યક્ષ પુરાવો દર્શાવતા છે.

*** આ અંકમાં રાજગૃહીના વૈભારગિરિ ઉપર ભગવાન મહાવીરની માતા સાથેનું દશમી સદીનું જે શિલ્પ (પથ્થરકામ) છે તેના ઉપર ત્રણ છત્રો બતાવ્યાં છે, * ત્યારપછી દશમી શતાબ્દીની મહાવીરની બે મૂર્તિઓ છે તે, * તે પછી વૈભારગિરિ ઉપરની બીજી બે મૂર્તિઓ, * તે પછી આંધ્રપ્રદેશની એક મૂર્તિ, * તથા જબલપુર પાસેની દશમી શતાબ્દીની ભગવાન મહાવીરની મૂર્તિ, * અને સાતમી શતાબ્દીની ભગવાન મહાવીરની એક ગુફા મૂર્તિ.**

**આ બધી મૂર્તિઓ દશમી શતાબ્દીની છે એટલે લગભગ ૧૦૦૦ વર્ષ જૂની છે. એનાં ઉપરનાં છત્રો જુઓ. બધાં જ ઉપર સવળાં બતાવ્યાં છે એટલે ભગવાનનાં માથા ઉપર પ્રથમ નાનું, તેના ઉપર તેથી મોટું, તેના ઉપર તેથી પણ મોટું, આવું ક્યાંય જોવા મળેલ નથી.**

આ પરંપરા અક્ષુણ્ણ–એકધારી સર્વમાન્ય રીતે ૨૫૦૦ વર્ષથી ચાલી આવી છે. જૈનસંઘ માટે એક સુખદ બાબત છે.

❊

## પૂરવણી નં. ૩

## પ. પૂ. આચાર્ય શ્રીમાન્ વિજયરામચંદ્રસૂરિજી મહારાજે છત્ર અંગેની સંમતિ આપતા પોતાના પત્રમાં કરેલી એક માર્મિક અને પ્રેરક ટકોર

શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય–મુંબઈ
સં. ૨૦૪૪, દ્વિ. જેઠ સુદિ ૧૦, શનિવાર

**નોંધ :**–પરમ શાસનપ્રભાવક પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની મારા ઉપર વરસોથી અંતરની લાગણી અને મધુરકૃપા વર્તતી હતી. તેઓશ્રી સાથે મારો અંગત સંબંધ અને આત્મીય નાતો લગભગ પચીસેક વર્ષથી હતો. જન્માંતરના કંઈક ઋણાનુબંધ હતા એટલે તેઓશ્રી પ્રત્યે મને ઘણાં આદરમાન હતા અને તેઓશ્રી પણ મારા પ્રત્યે આદર સદ્‌ભાવ દાખવતા હતા. અમારી વચ્ચે ઘણી ઘણી વાતો, વિચારોની આપ–લે થઈ છે. પરસ્પરની કેટલીક ગેરસમજો પણ વાર્તાલાપને અન્તે દૂર થવા પામી હતી.

તેઓશ્રી સાથેની પ્રશ્નોત્તરી, વાર્તાલાપ તથા બીજાં જે કંઈ સંસ્મરણો છે તે અંગે સમય મળે લખવા ધારું છું. તેઓશ્રી સં. ૨૦૪૪માં મુંબઈ–શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં બિરાજમાન હતા, ત્યારે ત્રણ છત્ર અંગેની મારી સમજ, મારી માન્યતા અને એ અંગે સત્ય શું છે? તે માટે મેં બે થી ત્રણ નિવેદનો લેખરૂપે તથા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજના અન્ય અનેક પ્રધાન આચાર્યો ઉપર તથા *સ્થાનકવાસી, તેરાપંથી

---

* દિગંબર સમાજ માટે આ વાત ચર્ચાનું અસ્તિત્વ ન ધરાવતી હોવાથી પ્રસ્તુત લેખ મોકલ્યો ન હતો.

સંપ્રદાયના અગ્રણી આચાર્યો ઉપર મેં મોકલી આપ્યા હતા. તેની સાથે મેં મારો પત્ર પણ બીડ્યો. તે પત્રમાં ત્રણ છત્રના ક્રમની બાબતમાં આપની શું સમજ છે તે બાબતમાં તેઓશ્રી પાસે સ્પષ્ટ અભિપ્રાય માંગ્યો હતો.

એમાં પૂજ્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે મારા લેખ ઉપર ખૂબ ચિંતન અને ચકાસણી કરી–કરાવીને બાર મહિનાને અન્તે વિસ્તારથી જવાબ આપ્યો કે "તમોએ ત્રણ છત્ર બાબતમાં જે નિર્ણય લીધો છે તે બરાબર છે અને મારી સંમતિ છે."

આ સંમતિ આપતો જે પત્ર મારા ઉપર લખ્યો, તેમાં મારા લખેલા લેખના એક પેરિગ્રાફની વાતને પકડી લઈને વિચક્ષણ, તાર્કિક બુદ્ધિના પૂજ્યશ્રીએ પોતાના પત્રમાં મહત્ત્વની એક ટકોર મને કરી. તે ટકોર કરતાં તેઓશ્રીએ શું લખ્યું હતું તે અહીં રજૂ કરું છું.

**તેઓશ્રીએ લખ્યું કે–તમારા લેખમાંના પૃષ્ઠ ૬ ઉપર–**

**"આ લેખને સહુ કોઈ જરા પણ ઉતાવળા થયા વિના કે પક્ષીય આગ્રહમાં તણાયા વિના મારા ગુરુજીએ કે મારા વડીલોએ જે કહ્યું અથવા કર્યું તે જ સોએ સો ટકા સાચું આવી સમજને ઘડીભર સત્ય સમજવા ખાતર બાજુએ મૂકી 'સાચું એ મારું' એ ભાવનાથી મધ્યસ્થભાવે વાંચે અને વિચારે. મને શ્રદ્ધા છે કે આગમ શાસ્ત્રોના પુરાવા સાથેનો આ લેખ સમગ્ર જૈનસંઘમાં ઊભી થયેલી વિષમ પરિસ્થિતિને જડમૂળથી ઉખેડવામાં સારામાં સારો ફાળો નોંધાવશે."**

**"જો કે આ લખાણ તમે પ્રસ્તુત છત્રત્રયીના ક્રમ સંબંધમાં જ લખ્યું હોવા છતાં શાસ્ત્ર–શાસન સંબંધિત સઘળાય પ્રશ્નોના સંબંધમાં આવી તટસ્થ વિચારણા અપનાવવામાં આવે તો વર્તમાનમાં વિવાદાસ્પદ ગણાતા અનેક**

નાના–મોટા વિષયોનું શાસ્ત્રાનુસારી નિરાકરણ આવી જાય.

પ્રભુ શાસનને નજર સમક્ષ રાખી, તમારી શક્તિ અને સામગ્રીનો શાસનના હિતમાં સદ્ઉપયોગ કરી સ્વ–પરની મુક્તિને ખૂબ નજીક બનાવો એ જ એકની એક સદાને માટેની શુભાભિલાષા." ❊

## પૂરવણી નં. ૪

## પૂજ્યપાદ શ્રી સાગરાનંદસૂરિજીના સમુદાયના શિલ્પકલાના અભ્યાસી આચાર્ય શ્રી કુંચનસાગર-સૂરિજીએ મારા પર લખેલો પત્ર

**નોંધ :** પરમપૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીના આજ્ઞાવર્તી સ્વ. આ. શ્રી કુંચનસાગરસૂરિજી મહારાજ જેઓ જૈનશાસ્ત્ર સાહિત્યના પ્રશંસનીય અભ્યાસી વિદ્વાન હતા. તેમણે મારી 'કેશમીમાંસા'ની પુસ્તિકા વાંચીને જવાબરૂપે લખેલા મારા એક પત્રમાં નીચે મુજબ જવાબ લખ્યો હતો.

મેં આચાર્યશ્રીજીને કેશમીમાંસાની પુસ્તિકામાં અસત્ય અયોગ્ય વિધાન લાગે તે જણાવવા નમ્રભાવે સૂચવ્યું હતું. તેના જવાબમાં પત્રમાં લખે છે કે–

* 'આપે કેશમીમાંસાની પુસ્તિકામાં ઘણી ઘણી મહેનત, ઘણા જ ગ્રન્થોના આધારો અને ઘણા જ વિસ્તારથી લખીને એક અનોખો પ્રકાશ પાડ્યો છે. વસ્તુ જાણવા જેવી જણાવી છે અને સહુ સમજી શકે તેવી છે.

* 'મારી પાસે પુરાવાઓ નથી અને ચર્ચા કરવાની તાકાદ પણ નથી' વગેરે...

– આ પત્ર ગોધરા શહેરથી લખ્યો હતો. ❊

## પૂરવણી નં. ૫
## પ. પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મ. પોતાના પત્રમાં સવળાં છત્રની માન્યતાને ટેકો આપતા શું લખે છે?

**નોંધ–** પરમપૂજ્ય આ. શ્રી સાગરાનંદસૂરિજીના શિષ્ય ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય શ્રી હેમસાગરસૂરિજી મહારાજ સં. ૨૦૩૬માં પાલીતાણામાં બિરાજમાન હતા ત્યારે ત્રણ છત્રની બાબતમાં તેઓશ્રી સાથે ચર્ચા–વિચારણા થતાં તેઓશ્રી મારી વાત સાથે તમારો નિર્ણય સાચો છે એમ કહીને પૂરેપૂરા સહમત થયા હતા. ત્યારે મેં તેઓશ્રીને કહ્યું કે આપ સહમત થયા હતા એવી મારી વાત આપનું જ ગ્રુપ નહીં માને, માટે આપ સહી સાથેનો આપનો અભિપ્રાય લખી આપો. ત્યારે તેઓશ્રીએ બીજા પાસે અભિપ્રાય લખાવીને પોતાની સહી કરીને મોકલી આપ્યો હતો. આ પત્રમાં નીચેના ભાગે તેમના જ હસ્તાક્ષરની સહી છે.

**તા. ક.** આ અભિપ્રાયથી એક પ્રશ્ન ઊભો થાય છે કે જો પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી સવળાં છત્રની માન્યતાને સ્વીકારતા હતા. તો પછી મૂર્તિની પલાંઠીમાં અવળાં છત્ર કેમ કરાવ્યાં હશે? જવાબ આપનાર નથી એટલે તે વાત અદ્ધર જ રહે છે.

આગમમંદિર, પાલીતાણા
માગસર સુદિ સાતમ

આચાર્ય શ્રી યશોદેવસૂરિજી અનુવંદના.

તમારો પત્ર મળ્યો. છત્ર બાબતમાં જણાવવાનું કે અમારા ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે શાસ્ત્રો જોઇને નક્કી કરેલું હતું કે ભગવાનના માથા પર પ્રથમ મોટું, તેની ઉપર તેથી નાનું અને તેની ઉપર તેથી

નાનું. આ રીતે અમને જણાવેલ છે. એટલે તમો જે માનો છો તે જ તેઓશ્રીએ કહેલું છે. એટલે હું તમારા મત સાથે સંમત થાઉં છું.

એ જ કામકાજ જણાવશો. તબીયત સાચવજો.

સં. ૨૦૩૭ લી. હેમસાગરસૂરિ

આગમમંદિર
પાલીતાણા
માગસર સુદિ-૭

આચાર્ય યશોદેવસૂરિજી અનુવંદના.

તમારો પત્ર મલ્યો. છત્ર બાબતમાં જણાવવાનું કે અમારા ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે શાસ્ત્રો જોઈને નક્કી કરેલું હતું કે ભગવાનના માથા પર પ્રથમ મોટું, તેની ઉપર તેથી નાનું અને તેની ઉપર તેથી નાનું. આ રીતે અમને જણાવેલ છે એટલે તમો જે માનો છો તે જ તેઓશ્રીએ કહેલું છે એટલે હું તમારા મત સાથે સંમત થાઉં છું.

એ જ કામકાજ જણાવશો. તબીયત સાચવજો.

સં. ૨૦૩૭

લી. હેમસાગરસૂરિ

## પૂરવણી નં. ૬
# મુનિપ્રવર શ્રી હેમરત્નવિજયજીનો સવળાં છત્રની માન્યતાને ટેકો આપતો પત્ર

**નોંધ–** મુનિશ્રી રત્નભૂષણવિજયજીએ પૂર્વ ભારતની યાત્રા કરતાં ત્રણછત્ર અંગે અમોને જે ખ્યાલ આપ્યો એવો જ ખ્યાલ મુનિવર શ્રી હેમરત્નવિજયજીએ આપ્યો છે. તે વાત તેમના જ શબ્દોમાં નીચે વાંચો.

પૂર્વે આપે મોકલેલ પૂર્વાર્ધ મેં એકવાર નહીં પણ ત્રણ વાર ધ્યાનપૂર્વક વાંચેલો. તે પૂર્વે જ્યારે હું બિહાર બંગાલની કલ્યાણક ભૂમિઓની યાત્રામાં હતો ત્યારે કુંડલપુર (નાલંદા), રાજગૃહી અને ક્ષત્રિયકુંડના પ્રાચીન જિનબિંબોના દર્શન કરતાં છત્રોની રચના કેવી રીતે કરેલી છે તે ધ્યાનપૂર્વક જોયું હતું. વધુમાં સારનાથ (બનારસ) અને પટનાના મ્યુઝિયમમાં રહેલ પ્રાચીન જિનબિંબોનું પણ નિરીક્ષણ કર્યું હતું. બધે જ છત્રની રચના આપે જણાવી છે તે રીતે (મોટું છત્ર નીચે, નાનાં બે ઉપર) સવળી જ જોવામાં આવી હતી, અને હાલ નવાં બનતાં પરિકરોમાં પણ સર્વત્ર એ પ્રથા જ પ્રચલિત રહી છે. જે કંઈ ગરબડ થઈ છે તે *લટકાવવામાં આવતાં ચાંદીનાં છત્રો બનાવવામાં થઇ છે, પરિકરોમાં નહીં.

---

* **એક વાત–** મોટાભાગના સાધુઓને છત્રના ક્રમ બાબતનો ખ્યાલ જ્યારે નથી હોતો તો શ્રાવકોને તો હોય જ ક્યાંથી? એટલે તેઓ ચાંદીનાં છત્રો શાસ્ત્રોક્ત રીતે શી રીતે બનાવે?

* તે ઉપરાંત મુનિવર શ્રી કસ્તુરસાગરજીએ પણ ત્રણ છત્રની મારી માન્યતાના સમર્થનમાં પત્ર લખ્યો હતો. * તથા કેશમીમાંસા વાંચીને ભગવાનના માથા ઉપર વાળ તેમજ દાઢી–મૂછ હોય છે તેવું જણાવતો પત્ર ઉવવાઈસૂત્રના પાઠ સાથે સ્થાનકવાસી મુનિશ્રી જનકવિજયજીએ મોકલ્યો હતો.

*

## પૂરવણી નં. ૭

### મુનિવર શ્રીમાન્ અશોકસાગરજીએ જાહેરમાં–જૈનપત્રમાં લખેલા લેખ માટે એક જાણીતા સુજ્ઞ આચાર્ય શું કહે છે? તે

**નોંધ**– તા. ૫–૫–૧૯૮૯ના રોજ ભાવનગરથી પ્રગટ થતાં જૈનપત્રના મુખપૃષ્ઠ ઉપર પંન્યાસજી શ્રીમાન્ અશોકસાગરજીએ, જેઓ સમજુ અને શાણા મહાત્મા ગણાતા હોવા છતાં વિવિધ કારણોથી આવેશમાં આવી જઈને શુદ્ધ ગુજરાતી ભાષામાં કહીએ તો મોં માથા વિનાનો, હાંસી અને મારી મજાક ઉડાવતો તેમજ મોટાભાગે સામાન્ય વિવેક ચૂકીને અશોભનિક ભાષામાં લેખ લખેલો. એ લેખ વાંચીને મારી ઉપર અશોકસાગરજીની હાંસી ઉડાડતા અને ટીકા–ટીપ્પણ કરતાં ગૃહસ્થ અને સાધુના પત્રો આવ્યાં છે.

---

**બીજી વાત**– છત્રો બનાવનારા સોનીઓ જૈન નહિ પણ અજૈન હોય છે. અને મારા ખ્યાલ મુજબ અજૈન મંદિરોમાં મળેલી માહિતી મુજબ લગભગ અવળાં છત્રની પરંપરા વરસોથી ચાલી આવે છે. તેથી સોનીઓ અવળાં છત્ર બનાવવાની રીતથી પરિચિત હોય છે, એટલે તેઓ અવળાં છત્ર બનાવીને જૈન ભાઈઓને પધરાવી દે છે, એથી આપણે ત્યાં ગરબડ ઊભી થઈ, અને આપણે ત્યાં લટકાવવામાં આવતાં ચાંદીનાં છત્રમાં સવળાં–અવળાં બંને પ્રકારો પ્રચલિત થયાં.

અજૈન પરંપરામાં મૂર્તિની અંદર છત્રો બનાવવાની પ્રથા જાણી નથી, એટલે અજૈનો માટે સવળાં–અવળાંની ચર્ચાને અત્યારે સ્થાન રહેતું નથી. હજુ હું પ્રાચીનકાળના અજૈન મૂર્તિશિલ્પમાં છત્રની પ્રથા હતી કે કેમ? તેની તપાસમાં છું.

એ પૈકી અહીં ફક્ત એક જાણીતા વિદ્વાન આચાર્ય શ્રીમાન્ મિત્રાનંદસૂરિજીએ મારી ઉપર એ વખતે જે પત્ર લખેલો તે જ અહીં છાપ્યો છે. આ પત્ર પોતે જ લેખક અને લખાણ માટે કેવો સ્પષ્ટ અભિપ્રાય આપતાં અશોકસાગરજીના પત્ર માટે શું લખે છે તે વાંચો.

**વલ્લભીપુર, જૈન ઉપાશ્રય**

**સાહિત્યકલારત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવ-સૂરીશ્વરજી મ.સા.ની સેવામાં...**

**વિ. મિત્રાનંદસૂરિ આદિ ઠાણા ૮ ની કોટીશ: વંદના-વલી સ્વીકારશોજી. આપ સપરિવાર સુખશાતામાં હશો. મારા હાથની તકલીફમાં રાહત છે. આજે જૈન છાપું હાથમાં આવ્યું. પં. અશોકસાગરજીનો લેખ વાંચ્યો.**

**આશ્ચર્ય! આ તે કાંઈ જવાબ કહેવાય? પોતાની માન્યતાની તરફેણમાં કોઈ શાસ્ત્રીય પુરાવો નથી. કોઈ નક્કર દલીલ નથી. હવામાં બાચકા ભર્યા જેવું છે. ફોટા રજૂ કર્યા છે એ તો ભ્રમજાળ જેવું છે. એ ફોટા છત્રના નથી પણ કમાનના * લામસીના (* શિલ્પાકૃતિ) ફોટા છે. લેખમાં**

* લામસીને સંસ્કૃતમાં લુંબી કહે છે.

* મારા લેખનો પ્રતિકાર કરનારા પૂ. સાગરજી મહારાજના (આ.શ્રી નરેન્દ્રસાગરસૂરિજી, પં. મુનિશ્રી અશોકસાગરજી અને મુનિશ્રી જિનચંદ્રસાગરજી) ત્રણેય મહાનુભાવ મિત્રમુનિવરોના લખાણના જવાબો અલગ પુસ્તિકા દ્વારા આપવાનું રાખ્યું છે. એથી અહીં વિશેષ લખવાનું ટાળ્યું છે.

દહેરાસરની ભીંત ઉપરના પાટડા નીચેની પથ્થરની શિલ્પા-કૃતિના અમારા પંન્યાસજીએ ખાસ ફોટા પડાવી બધે મોકલીને છત્ર તરીકે ખપાવવાનો પ્રયત્ન કરી પોતાની ભારોભાર અજ્ઞાનતાનું

**આપની મજાક ઉડાવી છે. આપને ઉતારી પાડવાનો પ્રયત્ન કર્યો છે. આપની સાથેની વાતમાં મને પૂ. સાગરજી મ. પ્રત્યે તથા પૂ.પં. અભયસાગરજી મ. પ્રત્યે ભારોભાર સદ્‌ભાવ આપનામાં દેખાયો હતો. આ બાબતમાં આપ વ્યવસ્થિત પ્રત્યુત્તર આપો એ જરૂરી લાગે છે જેથી સત્ય સ્પષ્ટ થાય.**

**એજ દ. ભવ્યદર્શનની વંદનાવલી અવધારશોજી**

* * *

* એક ખ્યાલ ખાસ રાખવો કે શિલ્પશાસ્ત્રના આધારે છત્રની પહોળાઈ હંમેશા પ્રતિમાના મસ્તકની પહોળાઈ કરતાં ઓછામાં ઓછી સવાગણી વધારે જ હોય છે. એટલે માથા ઉપરનું પહેલું છત્ર શિલ્પના શાશ્વત નિયમ મુજબ મોટું જ હોય પછી ઉત્તરોત્તર નાનાં હોય છે.

* * *

પ્રારંભમાં આપેલાં ૨૧–૨૨ માં પૃષ્ઠ ઉપર આપેલાં ચિત્રોનો પરિચય

**મુનિરાજશ્રી અભયસાગરજીએ ૩૨ વર્ષ ઉપર તેઓએ સ્વયં સવળાં છત્રો ચીતરાવ્યાં હતાં, તે વિગત નીચે વાંચો**

*

વિ. સં. ૨૦૨૨ માં મુનિવર્યશ્રી અભયસાગરજી મહારાજે પોતાના હસ્તક તૈયાર થયેલી ડિઝાઈનો અને કલર ચિત્રોની ફોટોગ્રાફીની કોપી મને ભેટ આપી હતી. તેમાં બે ચિત્રોના બે ફોટોગ્રાફ એવા હતા કે જેમાં સવળાં જ એટલે સાચી રીતના શાસ્ત્રોક્ત ત્રણ છત્રો ચીતરવામાં આવ્યાં હતાં.

---

પ્રદર્શન કરી શિલ્પગ્રન્થો અને શિલ્પજ્ઞોને ખોટા પાડવાનું દુઃસાહસ ન કર્યું હોત તો કેવું સારૂં હતું!

૧. પહેલું ફોટોચિત્ર શ્રી નમસ્કાર મહામંત્ર પટનું હતું. એ પટનું પૂરું નામ–

" श्रीपंचपरमेष्ठीमहिमाख्यापकप्रणवगर्भः "

श्रीनमस्कारमहामंत्रपटः

આ ચિત્રપટ કરાવ્યાની સાલ ૨૦૧૬ હતી અને મધ્યપ્રદેશમાં તેઓ હતા ત્યારે ત્યાં તૈયાર કરાવ્યો હતો. આ ચિત્રપટમાં તેમને પંચપરમેષ્ઠીમાં ૐકાર ચીતરાવ્યો અને તે પછી ૐકારના માથે ત્રણછત્ર ચીતરાવ્યાં છે. તે ત્રણછત્ર શાસ્ત્રકથિત સંપૂર્ણ મારી માન્યતા અનુસાર ચીતરાવ્યાં છે, તે બરાબર જુઓ !

વાચકો એક ખ્યાલ રાખે કે આ ચિત્ર પાલીતાણામાં આગમ-મંદિરમાં બિરાજમાન મૂલનાયક સહિત જિનમૂર્તિની ગાદીમાં અવળાં ત્રણછત્ર બનાવરાવ્યાં છે તે વિ. સં. ૧૯૮૮માં બનાવેલાં છે. તે પછીનાં ૨૮ વર્ષ બાદ એટલે વિ. સં. ૨૦૧૬માં આ છત્ર મુનિશ્રી અભયસાગરજીએ માથે રહીને ચિત્રકાર પાસે ચીતરાવ્યાં છે, છતાં તેમને પૂજ્યશ્રી આગમોદ્ધારક આચાર્યશ્રીજીએ પોતે આગમ-મંદિરની પ્રતિમાઓ નીચે છત્રની જે આકૃતિ કરી છે તેનું અનુકરણ કર્યું નથી.

૨. વળી મુનિજીએ અષ્ટમહાપ્રાતિહાર્ય સાથે ભગવાનશ્રી મહાવીરનું એક ચિત્ર પણ ચીતરાવેલું. તેની પણ ફોટોકોપી તેઓએ મને આપી હતી, જે ઉપર પ્રગટ કરી છે તેમાં પણ સવળાં જ ત્રણ-છત્રો ચીતરાવ્યાં હતાં જે ચિત્રમાં સ્પષ્ટ બતાવ્યાં છે.

*

## પાષાણશિલ્પ ઉપરાંત કાગળની પ્રતિ–પોથીમાં સવળાં છત્રોનું મળેલું ચિત્ર

લગભગ ૧૫–૧૬મી શતાબ્દીમાં એટલે કે ૩૦૦ વર્ષથી વધુ પુરાણી સુવર્ણાક્ષરી બારસા–કલ્પસૂત્રની પ્રતિમાં સવળાં છત્રની ચીતરેલી પ્રતિકૃતિ જુઓ.

## પ્રારંભના ૨૩–૨૪ માં પૃષ્ઠ ઉપર છાપેલા બ્લોકનો પરિચય

**નોંધ–** મુનિવરશ્રી અભયસાગરજીના હસ્તાક્ષરથી લખાએલા આ પત્ર ઉપર સાધુસમાજના મોટાભાગના રિવાજ મુજબ સંવત લખી નથી. પરંતુ અંદરની હકીકત ઉપરથી આછો ખ્યાલ આવે છે કે લગભગ પચીસેક વર્ષ ઉપર હું મુંબઈ હતો ત્યારે આ પત્ર લખાએલો હોવો જોઈએ.

આ પત્ર જવાબની અલગ પુસ્તિકામાં છાપવાનો નક્કી કર્યો હતો પરંતુ સમજીને આ પુસ્તિકામાં છાપ્યો છે.

પત્રલેખક મુનિશ્રી યશોવિજયજીને કેવા આદરમાનથી જોતા હતા. તેનો ખ્યાલ તેમના પરિવારને આવે અને કોઈને પણ જવાબ આપવામાં ભાષાનો વિવેક અને વાણીનો સંયમ જાળવવાની પ્રેરણા મેળવે એ આશા સાથે પત્ર છાપ્યો છે.

*

પાલીતાણા
સાહિત્યમંદિર
જેઠસુદ-૩

પ.પૂ. ધર્મસ્નેહી વિદ્વદ્ધર્થે મુનિરત્ન શ્રી યશોવિજયજી મ.સા. સાદર વંદના...

દેવ-ગુરુ કૃપાયે સુખશાંતિ છે. વિ. આપનો પત્ર મલ્યો. વાંચી સમાચાર જાણ્યા. સ્મારક ગ્રંથમાં આવેલ ફોટાઓની કોપી ચોમાસામાં મોકલાવવા ધ્યાનમાં લઈશ. હાલમાં નેગેટીવો સાથે નથી. **આપે સ્મારક ગ્રંથની નબળાઇઓ તરફ ધ્યાન ખેંચ્યું તે બદલ આભાર. ! તે માટે "દોષ દૃષ્ટિથી નથી લખ્યું" એવું લખવાની જરૂર ન હતી. આપ જેવા સાહિત્યસ્વામી સંશોધક વિદ્વાનની પાસેથી જો યોગ્ય માર્ગદર્શન ન મળે તો પુણ્યની ખામી સમજવી.** કાંતિભાઈ વાલમવાળાએ ચંદ્રની ઉદય અને અસ્ત વખતની અવસ્થા ફરી જાય છે તે શંકા પત્રથી મને જણાવી હતી. ત્યારબાદ જાપાનથી હમણા મંગાવેલ કિંમતી ટેલીસ્કોપથી આપે બતાવેલ ચીજ ચકાસવાનો અવસર મલ્યો નથી, તો તે બરાબર ચકાસી પછી આપને ખુલાસો લખીશ, અને આબુના દેરાસરની કોતરણીની વાત તો રૂબરૂ સમજાવી શકાય તેમ છે. નિત્ય રાહુ ચંદ્રના વિમાનની સાથે ચાલતું હોય છે, એ વાત ધ્યાનમાં છે પણ ચંદ્રના વિમાન અને રાહુના વિમાનની પોઝીશન=કે = ? કેવી તે જાણવું જરૂરી છે. વિ. હવે પછી.

લી. અભયસાગર

*

## અહીં ફક્ત ઇશારાપૂરતી એક બાબત આત સંક્ષેપમાં જણાવું

અજૈન મૂર્તિશિલ્પોમાં ત્રણ છત્રોની પ્રથા હોય એવું હજુ જોવા–જાણવા મલ્યું નથી પણ બૌદ્ધશિલ્પોમાં તે પ્રથા ક્યાંક ક્યાંક જોવા મળે છે. વળી જૈન મૂર્તિશિલ્પ સાથે ઠીક ઠીક સામ્ય ધરાવતાં બૌદ્ધપરિકરો પણ બૌદ્ધ મૂર્તિઓમાં નિર્માણ થયેલાં જોવાં મલ્યાં છે. ધાતુની જૈન મૂર્તિઓમાં નીચે મૂકાતાં જૈન ધર્મચક્રો જે રીતે હોય છે. લગભગ તે રીતે ધર્મચક્રો બૌદ્ધમૂર્તિઓમાં બૌદ્ધ સાધુઓના મઠો ઉપર અને આવાસો ઉપર પણ મૂકેલાં મેં જોયાં છે.

બંને ધર્મની મૂર્તિઓમાં ચારે બાજુ ફરતી પથ્થરમાં જે રચના કરવામાં આવે છે, જેને જૈનો 'પરિકર' શબ્દથી ઓળખાવે છે. તેમાં બંને વચ્ચે મોટાભાગનું સામ્ય જોવા મળે છે. મારી પાસે તેનાં ફોટાઓ, ચિત્રો પણ છે. જૈન શિલ્પમાં પરિકર એક જ જાતનાં નહીં પણ આઠ દશ જાતનાં થવાં પામ્યાં છે. એમાંનાં અમુક પરિકરો સાથે બૌદ્ધ પરિકરનું ખાસ સામ્ય રહેલું છે.

## એક નવી બાબત તાજેતરમાં જોવા મળી –

તા. ૩–૧૨–૧૯૯૨ ના રોજ પાલીતાણા જૈન સાહિત્ય–મંદિરમાં અમેરિકાથી એક યુગલ ખાસ મને મળવા જ

આવ્યું. તેઓ જૈનકલાના પ્રચારમાં અમો શું કરી શકીએ અને શું કરવા જેવું છે તે અંગેની વાતચીત કરવા ખાસ આવ્યા હતા. તેઓ બે દિવસ રોકાયા અને પોતાની સાથે અમેરિકાથી મારા માટે સન્ ૧૯૯૨ ના અંતમાં છપાએલું ૧૭/૨૦ ઇંચની સાઈઝનું સન્ ૧૯૯૩નું એક કેલેન્ડર લાવ્યા હતા. તે કેલેન્ડરનું નામ (Tantrick Buddhist Art) 'તાંત્રિક બુદ્ધિસ્ટ આર્ટ' હતું. જેમાં ૧૨ ચિત્રો હતાં. તેમાં માર્ચ મહિનાના પેજમાં બુદ્ધ ભગવાનનું ચિત્ર જરા વિશિષ્ટ પ્રકારનું હતું. છાતી ઉપર કપડું ન હતું. તે ચિત્ર હાથની મુદ્રાને છોડીને બાકીની આકૃતિ–રચના પદ્માસન સહિત જૈન મૂર્તિની રચના સાથે વધુ બંધબેસતી હતી. માથે મુગટ, ગળામાં, છાતી ઉપર દાગીના, બે હાથ ઉપર બાજુબંધ અને ચારે બાજુનું ફરતું આર્ટ જૈન પરિકરની થોડી યાદ અપાવે તેવું હતું. બૌદ્ધોમાં શિલ્પ–સ્થાપત્ય અને જૈન પારિભાષિક શબ્દોમાં સારી એવી નિકટતા વર્તે છે એટલે હું શિક્ષિત પી. એચ. ડી. થવાવાળા વિદ્યાર્થીઓને બૌદ્ધ અને જૈનધર્મના શિલ્પ કલામાં ક્યાં ક્યાં સામ્ય છે તેની તારવણી કરવા માટે પી. એચ. ડી. કરવા કહેતો રહ્યો છું. બે જણાં તે ઉપર પી. એચ. ડી. થયા પણ છે પણ હું તેમના નિબંધથી માહિતગાર થઇ શક્યો નથી.

હું બૌદ્ધ મંદિરોનાં શિલ્પો અને સ્થાપત્યોનું પચાસેક વરસથી અવલોકન–નિરીક્ષણ કરતો રહ્યો છું અને જૈન શિલ્પ-સ્થાપત્ય સાથે કેટલું સામ્ય છે તેનો તુલનાત્મક અભ્યાસ પણ કરતો રહ્યો છું. (એટલે શિલ્પના ક્ષેત્રમાં નિકટતા જોવા મળી) બંને ધર્મનાં શિલ્પો વચ્ચે ક્યાં સામ્ય છે? ક્યાં સામ્ય નથી? એ અંગે વિસ્તૃત લેખ લખવાનો અને તેનાં ચિત્રો સાથે છપાય એવો ઘણા વખતથી વિચાર કરી રહ્યો છું પણ કાર્યબોજ અને ઉમ્મર થતાં હવે લખાય ત્યારે ખરું!

**સમાપ્ત**

આચાર્ય શ્રી નરેન્દ્રસાગરસૂરિજી, પં. મુનિવર શ્રી અશોક-સાગરજી તથા મુનિવર શ્રી જિનચંદ્રસાગરજીએ મારા લેખ સામે લખેલા લેખો અંગેનો જવાબ અલગ પુસ્તિકાથી અપાશે.

વિ. સં. ૨૦૪૪માં સુઘોષામાં આપેલા ત્રણ છત્રને લગતા મારા લેખના પ્રતિકારરૂપે જવાબ આપતી એક પુસ્તિકા મુનિવર શ્રી નરેન્દ્રસાગરજી (વર્તમાનમાં આચાર્ય-શ્રીજી) એ વિ. સં. ૨૦૪૫માં બહાર પાડી હતી. તે પછી પં. મુનિવર શ્રી અશોકસાગરજીએ વિ. સં. ૨૦૪૫ના તા. ૫-૫-૮૯ના જૈન અંકમાં લેખ લખ્યો છે અને તેઓશ્રીના પરિવારના મુનિવર શ્રી જિનચંદ્રસાગરજીએ જૈનપત્રમાં લેખો લખ્યા હતા. આ ત્રણે લેખોનો જવાબ આપવો કે ન આપવો એ માટે દ્વિધા વર્તતી હતી, પરંતુ કેટલાક સુજ્ઞ વાચકોનો પહેલેથી જ આગ્રહ રહ્યો હતો કે જવાબ આપવો જ જોઈએ. અત્યારે નહીં તો જયારે ટાઈમ મળે ત્યારે, પણ જવાબ આપવો ખૂબ જ જરૂરી છે. આજના યુગમાં જવાબ ન આપો તો વાચકો એવું જ માનશે કે લેખકોની વાત સાચી અને આપનું મંતવ્ય ખોટું હતું. જો કે જવાબ આપવાની જરૂરિયાત તો તે

વખતે જ હતી, પરંતુ આપના સંયોગોના કારણે નથી આપી શકાયો તો હવે પછી આપશો.

પ્રસ્તુત વાતને પાંચ વર્ષ થયાં પણ એ ત્રણે મુનિરાજોના લેખોનો જવાબ આ પુસ્તિકામાં છાપવો એનાં કરતાં ત્રણેયના જવાબો તૈયાર કરીને અલગ પુસ્તિકારૂપે પ્રગટ કરવો વધુ ઉચિત રહેશે એટલે હવે પછી સમય મળે ત્રણેય લેખકોનાં વિધાનો, લખાણો કેવાં અસત્ય, અજુગતા, અવિવેકભર્યા અને મજાક ઉડાવનારા છે તેનો ખ્યાલ વાચકોને અપાશે.

જો કે સુઘોષાની લેખમાળાથી તદ્દન જુદી રીતે જ, નવાં ઢાંચાથી, નવાં સ્વરૂપે પ્રગટ થઈ રહેલી ૧૯૭ પાનાંની આ પુસ્તિકામાંથી જ, ત્રણેયના લેખોના કેટલાક જવાબો મળી રહેશે.

❊

લાડનૂની મૂર્તિ આગળ છાપી છે, બીજી આકર્ષક ધાતુમૂર્તિ અહીં છાપો છે.

**રાજસ્થાનમાંથી ભૂગર્ભમાંથી નીકળેલી, જોતાં જ**
**મન ઠરી જાય એવી કલામય ધાતુની ભવ્ય મૂર્તિ**
**માથે સવળાં ત્રણ છત્ર કેવાં સરસ બતાવ્યાં છે તે જુઓ**



લગભગ બે હજાર વરસ ઉપર ગુપ્તકાળમાં થતી (કેટલીક) મૂર્તિઓમાં
હાથરા ખવાની પ્રથા (પોઝીશન) કેવી રખાતી હતી તે જુઓ







**જીવિતસ્વામીથી ઓળખાવાતી આભૂષણો**
**સાથેની ધાતુમૂર્તિ** (વડોદરા મ્યુઝીઅમ)

જીવિતસ્વામીથી ઓળખાવાતી આભૂષણો સાથેની આ શ્રી મહાવીરની ધાતુમૂર્તિ છે, કયારેક કયારેક આભૂષણો સાથે પણ પ્રતિમાઓ તૈયાર કરાતી હતી તેનો ખ્યાલ આપવા અહીં આ ચિત્ર છાપ્યું છે. આભૂષણવાળી મૂર્તિઓ વઢવાણ તથા અન્યત્ર કોઈ કોઈ સ્થળે પણ ઉપલબ્ધ છે.

*　　　*　　　*





એક અનુપમ, સર્વાંગસુંદર જોયા જ કરવાનું
મન થાય એવું તીર્થંકરોની ચોવીશીનું
બેનમૂન ધાતુશિલ્પ



**બૌદ્ધ ધાતુમૂર્તિ**—જૈન અને બૌદ્ધના ધાતુશિલ્પમાં કેટલી બધી સામ્યતા છે તે જુઓ વિશેષ માટે પરિચય જુઓ

**ખુલાસો**—આ પુસ્તિકા ત્રણ છત્રના વિષયને લગતી હતી એટલે એમાં શિલ્પવિષયક ફોટા આપવા એ બંધબેસતું ન જ હતું. બીજી બાજુ જૈન સામાયિકોની (છાપાંઓ) આજની મોંઘવારીમાં પત્રને ચલાવવાની મુશ્કેલી જોતાં અને બીજા કેટલાંક કારણોસર આવું સાહિત્ય એમાં પ્રગટ કરી શકાય તેવી સુખદ પરિસ્થિતિ આજે રહી નથી એટલે મને થયું કે કોઈ પણ પુસ્તકમાં વિશિષ્ટતા ધરાવતી જૈનમૂર્તિઓ છાપવામાં આવે તો કોઈ વખતે શિલ્પકલાના રસિકો તેનો લાભ ઉઠાવશે એમ સમજીને જે મૂર્તિઓ દ્વારા શિલ્પનું, શાસ્ત્રીય દૃષ્ટિનું અને કલાનું કંઇક નવીન જ્ઞાન આપે એવી હતી તે મૂર્તિઓનાં થોડાક ફોટાં અહીં પ્રગટ કર્યા છે.

### ✻ લાડનૂની અતિભવ્ય, કલાત્મક, બેનમૂન એક ધાતુમૂર્તિ ✻

આ મૂર્તિ પંચધાતુની બનેલી છે. આ મૂર્તિને બનાવનાર કારીગર ખરેખર! કલાનિષ્ણાત અને શિલ્પનો શોખીન હોવો જોઈએ. આ મૂર્તિ પણ રાજસ્થાનમાં લાડનૂ પાસે નીકળી છે.

આ પુસ્તકમાં લાડનૂની પ્રતિમાઓનું ચિત્ર આપ્યું છે, ત્યાં જ આ ચિત્ર આપવું હતું પણ ત્યારે ફોટો હાથમાં ન આવ્યો એટલે જુદું છાપ્યું છે.

આ કારીગરે બુદ્ધિનો સરસ ઉપયોગ કરીને બને બાજુએ ઉપર દેવ–દેવીઓની લાઈન કલાત્મક રીતે ગોઠવી દીધી છે. પ્રતિમા

મારી સામે જો હોત તો વિશેષ ખ્યાલ આપી શકાત, ફોટાથી પૂરતો અને સ્પષ્ટ ખ્યાલ ન મળે. ગામ બહાર જંગલમાં ફોટો લેવાનો હતો તેથી મૂર્તિને પથ્થરની શિલા ઉપર મૂકી છે.

આ પ્રતિમાના માથે ત્રણ છત્ર છે તે જુઓ. અમારી શાસ્ત્રોક્ત ત્રણછત્રની માન્યતાને કેવો આંખે ઉડીને વળગે એવો સ્પષ્ટ-પૂરેપૂરો ટેકો આપી રહ્યાં છે.

*　　*　　*

## * મથુરાની બે પ્રાચીન મૂર્તિઓ *

આમાં બે મૂર્તિઓ સાથે છાપી છે. કાળા પાષાણની આ બંને મૂર્તિઓ મથુરાના કંકાલી ટીલામાંથી (વિશાળ ટેકરો) નીકળેલી છે. આ બંને ફોટા ફક્ત બંને હાથની પોઝીશનનું સમાજને ખ્યાલ-જ્ઞાન આપવા માટે જ છાપ્યા છે.

છેલ્લાં કેટલાક વર્ષથી આજકાલનાં મૂર્તિશિલ્પોમાં બંને હાથો ખભાથી લઈ સીધા બતાવાય છે. બંને બાજુનાં બાવડાં ખભાના ખૂણિયાની પેરેલલ લાઈનમાં કમ્મર સુધી બતાવવામાં આવે છે એટલે તાત્પર્ય એ કે પડખાની સાવ બાજુમાં જ હાથો હોય છે પણ ઘણાં પ્રાચીનકાળમાં અને ગુપ્તકાળ વગેરેના સમયમાં બધી મૂર્તિઓમાં હાથ સીધા ઉતારવાની પ્રથા ન હતી પરંતુ ખભાથી બને હાથ વાંકા એટલે પેટથી બંને બાજુ દૂર રહેતા હતા. આના કારણે લગભગ એવું જોવા મલ્યું છે કે આજે જે મૂર્તિઓ થાય છે તે મૂર્તિઓના હાથના પોંચા એટલે હથેલીઓ પદ્માસન વાળેલી પલાંઠીથી બહાર નીકળતા થાય છે તે વખતે પલાંઠીનો ભાગ બહાર રહેતો અને હાથ જરા અંદરના ભાગે રહેતા હતા.

આવા હાથવાળી મૂર્તિઓ આજે ચાણસ્મા વગેરે કોઈ કોઈ સ્થળે જોવા મળે છે. અતિ પ્રાચીનકાળમાં આજના જેવું પરિકર થતું ન હતું. તે વખતે જે રીતે થતું હતું તે આપ્યું છે. આ એક પ્રકાર હતો.

# ચોવીશ તીર્થંકરોની દર્શનીય અતિભવ્ય ચોવીશી

*

જૈન તીર્થંકરની બારમી સદીમાં કુશળ કારીગરે તૈયાર કરેલી ભવ્ય અને અતિમૂલ્યવાન એવી ધાતુમૂર્તિનો ફોટો અહીં પ્રકાશિત કર્યો છે. આ મૂર્તિ તીર્થંકરની ચોવીશીરૂપે છે. આ મૂર્તિ ઊંચાઈમાં અંદાજે ૧૩ ઇંચની લગભગ હશે. આ મૂર્તિ પ્રતિમા નીચેના લેખના હિસાબે તે વિ. સં. ૧૨૦૩માં તૈયાર કરવામાં આવી છે. પહેલવહેલી આ મૂર્તિ મુંબઈ–માટુંગામાં એક જણના ઘરે મેં જ્યારે જોઈ ત્યારે હું ભાવવિભોર બનીને મુગ્ધ બની ગયો હતો. મૂર્તિની ધાતુ ખૂબ જ ચોખ્ખી અને મુલાયમ હતી. કલાકારે આ મૂર્તિની ડિઝાઈન ખૂબ બુદ્ધિનો ઉપયોગ કરવાપૂર્વક બનાવી છે. આ મૂર્તિનો ફોટો મૂર્તિની સામેથી લેવામાં આવ્યો નથી પણ કેમેરો થોડોક સાઈઝમાં રાખીને લેવામાં આવ્યો હોવાથી મૂર્તિ પહોળાઈમાં સંકોચાઈ ગઈ છે જેથી ડાબી બાજુ દેખાતી નથી. સીધો ફોટો હોત તો તેનું સૌંદર્ય અને જોવાની મજા અનેરી આવત.

મૂર્તિનો વિશેષ પરિચય–

વચમાં જે મૂર્તિ છે તેની પલાંઠીમાં લાંછન નથી એટલે તે કયા ભગવાનની છે તે નક્કી કરી શકાય તેમ નથી. નીચે એક ચિહ્ન દેખાય છે પણ ફોટાથી સ્પષ્ટ થઈ શકતું નથી. મૂર્તિનું સંસ્થાન એકંદરે કલાકારે સપ્રમાણ અને

સુંદર બનાવ્યું છે. ત્રણ છત્રનો ભાગ અતિસ્પષ્ટ અને પદ્ધતિસરનો બનાવ્યો છે. છત્રની નીચે જ શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર કમળના બે દંડ દેખાડયા છે.

મૂર્તિને ફરતા બે બાજુ ચામર ઢાળતા ઈન્દ્રો અને તેની ઉપર પુષ્પના હાર લઈને ઊભા રહેલા બે દેવો છે. તેની ઉપર મેરુપર્વત ઉપર જન્મકલ્યાણક ઉજવવા એટલે ભગવાનનો જળનો અભિષેક કરવા માટે સૂંઢમાં કળશ પકડીને જઈ રહેલા બે હાથીઓ બતાવ્યા છે. તેની ઉપર વચમાં ઈન્દ્રને ઊભડક પગે બેઠેલા, બાકીના બે દેવો જન્માભિષેકનો ઉત્સવ ઉજવવા જઈ રહેલા બતાવ્યા છે.

**ચોવીશી કેવી રીતે ગોઠવી છે ? તે હવે જોઈએ—**

ફરતું જે પરિકર છે તે પરિકરમાં પાંચ મૂર્તિઓમાંથી ત્રિમૂર્તિ–ત્રણના જોડલે અને બે-ચારના જોડલે મૂકી છે. આમાં પહેલી ત્રણ મૂર્તિઓ માથે કેન્દ્રમાં વચ્ચે જ છે. બીજી ત્રણ ત્રણ મૂર્તિઓના બે જોડલા ઉપરના ભાગે જમણી–ડાબી બાજુએ છે. ભગવાનની પલાંઠીની બંને બાજુએ એક મૂર્તિ વધારીને ચાર મૂર્તિના બે જોડલા છે, એટલે પાંચ જોડલાની ૧૭ મૂર્તિઓ થઈ.

હવે ઉપરના જોડલાની બંને બાજુએ એક એક મૂર્તિ, (૧૭+૨=૧૯) પછી મૂલનાયકના બંને બાવડાની પેરેલલ લાઈનમાં બંને બાજુએ જિનમુદ્રાએ એટલે કે કાઉસ્સગ્ગ ધ્યાને ફણાવાળા ભગવાન શ્રી પાર્શ્વનાથ અને સાતમા ભગવાન શ્રી સુપાર્શ્વનાથ બતાવ્યા લાગે છે એટલે ૧૯+૨=૨૧ અને

પાર્શ્વનાથજીની ઉપર એક એક મૂર્તિ છે એટલે ૨૧+૨=૨૩ મૂર્તિઓ થઈ અને વચલા મૂલનાયક મળી ૨૪ મૂર્તિ થઈ ગઈ.

**નોંધઃ**–ફણાવાળા બે ભગવાન કેમ ! તો સમાનતા જાળવવી હોય ત્યારે બીજી બાજુ સુપાર્શ્વનાથ ભગવાનને મૂકવા પડે, કેમકે વિકલ્પે સુપાર્શ્વનાથને ફણા બતાવવામાં આવે છે.

મૂર્તિનો ફોટો જરાક સાઈઝમાંથી લીધો હોવાથી આપણી જમણી બાજુનું અને મૂર્તિની ડાબી બાજુનું ફોટોશિલ્પ દેખાતું નથી પણ હંમેશા સાઈડ બંને સરખી જ હોય છે. મૂર્તિની બંને બાજુએ સાવ છેડે રિવાજ મુજબ મૂકવામાં આવતા હાથી અને ઘોડો બતાવ્યા છે. ભગવાનની નીચેની ગાદીમાં વચમાં ( પ્રાયઃ પરિકરદેવી ) કોઈ દેવી અને બે બાજુ એક એક [1]સિંહ મૂકવામાં આવ્યા છે. તેની બંને બાજુએ ઊભી બે દેવાકૃતિઓ છે. આ ગાદીની નીચેના ભાગે રિવાજ મુજબ મૂકાતી મૂર્તિ ભરાવનાર શ્રાવક અને શ્રાવિકાની મૂર્તિ લાગે છે. ભગવાનની જમણી બાજુની આકૃતિ ખંડિત થયેલી હોવાથી દેખાતી નથી જ્યારે ડાબી બાજુની આકૃતિ સ્ત્રીની લાગે છે. ગાદીની નીચેના ભાગે આઠ[2] કે નવ જે આકૃતિઓ છે

---

૧. પ્રાચીનકાળમાં પ્રતિમાજીની નીચે હાથી મૂકવાની પ્રથા ન હતી. માત્ર એકલા સિંહ મૂકવામાં આવતા હતા, તેવું આ વિષયના અભ્યાસીઓએ તારણ કાઢયું છે.

૨. જૂના વખતમાં સાત ગ્રહ અથવા આઠ ગ્રહ મૂકવાની પણ પ્રથા શરૂ થઈ એવું આના અભ્યાસીઓ માને છે.

તે શેની છે તે ચોક્કસ કરી શકાયું નથી. વચમાં જે આકૃતિ છે તે ફોટામાં કઈ છે તે સમજાઈ નથી. તેની નીચે સાત ગ્રહો હોય તેવું લાગે છે. મૂર્તિનો ફોટો સાઈઝમાં પડેલો હોવાથી તેની ડાબી બાજુમાં આકૃતિઓની અસ્પષ્ટતા રહે છે. આકૃતિઓની અસ્પષ્ટતા હોવાથી તે અંગે લખી શકાય તેમ નથી. દરેક મૂર્તિઓ પાસે નાની નાની દેરીની જેમ ગોખલા બનાવીને મૂકવામાં આવી છે. મૂર્તિનું જે સ્ટેન્ડ છે તે સ્ટેન્ડની આકૃતિ પણ ખૂબ બુદ્ધિપૂર્વક અને સુંદર બનાવી છે. આખી મૂર્તિ સરખી રીતે જમીન ઉપર રહી શકે તે પદ્ધતિએ નીચે ચાર સ્ટેન્ડ જેવી આકૃતિ બનાવી છે.

આવા પ્રકારની ધાતુની અન્ય મૂર્તિઓ આપણા સંઘમાં વિદ્યમાન છે. દેશમાં અવનવી નવીનતા ધરાવતી વિશિષ્ટ પ્રકારની મૂર્તિઓનું આલ્બમ હવે મારાથી તબીયત અને અન્ય કામોના સંજોગો જોતાં તૈયાર કરી શકું તેમ નથી પણ અન્ય કોઈ શિલ્પીવિદ્વાન જો પરિચય સાથે તૈયાર કરી બહાર પાડે તો ધાતુશિલ્પ ઉપર ઘણો પ્રકાશ પડે. અને આપણા કલા કારીગરોની કુશળતા કેવી હતી તે પણ જાણવાનું મળે અને મન ગૌરવ અનુભવે.

તા. ક. ત્રણ છત્રના ક્રમ માટે આ ચોપડીમાં અસંખ્ય રીતે જે પદ્ધતિનું સમર્થન કરાયું છે એ જ પદ્ધતિએ આ મૂર્તિમાં પણ અતિસ્પષ્ટ રીતે છત્રો બતાવ્યાં છે. છત્રો સપ્રમાણ સુંદર બનાવ્યાં છે. આ છત્ર ૮૦૦ વર્ષ ઉપર ઢાળેલાં છે.

જૈન સાહિત્યમંદિર —યશોદેવસૂરિ

સં. ૨૦૪૯—શ્રાવણ સુદ-૧૦

# ધાતુમૂર્તિ અને જૈન શિલ્પને આબેહૂબ મળતું બૌદ્ધમૂર્તિશિલ્પ

આ છાપેલું ચિત્ર જૈન તીર્થંકરનું નહીં પણ બુદ્ધમૂર્તિનું છે, અને તે બંને હાથ વડે રચાએલી મુદ્રાના કારણે જ ખ્યાલ આવી જાય છે. પ્રાયઃ તમામ બુદ્ધ મૂર્તિઓમાં હાથની આ જ મુદ્રા કરાય છે. આ એક જાતની પ્રવચનમુદ્રા કહેવાય.

લગભગ ૫૦ વરસથી વધુ વર્ષથી બૌદ્ધધર્મના ત્રિપિટકો, તેમના અન્ય આચાર્યોના ગ્રંથો, બૌદ્ધ ગુફાઓ, અજન્ટા, લોનાવાલાની ગુફાઓ, ઈલોરાનાં ભારહૂત સ્તૂપ, લોનાવાલા પાસે આવેલાં બૌદ્ધસ્તૂપો, તિબેટના ભંડાર અને પુસ્તક દ્વારા જોવામાં આવેલું ઇન્ડોનેશિયાના બોરોબંદર શહેરનું વિશાળકાય બૌદ્ધ મંદિર તેની અંદર ઉપસાવવામાં આવેલાં સેંકડો ચિત્રો આ બધાયનું યથાશક્ય અવલોકન કરતાં, તેમજ તે ઉપરાંત કાષ્ઠ ચિત્રો તથા વસ્ત્ર વગેરેનાં માધ્યમ ઉપરનાં ચિત્રોનું પણ અવલોકન કરતાં ચાર-છ વસ્તુ જૈનધર્મના શિલ્પ સ્થાપત્ય સાથે અને જૈનધર્મની મંત્રસાધનાનાં ચીતરેલાં વસ્ત્રપટો સાથે સુમેળ ખાતી જોવા મળી છે.

* * *

શ્રમણ સંસ્કૃતિની બે શાખાઓ ઇતિહાસજ્ઞોએ સ્વીકારી છે. જેનાં નામ છે-૧. જૈન અને ૨. બૌદ્ધ. ખુદ બુદ્ધના આચાર-વિચાર પ્રત્યે જરા નોંધ લઈએ તો બૌદ્ધના સાધુ અવસ્થાની રહેણીકરણી જૈન સાધુના આચાર-વિચાર સાથે ઠીક ઠીક મળતી જોવા મળી.

આની પાછળનું કારણ શું ? તો બૌદ્ધગ્રંથોમાં જે છૂટીછવાઈ

નોંધો જોવા મળે છે તે ઉપરથી એમ કહી શકાય કે ભગવાન બુદ્ધના સંબંધીઓ જૈન તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથના શાસન સાથે સારો એવો સંબંધ ધરાવતા હતા. ભગવાન પાર્શ્વનાથની પરંપરા સાથે ચોક્કસપણે બુદ્ધનો સંબંધ હતો એને જણાવતો એક ઉલ્લેખ બુદ્ધ-ધર્મના 'મજ્ઝિમનિકાય' નામના આગમગ્રંથમાં મળે છે.

ત્યાં બુદ્ધ ભગવાનને એવું કહેતા ટાંકયા છે કે-પોતાના પ્રધાન શિષ્ય સૌરિપુત્રને બુદ્ધ કહે છે કે "બોધિપ્રાપ્તિ પૂર્વે હું-દાઢી-મૂછનો લોચ કરતો હતો, નગ્ન અવસ્થામાં રહેતો હતો, ઊભા ઊભા તપસ્યા કરતો હતો. હાથમાં ભિક્ષા લેતો હતો અને તૈયાર કરેલું અન્ન કોઈ મને આપે તો હું સ્વીકારતો ન હતો." વગેરે...

આ ઉપરાંત બીજો ઉલ્લેખ આઠમી શતાબ્દીમાં થયેલા દિગમ્બરા-ચાર્ય દેવસેને 'દર્શનસાર' નામના ગ્રંથમાં નોંધ્યો છે. ત્યાં જણાવે છે કે ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં પિહિતાશ્રવ નામના જૈનશ્રમણે બુદ્ધને દીક્ષા આપીને ભગવાન શ્રી પાર્શ્વનાથના નિગ્રંન્થ પરંપરાના સાધુ બનાવ્યા હતા. તે વખતે ચારયામ (વ્રતો) લેવાની પ્રથા મુજબ ભગવાન બુધ્ધે ચારે યામનો સ્વીકાર કર્યો હતો.

આ ઉપરથી લાગે છે કે ઓછેવત્તે અંશે જૈન આચારોનો ઠીક ઠીક પ્રમાણમાં આદર-સ્વીકાર કર્યો હતો. અને બુદ્ધના પોતાના વિચારો ઉપર બોધિ પ્રાપ્ત થતાં પહેલાં અને પછી જૈન વિચારોનો પ્રભાવ પણ વર્તતો હતો, એવું અનેક ગ્રંથના છૂટાછવાયા આધારો દ્વારા પુરવાર થાય છે. એના જ કારણે બુદ્ધભગવાનનું પંદર આની (બે હાથની પોઝીશન અને શરીર ઉપર વસ્ત્ર ધારણ-પહેરવું આ

સિવાય ) મૂર્તિશિલ્પ જૈનમૂર્તિશિલ્પ સમાન સર્વત્ર કરવામાં આવ્યું છે. પદ્માસન અને માથાના વાળ વગેરે લગભગ જૈનમૂર્તિ સાથે બંધબેસતા હોય છે.

જૈનોમાં વર્ધમાનવિદ્યાનાં મંત્રપટોમાં સમોસરણના ત્રણ ગઢ બતાવવાની જે પ્રથા છે તે બૌદ્ધના પટોમાં ફક્ત આઉટલાઈનની દૃષ્ટિએ પણ જોવા મળે છે. ત્રીજા ચોરસના વચલા ભાગમાં ભગવાન બુદ્ધની મૂર્તિ ચીતરેલી હોય છે.

આવા કારણે બૌદ્ધ અને જૈનધર્મ વચ્ચે કોઈ તુલનાત્મક અભ્યાસ કરે તો ઘણી ઘણી નવી નવી બાબતો પ્રકાશમાં આવે.

❀

## સન્ ૧૯૯૨માં જૈન સાધુ-સાધ્વીઓની સંખ્યા કેટલી હતી તેની સમગ્ર યાદી

સમગ્ર ભારતના (૧) મૂર્તિપૂજક (૨) સ્થાનકવાસી (૩) તેરાપંથી અને (૪) દિગંબર આ ચારેય જૈન સંપ્રદાયોના સાધુ–સાધ્વીઓની મળીને સંપ્રદાયગત સંખ્યા સન્ ૧૯૯૨માં કેટકેટલી હતી અને બધાં મળીને કુલ સંખ્યા કેટલી તેનું કોષ્ટક અહીં આપ્યું છે. જે સહુને ગમશે.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં વર્તમાનમાં છ ગચ્છો વિદ્યમાન છે. ૧. તપાગચ્છ, ૨. અંચલગચ્છ, ૩. ખરતરગચ્છ, ૪. ત્રિસ્તુતિક ( ત્રણથોય ) ગચ્છ, ૫. શ્રી પાર્શ્વચંદ્રગચ્છ અને ૬. વિમલગચ્છ. તેની સૂચી નીચે મુજબ છે.

| ગચ્છ | આચાર્યો | સાધુ | સાધ્વી | કુલસંખ્યા |
|---|---|---|---|---|
| ૧. તપાગચ્છ | ૧૦૭ | ૧૧૮૫ | ૪૨૯૯ | ૫૪૮૪ |
| ૨. અંચલગચ્છ | ૨ | ૪૨ | ૨૦૦ | ૨૪૨ |
| ૩. ખરતરગચ્છ | ૧ | ૨૧ | ૧૯૫ | ૨૧૬ |
| ૪. ત્રિસ્તુતિકગચ્છ | ૩ | ૪૩ | ૧૦૭ | ૧૫૦ |
| ૫. પાર્શ્વચંદ્રગચ્છ | × | ૧૧ | ૭૧ | ૮૨ |
| ૬. વિમલગચ્છ | × | ૪ | ૪૧ | ૪૫ |

છ એ ગચ્છના આચાર્યોની સંખ્યા ૧૧૩, કુલ મુનિરાજોની સંખ્યા ૧૩૧૫ અને સાધ્વીજીઓની સંખ્યા ૪૯૧૩ છે. છએ ગચ્છો સાથેના શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ-સાધ્વીની કુલ સંખ્યા ૬૨૨૮ છે.

- સ્થાનકવાસી સાધુ-સાધ્વીની સંખ્યા ૨૭૯૫ છે.
- તેરાપંથી સાધુ-સાધ્વીની સંખ્યા ૬૬૯૫ છે.
- દિગંબર સાધુ-સાધ્વીની સંખ્યા ૪૨૩ છે.

હવે ચારેય સંપ્રદાયના ભેગા ગણીને કુલ સાધુ-સાધ્વીજીની સંખ્યા ૧૦૪૨૪ છે

- સન્ ૧૯૮૩માં ચારેયની કુલ સંખ્યા ૯૨૧૬ હતી અને સન્ ૧૯૯૨માં સંખ્યા ૧૦૪૨૪ છે.
- ચારેય સંપ્રદાયના સાધુ-સાધ્વીજીઓનાં ચાતુર્માસ ૨૧૩૮ સ્થળોએ હતાં.
- સહુથી વધુ સાધુ-સાધ્વીજીની સંખ્યા શ્વેતાંબર મૂર્તિપૂજકમાં છે. તેમાંય મુખ્યત્વે વધુ સંખ્યા તપાગચ્છમાં છે.
- ઉપરની સૂચી સન્ ૧૯૯૨માં મુંબઈથી બહાર પડેલ 'સમગ્ર જૈન ચાતુર્માસ સૂચી' આધારિત છે.

**વિજય યશોદેવસૂરિ, સાહિત્યમંદિર પાલીતાણા**

ખુલાસો—

આ પ્રતિમાનો બ્લોક બીજીવાર છાપીને મૂકવો પડયો છે. તેનું કારણ પહેલીવારનો બ્લોક ભૂલથી બાઇન્ડીંગની સીલાઈમાં લઈ લેવામાં આવ્યો જેથી ચિત્રનો વચલો ભાગ દબાઈ ગયો એટલે સમગ્ર ચિત્ર જોવા મળતું નથી, માટે ફરી છાપ્યો છે.





એક અનુપમ, સર્વાંગસુંદર જોયા જ કરવાનું
મન થાય એવું તીર્થંકરોની ચોવીશીનું
બેનમૂન ધાતુશિલ્પ



યશોવિજય ચિત્રકલા સંગ્રહમાંથી